
ઉપદેશ રત્નાકર

ભાગ - ૨

ભાષાંતરકર્તા

લબ્ધિ - વિક્રમ- સ્થૂલભદ્ર પટ્ટાલંકાર

પ.પૂ.આ.ભ.શ્રી. વિ. કલ્પયશસૂરીશ્વરજી મ.સા.



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી ગૌતમ સ્વામિને નમઃ ॥

॥ આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમ-સ્થૂલભદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

આચાર્ય પ્રવર મુનિસુંદરસૂરિ વિરચિત

ઉપદેશ રત્નાકર

ગુર્જર ભાવાનુવાદ

ભાગ - ૨

આશીર્વાદ દાતા

દક્ષિણ કેશરી પૂ.આચાર્યદેવ

શ્રી. વિજય સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ.સા.

આલંબન

જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ.શ્રી. વિ. **લબ્ધિસૂરીશ્વરજી મ.સા.**ના સંયમ શતાબ્દિ વર્ષ એવં દક્ષિણ કેસરી પૂ.આ.ભ.શ્રી વિ.**સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.**ના સંયમ અર્ધ શતાબ્દિ વર્ષની પાવન સ્મૃતિ

ભાષાન્તર કર્તા

લબ્ધિ - વિક્રમ - સ્થૂલભદ્ર પટ્ટાલંકાર

પૂ.આ.ભ.શ્રી. વિજય **કલ્પયશસૂરીશ્વરજી મ.સા.**


ઉપદેશ રત્નાકર ગુર્જર ભાવાનુવાદ


પ્રકાશક

જૈન શ્વેતાંબર મૂ. પૂ. ટ્રસ્ટ


જૈન મંદિર,

ગાંધીનગર, બેંગ્લોર - ૯





વીર સંવત	વિક્રમ સંવત	ઈસવીસન
૨૦૨૯	૨૦૫૯	૨૦૦૩



પ્રથમ આવૃત્તિ	મૂલ્ય
દ્વિતિય ભાગ-૧૦૦૦	રૂા. ૫૦/-

પ્રાપ્તિસ્થાન

SHREE JAIN MANDIR PEDHI

4 Main Road, Gandhinagar, Bangalore - 560 009.

Ph. : 2200036

GURU GAUTAM

Nr. Aadinath Jain Mandirni Gali,

Chikpet Bangalor-560053

મુદ્રક

સિધ્ધચક્ર ગ્રાફિક્સ

એ/૧૧૫, બી. જી. ટાવર, દિલ્હી દરવાજા બહાર,

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦૦૦૪.

Ph.: 079 - (O) 25620579 (R) 26641223 Mo.: 9825264065




શ્રી ગાંધીનગર જૈન શ્વે. મૂ. પૂ. મંદિર ટ્રસ્ટ

ગાંધીનગર, બેંગ્લોર - ૯

પૂજ્ય આત્મારામજી મ.સા.




પૂજ્ય આ. દેવ કમલ સૂ. મ.સા.





પૂજ્ય આ.ભ.શ્રી.વિ. વિક્રમસૂરીશ્વરજી મ.સા.

પૂજ્ય આ.ભ.શ્રી.વિ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા.



પૂજ્ય આ.ભ.શ્રી.વિ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.



પૂજ્ય આ.ભ.શ્રી.વિ. કલ્પયશસૂરીશ્વરજી મ.સા.




સાહિત્ય સર્જક પ. પૂ. આ. શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા. દક્ષિણ કેસરી પ. પૂ. આ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.
आशिष आप का मंगलकारा, भवज्लधि से तारणहारा



ગ્રંથ અનુવાદક પ. પૂ. આચાર્ય
શ્રી કલ્પયશ સૂરીશ્વરજી મ.સા.

આંતરગુંજન

સદૈવ પ્રસન્નવદની, ક્ષમામૂર્તિ, સંયમરક્ષક પૂ.ગુરૂદેવ !

કોઈક એવી સુવર્ણપળે આપ મને મળી ગયા. અને મારી સંસાર પ્રત્યેની ભવવર્ધક યાત્રાને સ્થગિત કરી,

દુર્ભાગ્યને સદ્‌ભાગ્યમાં
દુર્બુધ્ધિને સદ્‌બુધ્ધિમાં, સુલટાવીને

કુપંથમાંથી સત્‌પંથમાં ચરણને સ્થાપનાર,
વિષયના વિષથી ઉગારી, અમૃત પાનાર,

ફલશ્રુતિ રૂપે સંયમ સાધનાની કેડીએ સાર્થવાહ બની,
મહાન ઉપકાર કરનાર,

આપની કૃપાથી જે કાંઈ મેળવ્યું છે.
આપની સેવનાથી જે કાંઈ જાણ્યું છે.
આપની સંયમયાત્રાથી જે કાંઈ પ્રાપ્ત થયું છે.
આપની સાનિધ્યતાથી જે કાંઈ સધાયું છે.
આપની કરૂણાથી જે કાંઈ કરાયું છે.
આપની શુભાશિષથી જે કાંઈ રચાયું છે કે લખાયું છે.

તે બધું આપશ્રીના અર્ધશતાબ્દિ સંયમ સુવર્ણમહોત્સવ પ્રસંગે આપ પૂજ્યશ્રીના કરકમલમાં,



આપનું અર્પિત આપને
આગેકૂચ ચાલી રહે એ યાચના સહ
શિશુ કલ્પયશની
શતશઃ વંદનાવલિ.

તરંગ ક્રમાંક	અનુક્રમણિકા	પાના નંબર
	યા૨ે **વિષય-દર્શન** **મધ્યમાધિકા૨ના ૪થા અંશના દ્રષ્ટાંત**	
૧	મનુષ્ય જન્મના સામર્થ્ય પ૨ – પૃથ્વીચંદ્ર અને ગુણસાગ૨નું	૧૬
૨	ધર્મ માટે ઘ૨માં ધાક (અચિત્ત આહા૨ી) – ધન શ્રેષ્ઠિનું	૫૨
૩	કુલ, ધન, ધર્મ વિવેકથી યુક્ત – વસ્તુપાલનું	૬૦
૪	દ્રવ્ય પ૨ – (ધન નવલક) શિવ અને શિવદત્તનું	૬૭
૫	ન્યાય દ્રવ્ય પ૨ – હેલાશ્રેષ્ઠિનું	૬૮
૬	કુસુમ્ભ રંગ જેવા ધર્મ૨ાગ પ૨ – બ્રહ્મસેનનું	૯૪
૭	કિટ્ટ રંગ જેવા ધર્મ વિષે – જયસિંહ દેવનું	૯૮
૮	મહા આરંભ પ૨ અચલનું	૧૦૩
૯	દેવ પૂજા પ૨ બે વણિકનું	૧૧૧
૧૦	સાકર જેવા પરિણામ પ૨ – સૂ૨૨ાજાનું	૧૧૩
૧૧	આમ્રાદિને માટે ૨ાજ્યાદિને આપી દેના૨ પ૨ ત્રણ દ્રષ્ટાંત	૧૫૨
૧૨	વિવેક પ૨ અનુપમાદેવીનું	૧૭૭
૧૩	પ્રાસુક પાણીના કા૨ણે ૨ોગની ઉત્પત્તિ કહેના૨–૨જ્જાસાધ્વીનું	૧૯૩
૧૪	પ્રભાવ પ૨ વી૨ાચાર્યનું	૧૯૯

.....ઇતિ મધ્યમાધિકા૨ને વિષે ૪ અંશ પૂર્ણ.

તરંગ કમાંક	અનુક્રમણિકા	પાના નંબર
	યા ને **વિષય - દર્શન** **મધ્યાધિકારે પ્રથમ અંશના તરંગો**	
૧	અલ્પક્ષેત્ર, કાલ, જીવ, ભાવ, ભય અને સંપત્તિનો લાભ, વિઘ્નો દૂર કરીને દુર્લભ એવા ધર્મની આરાધનાનો ઉપદેશ..	૧
૨	તૃણ, ફલ, ચંદન અને રત્નની ખાણમાં ગયેલા પ્રમત્ત અપ્રમત્ત ને જેમ અલ્પ, બહુ, બહુતર અને બહુત્તમ વિવિધ ગતિમાં ગયેલા જીવો ધર્મના લાભ (સુખ)ને પામે છે અને સંક્ષેપથી ચાર આકર (ખાણ) નું વર્ણન...	૪
૩	મનુષ્ય ભવને રત્નની ખાણની ઉપમા...	૧૩
૪	રોગ, સંખ્યા, આયુ, ઉપક્રમ, ભયના દર્શન (ખ્યાલ)થી ધર્મમાં પ્રયત્નશીલ રહેવાનું વર્ણન...	૧૮
૫	દેવ, મહાદેવ, કૃષ્ણ, બ્રહ્માદિને અવિરતિવાળા જાણીને જિનપંક્તિને પામવા માટે તેઓનો ત્યાગ કરવાનું વર્ણન...	૨૨
૬	શરૂઆતમાં, પરિણામમાં વિરસ અને સરસ ચારો ચરનાર। ભુંડનું, બકરીનું, ગાયનું અનેહાથીનું બચ્ચું જે રીતે ચરે છે તે રીતે જીવનું ચાર પ્રકારે આચરણ બતાવતું વર્ણન...	૩૬
૭	પોપટ, મચ્છર, માખી આદિ હાથી, સિંહ, ભારંડપક્ષી, રોહિત મત્સ્યાદિ ચાષાદિની જેમ મિથ્યાત્વના ઘરના સ્નેહના બંધનમાં પડેલ અધર્માદિનું વર્ણન...	૪૬
૮	દારૂ અને અમૃતથી ભરેલા માટી અને સુવર્ણના કલશની જેમ મનુષ્યો કુલાચાર વડે ચાર પ્રકારના છે. તેનું વર્ણન...	૫૬
૯	દલ, ચીકાશ, મીઠાશ, મસાલાથી યુક્ત મોદક (લાડુ) ની જેમ કુલ, ધન, ધર્મ અને વિવેકયુક્ત મનુષ્યોનું વર્ણન...	૫૮
૧૦	સુદલ, ચીકાશ અને મીઠાશ યુક્ત (મોદક) લાડુની જેમ આઠ પ્રકારે કુલ, ધન અને ધર્મથી યુક્ત જીવોનું વર્ણન... ***..... ઈતિ પ્રથમ અંશ .....***	૭૦

તરંગ કમાંક	અનુક્રમણિકા	પાના નંબર
	યા નૅ વિષય - દર્શન મધ્યાધિકાર બીજા અંશના વિષયો	
૧	તેલ અને પાણી, લોખંડ અને અગ્નિ, દૂધ અને પાણી, પારો અને સુવર્ણ, અને સિધ્ધરસ અને લોખંડની જેમ મુક્તિને આશ્રયીને ધર્મભાવનાનું વર્ણન...	૭૩
૨	પિતા, માતા, સંતતિ... આદિ અગિયાર પ્રમાદો એટલે કે ધર્મ માર્ગમાં ભય અને અંતરાય રૂપનું વર્ણન...	૮૦
૩	પિતા, માતા, સંતતિ આદિ બાર કેવી રીતે હિતને કરનારા છે તેનું વર્ણન...	૮૭
૪	ચૂર્ણ, ચણોઠી, પતંગ, ચોલ, વિદ્રુમ, કુસુંભ અને કપાસની જેમ ધર્મના રંગનું વર્ણન...	૯૦
૫	કિરાલ, કિટ્ટ, દુકુલ, કૃષ્ણવલ્લી, નીલાદિ શ્યામ રંગની જેમ પાપ (અધર્મ)ના રંગવાળાનું વર્ણન...	૯૮
૬	સજલ વાદળ, વાદળ અને તારલા વિનાનું આકાશ, સતારક આકાશ, ગ્રહ, ગ્રહવગરનું, પૂર્ણચંદ્ર યુક્તરાત્રિ (પૂનમ), સજલ વાદળ અને જલ વિનાના વાદળ વાળો દિવસ, તેની જેમ જીવોની બુધ્ધિના અને ધર્મના આઠ ભેદોનું વર્ણન...	૧૦૧
૭	સરોવરના પાણીમાં ત્યાગપણું, ચાટવાપણું, સ્નાનપણું અને રતિ (આનંદ) પણું કરનારા અનુક્રમે કાગડો, કૂતરો, હાથી અને હંસની જેમ જીવો જિનધર્મમાં રતિ કરનારાનું વર્ણન...	૧૦૮
૮	જવનો સાંઠો, ઈક્ષુ (શેરડી)નો દંડ, રસ, ગોળ, ખાંડ, સાકર ની મીઠાશની જેમ ધર્મના ચડતા પરિણામનું વર્ણન...	૧૧૦
૯	તૃણ, છાણ, કાષ્ટ, પ્રદીપનો અગ્નિ, મણિ, તારા સૂર્ય અને	૧૧૬

તરંગ ક્રમાંક	અનુક્રમણિકા	પાના નંબર
	ચંદ્રની પ્રભાની જેમ ધર્મની રુચિ પર સિદ્ધિ કેટલી ઉત્તરોત્તર દૂર અને નજીક તેનું વર્ણન...	
૧૦	નગરનો ભૂંડ, પાડો, બળદ, બગલો, હાથી, હંસ, કાદવ-જલની રૂચિવાળાની જેમ પુણ્ય અને પાપની રૂચિવાલાનું વર્ણન...	૧૧૯
૧૧	વેઠ, ભાડે, પોતાનું ઘાસ, ચંદન, ધનસાર, નિધિ, વહનની જેમ ધર્મ, મિથ્યાત્વ અને પાપના ભાવોની વિચારણા...	૧૨૪
	.....બીજો અંશ પૂર્ણ	
	મધ્યાધિકાર ત્રીજો અંશ	
	વિષય-દર્શન	
૧	સુખ અને તેનું કારણ, ભય વિનાશી છે, જ્ઞાન અવિનાશી છે તેનું વર્ણન...	૧૩૨
૨	(સત્વ,રજો,તમો)ગુણના ત્યાગથી અને અનાદિનગર (સંસાર) ના ત્યાગથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તેનું વર્ણન...	૧૪૭
૩	વિષય સુખના માટે સ્વર્ગાદિ હારી જવું, આમ્ર માટે રાજ્યાદિ હારી જવું, બિંદુ માટે સાગર અને કાકિણી માટે હજાર સોના મહોર હારી જવી. તેનું વર્ણન...	૧૫૨
૪	ઉદિત ઉદિત આદિ માં ભરત – હરીકેશી, બ્રહ્મદત્ત અને કાલ-સૌકરિક ના દ્રષ્ટાંતો...	૧૫૪
૫	ઉચ્ચ-નીચના ભાવના વડે કુમારપાલ, રાવણ, બલભદ્ર, મૃગ અને તંદુલ મત્સ્યનું ઉચ્ચત્વાદિનું વર્ણન...	૧૫૫
૬	અનુકૂલ, પ્રતિકૂલ, અન્તે-મધ્યમાં અને ચારબાજુ ફરનારા મત્સ્યની જેમ શ્રુતધર્મમાં મુનિ અને શ્રાવક અને જીવો ચરે છે. (આચરણ કરે છે.)	૧૫૬
૭	મધ્ય, અંતે અને આદિમાં ફરતાં મત્સ્યની જેમ શ્રુતધર્મને વિષે ચાર પ્રકારના મત્સ્યનું વર્ણન...	૧૫૯
	..... ઈતિ ત્રીજો અંશ પૂર્ણ	

તરંગ કમાંક	અનુક્રમણિકા	પાના નંબર
	યાને ...વિષય-દર્શન... પ્રકીર્ણ ઉપદેશ નામના ચોથા અંશે	
૧	કલ્પતરૂથી નિધિરત્નાદિ મનવાંછિત સુખ પ્રાપ્ત થાય છે. તેમ ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે. તેનું વર્ણન...	૧૬૦
૨	ચાર પુરૂષાર્થમાં પ્રધાનપણે ધર્મ પુરૂષાર્થ જ મુખ્ય છે...	૧૬૬
૩	દલ, ચીકાશ, ગળપણ, દ્રાક્ષાદિ યુક્ત લાડુની જેમ સમ્યક્ત્વ, પરિણામ, વિધિ, નિજોચિતપણાથી યુક્ત ધર્મ ચાર પ્રકારે છે. તેનું વર્ણન...	૧૭૨
૪	દલ, ઘી, ગોળ, દ્રાક્ષાદિ વરખ યુક્ત મોદકની જેમ સમ્યક્ત્વ પરિણામ, વિધિ, નિજોચિત્ત અને અતિશય યુક્ત ધર્મ પાંચ પ્રકારે છે. તેનું વર્ણન...	૧૭૭
૫	ઔષધ, વૈદ્ય, પથ્ય, મુખવાસ અને બાહ્યક્રિયાની જેમ સમ્યક્ત્વ વ્રત, આવશ્યક, દાન, ઔચિત્ય કર્મને હરનારા છે. તેનું વર્ણન...	૧૮૦
૬	જેવી રીતે ઔષધ રોગને હરે છે. તેવી રીતે સમ્યક્ત્વ, વ્રત આવશ્યક, દાન વિ. ભવરોગને હરે છે...	૧૮૨
૭	દર્શનને રથની ઉપમા આપી છે. તેનું વર્ણન...	૧૮૨
૮	સાટોપ (સાડંબર), અનાટોપ (અનાડંબર) ઔષધની જેમ સાવદ્ય અને અનવદ્ય રૂપે કરીને ધર્મપણ ચાર પ્રકારે થાય છે.	૧૮૬
૯	અલ્પ-બહુ આદિ પ્રકારે ઔષધની જેમ પાપના ત્યાગવાળો ધર્મ ચાર પ્રકારે છે.	૧૯૦
૧૦	વિદ્યાદિ, આમ્રતરૂ વિ. શીઘ્ર-અશીઘ્ર જેમ ફલને આપે છે. તેમ નિયમાદિથી યુક્ત ધર્મ ફલને આપે છે...	૧૯૬
૧૧	ચક્રવર્તિના ચર્મ ઉપર ડાંગરની જેમ સાત્વિક ભાવથી યુક્ત ધર્મ શિઘ્ર સુખને આપે છે.	૧૯૭
૧૨	જિનતીર્થાદિ જિનશાસનનો ઉદ્યોત કરનારા છે. તેનું વર્ણન...	૧૯૮
	..... ઈતિ ચોથો અંશ પૂર્ણ ..... ઈતિ ઉપદેશ રત્નાકર વિષય-દર્શન પૂર્ણ	

તરંગ ક્રમાંક	અનુક્રમણિકા	પાના નંબર
	.....ઉપદેશ રત્નાકર - અપરતટ.....	
	વિષય - દર્શન	
૧	ધર્મના ફળને બતાવતું વર્ણન...	૨૦૪
૨	ધર્મના વિષયમાં પ્રમાદ ત્યાગવા રૂપ વર્ણન...	૨૧૫
૩	પાપના ત્યાગનો ઉપદેશ...	૨૨૪
૪	વિશેષ પ્રકારે ધર્મ કર્તવ્યનું વર્ણન...	૨૩૧
૫	વિવિધ ધર્મ કર્તવ્યોનું વર્ણન	૨૪૧
૬	તમામ દર્શનને સામાન્ય ધર્મ કાર્યનો ઉપદેશ...	૨૪૯
૭	વિવિધ નીતિ પરનો ઉપદેશ...	૨૫૪
૮	જિનપૂજાનો ઉપદેશ...	૨૬૪
૯	પ્રશસ્તિ...	૨૮૫

ઈતિ ઉપદેશ રત્નાકરના
ભાગ - ૨ નું અપરતટ સહિત
વિષય-દર્શન પૂર્ણ

મધ્યાધિકારે પ્રથમ અંશે પ્રથમ તરંગ

आपे खित्ते काले, जीवे भावे अ संवयालहे ।
विग्घाईकमे लब्भइ, जो धम्मो जायह तं सिवयं ।।१।।

અલ્પ, ક્ષેત્ર, કાલ, જીવ, ભાવ અને સંપત્તિનો લાભ વિઘ્નો દૂર કરીને જે શિવકર ધર્મ છે. તેને સેવો ।।૧।।

વિશેષાર્થ :- દુર્લભતર ધર્મને ભજો - સેવો **भज** ધાતુ સેવાના અર્થમાં છે. તેથી અંતરના ભાવથી રાજાની આજ્ઞાની જેમ સારી રીતે પ્રયત્નશીલ બુધ્ધિવાળા થાઓ (ઈત્યર્થ) એ પ્રમાણે આરાધનાના હેતુ ને કહેતાં ધર્મનું વિશેષણ કરીને સિવયમિતિ એમ કહ્યું છે શિવ એટલે સમસ્ત વિઘ્નોને દૂર કરવા વડે આનંદ સુખ સંપત્તિનો અભ્યુદય રૂપ સંસારનો જ્યાં નાશ થતાં જે સંપૂર્ણ શ્રેય રૂપ શિવને આપે છે કયા કયા તે શિવ. હવે તેનું દુર્લભ પણું બતાવે છે.

જે સર્વ વિરતિ આદિ રૂપ ધર્મ છે તે ક્યા ક્યા તે કહે છે. અલ્પ ક્ષેત્રમાં, ક્ષેત્ર એટલે ઉર્ધ્વ આદિ ત્રણ લોક તેમાં મનુષ્ય લોકને વિષે પંદર કર્મભૂમિ જ લેવી કારણ કે પંદર કર્મભૂમિમાંજ જન્મેલા મનુષ્યોજ સર્વ વિરતિને લઈ શકે છે. જો કે :- સમ્યકત્વ અને શ્રુતની પ્રાપ્તિ ઉર્ધ્વલોક અને અધોલોકમાં છે. તીચ્છાલોકમાં મનુષ્યને સર્વવિરતિ અને તિર્યંચને દેશવિરતિ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે આગમમાં કહ્યું છે. સમ્યકૂત્વ અને શ્રુત ત્રણે લોકમાં છે. અને તિર્યંચમાં વિરતાવિરતિ કહ્યું છે. તો પણ દેવો વિષયમાં આસક્તિના કારણે, નારકો વેદનાથી વ્યાકુલ હોવાથી અને તિર્યંચ વિવેકાદિથી રહિત હોવાથી તે પ્રકારની ધર્મ સામગ્રી ન હોવાથી તેની વિવક્ષા (વિવરણ) અહીં નથી કરી અવિવેક્ષિત છે. કહ્યું છે કે :- દેવો વિષયમાં આસક્ત છે. નારકીઓ વિવિધ દુઃખથી સંતપ્ત છે. અને તિર્યંચ વિવેક વગરના છે. માત્ર મનુષ્યને ધર્મ સામગ્રી પ્રાપ્ત થાય છે. ।।૧।। તેથી મનુષ્યમાંજ ધર્મની વિરતિ આદિનો લાભ હોવાથી અલ્પ ક્ષેત્ર એ સંગત-બરાબર છે. ટુંકમાં :- ધર્મની પ્રાપ્તિ સર્વ

વિરતિ માત્ર પંદર કર્મભૂમિમાં મનુષ્યનેજ છે. તેથી ધર્મ અલ્પ ક્ષેત્રમાં કહ્યો છે, એ પ્રમાણે આગળ પણ આગમ વિષે વિસંવાદ પરિહરવો (એ બરાબર નથી તેમ વિચારવું નહિ)

તેવી રીતે કાલ :- અલ્પ એ પ્રમાણે વિશેષણનું ભાવપદ અનુવૃત્તિથી અલ્પકાલ અહીંયા અલ્પકાલ ભરત ક્ષેત્રાદિનો અધિકાર લઈને વિવક્ષા કરી છે. અને તે સુષમ સુષમાદિ છ પ્રકારે છે. તેમાં વિરતિ આદિ ધર્મ ઉત્સર્પિણીકાલમાં દુષમસુષમા અને સુષમા બે આરામાં કેટલાક સમય સુધી વળી અવસર્પિણીમાં સુષમ દુષમ આરાને અંતે, દુષમસુષમામાં અને દુષમ આ ત્રણ આરામાં વિરતિ ધર્મનો લાભ થાય છે. દશ કોડાકોડી સાગરપ્રમાણ અવસર્પિણીમાં અથવા ઉત્સર્પિણીમાં ૧ કોડાકોડી સાગરમાં જ વિરતિનો લાભ થતો હોવાથી સ્વલ્પ કાલને વિષે જ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે આગળ પણ અલ્પ પદ લેવું અને તેવી રીતે આગમમાં કહ્યું છે કે સમ્યકત્વ અને શ્રુત છએ આરા માં હોય છે. વિરતિ અને વિરતાવિરતિ બે અથવા ત્રણ (આરા) માં હોય છે. જોકે અહીંયા છએ આરામાં સમ્યકત્વ અને શ્રુત બન્ને કહ્યા છે. કારણ કે સુષમ સુષમાદિમાં પણ દેશઉન (કાંઈક ન્યુન) પૂર્વ કોડાકોડી આયુષ્યવાળા મનુષ્યો સમ્યક્ત્વ પામે છે. તેથી અધિક આયુષ્યવાળા પામતા નથી. ચૂર્ણિમાં પણ કહ્યું છે કે :- સુષમ સુષમાદિ કાલમાં દેશ ન્યુન પૂર્વ કોડાકોડી આયુષ્યવાળા સમ્યક્ત્વ પામે છે. એ પ્રમાણે દુષમ સુષમ આરે પણ બિલવાસિઓમાં પણ માત્ર સમ્યક્ત્વની પ્રાપ્તિ કોઈક ને થાય તો પણ અહીંયા વિરતિ આદિ વિશિષ્ટ ધર્મનો અધિકાર (વાત) હોવાથી તેનું સ્વલ્પ પણું હોવાથી તેનો વિચાર કર્યો નથી તેમાં શંકા કરવી નહિ !.....

એ પ્રમાણે અલ્પજીવને વિષે :- પૃથ્વી આદિથી લઈ દેવ સુધી વિવિધ જીવોને વિષે ગર્ભજ પર્યાપ્ત ભવ સિધ્ધિક (આસન્નસિધ્ધ) શુકલ પાક્ષિક, કર્મભૂમિમાં જન્મેલા મનુષ્યજ લેવાના તે કારણે અલ્પ જીવોમાં વિરતી સમજવી.

તે રીતે અલ્પ ભાવ :- અહીંયા ભાવ જાગૃત પણું એટલે કે વધતા એવા શુભ પરિણામ વિ. તેવી રીતે આગમમાં કહ્યું છે કે :-

નિદ્રાદિ ભાવવાળાઓ પણ જાગૃત રહેતા કોઈપણ ચાર (સમ્યક્ત્વ, સર્વવિરતિ, દેશવિરતિ, શ્રુત સામાયિક)માંથી એકને વધતા પરિણામે સ્વીકારે છે. અથવા એજ ભાવને સ્વીકારે છે. (એટલે કે એજ ભાવમાં રહે છે) અને હીનભાવમાં કંઈપણ સ્વીકારતા નથી ॥૨॥ અથવા દર્શન શ્રવણાદિ ભાવ અથવા અનુકંપા અને અકામ નિર્જરાદિ ભાવ - કહ્યું છે કે જોવાથી, સાંભળવાથી, અનુભવવાથી કર્મના ક્ષયથી અને ઉપશમથી મન વચન કાયાના પ્રશસ્તભાવથી બોધિ પ્રાપ્ત થાય છે. ॥૩॥ અને વળી અનુકંપા, અકામનિર્જરા, બાલ તપ, દાન, વિનય, વિભંગ, સંયોગ, વિયોગ, વ્યસન, ઉત્સવ, ઋધ્ધિ, સત્કારમાં અનુક્રમે દૃષ્ટાંત કહે છે :- વૈદ્ય, મિંઠ તથા ઈન્દ્રનાગ, કયવન્ના, પુષ્પસાલનો પુત્ર, શિવ, દુમ્ દુર વણિકભાઈ ભરવાડ, દશાર્ણ, ઈલાપુત્રના દૃષ્ટાંત જાણવા.

એ પ્રમાણે પ્રાણીના ભાવ અલ્પ જ મનુષ્યોમાં અલ્પકાલ માટે જ થાય છે. તેથી અલ્પકાલ એ સ્પષ્ટજ છે.

કંઈક અહીંયા સંપત્તિરૂપ મનુષ્યભવાદિનો લાભ થાય છે. આગમમાં કહ્યું છે કે :- મનુષ્ય, ક્ષેત્ર, જાતિ, કુલ, રૂપ, આયુષ્ય અને બુધ્ધિ, શ્રવણ, ગ્રહણ અને સંયમ આ લોકમાં દુર્લભ છે.

તેનો લાભ ધર્મમાં અંતરાય ભૂત પ્રમાદ જતાં થાય છે. કહ્યું છે કે આળસ, મોહ નિંદ્રા, માન, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતુહલ અને રમત ગમતમાં પડવું (રમણતા) ધર્મમાં વિઘ્નભૂત છે. ॥૧॥

અથવા જુદા જુદા ધર્મવાળા અધિક સ્નેહાદિ ધર્મવાળા ધર્મમાં વિઘ્ન કરનારા છે. અને કહ્યું છે કે પિતા-માતા, પુત્ર, પુત્રી, ભાર્યા, સ્વજન, ધન, પરતીર્થિક, મંત્રી, રાજા, અહમ્, પ્રમાદ પરમાર્થ સાધવામાં જીવોને ભય રૂપ છે. જે દાક્ષિણ્યાદિ બંધન તુટવાથી અને દૂર થવાથી તેઓને પ્રાપ્ત થાય છે. આથી ધર્મ દુર્લભતર છે. ઈતિ

શ્લોકાર્થ :- આ સંસારમાં ધર્મ અતિદુર્લભ છે એ પ્રમાણે વિચારીને જેઓ પ્રમાદિ બનતા નથી તેઓના હાથમાં ભવરૂપી શત્રુપર જયરૂપ લક્ષ્મી

સાથે સંપૂર્ણ સુખસંપદા પ્રાપ્ત થાય છે. અર્થાત્ આવી વસે છે. ઈતિ તપાગચ્છેશ શ્રી મુનિસુંદરસૂરિ રચિત ઉ.૨. ના મધ્યાધિકારે ધર્મ દુર્લભતાના વિચારનો...

॥ પ્રથમ તરંગ પૂર્ણ ॥

મધ્યાધિકારે અંશ-૧, તરંગ-૨

મનુષ્યભવે ધર્મનું દુર્લભપણું અને તેમાં ઉદ્યમ કરવા માટે કહીને હવે તેમાં (ધર્મમાં) ઉદ્યમ નહિ કરવાથી થતી બહુ હાનિને કહેતી ઉપદેશ ગાથાને કહે છે.

શ્લોકાર્થ :- પ્રાપ્ત થયેલી રત્નની ખાણ અને તેને લેવા માટે પ્રમાદી અને અપ્રમાદીને જેવીરીતે બહુલાભ, બહુઅલાભ થાય છે : તેવીરીતે નરભવને વિષે ધર્મમાં થાય છે. એનો જ વિસ્તાર કરે છે :-

દેવો (૧) તૃણ (૨) ફલ (૩) ચંદન (૪) રત્નની આકરમાં ગયેલા પ્રમત્ત, અપ્રમત્ત (જીવો).

(૧) થોડું (૨) બહુ (૩) બહુતર અને બહુતમ વિવિધ ગતિમાં ગયેલા જીવો ધર્મને વિષે લાભ પામે છે.

એની વ્યાખ્યા કરે છે. દેવયોગે (દેવતાથી) આકર એ શબ્દ બધે જોડવાથી (૧) તૃણાકર (૨) ફલાકર (૩) ચંદનાકર (૪) રત્નાકરને વિષે ગયેલા જેવીરીતે મનુષ્યો પ્રમત્ત અને અપ્રમત્ત પોતાના સ્થાનમાં ગયેલા આકરના ક્રમથી (૧) અલ્પ (૨) બહુ (૩) બહુતર અને (૪) અને બહુતમ સુખને પામે છે. એ રીતે ગતિમાં ગયેલા જીવો (૧) નારક (૨) દેવ (૩) તિર્યંચ અને (૪) મનુષ્ય આ ચાર ગતિમાં ગયેલા જીવોના ધર્મને વિષે પ્રમત્ત અને અપ્રમત્ત બનેલા બીજા ભવમાં આગળ જણાવેલી ગતિના ક્રમે (૧) અલ્પ (૨) બહુ (૩) બહુતર અને (૪) બહુતમ એમ ચાર વિભાગ થાય છે. વિભાગ એટલે જુદા જુદા સુખના ફલને આપનારા અને તે ચાર આકર ને

વિષે ક્રમથી એક એક આકરને વિષે પ્રમત્ત અને અપ્રમત્ત જાણવા હવે આ ગાથાની વિસ્તારથી વિચારણા કરે છે.

કોઈ એક નગરમાં નામથી સર્વાકર નગરમાં ચાર યક્ષો હતા તેઓ તૃણાદિ આકરના અધિષ્ઠાયકો હતા ચાર પ્રતોલી (શેરી)ઓને વિષે (૧) પાપપ્રિય (૨) પુણ્યપ્રિય (૩) અજ્ઞાન પ્રિય અને (૪) જ્ઞાનપ્રિય નામના પોત પોતાના ભવનોમાં યક્ષો રહે છે. અને તેઓ જેવી પૂજા (ભક્તિભાવે) આરાધના હોય તે રીતે પોતાને (કરનારને) શુભ અશુભ આકરો ને આપે છે. અને ત્યાં પોતાના કર્મથી જીવનારા આઠ પુરૂષો વસે છે. તેમાંથી બેને પાપપ્રિય નામનો પ્રથમ યક્ષ પશુવધાદિથી આરાધાયેલો પ્રસન્ન થયેલો માંગેલુ આપે છે. જેવી રીતે હે દેવ ! કોઈ પણ આકરે (ખાણમાં) મૂક અને ફરી પાછો લાવ તે પણ પોતાને સ્વાધિન હોતે છતે કઠિન, અતિશીત, અતિ કર્કશ, કંકરવાળા ચાલવું દુષ્કર છે જેમાં છાયા, ઝાડ, જલ, ફલ, પાન વિ. થી રહિત અને ચારે બાજુથી કંટકથી વિકટ નિરંતર શાખા (ડાળી) ના સમુહથી દુઃખે કરીને જઈ શકાય તેવા તૃણાકાર (ઘાસના જંગલ)વાળા પર્વતનીમાળા જેનો કિલ્લો છે. તેવા (ઘાસના) જંગલમાં તે બેઉને મૂક્યા. તેમાં એક પ્રમત્તે (પ્રમાદીએ) વિષમ ગિરિમાં ઘાસ એકઠું કર્યું પરંતુ મહેનત કરવામાં આળસુ અને ભાર ઓછો થાય તે માટે થોડું જ ગ્રહણ કર્યું અને બીજાએ સાત આઠ દિવસ નિર્વાહ થાય તેટલું લીધું મૂલ્યથી તો સ્વલ્પજ લાભ થયો. પ્રમત્ત અને અપ્રમત્તમાં પરસ્પર પણ અલ્પમાં કંઈક વિશેષ સમજવું ॥૧॥

હવે બીજા પુરૂષોમાંથી બેને પૂણ્યપ્રિય નામનો બીજો યક્ષ વિવિધ કુસુમ વિ. થી પવિત્ર પૂજા તપ જપ વિ. આરાધનાથી ખુશ થયેલો પુણ્ય પ્રિય નામના બીજા યક્ષ પાસેથી પહેલાની જેમ આકારમાં લઈ જવાનું માંગ્યુ અને તેથી પોતાને આધિન હોવાથી અત્યંત રમણીય સ્વર્ણ સ્ફટીકમય, આમ્ર, કેળા, રાયણ, જાંબુ, જમ્બીર, દાડમ, તાલ, તમાલ આદિ સદા પુષ્પ, ફલથી શોભતા સુંદર તરૂવરની શ્રેણીથી શોભાયમાન વિવિધ પ્રકારના સરોવર, વાવડી આદિ ક્રિડાસ્થાનેથી મનોહર ફળોના બગીચાવાળા સામગ્રી સહિત ગિરિવરમાં મૂક્યો ત્યાં એક પ્રમાદિ વિવિધ પ્રકારના ક્રિડાના સ્થાનોને જોવામાં, ખેલવામાં

પુષ્પ, ફલ વિ. ને સુંઘવામાં ખાવામાં, શીતલ તરુ છાયામાં નીંદ લેવા વિ. પ્રમાદમાં ઘણો સમય પસાર કરતાં થોડાજ ફલોને લીધા અને બીજો અપ્રમત્તતો ક્રિડામાં વ્યગ્ર હોવા છતાં બહુ લાભ ને જોતાં ગાડા ભરીને ફળોને લીધા અને બીજે દિવસે યક્ષની મદદથી તે બન્નેએ પુરને પ્રાપ્ત કર્યું ફળોનું વ્હેચાણ કરતાં પહેલાં (પ્રમતે) સો દ્રમાદિ મેળવ્યા પરંતુ બીજાએ (અપ્રમત્તે) સારા ઘણા ફળો લીધા હોવાથી બે હજાર દ્રમ મેળવ્યા એ પ્રમાણે પ્રમત્ત અને અપ્રમત્ત પરસ્પરને વિષે બહુ વિશેષ જાણવું ॥૨॥

બીજા બે વડે અજ્ઞાનતાથી જ આકડાના પુષ્પ, શમી વૃક્ષના પુષ્પઆદિ દ્વારા પૂજા વિ. કરવાથી આરાધાયેલો અને ખુશ થયેલો અજ્ઞાનપ્રિય નામના ત્રીજા યક્ષે તેવીજ રીતે માગ્યા પ્રમાણે તેણે ઘણા ખરાબ વૃક્ષથી વ્યાપ્ત અલ્પ વૃક્ષવાળાની વચ્ચે બહુ દુઃખવાળા ચંદનના જંગલવાળા પર્વતોમાં મૂક્યા. ત્યાં પણ એક પ્રમત્તે ભયંકર ગિરિમાં ભ્રમણના કારણે થાકી જવાથી માથા ઉપર લઈ શકાય તેટલા થોડાજ દુર્બલ એવા ચંદનના લાકડાને ભેગા કર્યા અપ્રમત્તપણાથી-બીજાએ પર્વતમાં ભ્રમણ કરવાના કષ્ટથી નહિ થાકેલો સર્વ શક્તિથી ઉછાળા પૂર્વક ઘણા સારભૂત ગોશીર્ષ ચંદન વિ. ગાડામાં લઈ જઈ શકાય તેટલાં ચંદનનાં કાષ્ટ મેળવ્યાં તેવીજ રીતે પૂરમાં આવીને ચંદનનું વેચાણ કરતા એકે સો બસો ત્રણસો ચારસો વિ. દ્રમ મેળવ્યા અને બીજાએતો લાખ્ખોથી પણ વધારે દ્રમ મેળવ્યા.

પહેલાઓએ સ્વલ્પ મૂડીથી વ્યાપાર કરતાં થોડુંજ પ્રાપ્ત કર્યુ અને બીજાઓએ તો બહુ ધનથી સબલ (વધારે) વેપાર કરીને ક્રોડો પ્રાપ્ત કર્યા એ પ્રમાણે પ્રમત્ત - અપ્રમત્તે ધનલાભથી સુખભોગ આદિને આશ્રયીને પરસ્પર બહુતર વિશેષ લાભ મેળવ્યો ॥૩॥

હવે બાકી રહેલા બેથી મધ્યમ પુષ્પાદિથી આરાધાયેલો અને તેવી જ રીતે ખુશ થયેલો જ્ઞાન પ્રિય નામના ચોથા યક્ષે માગ્યા પ્રમાણે તેણે તેવી જ રીતે મધ્યમ સુંદર વૃક્ષની શ્રેણીથી ગીચ બહુ સુંદર નહિ એવા રમ્યક્રિડા સ્થાન વિ. સુંદર પૃથ્વીની અંદર રહેલો બહુ, બહુ-તરપ્રયાસ થી લભ્ય ઘણા

પ્રકારના જઘન્યથી દ્રમાદિ મૂલ્યથી વધારે કિંમતી સર્વ ઈચ્છિત આપનાર ચિંતામણી આદિ રૂપ રત્નવડે ભરેલા રત્નાકર ગિરિમાં તે બેને મૂક્યા. ત્યાં પણ એક પ્રમાદિએ પ્રયાસ કરવામાં આળસુ ક્રિડાદિમાં આસક્ત તપ જપ વિ. રત્નને લેવા માટેની વિધિ ને નહિ કરતાં થોડા જ રત્નો પામ્યો અથવા પ્રમાદને કારણે કંઈપણ ગ્રહણ કર્યું નહિ અથવા કંઈક થોડા સારરૂપ મળેલા રત્નોને પણ પ્રમાદથી હારી ગયો બીજો અપ્રમત્ત હોવાના કારણે ક્રિડાદિમાં આસક્ત ન થતાં યથાવિધિ તપ જપ વિ. ને કરતો વિધિ પૂર્વક ગ્રહણ કરતાં બહુ સારભૂત ચિંતામણી સમાન રત્નોને મેળવ્યા પૂર્વની જેમ તેવી જ રીતે નગરમાં આવ્યે છતે અસાર રત્નો પ્રાપ્ત કરેલા એકે અલ્પ દ્રવ્ય મેળવ્યા અને અલ્પ સુખ ને ભોગવનારો થયો વળી દ્રવ્યને મેળવવા માટે કલેશને પણ સહન કરે છે. અથવા પ્રમાદથી રત્ન ગ્રહણ કર્યા નથી તેવો તે અથવા પ્રમાદથી રત્નને હારી ગયેલો માત્ર દુઃખી થયો પોતાના પ્રમાદનો લાંબાકાળ સુધી પ્રશ્ચાતાપ કરતો રહ્યો.

બીજો (અપ્રમત્તતો) ચિંતામણી રત્નના પ્રભાવથી સર્વ જાતિના ઉત્તમ ભોગ સુખ વડે વિલાસ કરવા લાગ્યો સર્વોત્તમ એટલે દાન, જિન, પ્રાસાદ આદિ સાતે ક્ષેત્રમાં ધનનો વ્યય કરવા થકી પૂણ્ય પ્રાપ્ત કર્યું અને મહાયશ ને પામ્યો બધાઓની આશા પૂર્ણ કરતો હોવાથી સર્વ લોકોને પૂજ્ય બન્યો.... બધા લોકો સેવવા લાગ્યા વળી દ્રવ્ય મેળવવાની (કલેશને) મહેનત ન કરવાની નિશ્ચિતતા હોવાથી નિત્ય સુખ અને આનંદ ને ભોગવનારો બન્યો આ પ્રમાણે પ્રમત્ત અને અપ્રમત્તમાં પરસ્પર રત્નાકરને વિષે બહુતમની વિશેષતા થઈ.

હવે ચારે યુગલને પ્રમત્ત અપ્રમત્ત એમ બેનું જ ગ્રહણ હોવા છતાં તારતમ્ય કરતાં વિશેષથી પ્રમાદીઓ અને અપ્રમાદીઓ બહુ પ્રકારે જાણવા અને લાભો પણ બહુ પ્રકારના જાણવા આ પ્રમાણે દૃષ્ટાંત વિચારણા કરી.

હવે દાષ્ટાન્તિક ની વિચારણા કહે છે :- દૃષ્ટાન્તો સરખાવે છે. સર્વાકર પત્તન સમાન નરભવ ચાર યક્ષ સરિખા (૧) નારક (૨) સુર (૩) તિર્યંચ

અને (૪) નર (મનુષ્ય) ગતિના આયુ કર્મના બંધનું પરિણામ, તૃણાદિ ચાર આકર સમાન (૧) નારક (૨) દેવ (૩) તિર્યંચ અને (૪) મનુષ્ય રૂપ ચાર ગતિઓ, આઠ પુરૂષ સમાન આઠ પ્રકારના જીવો, પુરષોના ઘણા પ્રકાર હોવા છતાં જાતિ માત્રની ગણના દ્વારા આઠ પ્રકારની કલ્પના કરી છે. તેમાં બે ગુરૂની અપેક્ષા વિનાના પાંચ પ્રકારના મિથ્યાત્વ, વિષય પ્રમાદાદિની પરતંત્રતાથી (પ્રમાદાદિમાં પડેલા હોવાથી) ધર્માર્થ અને આલોકને માટે યજ્ઞપિતૃકર્માદિ, કૃષિખરકર્માદિ, મહારંભ, હિંસાદિ ક્રૂર કર્મોને કરવાથી પાપ પ્રિય યક્ષની આરાધના સરખા નરકાયુના બંધાદિ કર્મથી નરકરૂપ તૃણાકાર, ગિરિના વર્ણન કરાયેલા ભયંકર શિલા વિ. થી ઉત્પન્ન થયેલી વિ. વેદનાદિ ઉપમિતિ શાસ્ત્રમાં કહેલા અનંત દુઃખ પામે છે. ત્યાં ત્રણ પ્રકારે અને દશપ્રકારની વેદનાથી દુઃખી જે જીવો છે તેઓ ધર્મને પણ જાણતા નથી (સમજતા નથી) તેની અહીંયા વાત નથી તેઓ અત્યંત દુર્ધ્યાન વિ. થી પાપનું અર્જન કરતાં હોવાથી અને પૂણ્ય અર્જનમાં જ દૃષ્ટાંત હોવાથી (તેઓની અહીં વાત નથી) તેથી જે નારકીઓ વેદનાથી પીડાતા હોવા છતાં પણ કંઈક ધર્મ પણ કરે છે. તેનોજ અહીંયા અધિકાર છે (વાત છે) તેથી તેનો પ્રકાર કહે છે.

જાતિસ્મરણ વિ. થી અથવા મિત્ર વિ. ના પ્રતિબોધ વિ. થી શશિરાજાદિની જેમ જેને ધર્મને જાણ્યો છે. ત્યાં પણ સમ્યક્ત્વથી અધિક ધર્મની પ્રાપ્તિ થતી નથી.

ત્યાં પ્રમાદી વેદના વિ. થી આક્રાન્ત હોવાથી સ્વલ્પજ દેવ-ગુરૂ આદિનું ધ્યાન કરે છે. અને અપ્રમત્ત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ વિ. કંઈક તેનાથી અધિક ઉપાર્જેલા ફલને પણ મનુષ્યભવમાં કંઈક જ અધિક પામે છે. એ પ્રમાણે પરસ્પર સુખની પ્રાપ્તિ અલ્પ જ છે. પ્રમત્તથી અપ્રમત્તને કંઈક વિશેષ લાભ મળે છે.

આથી નરક ભવમાં ધર્મની દુર્લભતાને વિચારીને મનુષ્યભવમાં જ ધર્મ સર્વ પ્રકારના પુરૂષાર્થ થકી સાધ્ય છે. (સાધી લેવો) આ ઉપદેશનું તત્ત્વ છે. ॥૧॥

તેવી રીતે બે પુરૂષોને પૂણ્યપ્રિય યક્ષ "સરાગ સંયમ, તપ, અણુવ્રત ધર, ઈન્દ્રિયોનું દમન કરનારા, સત્વશાલી અને બાલ તપસ્વી, દેવાયુને બાંધે છે. ઈત્યાદિ પ્રકારે બાંધેલા દેવાયુના કર્મથી વર્ણન કરાયેલા ફલાકાર ગિરિ સમાન સુરગતિમાં મૂકે છે.

ત્યાં પણ જેઓ મિથ્યાદૃષ્ટિ સંગમાદિ જેવા અભવ્યો અથવા દ્વૈપાયન આદિ દુર્ભવ્યો કુલ દેવતાની બુધ્ધિથી, દેવાચારની બુધ્ધિથી ઈન્દ્રાદિની પરતંત્રતાથી (હુકમથી) પોતાના વિમાનમાં જિનપૂજા, જિનજન્મમહોત્સવાદિ શુભ કર્મોને કરતા હોવા છતાં પણ સમ્યગ્દર્શનાદિના પરિણામ ન હોવાથી તે ધર્મીઓનો અહીંયા અધિકાર નથી. પરંતુ જેઓ પૂર્વ ભવના અભ્યાસથી અથવા જિનેશ્વરાદિના ઉપદેશથી સમ્યકત્વાદિની પરિણતિવાળા ધર્મીઓ તેમાં પણ હંમેશા વિષયરૂપ પ્રમાદાદિમાં આસક્ત બનેલા સ્વલ્પજ અથવા સ્વલ્પ ભાવાદિ વડે જિનપૂજાદિ ધર્મને કરે છે. તેઓ મનુષ્યભવમાં સ્વલ્પ ભોગાદિના ફલને આપનારા કર્મોને બાંધે છે. ઈતિ પોટ્ટિલાર્જકની જેમ (પોટલાને પ્રાપ્ત કરનારની જેમ). અને જેઓ દૃઢભાવવાળા વિષય પ્રમાદાદિમાં આસક્ત હોવા છતાં પણ સર્વપ્રકારના પુરૂષાર્થથી ધર્મને કરે છે. તેઓ ફલને ગાડાંભરીને મેળવેલાની જેમ અધિક અધિક મનુષ્યભવમાં ભોગ સુખને પામે છે. આ પ્રમાણે પ્રમત્ત અને અપ્રમત્તને વિષે બહુ વિશેષ જાણવું પરંતુ બહુતર નહિ.

ખરેખર સ્વલ્પ જિનાદિપૂજાથી મનુષ્યો દેવાદિભોગોને યોગ્ય બહુ પૂણ્યને પામે છે. સ્થવિરાદિના (ડોશી) દૃષ્ટાંત વડે તથા શ્રવણથી જણાય છે.

શંકા :- દેવોતો ઘણી સારી રીતે લાંબાકાળ સુધી જિનભક્તિ કરતા હોવા છતાંય કેમ (તેવું પૂણ્ય ઉપાર્જન કરતા નથી) નહિ ? જેથી કરીને ફલાકર માત્ર દૃષ્ટાંત તે દેવ ભવમાં કેમ ? પરંતુ રત્નાકર દૃષ્ટાંત કેમ નહિ ?

સમાધાન :- હમેંશાં ઘણા પ્રકારના વિષયમાં સારી રીતે આસક્ત બહુ રૂપવાળા દેવો ક્યારેક જિનપૂજાદિ કરવા છતાંપણ ઘણા સ્થાનમાં રમતા (ફરતા) ચિત્તવાળા હોય છે. એ પ્રમાણે એક જીવને આશ્રિત વિષય સેવવાદિના

કર્મથી મિશ્ર હોવાથી તેઓએ કરેલ જિન પૂજાદિ પૂણ્ય કર્મથી મનુષ્યે કરેલી જિન પૂજાદિથી બંધાયેલા કર્મની જેમ બહુ ફળવાળું હોતું નથી.

અને તેવી રીતે સંભળાય છે કે ઈન્દ્રને આઠ પટ્ટરાણી (ઈન્દ્રાણી) હોય છે. અને એક એક અગ્ર - મહિષિ ઘણાય રૂપોને કરે છે. આ વાત શ્રી દેવેન્દ્ર નરકેન્દ્ર પયન્નાની સૂત્રની વૃત્તિમાં કહ્યું છે. શક્રેન્દ્રને આઠ પટ્ટરાણિઓ હોય છે. વળી એક એક સોલ હજાર રૂપને વિકુર્વે છે. (બનાવે છે.) શક્રપણ જ્યારે ભોગની ઈચ્છા થાય ત્યારે તે ભોગને યોગ્ય તેટલા રૂપો અને ૧ લાખ યોજન પ્રમાણ વિમાનને વિકુર્વે છે. અને તે (શક્રેન્દ્ર) સર્વ દેવી સબંધી ઉત્તર વૈક્રિય કરે છે. અને તે આ પ્રમાણે ૧ લાખ ૨૮ હજાર શક્રેન્દ્રને ઓધથી (સામાન્યથી) દેવીઓ હોય છે એ પ્રમાણે ઈન્દ્રનું પણ ભોગની ઈચ્છાને વિષે ઉત્તર વૈક્રિય શરીર બધાની આગળ જાણવું આટલા બધા રૂપ વડે હંમેશા વિષયમાં આસક્ત ઈન્દ્ર કેટલાક રૂપે જિનપૂજાદિ કરે છે. આથી દેવભવે પણ સ્વલ્પ પુણ્ય પ્રાપ્તિની સંભાવના હોવાથી મનુષ્ય જન્મ પામીને સર્વ શક્તિનો ઉપયોગ કરીને પ્રયત્ન કરવો એજ ઉપદેશનું રહસ્ય છે. ॥૨॥

અને તેવી રીતે બે પુરૂષોને અજ્ઞાનપ્રિય યક્ષે "તીર્યંચાયુષ્ય ગુઢહૃદયી શઠ અને સશલ્ય" ઈત્યાદિ પ્રકારે બાંધેલા તીર્યંચ ગતિના આયુષ્યના કર્મથી પૂર્વે કહેલા ચન્દનાકર સરિખી તીર્યંચગતિમાં મૂક્યા અને ત્યાં જેઓ ધર્મને નહિ જાણનારા, હિંસાદિ ક્રૂર કર્મમાં રત (લાગેલા) સિંહ સર્પ વિ. નો અહીંયા અધિકાર નથી (તેઓની વાત નથી) જેઓ જાતિસ્મરણ અથવા તીર્થંકરાદિની દેશનાથી પ્રતિબોધ પામેલા ધર્મમાં પ્રયત્ન કરે છે. તેમાં પણ કેટલાક પ્રમત્ત અને અપ્રમત્ત છે. તેમાં જે પ્રમત્ત છે તે સ્વલ્પ સમ્યક્ત્વનો સ્વીકાર દેશવિરતિ ધર્મને કરતાં યુગલિકપણું અલ્પઋધ્ધિવાળા દેવાદિ ભોગોને પામે છે. અને અપ્રમાદિઓ શુધ્ધ સમ્યકત્વ દેશવિરતિ આદિનું પાલન કરતાં મરૂભૂતિના જીવની જેમ ઉત્કૃષ્ટથી સહસ્ત્રાર ૮ મા દેવલોકની મહાઋધ્ધિવાળા દેવાદિ ભોગોને પામે છે. તેથી અહીં સુરગતિને આશ્રયીને પ્રમત્ત અને અપ્રમત્તને બહુતર વિશેષ જાણવું પરંતુ બહુતમ નહિ કારણ કે તીર્થંકર, ચક્રવર્તિ વિ. પદ સહસ્ત્રાર દેવલોકથી અધિક દેવ સુખાદિ પ્રાપ્ત ન થવાથી

બહુતમ નહિ અને ઉપદેશનુ રહસ્ય પૂર્વની જેમ જાણવું. તેવી રીતે બેને જ્ઞાનપ્રિય યક્ષ "પ્રકૃત્તિથી અલ્પકષાયી (સૌમ્ય) હોય તેવો જીવ શીલ, સંયમથી રહિત હોય તો પણ મધ્યમ ગુણવાળો મનુષ્યગતિનું આયુષ્ય બાંધે છે. ॥૪॥ ઈત્યાદિ વિધિથી બંધાયેલા મનુષ્યના આયુષ્યના કર્મથી પૂર્વે બતાવેલા (કહેલા) રત્નાકર સારિખિ મનુષ્યગતિમાં મૂકે છે. અને ત્યાં જેઓ ધર્મને જાણતા નથી તેનો અધિકાર નથી. ધર્મને જાણનારાના પણ બે પ્રકાર છે. પ્રમત્ત અને અપ્રમત્ત તેમાં જેઓ ગુરૂના ઉપદેશથી પ્રતિબોધ પામેલા હોવા છતાં પણ પ્રમાદને પરવશ પડેલા સમ્યક્ત્વ દેશવિરતિ અથવા સર્વવિરતિનો સ્વીકાર કરતા નથી પ્રમાદથી રત્નોને નહિ ગ્રહણ કરેલા જીવની જેમ અને જેઓએ તે ધર્મને સ્વીકારેલો છે તેવો પણ (૧) મદ્યપાન (૨) વિષયસેવન (૩) કષાય (૪) નિદ્રા અને (૫) વિકથા આ પાંચ પ્રમાદ કહેલ છે. એ પ્રમાણે પાંચ પ્રમાદો વડે (૧) આળસ (૨) મોહ (૩) અવર્ણવાદ-નિંદા (૪) માન (૫) ક્રોધ (૬) પ્રમાદ (૭) કૃપણતા (૮) ભય (૯) શોક (૧૦) અજ્ઞાન (૧૧) અપેક્ષા (૧૨) કુતુહલ (૧૩) રતિક્રિડા ઈતિ તેર કાઠીઆઓ વડે અથવા નિદાન કરનારા તાપસ શ્રેષ્ઠિ, ચક્રિ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, કુલવાલક શ્રમણ, કંડરિક, કોણિક આદિની જેમ મહાઆરંભ પરિગ્રહને ધરનારા સમ્યકધર્મ ક્રિયામાં ઉદ્યત થતા નથી તેઓ પ્રમાદથી હારી ગયેલા રત્નની જેમ સાતમી નરકસુધીના પણ દુઃખોને પામે છે. અસાર રત્ન પામેલાની જેમ અલ્પ ભાવથી કરેલા ધર્મીઓ વ્યંતર કિલ્બિષિક આદિમાં ઉત્પન્ન થાય છે. અને ત્યાં અલ્પ સુખનો અનુભવ કરે છે. (પામે છે) અને અપ્રમાદીઓ નિરતિચાર પણે સારભૂત જ્ઞાનાદિ રત્નત્રયીની આરાધના કરનારાઓ તરતમતાથી વૈમાનિક, ગ્રૈવેયક, અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અને આસન્ન સિધ્ધ થાય છે. અને વળી કેટલાક મોક્ષને પણ પામે છે. ચિંતામણી રત્નને પામેલાની જેમ સર્વ દુઃખથી રહિત બને છે. ઈતિ આથી નરભવે (મનુષ્યગતિમાં) પ્રમત્ત અને અપ્રમત્તમાં બહુતમ વિશેષ છે. કારણ કે મનુષ્ય ભવમાં સર્વ ધર્મકર્મો મહામૂલ્યવાન રત્નચિંતામણી સમાન છે.

કહ્યું છે કે "સાતલવ સુધીનું ધ્યાન, છઠ્ઠતપ" ઈત્યાદિ આ ગાથાની આગળ વ્યાખ્યા કહેવાશે.

શ્લોકાર્થ :- હે પંડિતો ! ત્રણ ગતિમાં ધર્મની દુર્લભતા સમજીને (પામીને) સુંદર એવા નરભવને પામીને (મેળવીને) નિરંતર વિશદ નિર્મલ એવા ધર્મમાં પ્રયત્ન કરો. જેથી કરીને જલ્દી જય રૂપ લક્ષ્મીને પામીને શિવને મેળવો - પામો ઈતિ ॥ તપા ગચ્છીય મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકરે મધ્યાધિકારના પહેલા અંશમાં ચારગતિમાં ધર્મ સ્વરૂપની વિચારણાના નામનો

॥ બીજો તરંગ પૂર્ણ... ॥

તરંગ બીજાનો ટુંકસાર....

હવે પૂર્વે કરેલી વ્યાખ્યાનો (કરેલો) વિસ્તાર જોઈને સંક્ષેપમાં કહ્યું હોવા છતાં પણ વિસ્તારને કરવામાં સમર્થ છતાં (પણ) સંક્ષેપની રુચિવાળાના અનુગ્રહ માટે સંક્ષેપથી ચાર આકરના વ્યાખ્યાનને માટે તેજ ગાથાની વ્યાખ્યા કરે છે.

શ્લોકાર્થ :- રત્નાકરમાં ગયેલા રત્નગ્રહણ કરવામાં પ્રમત્ત અને અપ્રમત્ત જે રીતે બહુલાભ અને બહુહાની પામે છે તેમ મનુષ્યભવમાં ધર્મને વિષે સમજવું તેની વ્યાખ્યા કરે છે.

રત્નાકર એટલે ઉપલક્ષણ થી સૂચિત ત્રણ આકરના દૃષ્ટાંત આદિની યોજના આ પ્રમાણે છે....

જે રીતે બે પ્રમત્ત મનુષ્યો ક્યારેક ખુશ થયેલા રાજાએ મહિનાથી અધિકદિન સુધી આપેલા તૃણાકારવાળા વિષમગિરિમાં આવ્યા.

સામાન્ય ભારવાલો અને ગાડુ ભરેલા પ્રમાણના ઘાસવાળા એમ બે જણા પોતાના નગરમાં આવ્યા અને તેને આઠ દ્રમનો લાભ થયો એ પ્રમાણે અણુ (અલ્પ) જ લાભ થયો બીજાને થોડો વધારે એટલે કે થોડો વિશેષ લાભ થયો આ પ્રમાણે નરકગતિમાં ગયેલા ક્યારેક પ્રાપ્ત થયેલા બોધિ (સમ્યકત્વ) વાળા પ્રમત્ત અને અપ્રમત્ત વેદનાથી આકુળ હોવાથી (૧) અવિશુધ્ધ (૨)

કંઈક શુધ્ધ સમ્યક્ત્વ માત્રથી મેળવેલા પુણ્યવાળા ભવાન્તરમાં અલ્પ અને વિશેષ સુખાદિ રૂપ આકરની અપેક્ષાથી પરસ્પર કંઈક વિશેષ લાભ પામે છે. એટલે કે પ્રમત્ત અલ્પસુખ અને તેનાથી કાંઈક વિશેષ વધુ અપ્રમત્ત પામે છે.

તેવી રીતે ફલાકાર જેવા દેવભવે પણ પ્રમત્ત અપ્રમત્ત નરની જેમ સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં ઉદ્યમવાળા અને ઉદ્યમ વગરના વિષયક્રિડાથી મિશ્ર સ્વલ્પ ઉદ્યમી અને બહુ (વધુ) ઉદ્યમી જિન પૂજાદિ માત્રથી પુણ્ય સંચય કરવાથી નરભવમાં પૂર્વની જેમ બહુ ભોગરૂપ સુખને વિશેષ પામે છે. (પ્રમત્ત કરતાં અપ્રમત્ત થોડું કંઈક વધારે પામે છે.) નરકની અપેક્ષાએ વધારે સુખ પામે છે. તેવી જ રીતે ચંદનાકર સમાન તીર્યંચ ભવમાં ક્યારેક જાતિ સ્મરણાદિના કારણે પ્રાપ્ત થયેલા બોધવાળા સમ્યગ્ દેશવિરતિ આદિ પામી નિરુદ્યમી અને ઉદ્યમવાળા નરભવ અને અલ્પઋધ્ધિવાળા સુરભવાદિની પ્રાપ્તિથી સહસ્ત્રાર નામના આઠમા દેવલોક સુધીના સુખને બહુતર (વિશેષતર) ભોગવે છે - પામે છે. આ પ્રમાણે ઉપલક્ષણથી બતાવેલ ત્રણ આકરની વિચારણા થઈ અને વળી જેવી રીતે રત્નાકરને પામેલા રત્ન લેવામાં પ્રમત્ત અને અપ્રમત્ત પોતાના નગરમાં આવેલા બહુ અલાભ (સામાન્ય લાભ) અપ્રમત્તના લાભની અપેક્ષાએ કરીને પ્રમાદીને સામાન્ય લાભ અપ્રમત્તને બહુલાભ થાય છે. તેવી રીતે નરભવમાં પ્રાપ્ત થયેલા અજ્ઞાત ધર્મીઓ પણ જિનધર્મને વિષે પ્રમાદવાળા બહુ અલાભ રૂપ નરકાદિને મેળવવાથી સુખની હાની અને દુઃખના સમુદાયને પામે છે. અને અપ્રમત્ત ઘણા લાભ રૂપ દેવલોક કે શિવસુખ રૂપ મહાસુખને પામે છે.

॥ આ પ્રમાણે તરંગ બીજાનો સંક્ષેપ ॥

મધ્યાધિકારે પ્રથમ અંશે (તરંગ-૩)

હવે મહામુલા પુણ્યરત્નવડે પ્રાપ્ત થયેલ નરભવનું રત્નાકર પણું બતાવે છે.

શ્લોકાર્થ :- સાતલવ જેટલુ ધ્યાન, છઠ્ઠતપ મોક્ષ સામાયિક આદિથી દેવાયુષ્ય, પૂજા, રાજ્ય વિ. ને આપે છે. દાનાદિ મનુષ્ય ભવને આપે છે.

વિશેષાર્થ :- આધિ વ્યાધિથી રહિત (નિરોગી, તંદુરસ્ત)નો એક શ્વાસોશ્વાસ એવા સાત શ્વાસોશ્વાસ બરાબર એક સ્તોક તેને પણ સાત ગુણ કરતાં ૧ લવ થાય અને ૭૭ લવ પ્રમાણ બરોબર એક મુહુર્ત થાય એ પ્રમાણે કહેલા સાત લવ સુધીનું ધ્યાન અને છઠ્ઠ તપ જે મોક્ષને આપે છે. જો અનુત્તર વાસી દેવોનું પૂર્વભવમાં સાતલવ પ્રમાણ ધ્યાન અને છઠ્ઠ તપ વધારે હોત તો તેઓ મુક્તિ પામી જાત પરંતુ તેટલામાં આયુષ્ય પૂર્ણ થવાથી તેટલું ધ્યાન અને છઠ્ઠ તપ ઓછો થયો તેથી તેઓ સર્વાર્થસિધ્ધમાં ગયા અથવા વિજયાદિમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા આયુષ્યને ભોગવનારા થયા અને તેઓ એકાવતારી હોવા છતાં પણ એકવાર ગર્ભાવાસનો અનુભવ કરે છે (ગર્ભાવાસમાં આવવું પડે છે.)

કહ્યું છે કે :- જો સાત લવ પ્રમાણ આયુષ્ય અને છઠ્ઠ તપ હોત તો સિધ્ધિ સુખને પ્રાપ્ત કરત તેટલું પ્રમાણ બાકી રહ્યું તેથી તેઓ લવસત્તમા કહેવાય છે તથા છઠ્ઠ તપથી જેટલા કર્મ નિર્જરાને પામે તેટલા અલ્પકર્મો અનુત્તર વાસિઓના બાકી રહ્યા. એ પ્રમાણે ભગવતી સૂત્રના આલાવામાં કહેલા અર્થને જણાવનારી બે ગાથાઓ છે. તથા સર્વાર્થ સિધ્ધ નામના ઉત્કૃષ્ટ સ્થિતિવાળા વિજયાદિમાં રહેલા એક વખત ગર્ભમાં આવનારા એકાવતારી દેવો લવસત્તમાં કહેવાય છે. એ પ્રમાણે મનુષ્યભવમાં ધ્યાનનું અને તપનું મોક્ષ રૂપ ફલ હોવાથી મહામૂલ્યવાન રત્નોનો ઉપચાર કર્યો છે. એ પ્રમાણે આગળ પણ સમજવું.

તથા સામાયિક આદિથી પ્રાપ્ત થતું દેવાયુ, આદિ શબ્દથી પૌષધ અને જિનપૂજા વિ. પણ ૯૨ ક્રોડ પલ્યોપમ પ્રમાણથી પણ કંઈક અધિક દેવાયુષ્યને યોગ્ય શુભકર્મનો બંધ કરાવે છે. એ પ્રમાણેનો સંબંધ છે. સામાયિકને વિષે કહ્યું છે કે સમતાભાવ પૂર્વક બે ઘડી પ્રમાણ સામાયિક કરતો શ્રાવક આટલા પલ્યોપમ પ્રમાણ દેવપણાનું આયુ બાંધે છે. બાણુ ક્રોડ, ઓગણસાઠ લાખ પચ્ચીસ હજાર નવસોને પચ્ચીસ અને પલ્યોપમના આઠમા ભાગના ૩

ભાગનું આયુષ્ય બાંધે છે. પૌષધમાં ૨૭૭૭૭૭૭૭૭૭ પલ્યોપમથી પલ્યોપમના નવ ભાગમાંથી ૭ ભાગ અધિક જાણવા. "પલ્યોપમના નવ ભાગમાંથી ૭ ભાગ એ પ્રમાણેના વચનથી"

એ પ્રમાણે પૂજાદિ :- દ્રવ્ય ભાવ આદિ ભેદે ઘણા પ્રકારની જિનપૂજા તેજ ભવે દેવપાલની જેમ રાજ્ય અને બીજા ભવમાં કુમારપાલ, સ્થવિરા, (ઘરડી ડોશી) વરસેના, અશોકમાલાદિ ની જેમ રાજ્યાદિ ઋધ્ધિને આપે છે.

આદિ શબ્દથી સ્વૅર્ગ વિ. બીજી સ્થવિરા (ડોશી) દર્દુરાંક, નન્દનાદિ આઠ કુમાર વિ. ની જેમ અને પૂણ્યાઢ્ય નામના રાજા વિ. ની જેમ મોક્ષને પણ આપે છે. મનથી ૧ ઉપવાસ, ઉઠતાં છઠ્ઠફલ, જવાની શરૂઆત કરતાં અઠ્ઠમના ઉપવાસનું ફળ, રસ્તામાં ચાલતા ૫ ઉપ. નું ફળ, મધ્યમાં આવતાં ૧૫ ઉપ. નું ફળ, ઈત્યાદિ જિનપૂજાના પ્રભાવને બતાવતા શાસ્ત્રો અહીંયા જાણી લેવા (જાણવા) તેવી રીતે દાન વિ. એ પ્રમાણે કહેલા આદિ શબ્દથી અહીંયા પણ સેવક, યુગલ, શીતલાચાર્ય, શ્રી ઋષભદેવનો ભવ જીવાનંદ વૈદ્ય તરીકેનો વિ. દૃષ્ટાંતોથી ગુરૂવંદન વૈયાવચ્ચ વિ. નો મહિમા જાણવો, શ્રી ભરત ચક્રવર્તી, વજકર્ણ રાજાને સહાય આપનારા શ્રીરામ, લક્ષ્મણ, ઘરડા ચંડાલ વિ. ના દૃષ્ટાંતો વડે સંઘ સાધર્મિક વાત્સલ્યના પ્રભાવને પણ જાણવો.

તેવી રીતે દાનાદિ :- દાન ઘણા પ્રકારના છે થોડું પણ દાન તે ભવે મૂલદેવાદિની જેમ રાજ્યને અને ભવાંતરમાં પણ અમરસેનાદિની જેમ અને સુંદર વણિકાદિની જેમ, તેજ ભવે પણ ભોગોને, ભવાન્તરે શ્રી વીર પ્રભુનો જીવ નયસાર, શ્રી શાલીભદ્ર, ધન્યકુમાર, કૃતપૂણ્યાદિની જેમ, અને સ્વર્ગ જીરણ શેઠ, રથકાર વિ. ની જેમ, યુગલિક ભોગો અને સ્વર્ગાદિ ધનસાર્થવાહ વિ. ની જેમ અને મોક્ષ ચંદનબાલા શ્રેયાંસકુમાર વિ. ની જેમ આપે છે.

આદિ શબ્દથી શીલ નારદ, સુદન વિ. ની જેમ મોક્ષ અને તેજ ભવમાં ધમ્મિલાદિની સ્વર્ગ, મોક્ષ, તીર્થંકર, ચક્રિ, વાસુદેવ, અહમિન્દ્ર આદિ પદોને આપે છે. અને ભાવ પૂજા,દાન, સંયમ વિ. વિષયો ઘણા પ્રકારના છે. તેમાં સ્થવિરા, દુર્દરાદિ, જીરણ શેઠ, બળદેવઋષિ, ભગત એવો મૃગ વિ. મરૂદેવા

માતા, શ્રી ભરતચક્રી, પૃથ્વીચંદ્ર ગુણસાગર કૂર્માપૂત્ર વિ. ની જેમ સ્વર્ગ અને મોક્ષના સુખને આપે છે. ઈતિ. પૃથ્વીચંદ્ર ગુણસાગરનો વૃત્તાંત આ પ્રમાણે છે.

પૃથ્વીચંદ્ર અને ગુણસાગર

અયોધ્યા નામની નગરીમાં હરિસિંહ નામે રાજા હતો તેને પદ્માવતી રાણી હતી. પૃથ્વીચંદ્ર નામે પુત્ર હતો. સાધુના દર્શનથી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તેથી ભવથી વૈરાગ્ય પામ્યો હતો છતાં રાજાએ બળાત્કારે સોળ કન્યાઓ સાથે પરણાવ્યો. ઉલ્ટી તે પણ બધી બોધને પામી (તેણે તેણીઓ ને પ્રતિબોધિત કરી)

રાજાએ ચિંતવ્યું..... અહો ! આને બંધન અબંધન રૂપ થયું પછી તેને રાજ્ય પર બેસાડયો એક વખત સભામાં બેઠેલા પૃથ્વીચંદ્રકુમારની પાસે ગજપુરથી સુધન નામે વણિક ત્યાં આવ્યો ત્યારે પૃથ્વીચંદ્ર કુમારે કહ્યું કે કંઈક આશ્ચર્યકારી કહે.

સુધન બોલ્યો :- હસ્તિનાગપૂરમાં મહાધનવાન રત્નસંચય નામનો શ્રેષ્ઠિ છે. તેને સુમંગલા નામે પત્ની છે. અને ગુણસાગર નામે પુત્ર છે. તેને એક વખત કેટલાક ધનિકોએ આઠ કન્યાઓ આપી તે ક્રીડા ઉદ્યાનમાં ગયો. તેણે ત્યાં મુનિને જોયા અને તેને મુનિના દર્શનથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું ઘરે જઈને માતપિતાને કહ્યું હું નિશ્ચિત (ચોક્કસ) દીક્ષા ગ્રહણ કરીશ..... ત્યારે પિતાએ ગુણસાગરને લગ્ન માટે આગ્રહપૂર્વક કહ્યું તેણે તેમના વચનને સ્વીકારી લીધા અને કહ્યું કે વિવાહ કરીને વ્રતને માટે (સંયમ માર્ગે) હું જઈશ એટલો મારો આગ્રહ છે. પિતાએ પણ તેણે કહેલી વાત કન્યાઓ ને જણાવી ત્યારે તે કન્યાઓએ કહ્યું કે હે તાત ! જો અમારો સ્વામિ સંયમનો (અભિલાષી) આગ્રહી છે. તો અમે પણ તેની સાથે જ સંયમને ગ્રહણ કરશું....

પછી તેની સાથે આઠે કન્યાઓ પરણી પોંખણાદિ મંગલ દંડપાશ રંગીન વસ્ત્ર, સરાવ સંપુટનો ઘાત વિવેકનું ઉપમર્દન, કષ્ટસમાન હસ્તમેળાપ ગાઢ કર્મની ગાંઠ સમાન છે.

ચોરી તે ભવનો ચોરો છે. અને ચાર મંગલફેરા તે ચારગતિના ભ્રમણરૂપ છે. અહો આ બધી વિડમ્બના છે. ભોળા લોકો સમજતા નથી. ચોથા મંગળ ફેરે તેણે કન્યાઓના ફીક્કા પડી ગયેલા મુખને જોઈને વિચાર્યું કે સંસારની અસારતા (વિચિત્રતા) આશ્ચર્યકારી છે. જે વસ્તુ મનોહર દેખાય છે. તે વસ્તુ ક્ષણવારમાં નિરસ દેખાય છે. એ પ્રમાણે અહીંયા અનિત્યતાનો વિચાર કરતાં શ્રેષ્ઠિપુત્રને પત્નીઓ સાથે શ્રેષ્ઠ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે માતપિતાને પણ ભાવ થી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું પછી તેઓએ સંયમ ગ્રહણ કર્યું. તે પછી મેં ગુણસાગરને પૂછ્યું કે હે પ્રભો ! તમને જ્ઞાન પ્રાપ્ત થયું તે મને આશ્ચર્ય લાગે છે. મુનિએ કહ્યું તેમાં શું આશ્ચર્ય છે. કૌશલ્યા નગરીમાં જલ્દી જા, પૃથ્વીચંદ્રકુમારને આ વાત કહેવાથી જે ત્યાં થશે તે મારા કરતાં અદ્‌ભૂત આશ્ચર્યકારી થશે તેથી હે કુમાર ! આશ્ચર્યને જોવા માટે તમારી પાસે હું આવ્યો છું. આ પ્રમાણેની વાત સાંભળી મનમાં વિચાર્યું આ શ્રેષ્ઠિપુત્ર ગુણસાગર ધન્ય છે. મને વંદનીય છે. જેને ચોરીમાં વિશ્વને આશ્ચર્યકારી જ્ઞાન પ્રાપ્ત થયું છે. એ પ્રમાણે ચિંતવન કરતાં પૃથ્વીચંદ્ર કુમારને માતપિતા સાથે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે ૧૬ કન્યાઓને પણ કેવળજ્ઞાન થયું અને ત્યાં ઈન્દ્રાદિનું આગમન થયું અને કેવળજ્ઞાનનો મહિમા કર્યો ત્યારે સુધને પૂછ્યું હે ભગવન્ ! મને કહો કે તે વાત સાંભળવા માત્રથી જ આપને અદ્‌ભૂત જ્ઞાન કેવી રીતે થયું તેમણે કહ્યું પૂર્વભવમાં હું ચંપાપૂરીમાં કુસુમાયુધ નામનો રાજા હતો. મકરધ્વજ નામે મારા પુત્રે પણ પ્રમાદ રહિત વ્રતને (દિક્ષાને) ગ્રહણ કર્યા અમે બન્નેઉ સર્વાર્થસિધ્ધમાં મહાઋધ્ધિવાળા દેવ થયા ત્યાંથી ચ્યવીને પૃથ્વી પર પૃથ્વીચંદ્ર નામે હું જન્મ પામ્યો બીજો પણ દેવ ગજપુર નામના નગરમાં ઉત્પન્ન થયો જે આ શ્રેષ્ઠિ પુત્ર ગુણસાગર કેવળી બન્યા છે. તે એ પ્રમાણે ભાવનાના વિષયમાં પૃથ્વીચંદ્ર ગુણસાગરનું દૃષ્ટાંત છે.....

એ પ્રમાણે જિનેશ્વર ભગવાને કહેલા મનુષ્યપણાના સંભવરૂપ સર્વ પુણ્ય પ્રકારોને મહાપૂણ્યવાન ચિંતામણી સરખા નરભવને રત્નાકરપણાનો ઉપચાર કર્યો છે.

આમાં કેટલુંક પુણ્ય તિર્યંચગતિમાં પણ સંભવે છે. પરંતુ તેઓને અતિઅલ્પનો સંભવ હોવાથી અને તેવા પ્રકારના મનોબળનો અભાવ હોવાથી મોક્ષ સુધી નહિ જવાથી સહસ્ત્રાર (૮ મા) દેવલોકથી અધિક દેવપણું પામતા નથી. સામાન્ય ચંદન અને ગોશીર્ષચંદનનું દૃષ્ટાંત જાણવું એક સામાન્ય મૂલ્યવાન બને છે. બીજુ અધિક મૂલ્યવાન બને છે. એ પ્રમાણે રત્નાકર સમાન મનુષ્યભવને પામીને જેઓ ધર્મકર્મમાં પ્રમાદને છોડતાં નથી અને વિષયમાં આસક્ત મહાઆરંભાદિ મહાપાપને જેઓ કરે છે. તેઓ સાતમી નરક સુધી પણ જાય છે. ધર્મકર્મમાં ઉદ્યમવાન અને અપ્રમત્ત મોક્ષને પણ પામે છે. એ પ્રમાણે જિનધર્મને વિષે સર્વજાતની શક્તિ વડે પ્રયત્નશીલ રહેવું તે ઉપદેશનું તાત્પર્ય છે.

શ્લોકાર્ય :– હે ભવ્યો ! રત્નાકર સરીખા નરભવને પામીને સમ્યગ્ ધર્મરત્ન ગ્રહણ કરવામાં પ્રયત્નવાળા બનો ભવકલેશની શ્રેણીરૂપ બે પ્રકારના શત્રુ (રાગ દ્વેષ) ને જયરૂપ લક્ષ્મી વડે હણીને શિવસુખને પામો ઈતિ.

॥ મધ્યાધિકારે પ્રથમ અંશે તરંગ - ૩ પૂર્ણ ॥

મધ્યાધિકારે પ્રથમ અંશે (તરંગ–૪)

કર્મરૂપી શત્રુપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે મનુષ્યજન્મને કોઈપણ રીતે પામીને જો તે દુર્લભ જિનધર્મનું પાલન કરે છે. તે ધન્ય છે. જે નરદેહ અસાર છે. વિષયોમાં ખોવાઈ જાય તો ફરી જલ્દી મળી શકતો નથી. તેથી જે પ્રમાદી બને છે. તે અનંત સંસારમાં પડે છે. અને અનંત દુઃખને સહન કરે છે. વળી

જ્યાં પાંચ ક્રોડથી અધિક રોગો છે. અને સાત પ્રકારે આયુષ્યનો ઉપક્રમ છે. સાતભય નિત્ય છે. નરભવમાં ધર્મ જ સારરૂપ છે.

વિશેષાર્થ :- નરભવનો નરદેહ એ પ્રમાણે અર્થ છે.

એટલે કે નરદેહમાં પાંચક્રોડથી અધિક લાખ્ખો રોગોનો જ્યાં સંભવ છે. તે કહે છે પાંચ ક્રોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસોને ચોર્યાશી (૫૬૮૯૯૫૮૪) રોગો થાય છે. આ અપ્રતિષ્ઠાન નરકાવાસે નિત્ય અને બીજે પણ યથા યોગ્ય સંભવે છે. તેથી જે નરભવમાં આટલા રોગના ક્ષય માટે તે ધર્મજ સારભૂત છે. એ પ્રમાણે તે સર્વ શક્તિથી આદરણીય છે. પરંતુ કામ વિ. નહિ, ઉલ્ટું તે દેહના ક્ષયનું કારણ હોવાથી અને દુર્ગતિના દુઃખનું કારણ હોવાથી પ્રાયઃ સર્વગતિમાં સુલભ (કામ) હોવાથી કામ આદરણીય નથી. આ તેનો ભાવાર્થ છે.

તથા જ્યાં સાત પ્રકારે આયુષ્યનો ઉપક્રમ (આઘાત) થાય છે. તે આ પ્રમાણે :- (૧) અધ્યવસાય (૨) નિમિત્ત (૩) આહાર (૪) વેદના (૫) પરાઘાત (૬) સ્પર્શ કરતાં (૭) શ્વાસોશ્વાસ આ સાત પ્રકારે આયુષ્ય પૂર્ણ થાય છે. (ક્ષય કરે છે) આનો લેશથી અર્થ કરે છે.

અધ્યવસાય :- ત્રણ પ્રકારે છે તે રાગ, ભય અને સ્નેહ ભેદે કરી જાણવા. રાગનો અધ્યવસાય મૃત્યુનું કારણ બને છે તે આ રીતે કોઈક એક ગામમાં ચોરોએ ગાયોનું અપહરણ કર્યું અને તે ગાયોને રક્ષણ માટે વાંસ બાંધેલાઓએ પાછી મેળવી (વાળી) તેમાં એક અતિ સ્વરૂપવાન પુરૂષ હતો. તૃષાથી દુઃખી થયેલો તે કોઈક ગામમાં કોઈના ઘરમાં ગયો ત્યાં કોઈ તરૂણી પાણી લાવીને તેને પાતી હતી ત્યારે તેણે તેણીને ના પાડવા છતાં અટકી નહિ ત્યારે તે પુરૂષ (તરૂણ) ઉઠીને ચાલી ગયો તેણી પણ તેને જોતી વધારાનું પાણી ઢોળી દેતી ત્યાંજ ઉભી રહી તે તરૂણ દેખાતો બંધ થતાં ત્યાંજ રાગના અધ્યવસાયના કારણે મૃત્યુને પામી ઈતિ રાગ અધ્યવસાય ॥૧॥

ભય :- ભયના અધ્યવસાયથી વાસુદેવને જોઈને ગજસુકુમારને ઉપસર્ગ કરનાર સોમિલ બ્રાહ્મણ હૃદયના આઘાતથી મૃત્યુ ને પામ્યો હતો ઈતિ ભય અધ્યવસાય ॥૨॥

સ્નેહ :- કોઈક વેપારીને તરૂણ સ્ત્રી હતી પરસ્પર બન્નેને ગાઢ સ્નેહ હતો અને વેપારને માટે દેશાન્તરે જઈને પાછો ફર્યો ત્યારે સ્નેહની પરિક્ષા માટે મિત્રોએ તેને ઘેર આવતાં પહેલા જ તેના ઘરે આવીને તેની સ્ત્રીને કહ્યું કે તારો પતિ મૃત્યુ પામ્યો છે. એ પ્રમાણેનું તે સાંભળીને તેણી મૃત્યુ પામી અને તે પણ સાંભળીને મૃત્યુ પામ્યો કહ્યું છે કે રાગ અને સ્નેહમાં શું વિશેષ છે ? તે કહે છે. રૂપ વિ. માં આકર્ષક પ્રીતિ વિશેષ તે **રાગ** અને સામાન્યપણે પત્નિ પરિવાર ને વિષે પ્રીતિ તે **સ્નેહ** ઈતિ ॥૩॥

નિમિત્ત :- દંડવિ... તે કહે છે. દંડ, ચાબુક, શસ્ત્ર, રસ્સી, અગ્નિ, પાણીમાં પડવું, ડુબવું, વિષ, સાપ, ઠંડી, ગરમી, અરતિ (બેચેની) ભય, ભૂખ, તરસ, વ્યાધિ, મૂત્ર, સ્થંડિલ રોકવું, જીર્ણ, અજીર્ણે ઘણું ભોજન, ઘર્ષણ, કચડાવું, પીસાવું, અથડાવું, પીલાવું આ આયુષ્યને માટે ઉપક્રમ છે..... આઘાત છે. આ પ્રમાણે નિમિત્તથી થતા દુઃખોની વ્યાખ્યા થઈ.

આહારાદિ :- ઘણો અથવા સર્વથા તેનો અભાવ, નેત્રાદિની વેદના, વિજળી આદિથી પરાઘાત, ચામડીનો સ્પર્શ અથવા સર્પ વિ. ના વિષ વિ. જેવી રીતે બ્રહ્મદત્ત મૃત્યુ પામતા તેના પુત્રે સ્ત્રીરત્નને કહ્યું કે મારી સાથે ભોગોને ભોગવ ત્યારે તેણીએ કહ્યું કે મારા સ્પર્શને તું સહન નહિ કરી શકે તેને તેમાં વિશ્વાસ ન થયો એટલે તે સ્ત્રીરત્ને ઘોડાની પીઠ ઉપર કમર સુધી સ્પર્શ કર્યો તેટલામાં સર્વ શુક્ર (વીર્ય) ના નાશ થવાથી તે મૃત્યુ પામ્યો એ પ્રમાણે લોહ પુરૂષ પણ વિલિન થયો ઓગળી ગયો.

શ્વાસોશ્વાસને રોકવો તે સ્પષ્ટ છે. આ સાત આયુષ્યના ઉપક્રમો સોપક્રમી આયુષ્યવાળાને હોય છે.

૬૩ શલાકા પુરૂષો (ઉત્તમ પુરૂષો), ચરમ શરીરી અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ, દેવ અને નારક નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે. તેઓને ઉપક્રમ લાગતો નથી.

જે મનુષ્ય ભવમાં આ પ્રમાણે હંમેશા આયુષ્યક્ષયનાં સાત કારણો છે.

ત્યાં આયુષ્યનો કોઈ ભરોસો ન હોવાથી કામાદિના ત્યાગ પૂર્વક ધર્મ એજ સારભૂત છે. તેજ કરવા જેવો છે. એ પ્રમાણે તત્ત્વ છે.

મૃત્યુનું કોઈ કારણ ન હોવા છતાં પણ જીવન છે ત્યાં સુધી મનુષ્ય શાંતિને પામતો નથી. કારણ સાત ભયો તેને નિરંતર અશાંતિ આપે છે. તે ભયો આ પ્રમાણે છે.

(૧) આલોક ભય (૨) પરલોક ભય (૩) ચોરીનો ભય (૪) અકસ્માતનો ભય (૫) આજીવિકાનો ભય (૬) મરણનો ભય (૭) અપકીર્તિનો ભય મનુષ્ય વિ. ને સજાતીય થી એટલે કે મનુષ્યને મનુષ્યથી ભય તે ઇહલોક ભય..... વિજાતીયથી એટલે કે તીર્યંચ અને દેવાદિ તરફથી ભય તે પરલોક ભય, ધન માટે ચોર વિ. થી ભય, બાહ્ય નિમિત્ત ન હોવા છતાં અકસ્માતનો ભય તે અકસ્માત ભય, દુષ્કાળ વિ. માં નિર્ધનને આજીવિકાનો ભય, મરણ ભય પ્રિસધ્ધ છે. અને અપયશ અપકિર્તીનો ભય..... (૭)

આ સાત ભયો હંમેશા અરતિ કરનારા અને મૃત્યુને પણ આપનારા થાય છે. તેથી કરીને આવા પ્રકારના ઘણા વિઘ્નોવાળા નરભવમાં ધર્મ એજ સારભૂત છે. તે સ્વર્ગ અને અપવર્ગને (મોક્ષ) આપતો હોવાથી સેવવા યોગ્ય છે. તે જ ખરૂં તત્ત્વ છે.

કહ્યું છે કે :- શીઘ્ર ધર્મને આચરો અને ક્યારે પણ પ્રમાદ કરો નહિ બહુ વિઘ્નવાળો કાળ હોવાથી મધ્યાહ્નનો પણ વિચાર ન કરવો એટલે કે ધર્મ માટે જે સમય પ્રાપ્ત થયો છે. તેને એક ક્ષણવાર માટે પણ છોડો નહિ કહ્યું છે કે ધર્મ શીઘ્ર કરો કારણ કે જગતનું ભક્ષણ કરવાની લોલુપતાવાળા કાળે દેવ, નારક, તિર્યંચોને પોતાનું ભક્ષણ બનાવ્યું છે.

હે આત્મન્ ! જ્યાં સુધી કુઠારા ઘાત કરનારો કાળ વિ. તારા જીવનરૂપ વૃક્ષને છેદે નહિ ત્યાં સુધી સારા પરિણામ માટે ધર્મને આચરવામાં પ્રયત્નશીલ બન કારણ કે જીવનરૂપ વૃક્ષ છેદાઈ જતાં કોણ ક્યાં કેવી રીતે થશે તેની કોઈ ને કંઈ ખબર નથી. સાત ભયથી પરાભવ પામેલા ને આઠ વિપ્લવ (ઉપસર્ગ) એટલે કે (૧) અનિષ્ટ યોગ (૨) રોગ (૩) દુષ્ટ પરિવાર

વડે મનુષ્ય જન્મ નક્કી નિશ્ચિત વિરસ પણાને પામે છે. તેને પૂણ્યથી સારભૂત (સરસ) બનાવ ॥૨॥ ઈતિ અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે.

શ્લોકાર્થ :- આ પ્રમાણે નરદેહ (ભવ) ને અસાર જાણીને તે દેહ (ભવ) થી બધી રીતે સાધ્ય સદ્ધર્મને બધા પ્રકારના હિતકર આ ધર્મમાં વિલંબ વિના પ્રયત્ન કરો જેથી કરીને ભવ રૂપી શત્રુ પર વિજય રૂપી લક્ષ્મી પામો.... ॥૧॥

ઈતિ તપા. શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત શ્રી ઉપદેશરત્નાકર ગ્રંથના મધ્યાધિકારે પ્રથમ અંશે નરભવની અનિત્યતા અને ધર્મની સારતાનો ઉપદેશ નામનો.....

॥ ૪ તરંગ પૂર્ણ.... ॥

મધ્યાધિકારે પ્રથમ અંશે (તરંગ-૫)

શ્લોકાર્થ :- જયરૂપી લક્ષ્મી અને ઈચ્છિત સુખને માટે ત્રિવર્ગમાં સાર રૂપ અનિષ્ટ હરણે આલોક અને પરલોકના હિતને માટે હે ભવ્યજનો ! જિનધર્મમાં ઉદ્યમશીલ બનો ॥૧॥

તે વિરતિરૂપ બે પ્રકારે છે. તે ધર્મ પ્રયત્ન પૂર્વક શિવફલને માટે કરો. અવિરતિના ત્યાગ માટે શ્રાવકધર્મ અને સર્વ વિરતિ માટે યતિ ધર્મ એમ બે પ્રકારે છે. ॥૨॥

વળી દેવ, મહાદેવ, કૃષ્ણ, બ્રહ્માદિ અવિરતિરૂપ કીડા વિ. ની પંક્તિમાં આવેલા જાણવા. અવિરતિનો સારી રીતે ત્યાગ કરનાર જિનેશ્વર વિ. ની પંક્તિને પામે છે તે ધન્ય છે.

વિશેષાર્થ :- સુર, ઈન્દ્રાદિ, હરિ, મહાદેવ, બ્રહ્માદિ લૌકિક દેવો છે. આદિ શબ્દથી પારાસર, વસિષ્ઠ, વિશ્વામિત્ર, દુર્વાસા વિ. ઋષિઓ અને ચક્રી રાજા વિ. નું અવિરતિપણું હોવાથી અવિરતપણાની સામ્યતાથી (સરખાપણાથી)

કીડા વિ. ની પંક્તિમાં આવેલા તેઓને જાણવા કીટ ત્રીન્દ્રિય પ્રસિધ્ધ છે. તે ગ્રહણ કરવાથી "મધ્ય ગ્રહણ કરવાથી આદિ અને અન્તનું ગ્રહણ" એ ન્યાયથી એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય મનુષ્ય અને નારકીઓ ગ્રહણ કરવા. અવિરતિના બાર ભેદના પરિત્યાગથી જિનોની દેશથી અથવા સર્વથીવિરતિ, વીતરાગીઓની, અવધિજ્ઞાનાદિ જિન વિગેરે કેવલી જિનાદિની અને આદિ શબ્દ થી મોટા ઋષિ (મુનિ), મહાશ્રાવક વિ. ની પંક્તિ વિરતિપણું સામાન્યથી પામે છે. તેઓ ધન્ય છે. નિશ્ચિત મુક્તિગામી હોવાથી અને નજીકમાં સિધ્ધપણું હોવાથી તે પ્રશંસનીય છે.

હવે તેની વિચારણા કરે છે.

અવિરતિ "મન, ઈન્દ્રિય અને ષટ્ (છ)કાયના જીવોનો વધ એ પ્રમાણેના વચનથી" મનનો, પાંચે ઈન્દ્રિઓનો અનિયમ એટલે કે નિયંત્રણ નહિ અને છકાય જીવોનો વધ ઈતિ બાર પ્રકારની અવિરતિ છે. આ સંસારમાં જીવોની ચાર પંક્તિઓ છે.

જીવો ચાર પ્રકારના છે :- (૧) અવિરતિઓની (૨) મિથ્યાત્વથી રહિત સમકિતધારીઓની ઈતિ અર્થ (૩) દેશવીરતિઓની અને (૪) સર્વ વિરતિઓની પાંચમીતો વીતરાગની પંક્તિરૂપ ફલને પામેલા સંસારથી અલિપ્ત બનેલા જીવોની.

આ ચારે ક્રમથી (૧) બહુ (૨) સ્વલ્પ (૩) સ્વલ્પતર અને (૪) સ્વલ્પતમ જીવવાળી પંક્તિ છે.

તેમાં પ્રથમ અવિરતિઓની પંક્તિનું મહત્ત્વ (વાત) આ પ્રમાણે છે. એકેન્દ્રિય વનસ્પતિ વિ. એકજ સ્પર્શેન્દ્રિયનો સદ્ભાવ હોવાથી અને તેથી બાકી રહેલી ઈન્દ્રિયોની સંજ્ઞાઓવાળા છકાયની જીવની વિરાધનાથી નહિ એટકેલા અવિરતિની પંક્તિમાં આવે છે. તેમાં સૂક્ષ્મ કે બાદરમાં અવિરતિજ ઉત્પન્ન થાય છે.

અવિરતીના પરિણામનો નાશ સંજ્ઞી પંચોન્દ્રિયોને જ હોય છે. અને

વિરતીનો સ્વીકાર પણ કરે છે. (થાય છે) અને તેથી કરીને બધાજ એકેન્દ્રિયો પાંચે પ્રકારના પ્રમાદથી વિરત નહિ થયેલા હોવાથી તે કારણથી ઉત્પન્ન થયેલા કર્મબંધનને પામે છે. વિરતિવાળા બનતા નથી, કહેવાતા નથી.

જેવીરીતે સૂતેલા, પ્રમાદી, મૂર્ચ્છા પામેલા વિ. વિરતિના પરિણામ (ભાવના) વગરના હોવાથી અને શક્તિ ચેતનાદિના અભાવથી હિંસાદિ ન કરતા હોવા છતાં પણ તેઓ વિરતિવાળા કહેવાતા નથી. મૂંગા વિ. અસત્ય બોલતા ન હોવાથી પણ સત્યવાદિ અને અપંગ પંગુ વિ. નહિ આપેલું નહિ લેતો હોવા છતાં પણ અદત્તનો ત્યાગી બનતો નથી. કુદરતી કે અકુદરતી નપુંસક પશુકે મનુષ્ય મૈથુન ન સેવતા હોવા છતાં બ્રહ્મચારી કહેવાતા નથી પશુ કે ભીખારી વિ. વિશેષ પરિગ્રહ ન હોવા છતાં પણ ગંધ મલંકારે" એ પ્રમાણેના વચનથી ફલને પામતો નથી એ પ્રમાણે સમ્યગ્દર્શનના પરિણામ ન હોવાથી એકેન્દ્રિયો પણ અવિરતિવાળા જ છે. એકેન્દ્રિયમાં સાસ્વાદન ગુણઠાણું નથી એ પ્રમાણેના આગમના અભિપ્રાયથી સાસ્વાદન બીજા ગુણઠાણાનો અભાવ હોવાથી મિથ્યાત્વીજ છે.

એ પ્રમાણે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, સમુર્છિમ પંચેન્દ્રિય વિ. માં પણ અવિરતપણું છે. તેમાં સાસ્વાદન ગુણઠાણાની પ્રાપ્તિમાં માત્ર છ આવલિકા સુધીનો જ કાલ હોવાથી મિથ્યાત્વ જાણવું.

હવે એકેન્દ્રિયમાં કંઈક વિશેષ પ્રકારે હિંસા વિ. આશ્રવો બતાવે છે. (દેખાય છે.)

તે આ પ્રમાણે વૃક્ષ વિ. પોતપોતાના અનુરૂપ એવા આહારરૂપ પાણી, નીલ, ફૂલ વિ. સચિત્ત ગ્રહણ કરે છે. આથી તેઓને પાણી વાયુની વિરાધના સ્પષ્ટ છે. "જ્યાં પાણી ત્યાં વનસ્પતિ છે." જ્યાં વનસ્પતિ છે. ત્યાં નિશ્ચિત અગ્નિ છે. અગ્નિકાય વાયુને આધારે છે. (સહચારી છે.) અને ત્રસકાય તો પ્રત્યક્ષ છે. આ પ્રમાણેના વચનથી વનસ્પતિ આદિને પણ આહાર ગ્રહણ કરવા માત્રથી સૂક્ષ્મરીતે પણ વિરાધના છે. બાદર રીતે તો કેટલાક બોર વિ. ના ઝાડો કેળ વિ. ના વૃક્ષોને વિંધે છે. દુઃખ આપે છે. મરૂદેવાદિના પૂર્વભવના

કેળના જીવને જેમ વિંધ્યુ હતુ તેમ દુઃખ આપે છે. પોતાના મૂળ - ક્ષાર, કટુરસ વિ. થી પૃથ્વી આદિને હણે છે.

કીડાને મારનારા, સાપને - મારનારા, હાથીને ઘોડાને મારનારા, કિમ્પાક વિ. જેવા અનેક પ્રકારના અનેક વૃક્ષો અને મદન કોદ્રવ વિ. મનુષ્ય, પશુ વિ. ને હણે છે.

કેટલાક તો વિચિત્ર વૃક્ષ, ઘાસ, લત્તા, ઔષધીના પ્રકારોથી અને પાન ડાળી વિ. અવયવોથી પ્રસિધ્ધ છે. મનુષ્ય, પશુ વિ. ને પણ તાવ અતિસાર વિ. થી હણે છે. અંધ કરે છે. બધીર કરે છે. **બીભીતક** (બહેડા) વિ. **કલેશલગ્નાદિવડે** કરીને એક બીજાનો વિચ્છેદ કરાવે છે..... અસ્થિર કરે છે. મોહનવલ્લી વિ. મોહના ઉત્પાત વિ. થી ખેદ કરાવે છે. કેટલાક મનુષ્યોને પશુ અને પશુને મનુષ્ય બનાવે છે. એ પ્રમાણે અનેક પ્રકારે ફેરફાર કરે છે. કેટલાક ઔષધિના પ્રકારો એવા છે. કે જ્યાં દેવોનો પણ વાસ કરાવે છે. વાંસ, બાણ વિ. ધનુષ્ય અને બાણના રૂપ વડે સર્વ જીવોને હણે છે. ભગવતિના પાંચમા શતકમાં છઠ્ઠા ઉદ્દેશકમાં કહ્યું છે કે હે ભગવંત ! પુરુષ ધનુષ્યનો વિચાર કરવાથી લઈ બાણને છોડે તે બાદ તે બાણ જ્યાં જાય ત્યાં પ્રાણો, ભૂતો, જીવો અને સત્વને હણવાથી લઈને જીવીતનો નાશ કરે છે. (મારી નાંખે છે) હે ભગવંત ! તે વખતે કઈ ક્રિયા લાગે ?

હે ગૌતમ ! એ પ્રમાણે જે પુરૂષ ધનુષ્યનો વિચાર કરે છે. ત્યાંથી લઈને બાણ છોડવા વડે તે પુરૂષને કાયિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાઓ થાય છે. અને પાંચ ક્રિયાઓ વડે સ્પર્શાય છે. જે જીવોના શરીરમાંથી ધનુષ્ય બન્યું તે જીવો કાયિકી ક્રીયાથી લઈ પાંચ ક્રીયાઓ વડે સ્પર્શાય છે. એ પ્રમાણે ધનુપૃષ્ઠ પાંચ ક્રિયાઓ વડે અને દોરી જેમાંથી બની તે જીવોનાં શરીર પાંચ ક્રિયાથી સ્પર્શાય છે. પાંચ ક્રિયા વડે ધનુષ્ય, પાંચ ક્રિયાવડે બાણ, પાંચ ક્રિયાવડે પત્તા, પાંચ ક્રિયાઓ વડે ફલુ (બાણની અણી) ઈત્યાદિ.

હિંસા :- ઈત્યાદિ ધનુષ્યાદિ જીવોને અતિ ઉત્સર્ગથી (પૂર્વના શરીરનો ત્યાગ ન કરવાથી), અવિરતિના પરિણામ હોવાથી અચેતન શરીરાદિ વડે

ઘણા કર્મબંધ થાય છે. જિનેશ્વરની પૂજાને યોગ્ય પુષ્પ ફળ આભૂષણ વિ. મુનિના (સાધુના) પાત્રા વિ. ના જીવોના શરીરો પુણ્યના સાધન રૂપ હોવા છતાં પણ પુણ્યબંધ થતો નથી કારણ કે તેના હેતુ ભૂત વિવેકરૂપ પરિણામ વિ. નો અભાવ હોવાથી, સિધ્ધોને તો બંધના કારણભૂત અવિરતિ, મિત્થ્યાત્વ, કષાય અને યોગ રૂપ બંધ હેતુઓનો અભાવ હોવાથી બંધ નથી એ પ્રમાણે મહાઆરંભની પ્રવૃત્તિના હેતુ રૂપ ગાડુ, લાંગલ, સાંબેલુ (મૂસલ), તલ, શેરડી વિ. પિલવાના યંત્રો, (ઘાણી અને કોલુ) રેંટ, શસ્ત્રો વિ. ના જીવોનું હિંસાનુ કારણ પણું વિચારવું આ પ્રમાણે હિંસા બતાવી..... ૧

તેવી જ રીતે તેઓને પૂર્વે કહેલી યુક્તિ વડે સત્યના પરિણામ ન હોવાથી અસત્ય સમજવું. વળી મનુષ્યોને અસત્યવાદનું કારણ હોવાથી પણ અસત્ય પાપ છે. દેખાય છે કે ઘણાય સહકાર (આંબો) રાયણ આદિ ઉત્તમ વૃક્ષના વન વિ. ના વિષયમાં રક્ષા, ધનિકપણું બતાવવા માટે કલહ કરતાં હોય છે. (અથડાતા હોય છે.) તેવી રીતે બહેડાના ઝાડ વિ. મિથ્યા આભાસ ઉત્પન્ન કરવા આદિ વડે કલહને ઉભો કરે છે. "શોકના નાશ માટે અશોક, કલહના નાશ માટે કલિ વૃક્ષો "ઈતિ" તે વચનથી જણાય છે. તથા કેટલાક મોહનવલ્લિ વિ. મોહને ઉત્પન્ન કરવા થકી મનુષ્યોને માર્ગની દિશાથી વિપરીત દિશા વિ. બતાવે છે. કેટલાક ઠગના હાથમાં આવેલા મનુષ્યોને ઠગતા માટી વિ. માં પણ સુવર્ણ બુધ્ધિને, વૈરિ વિ. માં પણ સ્વજનાદિની બુધ્ધિને વિવિધ પ્રકારોમાં પોતાનો ઘાત વિ. અકાર્યોમાં પણ કર્તવ્યની બુધ્ધિ કરાવે છે. રાજા, સ્ત્રી, પ્રજા વિ. નું વશીકરણ જુદા પાડવાનું, મોહ વિ. ને પણ ઉત્પન્ન કરતી અસત્યના પ્રતિભાસવાળી પ્રવૃત્તિ આદિ ઉભી કરે છે. કેટલીક ઔષધીઓ સ્વાભાવિક પણે વસ્તુમાં રહેલી શક્તિથી અથવા મંત્ર, દૈવતાદિના વશથી પોતાનો પ્રભાવ વિ. સત્ય કહે છે. અને અસત્ય પણ કહે છે. ઔષધિના વશથી દીપાવતાર, જલાવતાર વિ. માં કન્યાદિઓ ઔષધિઓ રત્નો વિ. આપે છે. કેટલીક હું આપુ છું. એમ કહીને આપતી પણ નથી ઘણા કથાનકોમાં આવું સંભળાય છે. ઈત્યાદિ અનેક પ્રકારે અસત્યના પ્રકારો છે. ॥૨॥ વળી બધાય વૃક્ષાદિના જીવો સચિત્ત આહારને લે છે. તે જીવો આપ્યું ન

હોવાથી અદત્તજ ગ્રહણ કરે છે. અથવા બીજાને અદત્તનું કારણ બને છે. પૂર્વની જેમ મનુષ્ય વડે સ્વાદવાળું ઉત્તમ પત્ર પુષ્પ ફલ વિ. નહિ આપેલું હોવા છતાં ગ્રહણ કરવાથી અદત્ત લાગે છે. કુલકરે ભાગ કરીને આપેલા કલ્પ વૃક્ષોનું યુગલિકોનું પણ એક બીજાના યુગલિકના કલ્પતરૂની પાસે માંગણી કરવાના કારણે થતાં કલહ ને શાંત કરવા માટે હકારાદિની ઉત્પત્તિ વિ. શ્રવણથી સંભળાય છે. કોઠારા નામના સુથારે બનાવેલ કાષ્ટના પોપટ કબૂતર આદિ વડે રાજાના કોઠાગારમાં નહિ આપેલા શાલી (ચોખા) વિ. નું ગ્રહણ સંભળાય છે. અથવા કાષ્ટમય પોપટ કબૂતર વિ. જીવો વિ. નું નહિ આપેલુ લેવાનું પાપ લાગે છે. પહેલા કહેલ (ધનુષ્ય અને વાંસ) ધનુષ્ય વંશાદિની જેમ ગ્રહણ કરવા વડે નહિ આપેલું લેવાની પ્રવૃત્તિ અદત્ત છે. ઔષધિઓ વડે નહિ આપેલાનું આકર્ષણ વિ. પણ થાય છે. ઈત્યાદિ અદત્તનાં પ્રકારો છે. ॥૩॥

એ પ્રમાણે મૈથુનનું પાપ પણ વિરતિના પરિણામ ન હોવાથી લાગે છે. તેવા પ્રકારના પુષ્પના બગીચા વિગેરેનું બીજ પ્રત્યે રાગાદિનું જનક હોવાથી પાન, પુષ્પ, ફલ વિ. થી ઉત્પન્ન થયેલ ઔષધ, ચૂર્ણ, ગુટિકા, સર્પની ફેણ વિ. ના ભક્ષણથી, રાગના ઉત્કર્ષથી મૈથુનની પ્રવૃત્તિનું જનક હોવાથી, ઘાતકી પુષ્પ વિ. મધ વિ. ના અંગોનું પણ કામની પ્રવૃત્તિનું કારણ હોવાથી વિચારવું-જાણવું. તથા કેટલાક ઝાડોની કામ સંજ્ઞા પ્રત્યક્ષ દેખાય છે. કહ્યું છે કે સ્ત્રીના પાદના ઘાતથી હણાયેલું (સ્પર્શિત) અશોકવૃક્ષ વિકાસ પામે છે. ખીલે છે. સ્ત્રીના મોઢાના - દારૂના કોગળાથી સિંચાયેલું બકુલ વૃક્ષ શોકને તજી દે છે. સ્ત્રીના આલિંગન થી કુરૂબક વિકાસ પામે છે. સ્ત્રીના જોવા માત્રથી તિલક નામનું વૃક્ષ ખીલતું શોભે છે. !

વિરતિના પરિણામ ન હોવાથી પરિગ્રહ પણ તેઓને છે. બીજાને મૂર્ચ્છા વિ. નું કારણ હોવાથી વિચારી લેવું. સાક્ષાત્ પ્રત્યક્ષ પણ દેખાય છે. કેટલાક વૃક્ષો મૂર્ચ્છાથી ધન (નિધિ) ને મુળીયા વડે વીંટળાઈને રહે છે. અને એરંડા વિ. ના ઝાડો નિધિ ઉપર મૂળીયાં ઢાંકે છે. ઈત્યાદિ પરિગ્રહનું પાપ સ્પષ્ટ છે એ પ્રમાણે કષાયાદિ પાપ પણ તેઓને લાગે છે. સ્પર્શેન્દ્રિયથી

વધારે ઈન્દ્રિયો ન હોવા છતાં પણ ઝાડોને દશ સંજ્ઞાઓ વડે કર્મનો બંધ થાય છે. તે આ પ્રમાણે (૧) આહાર (૨) ભય (૩) પરિગ્રહ (૪) મૈથુન (૫) ક્રોધ (૬) માન (૭) માયા (૮) લોભ (૯) રાગ (૧૦) ઓઘ. આ દશ સંજ્ઞાઓ સર્વજીવોને હોય છે.

(૧) વૃક્ષને પાણીનો આહાર (૨) સંકોચનિકા (લજ્જામણી) ભયથી સંકોચાય છે. (૩) પોતાના તંતુવડે વલ્લી વૃક્ષને વીંટળાય છે. તે પરિગ્રહ સંજ્ઞા (૪) મૈથુનમાં સ્ત્રીના આલિંગને (સ્પર્શે) કરૂબક વૃક્ષ ફળે છે તે મૈથુન સંજ્ઞા (૫) કોકનદનો કંદ ક્રોધથી હંકારો કરે છે તે ક્રોધ સંજ્ઞા (૬) કરઈ રૂવે છે તે માનસંજ્ઞા (૭) માયાએ કરી વેલ ફળોને ઢાંકે છે. તે માયાસંજ્ઞા (૮) બીલપલાસ લોભે કરી નિધિ ઉપર મૂળીયાં ઢાંકે છે. તે લોભસંજ્ઞા (૯) રાત્રીમાં કમળો સંકોચાય છે. તે રાગ સંજ્ઞા (૧૦) વેલડીઓ માર્ગમાં જાય છે તે ઓઘથી બોલાય છે એટલે કે વૃક્ષો પર વલ્લીઓ ચડે છે. તે ઓઘ સંજ્ઞા જાણવી. આ પ્રમાણે વનસ્પતિને આશ્રયીને અવિરતિપણું વિચાર્યું. એ પ્રમાણે પૃથ્વી આદિની પણ વિચારણા કરવી. કારણ કે ખટાશ, ખારાશ વિ. રૂપ પૃથ્વી વિશેષ મધુરાદિ પૃથ્વીના જીવોને, જલ, વાયુ, અગ્નિ અને વનસ્પતિના જીવોને, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિયને અને મનુષ્ય, પશુને પણ હણે છે. મારી નાંખે છે. હડતાલ, સોમલ, ક્ષારાદિ વડે બે - ત્રણ ચાર ઈન્દ્રિયોવાળાનો અને તીર્યંચ અને મનુષ્યનો વધ સાક્ષાત્ દેખાય છે.

કુવામાં રહેલા પારાનુંતો ઘોડા પર બેઠેલી સ્ત્રીના મુખના દર્શનથી તેની પાછળ દોડવાથી તેનું કામેચ્છા પણ સ્પષ્ટ જ છે. બાકી પૂર્વની જેમ.

પાણી પણ ક્ષારાદિના વિશેષપણા વડે કરી મધુર જલ, પૃથ્વી, વનસ્પતિ આદિ જીવોને હણે છે. અગ્નિના જીવોનું હણવું પ્રત્યક્ષ છે. જલ વડે સંપૂર્ણ અગ્નિનું બુઝવાપણાથી હિંસા પ્રત્યક્ષ છે. અને નદીપુર, મહાસરોવર સમુદ્રાદિમાં ભીંજાવવા વડે અને બુડવા વડે સર્વ સ્થાવર ત્રસ જીવોનું અને મનુષ્ય, પશુ વિ. નો પણ વધ થતો દેખાય છે. અને અગ્નિ ગરમ કરવા થકી સૂકવી દેવા આદિ વડે જલ જીવોને હણે છે. ખાદિર (ખેર) નો અગ્નિ ઘાસ વિ. ના

અગ્નિના જીવોને હણે છે. અને બાકી સર્વ જીવોને બાળવાનું પ્રત્યક્ષ સિધ્ધજ છે. એ પ્રમાણે વાયુ પણ ઉષ્ણ વિ. શીતાદિ વાયુ જીવોને હણે છે. લૂ. વિ. થી પશુ, મનુષ્ય, વિ. નું પણ મૃત્યુ થતું દેખાય છે. ચારે બાજુથી સૂક્ષ્મ ધારવાળા શસ્ત્ર જેવો અગ્નિ વધવાવડે સર્વ જીવોને હણે છે.

એ પ્રમાણે એકેન્દ્રિયોનું પાંચ આશ્રવનું અવિરતિપણું વિચાર્યું. એ પ્રમાણે વિકલેન્દ્રિયની પણ પાંચે આશ્રવની પ્રવૃત્તિ વડે અવિરતિ સ્પષ્ટ પ્રત્યક્ષ છે. અને ક્રૂર પંચેન્દ્રિય તિર્યંચોની હિંસા વિ. પ્રસિધ્ધજ છે.

પોરા, શંખ વિ. બેઈન્દ્રિય જીવો, જીવનો આહાર કરનારા છે. જૂ, કીડી , માંકડ, કાનખજૂરા વિ. તેઈન્દ્રિય જીવો, ઘા કરવા વડે સર્પને મારી નાંખે છે. મનુષ્યોને, પશુઓને પણ કાન વિ. માં પ્રવેશેલા કાનખજૂરા વિ. ખેદ-પીડા કરે છે. ભમ્મર વિ. ચૌરેન્દ્રિય જીવો. ઈયળ વિ. ને હણે છે. હાથીના કાનમાં પ્રવેશેલો ડાંસ મચ્છર વિ. હાથીને અને સિંહના નાકમાં પ્રવેશેલા ડાંસ મચ્છર સિંહને હણી નાંખે છે. મનુષ્યને અને પશુને પણ ઉદ્વેગ પમાડે છે. પીડા આપે છે. પંચેન્દ્રિય જલચર મત્સ્ય વિ. માછલાનો જ આહાર કરે છે. સ્થલચર વાઘ, સિંહ, સર્પ વિ. પણ માંસાહારી છે. આકાશમાં ઉડનારા બાજ, ગીધ આદિ પણ (મોટા ભાગે) હિંસા કરનારા માંસાહારી છે. ક્રૂર નહિ તેવા હરણ, હાથી વિ. પણ સચિત્ત વનસ્પતિ વિ. આહાર વડે અને પરસ્પર વૈરવાળા સ્ત્રી વિ. ના કારણે યુધ્ધ વિ. કરીને હિંસા કરનારા છે. કામેચ્છા વિગેરે આશ્રવો તો પ્રાયઃ પોતાની વિષ્ટામાં ઉત્પન્ન થયેલા તેઈન્દ્રિય જીવોને હોય છે. વળી પોતાની લાળમાં ચઉરિન્દ્રિય ઉત્પન્ન થાય છે. મૂર્છા સંજ્ઞાના પ્રભાવે તેઓ પણ એટલે કે તેઈંદ્રિય - ચઉરિન્દ્રિય જીવો મરેલા કલેવરના મેલમાં ઉત્પન્ન થયેલા જંતુઓને સેવે છે. એ પ્રમાણેના વચનથી અસંજ્ઞીઓના મૈથુન સંજ્ઞાના પ્રભાવ વિગેરે વડે અને સંજ્ઞીઓને તો વેદોદયના કારણે કામ સ્પષ્ટ જ છે. હાથણીમાં લુબ્ધ હાથી બીજા હાથીઓને હણે છે. આંકડાના માંસમાં લુબ્ધ એવા માછલાઓ મૃત્યુ પામે છે. ચાવલ વિગેરેના કણમાં લુબ્ધ પક્ષીઓ જાળમાં પકડાય છે. - પડે છે. હરણ, સર્પ વિગેરે સંગીત, બંસરી

આદિના સૂર વિગેરે સાંભળવામાં લુબ્ધ બનેલા તેઓ પકડાય છે. અને હાથણીમાં લુબ્ધ હાથીઓ, ગંધમાં લુબ્ધ ભ્રમર, કીડા, સર્પ વિગેરે, માંસમાં લુબ્ધ સમુદ્રમાં આવેલા દુઃખ, સંતાપકારી સ્થલમાં વસનારા જલમનુષ્ય, બકરાના માંસના ભક્ષણ માટે પાંજરામાં પડેલા વાઘ વગેરે, રૂપમાં લુબ્ધ પતંગિયા વિગેરે પણ મરે છે. અને દ્રવ્યાદિ નિધિ ઉપર સર્પો અધિષ્ઠાયક બનીને રહે છે. નિધિ ઉપર ખંજરીટા નાચ કરે છે. અને ગૌધેરક શિવાદિ શબ્દો બોલે છે. કીડી પણ કણોને સંગ્રહે છે. આ પ્રમાણે કામાદિ આશ્રવો સ્પષ્ટ જ છે. તેઓની હિંસાદિના કારણે ગતિ પણ આ પ્રમાણે થાય છે. ''સ્થાવર બિ, તિ, ચઉરિન્દ્રિય નિશ્ચિત સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યમાં જાય છે. તથા (૧) અસંજ્ઞી (૨) સરકનારા જીવો વાંદરા, ઉંદર વિ. (૩) પક્ષી (૪) સિંહ (૫) સાપ (૬) સ્ત્રી ક્રમશ એકથી છઠ્ઠી નરક સુધી જાય છે. ઉત્કૃષ્ટથી મનુષ્ય અને માછલા સાતમી નરક સુધી જાય છે. એ પ્રમાણે એકેન્દ્રિય, બિ, તિ, ચઉ, અને સમૂરિર્છમ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વિ. અનંત જીવો અવિરતિની પંક્તિમાં જ આવે છે. રમે છે. અને હવે કુંભાર, ઘાણી ચલાવનાર વિ. મનુષ્યો, ભિલ્લ, ચંડાલ વિ., સૈનિક, દારૂના પીઠાવાળા વિ. અધમો છે. તેવી રીતે જ ૧૮ શ્રેણી - પ્રશ્રેણી વિગેરેની જાતમાં ઉત્પન્ન થયેલ મધ્યમ છે. નૃપ અમાત્ય વિ. ઉત્તમ છે. આ બધા જિન ધર્મથી વિમુખ લોકો તેવી રીતે જ હિંસાદિ આશ્રવના પ્રવર્તક-પણાથી અવિરતની પંક્તિમાં જ છે. તેવી રીતે દેવો પણ હિંસાદિ આશ્રવ પ્રવર્તાવનારા જ છે. તે આ પ્રમાણે હિંસાને વિષે દ્વૈપાયન, દંડક દેવ વિગેરે નગર દેશને દાહાદિ પણ કરે છે. અસત્યને વિષે અનેક દેવો પણ ઠગે છે. તે આ પ્રમાણે કોઈ પોલી યક્ષની પ્રતિમાને વિષે, કોઈએ રત્ન વિ. સંતાડ્યા અને તેના લોભથી યક્ષે તેને લઈને શમી નામના ઝાડની કોટર (બખોલ)માં ભાર લાગવાના કારણે મેં મૂક્યા છે. એ પ્રમાણે ધનિક (મૂકનાર) ને કહ્યું પછી એ કોટરમાં ધનિકે હાથ નાંખતાં સર્પના ડંખ વડે તેને મારી નાંખ્યો. ઈત્યાદિ વાત ઘણા પ્રકારે સંભળાય છે.

अदत्ते :- નહીં આપેલામાં બીજાનું હોવા છતાં પણ નિધિ વિગેરે પર બેસે છે. (બેસીને રક્ષણ કરે છે) મૈથુન વિષયમાં બીજાની દેવીઓની ઈચ્છા

કરે છે. પરિગ્રહ તો વિમાન, વન, વાવડી, ક્રીડા પર્વત, રાજધાની, નગર આદિ ઘણા પ્રકારે છે. એ પ્રમાણે દેવો પણ અવિરતિની પંક્તિમાં જ આવે છે. તથા ઈશ્વરે (શંકરે) પહેલા ત્રણ નગર બાળી નાંખ્યા હતા. જાલંધર દૈત્ય વિ. ક્રોડો સંખ્યા પ્રમાણ સૈનિકોનો વધ અને બ્રહ્માના મસ્તકના છેદન કરવા વડે ઘણી હિંસાને આચરી હતી. અને તે જગતના નાશનો (સંહારના) અધિકારી છે હિમાલય વડે અપાયેલી પાર્વતિના હાથને દબાવાથી ઉલ્લસિત થયેલ રોમાંચવિ. થી સમસ્ત વિશ્વ હલી ઉઠ્યું. (આકુલ, વ્યાકુલ, આશ્ચર્યવાળુ થયું) છે.

આહા ! હિમાચલના કિરણોનું શીતલપણું કેવું છે. એ પ્રમાણે સસ્મિત બોલતા શૈલના અંતઃપુરમાં રહેલા માતૃમંડલના ગણોવડે જોવાયેલા શિવ તમારૂં રક્ષણ કરો. ઈત્યાદિ અસત્ય સ્પષ્ટ છે.

(શકંર) તપસ્વી હોવા છતાં પણ પાર્વતિને વિષે પણ હું ભીલડીને ગ્રહણ કરુ છું. એવી બુધ્ધિ વડે ગ્રહણ કરી અને નહીં આપેલું ગ્રહણ કરવું. કૈલાસ જેનું મકાન છે. અને સ્ત્રી, પુત્ર પરિવાર આદિના સ્વીકાર કરવા વડે શંકરને પરિગ્રહ વિ. સ્પષ્ટ છે.

સમય, લજ્જા વિ. ને નહિ જોનારો ત્રણ ભુવનમાં વ્યાપ્ત યુક્તાયુક્ત વિચાર વિનાનો કામ છે એમ તેના ભક્ત વડે પણ કહેવાય છે.

હંમેશા (સદાય) પાર્વતીના અર્ધાંગને બંધાયેલા રહે છે. અને બે હજાર વર્ષ સુધી સતત (અવિશ્રાંત) કામભોગ ભોગવ્યા છે. કાર્તિકેય ઉત્પન્ન થવા છતાં તાપસીને વિષે કામની અભિલાષા રહી છે. અને નારી રૂપ એવા હરિને પણ કામની અભિલાષા વડે ભોગવેલ છે (અત્યંત ભોગની ઈચ્છાવડે ભોગવેલ છે) અને વળી તેવી રીતે હનુમાનની ઉત્પત્તિ ઈત્યાદિ કેટલું કહેવું ? આથી તે પણ અવિરતપણાના વિચારમાં કીડા, ખાડામાં રહેલા ભૂંડ વિ. ની પંક્તિમાં આવે છે. એ પ્રમાણે હંમેશાં અસુરોના વધમાં ઉદ્યમી એવા હરિ (વિષ્ણુ) એ પણ મધુ, ધેનુક, ચારણૂ પૂતના, યમલ, અર્જુન, કાલ, નેમિ, હયગ્રીવ, શકટ, અરિષ્ટ, કૈરભ, કંસ, કેશી, મુરા, સાલ્વ, મૈન્દ, દ્વિવિદ રાહુ,

હિરણ્ય કેશિ, પુંર્બાણ, કાલેય, નરક, બલિ અને શિશુપાલ એના (વિષ્ણુના) વધ થયા. એટલે કે વિષ્ણુએ તેમનો વધ કર્યો હતો. ઈત્યાદિ વચનોથી અસત્ય, માયા વિ. કપટ વડે દુર્યોધન વિ. ના કુલનો નાશ કરનારા વિષ્ણુ પુરાણમાં પ્રસિધ્ધ દિગંબર વિ. રૂપોવાળા પોતાના આરાધક અસુરોને પણ નરકમાં નાંખ્યા. યુધ્ધાદિ મહારંભ રાજ્યાદિ રૂપ પરિગ્રહથી ગ્રસિત હંમેશા વિવિધ પ્રકારો વડે દરેક જન્મમાં કામની ક્રિડામાં તત્પર સોળ હજાર ગોપીઓ ના લાભથી કૃષ્ણ રૂપે જન્મ લીધો હતો.

કામમાં અતિ વિહ્વલિત થવાથી રુક્ષમણીને પણ પહેલેથી ભોગવી હતી. માયા કંકણના વશથી અને સ્ત્રી રૂપે થઈને રાજાના અન્તઃ પુરમાં કેટલાક દિવસો સુધી ભોગોને ભોગવીને પુત્રને જન્મ આપ્યો હતો. ઈત્યાદિ કામનું તોફાન કેટલું કહીએ ? એ પ્રમાણે પણ અવિરતિની પ્રથમ પંક્તિને ધરે છે. એ પ્રમાણે જગત સૃષ્ટિનો સંહાર કરનાર બ્રહ્મા પણ નહિ આપેલી પરિગ્રહના મૂલ રૂપ સાવિત્રિને વિષે કામને સેવનારો હતો. આ બધું અસત્ય છે. બ્રહ્માએ પોતાની પુત્રીને ભોગવી હતી. ઈત્યાદિ વેદ વિ. માં કામનું પરતંત્ર પણું પ્રસિધ્ધ છે. શંકરે અપ્સરા (ઉર્વશી) માં ભોગનો અપરાધ કરનારનો શિરઃ છેદ કર્યો હતો. પાર્વતિને પરણાવવાની વિધિના સમયે પાર્વતિના રૂપને જોતાં ઉત્પન્ન થયેલાં કામના અતિપણાના કારણે સ્ખલિત થયેલા વીર્યથી ઉત્પન્ન થયેલા ૮૦ હજાર વાલિખીલ્લજી વિ. ઋષિઓને પોતાનો અંગુઠો દબાવવા વડે કુબ્જી થયેલાને સૂર્યરથમાં વાસ આપ્યો તે પણ અવિરતિની પંક્તિને ઉલ્લંઘતા નથી એટલે કે અવિરત પણામાં રહે છે. અને એઓના શાસ્ત્રમાં કામના વર્ણનની વિડમ્બણાની વાતો અનેક પ્રકારની સંભળાય છે. તે આ રીતે :- રતિક્રિડામાં રત ચુપકિથી જેણે કમલ વડે નયન યુગલને ઢાંકી દીધાં છે. પાર્વતીએ ચુંબેલુ (ચુંબન કરેલું) શંકરનું ત્રીજું લોચન જયને પામો ॥૧॥

પ્રણયથી ક્રોધિત થયેલી દેવીને જોઈને એકાએક આશ્ચર્ય પામેલા શંકર ભીતી વડે (ડરથી) તુર્તજ પ્રણામ કરવામાં તત્પર થયાં (પ્રણામ કર્યા) ત્યારે નમેલા શિર પર ગંગાને જુએ છતે (જોતાં) ચરણના પ્રહારથી આહત થયેલા

વિલખા થઈ ઉભા રહેલા એવા શંકર તમારૂં રક્ષણ કરો ॥૩॥ જે સંધ્યા સમયે નમસ્કાર કરીને (નમીને) લોકની આગળ હાથ જોડીને માંગે છે. વળી લજ્જા વિનાનો શિર વડે ગંગાનદી ને ધારણ કરે છે. તે પણ મેં સહન કર્યું. અમૃત મન્થન કરતાં પ્રાપ્ત થયેલી લક્ષ્મી હરિને આપીને વિષને શા માટે ખાધું ? (પીધું) ? હે.... સ્ત્રી લંપટ ! મને સ્પર્શ કરીશ નહિ. એ પ્રમાણે પાર્વતિ વડે કહેવાયેલા હર (શંકર) તમારું રક્ષણ કરો. ॥૧॥ આ પ્રમાણે અલંકાર ચૂડામણિમાં કહ્યું છે. ઈત્યાદિ ! દહીંના ખાલી વાસણમાં રવૈયા ને ધારણ કરતી, વળી જેના ભરાવદાર ચંચલ સ્તનો પર લોચનની શ્રેણી લાગી છે એવી અને ગાયને દોહવાની બુધ્ધિથી બળદને જેને રોક્યો છે એવી અને જેના પર વિષ્ણુ દેવે દૃષ્ટિ નાંખી છે તેવી રાધા જગતને પાવન કરો ॥૧॥

નાભિ કમળ પર બ્રહ્માને જોઈને પ્રેમરસમાં અધીરી થવાથી વ્યાકુલ બનેલી લક્ષ્મીએ કૃષ્ણના જમણા નેત્રને (જમણું નેત્ર સૂર્ય કહેવાય છે તેથી સૂર્યાસ્ત થવાને કારણે કમળના સંકોચાવાના કારણે બ્રહ્મા તેમાં પૂરાઈ જવાથી તેની લજ્જા લક્ષ્મીને ન રહી) જલ્દીથી ઢાંકી દીધું ॥૨॥ તથા કામ ક્રિડાને અન્તે ઉઠતી એક હાથ વડે શેષ નાગ પર ભારને દઈને અને બીજા હાથે વસ્ત્ર (ઠીક કરતી) ધરીને છૂટી ગયેલા ચોટલાના ભારને ખભા પર વહન કરતી હતી તે વખતે અત્યંત કાંતિના કારણે થઈ ગયેલી દ્વિગુણી સુરત પર પ્રીતિ થવાથી કૃષ્ણે લક્ષ્મીના શરીરને શય્યામાં લઈ બાહુવડે આલિંગનવાળા શોભતા બાહુવાળી લક્ષ્મીનું શરીર તમને પાવન કરો ॥૩॥

એ પ્રમાણે વેણી સંહારની શરૂઆતમાં નમસ્કાર કરવામાં આવ્યો છે. ગદારૂપી શસ્ત્ર ધરતા ભયંકર હાથ છે જેના એવા કૃષ્ણ, મનુષ્યના મસ્તકના અસ્થિવાળા કમંડલની શ્રેણીથી શોભતો શંકર, અત્યંત શાંત પ્રભાવશાલી છે ચરિત્ર જેનું એવા વીરપ્રભુ. એક ઉપશાન્ત છે અને બીજા અશાન્ત છે કોને અમે પૂજીએ ? ॥૪॥

છેદાયેલા લિંગવાળો શું ઈશ્વર (શંકર) હોય ? જેમાંથી ભય નીકળી ગયો છે. એવાના હાથમાં ત્રિશુલ શા માટે હોય ? નાથ શું ભિક્ષા માંગનારો

હોય ? એ પ્રમાણે યતિ એવો તે સ્ત્રી અને પુત્ર વાળો કેવી રીતે આર્દ્રાથી (માતાનું નામ છે) ઉત્પન્ન થયેલો અજન્મા કેવી રીતે ? સકલ જગતને જાણનારો પોતાના આત્માના અંતરાયો (વિઘ્ન) ને કેમ જાણતો નથી.

સંક્ષેપથી સાચુ કહ્યું છે કે પશુપતિને અપશુ એવો કોણ બુધ્ધિમાન સેવે-આરાધે-ઉપાસના કરે ॥૧॥ એ પ્રમાણે સૂર્ય ચંદ્ર વિ. પણ દરરોજ ૬૦ હજાર દૈત્યના ઘાતક રત્નાદેવી રોહિણી વિ. સ્ત્રીની સેવા, (કામ ભોગ રૂપ) પુત્ર, વિમાન ને વિષે મોહાદિથી વ્યાકુલતાના કારણે અવિરતપણાનું સામ્યપણું હોવાથી જ તેઓની (અવિરતપણાની) પંક્તિને શોભાવે છે. કહ્યું છે કે.

છેદાયેલા શિરવાળો બ્રહ્મા, રોગવાળી આંખવાળો કૃષ્ણ, જેનું લિંગ લુપ્ત છે તેવો શંકર (મહાદેવ), સૂર્ય પણ ઉતરેલી ત્વચાવાળો, અગ્નિ પણ સર્વને ખાનારો, ચંદ્ર કલંકથી અંકિત છે. અપૂર્ણ લીંગ વડે જે ઈન્દ્રનું શરીર પણ ચંચળ બનેલું છે સન્માર્ગના સ્ખલનથી (પતનથી) પ્રાયઃ સમર્થ હોવા છતાં પણ પુરૂષો આપદાને પામે છે. ॥૧॥

અહલ્યાને વિષે ઈન્દ્ર વ્યભિચારી થયો, બ્રહ્મા પોતાની પુત્રીને વિષેરત બન્યો, ચંદ્રે ગૂરૂની સ્ત્રીને સેવી. આ પ્રમાણે પ્રાયઃ એવો કોણ છે ? કે જે મારા જેવા (કામદેવ) વડે અકાર્યમાં જોડાવાયો ન હોય મારા બાણોનો શ્રમ ભુવનની ઉન્માદની વિધિમાં કોનો છે ? ઈત્યાદિ. લૌકિક ઋષિઓ પણ શ્રાપ, ઉપકાર, સ્ત્રીમાં આસક્તિ વિ. વડે અવિરતની પંક્તિમાં જનારા છે. (ગયેલા જ છે) તેવી રીતે વસિષ્ઠની પત્નિ અરુન્ધતિને અને તેના પુત્રોને વિશ્વામિત્રે હણ્યા હતા. (બ્રહ્મઋષિ એ પ્રમાણે એમના કહેવાથી ઉત્પન્ન થયેલા ક્રોધથી વસિષ્ઠની પત્નિ અને તેના પુત્રોને વિશ્વામિત્રે હણ્યા હતા) એ પ્રમાણે તે પણ ક્રોધ અને કામથી વ્યાકુલ હતા કામદેવથી (કામેચ્છાથી) વિહ્વલ પારાસર ઋષિએ દિવસે પણ ધૂંધળુ વાતાવરણ વિકુર્વિને મચ્છીમારની પુત્રી મત્સ્યગંધાને ભોગવી હતી. કૃષ્ણ, દ્વૈપાયન પણ ધૃતરાષ્ટ્ર વિ. ની માતા ૧ અમ્બા ૨ અંબિકા ૩ અમ્બાલિકા નામની સ્ત્રીમાં કામને ભોગવનારા થયા હતા અને ધૃતરાષ્ટ્ર પાંડુ, વિદૂરને જન્મ આપ્યો હતો.

અથવા ઉર્વશીમાં લુબ્ધ દુર્વાસઋષિએ દ્વારિકાને બાળી અને વિષ્ણુ અને લક્ષ્મીને રથમાં જોડ્યા હતા ઈત્યાદિ કેટલું કહેવા માટે શક્ય છે. ? અથવા કેટલું કહેવાય. શૈવ મુખને (શાસ્ત્રને) માટે તીક્ષ્ણ વજ્રાની સુઈ સમાન, બ્રાહ્મણના મુખને લપડાક સમાન, સન્દેહ સમુચ્ચય ધર્મ પરીક્ષા વિ. ગ્રંથો જોવા જેવા છે. કેટલાક અભવ્ય, તિર્યંચ, મનુષ્યો પણ દ્રવ્યથી દેશવિરતિને પાળતા હોવા છતાં (પાળનારા) પણ અવિરતિની પંક્તિમાં છે. કામ સુખ વિ. ને માટે જ દેશવિરતિ અને સર્વ વિરતિનું પણ પાલન કરતા હોવાથી અવિરતિની પંક્તિમાં છે. ક્રોધથી ધમધમતા પણાથી નારકીઓ પણ વૈક્રિય શક્તિ વડે વિકુર્વેલા શસ્ત્ર વજ્ર જેવા તીક્ષ્ણ મુખવાળા કીડા વિ. વડે પરસ્પર મહા વેદનાને ઉત્પન્ન કરતા અવિરતની જ પંક્તિમાં આવે છે. એ પ્રમાણે ચરાચર જીવો વડે ત્રણ જગત અવિરતિની પંક્તિથી વ્યાપ્ત છે.

હવે મિથ્યાત્વથી વિરતની (અટકેલાની) બીજી પંક્તિ છે. અને તે પંક્તિમાં શ્રેણિક વિ. ચક્રવર્તિ, વાસુદેવ, અને પ્રતિવાસુદેવ વિ. કેટલાક મનુષ્યો છે અસંખ્યાત ભાગે દેવો અને નારકીઓ મિથ્યાત્વથી અટકેલા છે. અને તિર્યંચોનો અનંતતમ ભાગ છે.

એ પ્રમાણે પૂર્વ પંક્તિથી અનંતતમ ભાગ જીવરૂપ આ બીજી પંક્તિ થઈ અને આ પંક્તિમાં સમ્યક્ત્વની વિવક્ષા ન કરવામાં આવે તો અવિરતની પંક્તિમાં જ ગણાય અને ત્રણે પંક્તિઓ સમ્યકત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ ગણવા યોગ્ય છે. તેનો પણ અસંખ્યાततम ભાગ વિરતાવિરત નામે દેશવિરતિ જીવવાળી ત્રીજી પંક્તિ છે અને તેમાં પણ કેટલાક મનુષ્યો ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચના અસંખ્યાતમા ભાગે અને તિર્યંચો અસંખ્યાતા છે. મરૂભૂતિનો જીવ હાથી વિ. ની જેમ જાતિસ્મરણ વિ. વડે શ્રાધ્ધ (શ્રાવક) ધર્મને પામ્યો. બીજા નહિ, બધાય ભેગા થઈને સમ્યક્ત્વ, દેશ વિરતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ પ્રમાણ છે આ પ્રમાણેના વચનથી પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ છે આ પ્રમાણેના વચનથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલા સમયની રાશિ છે. તેટલા પ્રમાણવાળા છે. તેનો પણ અસંખ્યાતમો ભાગ સર્વવિરતિ મનુષ્યવાળી ચોથી પંક્તિ છે ઉત્કૃષ્ટથી પણ ૨ થી ૯ હજાર ક્રોડ પ્રમાણવાળા

યતિઓ પ્રાપ્ત હોવાથી અને વળી અહીંયા પ્રથમ પંક્તિ વિના આગળની ત્રણેય પંક્તિમાં અલ્પતમ જ છે. અને ક્રમથી અતિ અલ્પતમ અને દુર્લભ છે. આ ત્રણે પંક્તિમાં આવેલા નિશ્ચિત કરીને આ ત્રણે પંક્તિના ફલરૂપ પાંચમી સિધ્ધ પંક્તિને પામે જ છે. એ પ્રમાણે સંસારથી અતીત (વેગળી) પાંચમી પણ પંક્તિ જાણવી અને તે અનંત, અવ્યય, અમિશ્ર, જ્ઞાન, દર્શન, સુખ, વીર્યમયી છે. તેને રૂપ નથી, સ્પર્શ પણ નથી એ પ્રમાણે આચારાંગના કહેવાથી "કલ્યાણકર શિવ અચલ અરૂપ અનંત" ઈત્યાદિથી "જ્યાં કોઈ મિથ્યાત્વી" ઈત્યાદિ આગમમાં કહેલા પ્રકારોવડે જાણવું ઈતિ.

આથી જ અનંત એવા અભવ્યને વિષે અને તેવીરીતે અનંત ભવ્યને વિષે સ્વલ્પજ જીવો બીજી વિ. ત્રણ પંક્તિના લાભથી ક્રમે કરીને પાંચમી પંક્તિ ધન્ય પુરૂષો જ પામે છે. ઉત્કૃષ્ટથી પણ એક સમયમાં ૧૦૮ સંખ્યા પ્રમાણવાળા તેવા પ્રકારના જીવોને પ્રાપ્ત થતું હોવાથી અતિ અલ્પસૂચક બતાવતું ધન્ય એ એક વચન છે ઈતિ.

શ્લોકાર્થ :- ઉત્તરોત્તર ગુણવાળી આ ચાર પંક્તિઓ જાણીને ભવિઓને પાંચમી ફલરૂપ બનો, વિરતિમાં એવી રીતે પ્રયત્ન કરો કે જે રીતે જલ્દી મનવાંછિત મોહ ઉપર જયરૂપ લક્ષ્મીને પામો ॥ઈતિ॥

તપાગચ્છાધિપતિ મુનિસુંદરસૂરિ વિરચિતે મધ્યાધિકારે પ્રથમ અંશે સંસારી જીવની ચાર પંક્તિના વિચારનો પાંચમો તરંગ પૂર્ણ.

॥ તરંગ ૫ મો પૂર્ણ.... ॥

મધ્યાધિકારે પ્રથમ અંશે તરંગ - ૬

શ્લોકાર્થ :- જયરૂપ લક્ષ્મી, ચંદ્રસમાન ઉજવલ કિર્તી, સકલમંગલ સુખ સમૃધ્ધિને આપનાર ભવદુઃખને હરનાર જે છે તે જિનધર્મ રૂપ કલ્પવૃક્ષ જય પામો..... ॥૧॥

વળી તે ધર્મને આજીવિકા માટે પાપમાં આસક્ત લોકો આચરવામાં

સમર્થ બની શકતા નથી. વળી આજીવિકા માટે ધન્ય (પૂણ્યશાળી) મનુષ્યો ધર્મને વિરાધતા નથી.

યતઃ :- મુખ (શરૂઆત)માં અને પરિણામમાં વિરસ અને સરસ એમ ચાર પ્રકારના ચારા ને જે રીતે (૧) ગામના ભૂંડનું બચ્ચુ (૨) બકરીનું બચ્ચુ (૩) ગાયનું બચ્ચુ (વાછરડું) (૪) હાથીનું બચ્ચુ (મદનીયું) આજીવિકા માટે ચરે છે. (તે રીતે મનુષ્યોનું આચરણ ચાર પ્રકારનું છે)

એની વ્યાખ્યા :- જેવી રીતે કદરી ને વિષે નિરસપણા વિ. ના કારણે શરૂઆતમાં (મૂખે) વિરસ છે. અને દુઃખનો હેતુ હોવાથી પરિણામે વિરસ છે. (૨) શરૂઆતમાં નરમપણાવડે કરીને સ્વાદને આપનાર હોવાથી સરસ છે. અને પરિણામે સુખનું કારણ હોવાથી અને દુઃખ નહિ આપતું હોવાથી સરસ હિતકારી ચરે છે. (ખાય) છે. તે ચાર પ્રકારે છે. (૧) મુખે અને પરિણામે વિરસ (૨) મુખે સરસ અને પિરણામે વિરસ (૩) મૂખે વિરસ અને પરિણામે સરસ અને (૪) મુખે અને પરિણામે સરસ એ પ્રમાણે ચાર પ્રકારના ચારાને પશુ વિ. ખાય છે. કોણ તે ચરે છે તે કહે છે. શિશુ એ શબ્દ ચારેને જોડવો (૧) ગામના સુકર, ભૂંડપૂત્ર (ભૂંડના નાના બચ્ચા) એ પ્રસિધ્ધ છે. (૨) બકરીના બચ્ચા પ્રસિધ્ધ છે. (લવારૂ) (૩) વાછરડા (૪) ગજનું બચ્ચુ એટલે કે મદનીયું ઈતિ એ પ્રમાણે આ જેવીરીતે પહેલા કહેલા ક્રમ પ્રમાણે ચાર પ્રકારનો ચારો ચરે છે. એ રીતે એ પ્રમાણે આજીવિકાને માટે મુખે પરિણામે વિરસાદિ ચાર પ્રકારના જીવો છે. તે સર્વેય (બધાય) સંસારી પ્રાણીઓ ચરે છે. અથવા પ્રધાનપણું હોવાથી મનુષ્યો સમાચરે છે. એ પ્રમાણે અહીં અર્થ થયો હવે તેની વિચારણા કરે છે.

જેવીરીતે ભૂંડના બચ્ચા અશુચિ કાદવ વિ. ને ખાનારા છે. (ખાય છે.) અને તેનાથી પુષ્ટિને પામે છે. અને સમય આવ્યે છતે (આવતાં) ચંડાલ વિ. વડે જીવતાંજ અગ્નિની અંદર ભડરછક (ભાંડભૂંજા)ની જેમ સારી રીતે પકાવીને ખવાય છે. (ખાય છે) એ પ્રમાણે મુખમાં કવલ મૂકતાં અને પરિણામમાં વિરસ ચારાને ચરે છે. મુખે અશુચિ વિરસ અને પરિણામે અગ્નિમાં પકાવાનું તે પણ વિરસ.

એ પ્રમાણે કેટલાક મનુષ્યો ભિલ્લ, શિકારી, ચંડાલ, માછીમાર વિ. ચોર, ઈર્ષાળુ (ચાડીયા), ધાડપાડુ, લુંટફાટ કરનારા, દંભથી ગ્રહણ કરનારા વિ. છાશ્કિ દગડક વૈષ્ટિક વિ. શરૂઆતમાં (મૂખે) સર્વજનને ખેદ પમાડનારા, નિંદનીય, ગર્હાદિનું ઘર હોવાથી માત્ર ઉદરની પૂર્તિ માટે જ કરવાવાળા હોવાથી અને વિશેષ પ્રકારે લાંબાકાળની સુખ સંપત્તિને નહિ મેળવનારા હોવાથી વિરસ છે. અહીંયા (આલોકમાં) પણ કેટલાક રાજદંડ વિ. ના કારણભૂત બનવાથી વિરસ છે. અને પ્રાયઃ પરલોકમાં બધાને નરકાદિ દુર્ગતિનું કારણ હોવાથી પરિણામે વિરસ છે. આજીવિકાને માટે જ કરે છે માટે તેઓના આવા ચરિત્ર (આદત) ને ધિક્કાર છે. અને અનંત ભયંકર દુઃખમય સંસાર હોવાથી તેઓને કેવીરીતે ક્યાં અથવા ક્યાંથી વળી ધર્મની પ્રાપ્તિ થાય ? તેઓને યોગ્ય નરભવની પ્રાપ્તિ દુઃખે કરીને થતી હોવાથી અથવા તે પ્રાપ્ત થયે છતે (થાય તો પણ) દુષ્કુલ, દરિદ્રતા, રોગ, અંગની ખોડખાંપણ અથવા અંગોનું હાનીપણું બીજાના નોકરો વિ. થી તિરસ્કાર પામવા વડે પાપન્ના થોકનું જ નિર્માણ થાય છે. તેથી વળી દુર્ગતિની જ પરંપરા જ પામતા હોવાથી ધર્મ પ્રાપ્તિ દુર્લભ છે.

યત :- દુઃખો વડે અત્યંત પીડાતા પાપને વિસ્તારે છે. (ભેગા કરે છે) અને પાપથી દુઃખોને ભોગવે છે. એ પ્રમાણે સંસારમાં અનંતકાલ સુધી ફરી વારંવાર તે દુઃખી અને વારંવાર પાપી બને છે.

એ પ્રમાણે તેઓ ખાડામાં રહેલા સુકરની જેમ તેવા પ્રકારના મુખે અને પરિણામે દુઃખકારક આજીવિકાને વિચારીને પંડિતોએ તેના પરિત્યાગ વડે ધર્મ પ્રવૃત્તિનો આશ્રય કરવા યોગ્ય છે ઈતિ ॥૧૫॥

જેવી રીતે બકરીના બચ્ચા (લવારૂં) ને મુખે સરસ અને પરિણામે વિરસ અને તે પ્રમાણે વાછરડાઓ મુખે વિરસ અને પરિણામે સુંદર ચારા (ઘાસ) ને ખાય છે તે દૃષ્ટાંત વડે વિચારે છે. તે આ પ્રમાણે કોઈક ક્ષત્રીયના ઘરમાં એક વાછરડાવાળી ગાયને દોહે છે. અને ત્યાં એક બકરીનું બકરારૂપે બચ્ચુ હતું અને તે કેટલાક કાળ પછી ભવિષ્યમાં કોઈક ઉત્સવમાં આવવાની

ઈચ્છાવાળા અતિથિના ભોજનને માટે સરસ મધુર, ભીંજાયેલા નરમ જવ રૂપ ધાન્ય ગાયના દુધ સાથે આપવા વડે પુષ્ટ બનાવાય છે.

વાછરડાને..... પુષ્ટઆદિનું કારણ ન હોવાથી સુકુ ઘાસ વિ. અપાય છે. અથવા નથી અપાતું તેથી ઘાસ વિ. નહિ ખાતા એ ખાતા એવા દુબળા થયેલા વાછરડાને માતાએ (ગાયે) તેનું કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યું મારા દેખતાં જ બકરો સરસ (સારો) આહાર ખાય છે. અને હું સુકુ ઘાસ વિ. પામું અથવા ન પણ પામું (છું) ઈત્યાદિ ત્યારે તેણી (ગાય) પણ બોલી આ બકરો મુખે સરસ આહાર કરતો હોવા છતાં પરિણામે વિરસ ચારાને ચરે છે.

કહ્યું છે કે :- જે આનંદથી ચરે છે તે એના દુઃખના ચિન્હો છે. તેના કરતાં સુકુ ઘાસ સુંદર છે કારણ કે તે લાંબા આયુષ્યનું લક્ષણ છે ॥૧॥ ઈત્યાદિ

પછી કંઈક ઉપશાંત થયો છે રોષ જેનો એવું તે વાછરડું ઘાસ વિ. ખાય છે. ચરે છે. એક વખત ઉત્સવનો અવસર આવતાં મહેમાનોના ભોજન માટે માંસ માટે બકરાને બુચ બુચ કરતાં ક્ષત્રિયે બોલાવ્યો તેવા પ્રકારે તેને જોઈને વાછરડું પોતાની આવી દશા થશે એવી સંભાવનાની બીકથી ભયભીત થયેલું તે સાંજે માતાનું દુધ ન પીતાં માતાએ પૂછયું ત્યારે તેણે બકરાનું સ્વરૂપ અને પોતાના ભયનું કારણ કહ્યું તેણીએ (ગાયે) પણ પોતાના વાછરડાને કહ્યું સુકા ઘાસને ચરનારા તને આવો કોઈ ભય નથી મુખે વિરસ હોવા છતાં ચારાને ચરતાં એવા તને અકાળ મરણાદિનું કારણ ન હોવાથી પરિણામે સરસ છે. તેથી ઉપશાંત થયો છે ભય જેનો એવું તે વાછરડું ક્રમે કરીને યૌવનને પામ્યું શંકરને માટે ચિન્હ (વાહન) રૂપે કલ્પાયેલો મોટો બળદ થયેલો તે ગોકુલમાં સ્વ ઈચ્છા પ્રમાણે સુખને ભોગવે છે. એ પ્રમાણે બકરાની જેમ કેટલાક રાજા વિ. બીજા દેશનો નાશ કરવાથી નિર્દય મનુષ્યાદિ જીવતા ઘાતક, ગોત્ર, પિતા, પુત્ર, બાંધવાદિ ને દુઃખ આપવા થકી, કપટથી દ્રવ્યાદિને માટે સજ્જન પુરૂષો પાસેથી દંડ લેવા વિ. રૂપ મહાઆરંભ સૈન્ય વિ. ના પરિગ્રહ થકી, ખરાબ નોકરો થકી, મહાઆરંભવાળા રાજવ્યાપાર, લોકોને

દંડ, યુદ્ધ, ધાડપાડવા રૂપ સજ્જન લોકોનું દ્રવ્ય ગ્રહણ કરવું, સર્વ નગર ગામ વિ. ની પ્રજાને ખેતી વિ. ના આરંભમાં પ્રવર્તાવવા વડે મનુષ્ય પશુ વિ. નો અવરોધ (પકડવા), જલપાન, ભોજન વિ. માં અંતરાય કરવા, બન્ધન, તાડન, લાંચ લેવી વિ. અન્યાય (નહિ કરવા યોગ્ય) કરી. આરંભાદિ થકી તથા ક્રૂર મિથ્યાદૃષ્ટિ રાજપુરોહિત જ્યોતિષને જાણનારા નૈમિત્તિક વિ. બધીજ પાપરૂપ પ્રવૃત્તિના કારણ રૂપ ઉપદેશ, મુહુર્ત વિ. આપવા આદિ કરીને અને વૈદ્ય વિ. મહામાંસ, ઔષધિ વિ. ના આરંભ કરવા વડે તથા ક્ષુદ્ર, ચોર, નૃપ વિ. ધાડ, છાવણી કરવી, નગર, ગામ, નર, પશુ સર્વ પ્રજાજનોના આધાર આશારૂપ વિશ્રામ (શાન્તિ) ના સ્થાનરૂપ, ધાન્ય, ખેતર, ખળ વિ. ને સળગાવવો, નિરપરાધિ મનુષ્ય પશુ વિ. ના ઘાત રૂપ પાપ કર્મ વડે તથા ઈર્ષા વિ. મંદિર મુનિ, શ્રાવક વિ. ને પણ અને શિષ્ટજનોને પણ ચોરીનો આરોપ કરી કરાવી અનિતિ થી દ્રવ્ય પડાવવું રાજદંડ આપવા આદિ ક્રૂર કર્મ વડે, ગરીબ શ્રેષ્ઠિ, જયસિંહદેવનો પૂર્વ ભવનો અકાર્ય કરનાર વણિક આદિની જેમ કેટલાક વેપારી, બ્રાહ્મણ વિ. પણ કદાગ્રહ અભિમાનાદિ વડે મ્લેચ્છ, બીજા રાજાનેં લાવવા દ્વારા ચૈત્યાદિ ધર્મ સ્થાન, દેશનગર શત્રુનો ભંગ કરાવવા દ્વારા રૌદ્ર અધ્યવસાયની ક્રિયા વડે વળી કેટલાક વેપારી વિ. અત્યંત લોભથી ગ્રસાયેલા પંદર પ્રકારના કર્માદાન ખેતી વિ. ના આરંભમાં પરને ઠગવાના કારણ રૂપ જૂઠા તોલ માપ વિ. કુવ્યાપાર વડે અને ધર્મથી વેગળા પરલોકના સુખથી વિમુખ આલોકના વિષયાદિ સુખમાં રક્ત, સંપૂર્ણ રીતે ગુરૂ ઉપદેશ વિ. થી રહિત (નિરપેક્ષ) ગમે તે રીતે દ્રવ્ય મેળવીને તેના વડે વિષયાદિ સુખ વિલાસને ભોગવતા ભવાંતરે દુર્ગતિના દુઃખરૂપ સાગરમાં પડેલા - પડનારા મુખે (શરૂઆતમાં) સરસ અને પરિણામે વિરસ આજીવિકાને પામે છે.

વળી તેઓને ફરી નરભવ, શુધ્ધ ધર્મ વિ. દુર્લભ બને છે અને વિવિધ પ્રકારની નરક તિર્યંચ વિ., અનંત ભવ ભ્રમણ રૂપ દુઃખ વિ. ને વિચારીને આવા પ્રકારની આજીવિકા બુધ્ધિમાનોએ છોડવા જેવી છે. તેવી રીતે વાછરડાની જેમ કેટલાક સમ્યગ્ ગુરૂએ આપેલ જિન વચન રૂપ અમૃત પાનથી દૂર થઈ

છે સંસારની તૃષ્ણા (ઈચ્છા) રૂપ પીડા, (તૃષ્ણારૂપ દુઃખ) વિનાનો પરલોકમાં અનંત સુખની પ્રાપ્તિનો તેવી જ રીતે જોતાં આલોકના તુચ્છ સુખની લાલસા વગરના યતિ વિ. ભિક્ષામાં પ્રાપ્ત થયેલ અંતઃ પ્રાય (છેલ્લે બચેલું) રુક્ષ શુધ્ધ આહાર વિ. વડે જીવતા (જીવન ચલાવતા) સંયમને સારી રીતે પાળતા અથવા શ્રાવક વિ. કેટલાક દરિદ્રપણા વિ. ની આપત્તિ હોવા છતાં પણ ઘણો આરંભ ક્રૂરતા વિ. કર્મને નહિ કરતા શુધ્ધ જ વેપાર (વ્યવહાર) વિ. વડે જે કાંઈ દ્રવ્ય મેળવવા વડે જેવો તેવો વિશેષતા વગરનો એટલે કે સૂકા આહાર વિ. ના ભોગ ઉપભોગ વડે જીવન જીવનારા, છ પ્રકારના આવશ્યક (પ્રતિક્રમણ) યથા શક્તિ તપ, દાન, પૌષધ વિ. વડે પોતાને પ્રાપ્ત નરભવ વિ. સફળ કરે છે. નંદીષેણનો પૂર્વભવ બ્રાહ્મણની જેમ સફળ કરે છે. સમ્યક્ત્વ કૌમુદિ નામના ગ્રંથમાં પ્રસિધ્ધ મુનિને શિલોંરછ (દાણા વિણવા) દ્વારા પ્રાપ્ત થયેલ સક્તુના પિંડના દાતા બ્રાહ્મણની જેમ આ ભવમાં ચાલુ વ્યવહારમાં તેવા પ્રકારની સામગ્રીના અભાવમાં પણ પંડિતજનો તેને જ આચરે છે. ઈતિ તત્ત્વ ઉપદેશ..... અને જેવીરીતે હાથીઓ શિશુપણામાં નામથી કલભરૂપે પ્રસિધ્ધ છે. રાજા વિ. થી પકડાયેલા મોટા હાથી થશે એવી આશાથી તેઓ વડે (રાજા વિ. થી) મિષ્ટ સુંદર આહાર વિ. થી નિરંતર સારી રીતે પોષાતા અને સર્વ ઉપદ્રવોથી પ્રયત્નપૂર્વક રક્ષણ કરાય છે. સોનાના, રત્નના અને મણિ વિ. ના. અલંકારો વડે શોભતા, સ્વભાવની સરળતાથી સકલ જનને આનંદ આપનારા, આરતિ ઉતારવી, રક્ષા પોટલી બાંધવી, આદિ વડે સત્કાર કરાતા રાજાના મહેલના આંગણ વિ. માં ઈચ્છા પ્રમાણે સુખને ભોગવે છે. અને મોટા હાથી થયેલા આજીવન સુધી તે રીતે રાજા વિ. ના મનને વિશ્રામ માટેની ભૂમિ જેવા છે તેવી રીતે મિષ્ટ આહારાદિ વડે પોષાતા રક્ષણ કરાતા પૂજા વિ. ના સુખને અનુભવે છે. એ પ્રમાણે મુખે અને પરિણામે સરસ જ ચારીને ચરે છે. તેવી રીતે કેટલાક ઉત્તમ મનુષ્યો ભાગ્યના અતિશયથી (પુણ્યોદયથી) બાલ્યવયમાં પણ સાધુ થયેલા શ્રી વજ્રસ્વામિ, પાદલિપ્ત ગુરુ, શ્રી હેમચંદ્રાચાર્ય વિ. ની જેમ ભાગ્ય, વિદ્યા, અતિશય વિ. વાળા હોવાથી સકલ સંઘ અને દેવો વડે પણ સારી રીતે

પૂજ્ય મનાતા (પૂજાતા) અને સારી રીતે સેવા કરાતા (સેવાતા હોવાથી) સમય પ્રાપ્ત થતાં આચાર્ય વિ. મહાપદવીને પામેલા હોવાથી અધિકપૂજા મહિમા, મહાવાદ પર જય મેળવવા વિ. વડે (થકી) આઠ પ્રકારની પ્રભાવનાદિ દ્વારા પ્રવચનને વિસ્તારે છે..... પ્રકાશે છે, અને જીવન સુધી અનુત્તરવાસી સુરવરોથી અધિક સુખને અનુભવે છે. તથા કેટલાક શ્રી ભરતચક્રી, સગરચક્રી, મહાપદ્મ, સંપ્રતિ, કુમારપાલ વિ. ની જેમ, જૈન રાજાઓ અભયકુમાર, ચિત્રપ્રધાન, ચાણક્ય, આમ્રભટ, ઉદાયન મંત્રી, વાગ્ભટ, વસુપાલ, પૃથ્વીધર વિ., મહાઅમાત્ય (મહામંત્રી) વિ. ધન્યકુમાર, શાલિભદ્ર, સુદર્શન શેઠ, સૌવર્ણિક, ભીમ, ચાર પ્રસાદ કરાવનાર વહેપારી કાલ વિ. મહેભ્ય (શ્રીમંત શેઠ), પૂર્વ પુણ્યના પ્રભાવથી શુધ્ધ ન્યાય પૂર્વકના ઉપાયોથી ઉપાર્જિત કરેલા વધતી એવી વિશુધ્ધિ સમૃધ્ધિ (ઋધ્ધિ-સિધ્ધિ) થી સમૃધ્ધ શ્રી ગુરૂના વચન વડે શ્રી જૈન તત્ત્વમય સદ્ઉપદેશના રહસ્યને જાણનારા સમ્યક જ્ઞાન, દર્શન, દેશવિરતિ આદિ ગુણરત્નનાસાગર, મહાતીર્થયાત્રા, શ્રી જિન પ્રાસાદ કરાવનારા, મહાન સાધર્મિક વાત્સલ્ય, સાતે ક્ષેત્રમાં ધનનો વ્યય, ગરીબ સીદાતા દુઃખી થતા સાધર્મિક વિ. નો ઉધ્ધાર કરનારા સર્વ પ્રકારે જિનપૂજા શ્રી ગુરૂપાદની ઉપાસના, સુપાત્રદાન, શીલ, તપ, ભાવના, પ્રતિક્રમણ, પૌષધ વિ. વડે પોતાના જન્મને પવિત્ર કરે છે. ન્યાયકાલ વિ. માં ધર્મ અર્થની બાધા વગર સર્વકામ ગુણથી યુક્ત પાંચપ્રકારના વિષય સુખને ભોગવે છે. આયુષ્ય પૂર્ણ થતાં વિધિપૂર્વક પંડિત મરણ વડે ભવાન્તરે સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) ની સુખસંપદાને પામે છે. (સ્વાદ લે છે) જિન, ગણધર વિ. પદવીને પણ મેળવે છે. તેથી અતિશયવાળા મહાયતિઓ અથવા ગૃહસ્થો આલોકમાં પણ ધર્મ સુખમય હોવાથી અથવા ધર્મ, અર્થ, કામ રૂપ સુખમય હોવાથી મુખે સરસ અને પરલોકમાં પણ ધર્મ અર્થ કામ અને મોક્ષનું કારણ હોવાથી પરિણામે પણ સરસ ચારાને ચરે છે. (સુખને પામે છે.) અને તેઓની આલોક સંબંધી હિતકારી આજીવિકાને વિચારી વિબુધજનો કર્મને અનુસાર પ્રાપ્ત થયેલી સમૃધ્ધિ ને વિવિધ પ્રકારના પૂણ્યકાર્યમાં જોડે છે. આ પ્રમાણે મનુષ્યને આશ્રયીને ચાર પ્રકારની વૃતિ (આજીવિકાને) વિચારી. એવી જ રીતે સર્વજીવોને આશ્રયીને પણ વિચારવી.

તેવી રીતે :- તીર્યંચમાં કાગડા, બિલ્લી, કૂતરા, સર્પ, ભૂંડ, વાઘ વિ. આલોકને વિષે સર્વ જન્તુને (પ્રાણીને) ઉદ્વેગ (ખેદ - પીડા) કરાવનાર જીવહિંસા કરનાર હોવાથી લોકોને નિંદ્ય, અપવિત્ર, પાપકારી, આહાર વિ. વાળા હોવાથી, નીચકુલના ચંડાળ પોતાની અને બીજાની જાતિ માટે ક્રૂર પશુ સિંહ વિ. દ્વારા મારવાપણા વિ. થી અને મનુષ્યોમાં જંગલના ભીલ વિ. આદિવાસિયો પહેલા બતાવેલી નીતિ વડે અને દેવોને વિષે મિથ્યાદષ્ટિ વ્યંતર, ભૂત, પ્રેત, પિશાચની હિંસા કરવા અને કરાવવા વિ. માં તત્પર ચંડિકા ચામુણ્ડાદિ ક્ષુદ્ર દેવ દેવતા (કિલ્બિષિક) આભિયોગિક દેવ વિ. આલોકમાં સર્વ દેવ મનુષ્ય ધ્વારા નિંદા, પરાભવ (તિરસ્કાર) નું સ્થાન વિ. બાકી રહેતા શેષ સુખના અભાવ વિ. થી અને મિથ્યાદૃષ્ટિ નારકો નરકમાં ક્ષેત્રકૃત વેદના પરમાધામિકે(એ) કરેલા પરસ્પર ઉત્પન્ન કરેલા, ત્રિવિધ પ્રકારની મહાવેદનાની પીડાથી દુઃખી થયેલા અને પરલોકમાં બધાય મિથ્યાદિ ચાર (મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ) કર્મબંધના કારણ હોવાથી તિર્યંચ વિ. ના દુઃખનું ઉપાર્જન કરવાથી, મુખે અને પરિણામે વિરસ વૃત્તિ (આજીવિકા) ને ચરે છે. અને તે પ્રાયઃ મિથ્યાત્વ હિંસાદિ આશ્રવ કષાય દુષ્ટયોગની પ્રવૃત્તિનું કારણ હોવાથી સ્વહિતના અર્થિઓએ છોડવા યોગ્ય છે. ઈતિ...૧.

તેવી રીતે તિર્યંચને વિષે બીજા (પશુઓ) થી નિર્ભય સિંહ, વાઘ, અષ્ટાપદ, ૧૦૦૦ યોજન વિ. ના શરીરવાળા મહાસર્પ, અજગર, મોટા માછલાંઓ મનભાવતો આહાર, વિષય વિ. ની પ્રાપ્તિ કરનારા બીજાઓથી મરણાદિના ભયથી રહિત અને પરલોકમાં ૪ થી ૫ મી નરકમાં જનારા. મનુષ્યોમાં પૂર્વે કહેલી યુક્તિવડે કુનૃપ, અમાત્ય, પુરોહિત, મ્લેચ્છ વિ., દેવને વિષે મિથ્યાદૃષ્ટિ સંગમ, નારકીઓને પીડાકારી પરમાધાર્મિક વિ. ભવનપતિ દેવો, વિ. દેવતા સંબંધી વિષયસુખ ભોગવતા હોવા છતાં પણ મોહ કષાય વિ. વડે નગરનાશ, દેશનોનાશ, જૈનમુનિ, ગુરુ, ચૈત્ય સંઘાદિને પ્રતિકૂલ ઉપસર્ગો કરાવવા વિ. ના મહાપાપ વડે પૃથ્વી, અપ્, તેઉ, વનસ્પતિ, પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ, કુષ્ટાદિ વ્યાધિવાળા, બહેરા, ચંડાલાદિ મનુષ્ય દુઃખમય દુર્યોનિવાળા કેટલાક ભવ પછી (ભમી) નરકાદિમાં જનારા મુખે સરસ અને

પરિણામે વિરસ એવી બીજી વૃત્તિ (ચારિ) ને ચરે છે. નારકને વિષે તો આ વૃત્તિનો સંભવ નથી કારણ કે, લેશમાત્ર સુખનો અભાવ હોવાથી અથવા કેટલાક વૈક્રિય શક્તિ આદિ વડે શત્રુનો પરાભવ કરવાથી ગર્વ માત્રના સુખને પામે છે. આટલી જ વૃત્તિને પામે છે. ॥૨॥

તથા તિર્યંચ ને વિષે અરવિન્દ રાજર્ષિથી બોધ પામેલા મરૂભૂતિનો જીવ હાથી, શ્રી વીર પ્રભુ વિ. થી બોધ પામેલો ચંડકૌશિક વિ. સર્પ, બલદેવ ઋષિથી બોધ પામેલો મૃગ, મંત્રીથી બોધ પામેલો મકરધ્વજ, કુમારથી કપાયેલા પગવાળો ભદ્ર પરિણામી પાડો, મણિપતિ ચરિત્રમાં કહેલ ઋષભદાસ શ્રેષ્ઠિથી પ્રતિબોધ પામેલો બળદ, મુનિથી બોધ પામેલો જંગલી ગેંડો, શ્રી જિન પ્રતિમાના આકાર સમાન મત્સ્ય ને જોઈ પ્રબોધ પામેલો શ્રેષ્ઠિ પુત્રનો જીવ માછલાની જેમ, ખાડો ખોદાવી ઉપર છાણ લગાવી તેના ઉપર ઝાડનું રોપણ કરવું અને તેના ઉપર ઘણા યજ્ઞો કરાવી હે ! મૂર્ખ હવે બડ બડ શું કરે છે ? એ પ્રમાણેની વાણી વડે મુનિથી બોધ પામેલા અને સરોવર, યજ્ઞાદિ કરાવનાર બ્રાહ્મણના જીવ બકરાની જેમ, ભ્રાંતિકારી મનવાળા હે શેઠ ! ઉઠો કર્મ વશે હાથી થયા છો ઈત્યાદિ રાજપુત્રીની વાણી (વચન) વડે પ્રબોધ પામેલા લાખ (સોના મહોર) આપનાર શ્રેષ્ઠિનો જીવ હાથીની જેમ, કેટલાક ગર્ભજ પંચેન્દ્રિયો જાતિસ્મરણ વિ. વડે અથવા અધિક જ્ઞાનીઓ વડે અપાએલા બોધ વિ. થી અથવા દેશવિરતિ, તપ, નિયમ, બ્રહ્મચર્ય વિ. અનુષ્ઠાનથી સહસ્ત્રાર (૮ મા) દેવલોક સુધીના દેવાદિના સુખને પશુઓ પામે છે તેવી રીતે મનુષ્યને વિષે પૂર્વે બતાવેલ રીતે સમ્યગ્દૃષ્ટિ ભદ્ર પરિણામી પ્રકૃતિવાળા મનુષ્ય શ્રાવક વિ. દેવોમાં વિદ્યુનમાલી દેવ વિ. ની જેમ, કેટલાક મિથ્યાદૃષ્ટિ બાલતપ અનુષ્ઠાન, નિયાણા સહિત સરાગવિધિ (ક્રિયા), કષાયયુક્ત તપ અનુષ્ઠાન વિ. થી ક્ષુદ્ર દેવપણું પામેલા પાછળથી કોઈકથી બોધ પામેલા (સમ્યક્ત્વ પ્રાપ્ત થયેલા) જિન, ચૈત્ય, મુનિ, સંઘ વિ. ની ભક્તિ પૂજા, વિઘ્નને દૂર કરનાર, ધર્મમાં સહાય કરનાર, દાન વિ. પુણ્યકર્મ વડે ભવાંતરમાં ઉત્તમ નરભવ, બોધિની પ્રાપ્તિ, વિશિષ્ટ પુણ્યાનુષ્ઠાન, ઉત્તરોત્તર મોક્ષ સુધીની સુખ સંપત્તિને યોગ્ય, દેવો અને દેવી પણ થાય છે. નરકમાં કેટલાક મિથ્યાદૃષ્ટિ પણ તેવા પ્રકારના

ફલને આપનારા પોતાના દુષ્ટકર્મના પણ વિપાકની ચિંતવના વડે, બીજાને દુઃખની ઉદીરણા નહિ કરવા થકી, અકામ નિર્જરા વડે, ભવાંતરે નારકો સદ્‌ગતિ ગામી થાય છે. મુખે વિરસ અને પરિણામે સરસ ત્રીજી વૃત્તિને કહી ॥૩॥

તથા તિર્યંચમાં કોઈક જિનદાસ શ્રાવકથી બોધ પામેલો નિર્દોષ આહાર, કષ્ટ સહન કરવા વિ. દુઃખ રહિત સાધર્મિકની બુધ્ધિથી પાલણ રૂપ સુખને પામેલા બે ઋષભ વિ. ની જેમ, પશુઓ પણ પહેલાં કહેલા પ્રકારવડે ધર્મની પ્રાપ્તિવાળા પુત્ર વિ. ની જેમ, સારીરીતે સેવા પામવા વિ. વડે કરીને સુખ અનુભવતા ભવાંતરે ઉત્તમગતિને પામનારા બને છે. દેવને વિષે કેટલાક મહેન્દ્ર, લોકાન્તિક દેવો, ત્રયત્રિંશત્ સુરાદિ (ત્રાયસ્ત્રિંશત્) સમ્યગ્‌દૃષ્ટિ, જિનમુનિ, સંઘની ભક્તિ કરનારા ભક્તો, જિનશાસનની રક્ષા, વૈયાવૃત્ય (સેવા) જિનની, ગુરૂની પૂજા વિ. કરનારાઓ આસન્ન (નજીકમાં) સિધ્ધિ પામનારા છે. નારકને વિષે કેટલાક સમ્યગ્‌દૃષ્ટિ જાતિસ્મરણ થવાથી લક્ષ્મણ, રાવણ, શશિરાજા વિ. નારકની જેમ. દેવાદિથી બોધ પામેલા અથવા તેવા પ્રકારના નરકના દુઃખને આપનારા, પૂર્વભવમાં કરેલા પાપકર્મની નિંદા કરતાં બીજા શત્રુઓનાં પણ દુઃખોને ઉભા નહી કરતાં (ઉદીરણા નહિ કરતાં) મિથ્યાદૃષ્ટિ નારકોથી અનંત ગુણ પ્રતિક્ષણ અશુભકર્મની નિર્જરા (ખપાવતાં) કરતાં અને નવા અશુભ કર્મનું ઉપાર્જન નહિ કરતાં, કંઈક પરિણત સમતા રૂપ સુખ અને સદ્‌ધ્યાન વાળા ભવાન્તરમાં તીર્થંકરપણા સુધીના સુખસંપદાની પદવી યોગ્ય બને છે. અને એ પ્રમાણે નારકો પણ મુખે અને પરિણામે સરસ વૃત્તિને ચરે છે. પામે છે. બાકીની વિચારણા પહેલાની જેમ વિચારી લેવી આ પ્રમાણે ચારગતિમાં રહેલા સર્વજીવોને આશ્રયીને ચારે વૃત્તિ વિચારી ॥૪॥

શ્લોકાર્થ :- એ પ્રમાણે બે પ્રકારની વૃત્તિને ચાર પ્રકારે કહેતાં હે બુધ્ધજનો ! છેલ્લી બે વૃત્તિમાં જે પ્રયત્ન કરે છે તે બે પ્રકારના (રાગ અને દ્વેષ) શત્રુપર જયરૂપ લક્ષ્મીને પામીને નિઃશ્રેયસ (સંપૂર્ણ) સુખની લીલાને પામે છે. ઈતિ

તપાગચ્છાધિપતિ મુનિસુંદરસૂરિ વિરચિતે ઉપદેશરત્નાકરે જયશ્રી અંકે મધ્યાધિકારે પ્રથમઅંશે ચાર પ્રકારની વૃત્તિ વિચાર નામનો છઠ્ઠો તરંગ પૂર્ણ.

॥ મધ્યાધિકારે પ્રથમ અંશે તરંગ ૬ પૂર્ણ ॥

મધ્યાધિકારે પ્રથમ અંશે (તરંગ-૭)

શ્લોકાર્થ :- જયરૂપ લક્ષ્મી, વાંછીત સુખ અને અનિષ્ટ દૂર કરવા આ લોક અને પરલોકના હિતને માટે હે ભવ્ય જીવો ! ત્રણવર્ગમાં સારભૂત એવા જિનધર્મમાં ઉદ્યમી બનો ॥૧॥

વળી તે ધર્મ સંયમ અને વીર્યથી જ યુક્ત સાધવા માટેયોગ્ય છે. (શક્ય છે) વલી તે ધર્મ જીવોને આશ્રયીને સાત પ્રકારનો થાય છે. ॥૨॥

તે આ રીતે (૧) પોપટ (૨) મચ્છર (૩) માખી આદિ (૪) હાથી (૫) સિંહ (૬) ભારંડ પક્ષી (૭) રોહિત મત્સ્યાદિ મિથ્યાત્વબંધન, ઘરબંધન, સ્નેહબંધનમાં પડેલા અધર્માદિ જીવોના દૃષ્ટાંતો છે ॥૩॥

વ્યાખ્યા :- બન્ધ શબ્દ દરેકની સાથે જોડવાથી મિથ્યાત્વના બંધમાં ગિહત્તિ ઈતિ - ઉપલક્ષણથી પ્રધાન આવાસ આદિ તેના રહેવાના બહાનાથી એ પ્રમાણેના ન્યાયથી અથવા ઘરમાં રહેલા પિતા, માતા, ભાઈ, પત્ની, પુત્ર અને સ્વજન આદિના સ્નેહ બંધના વિષયના પરિત્યાગના અર્થિઓને આશ્રયીને ધર્મવીર્યને યોજવું અધર્માદિ જીવોના પોપટ વિ. સાત દૃષ્ટાંતો થાય છે. એ પ્રમાણે સારભૂત અર્થ થાય છે. અર્થાત્ તત્ત્વ - સહસ્ય છે હવે વિસ્તારથી વિચારણા કરે છે.

૧ સુગત્તિ :- સામાન્ય પણે કહેવા છતાં પણ અહીંયા પોપટો પારસીકાદિ દેશમાં વિશેષ કરીને થયેલા જાણવા તે જેવીરીતે આમ્ર વિ. ને વિષે તેને લેવાની ઈચ્છાવાળા વડે દોરડાને અવલંબીને રહેલા નલક (દ્રાક્ષનાવૃક્ષ) ઉપર બેઠેલા નલકના ભ્રમણના કારણે ચરણથી ઠંકાયેલું લટકતું દોરડું

બંધાયેલું ન હોવા છતાં પણ પોતે બંધાયેલો છે. એમ માનતો ઉઠવાને માટે પ્રયત્ન પણ કરતો નથી અને ગ્રાહકોવડે ગૃહણ કરાયેલ આ જીવનસુધી પાંજરાના બંધન વિ. કષ્ટોને સહન કરે છે. એ પ્રમાણે કેટલાક જીવો મિથ્યાત્વનો અભાવ હોવા છતાં ગૃહવાસરૂપ પાશનો તેવા પ્રકારની પ્રતિરોધ સામગ્રીને ત્યાગવાની શક્તિ હોવા છતાં પણ જેવા તેવા અસત્ આલંબન વડે પોતે અશક્ત અને બંધાયેલ ન હોવા છતાં પણ હું બંધાયેલો છું એમ માનતા ત્યાગતા નથી (ત્યાંથી ઉઠતાં નથી) અહીંયા અને પરલોકમાં તેનાથી ઉત્પન્ન થયેલા દુઃખના ફળોને અનુભવે છે. દુઃખરૂપ ફલને પામે છે. તાપસ શ્રેષ્ઠિ વિ. ની જેમ.

કહ્યું છે કે :- વિશાળ સામ્રાજ્ય લક્ષ્મીને ઘાસના તણખલાની જેમ ત્યાગીને ધીરપુરૂષો મોક્ષનો માર્ગ સ્વીકારે છે. મોક્ષના માર્ગે જાય છે. અને અહીંયા અમે તથા બીજા બંધનો વડે નહિ બંધાયેલા હોવા છતાં પણ બંધાયેલા છીએ એમ માનતા રૂદ્રાક્ષના દલ ઉપર ઝોલા (હિંચકા) ખાતા પોપટની જેમ ઠગાયા છીએ ॥ અહીંયા માખી વિ. એ પ્રમાણે-કહેવાથી આદિ શબ્દથી ભોળા મૃગ વિ. પણ જાણવા ॥૧॥

૨. મસગત્તિ :- સિંહના નાકમાં પ્રવેશેલો મચ્છર સિંહને આકુલ વ્યાકુલ કરે છે. અને હાથીના કાનમાં પ્રવેશેલો હાથીને પણ મારી નાંખે છે. રાજા વિ. ને પણ ડંખ મારતો ખેદ પમાડે છે. અને પોતાની રક્ષા કરવામાં જ અસમર્થ એવો કરોળીયો પોતાના બનાવેલા જાળાની લાળમાં લાગેલો તે મરે છે કારણ કે તે પોતાની જાતને છોડાવવા માટે સમર્થ બનતો નથી એ પ્રમાણે કેટલાક જીવો માત્ર સંસારના સુખનાજ અભિલાષી પરલોકના સુખથી વિમુખ મુખવાળા, વિષયમાં આસક્ત, પાપકર્મમાં નિર્દય પરસ્પર હિંસા કરનારા અને કરાવનારા (ઘાત કરનારા અને ઘાત કરાવનારા) અથવા વૈર વસુલાતમાં લાગવા વિ. થી રાજાને પણ ખેદ પમાડે છે. ઉદાયિ રાજાને મારનાર વિનયરત્ન વિ. ની જેમ.

વ્યાપારીને મોટા શેઠ વિ. ને પણ ઈર્ષા વડે કરીને મરાવે પણ છે.

શકટાલ મંત્રીના વૈરિ વરરુચિ બ્રાહ્મણ વિ. ની જેમ મારે છે - ડરાવે છે. અને લાંચ આદિ વડે ધનને ભેગું કરે છે. પરદ્રોહ કુબુધ્ધિ (ખોટી શિખામણ) આપવા આદિ વડે કરીને બીજા પણ ક્રૂર કર્મો કરે છે અને પાપવ્યાપારને ત્રણે (મન - વચન - કાયાના) યોગમાં પ્રવર્તાવે છે. અને આ પોતાના હિત (કલ્યાણ) ને માટે તપ, સમ્યકત્વ, નિયમ, સંયમ વિ. માં અથવા દેશવિરતિ આદિનો સ્વીકાર અને પાલણ વિ. ને વિષે અસત્ શરીરનું, શક્તિહીન પત્નીનું અને કુવંશનું સ્નેહથી આલંબન કરીને કરોળીયાની જાળ જેવા અસાર, એવા દુગંચ્છાવાળા (નીંદનીય) એવા વિષયોમાં સારી રીતે બંધાયેલો, સર્વરીતે સંયમમાં વીર્ય ફોરવવામાં શક્તિ હીન પ્રયત્ન કરતા નથી વિષયોથી બંધાયેલા તેનાથી પોતાની જાતને છોડાવવા માટે સમર્થ બનતા નથી. એવી જ રીતે મરીને દુર્ગતિમાં પડેલા વિવિધ પ્રકારના સંસારના દુઃખોને સહન કરે છે. (માતંગી) ચંડાલણી નામની વિદ્યાસાધક વિદ્યાધરના નાના ભાઈની જેમ દૃઢ દેવીમાં રક્ત માલવદેશના રાજા પૃથ્વીચંદ્રની જેમ, અહીંયા પણ આદિ શબ્દથી પતંગીયા વિ. ના પણ દૃષ્ટાંતો લેવા - યોજવા ॥૨॥

(૩) **મચ્છિયાઇયત્તિ :-** માખીઓ સામાન્ય રીતે બગાઈ એ પ્રમાણે પ્રસિધ્ધ છે. અથવા મધમાખી તેઓ મનુષ્ય, પશુ વિ. ને ડંસી ડંસીને ઉદ્વેગ પમાડે છે. આહાર સુખ આદિની ઈચ્છાવાળી શ્લેષ્માદિ જેવા અશુચિ પદાર્થોમાં આનંદ માને છે. અને તેમાં પડેલી પોતાની જાતને મુક્ત કરવામાં અસમર્થ તાકાતહીન તેમાંજ તરફડીને દુઃખે કરીને મરે છે. મધમાખીઓ પણ પોતાની લાળ રૂપ મધમાં લાગેલી (ચીટકેલી) ભિલ્લો વડે અગ્નિની જ્વાળા વિ. થી દુઃખે કરીને મરે છે. તેવીરીતે કેટલાક જીવો ઈર્ષા, ચાડીચુગલીવડે બીજાઓને ઉદ્વેગ-ખેદ કરાવે છે. ધર્મમાં વીર્ય ફોરવવામાં અસમર્થ ધર્મરૂપ શુભકર્મમાં (કાર્યમાં) ઉત્સાહિત થતા નથી જો કદાચ કોઈક તેમાં પ્રયત્ન કરે તો પણ અશુચિ જેવા કુગુરૂમાંજ અને વિષયમાં જોડાય છે. અને તેમાં લાગેલા (પડેલા) ઘણા ઉપદેશ વિ. વડે પણ પોતાને મત્થ્યાત્વાદિથી છોડાવવા માટે અસમર્થ એવા તેઓ તેવી જ રીતે મરીને દુર્ગતિના દુઃખના પાત્ર બને છે. મિથ્યાત્વ અવિરત (આસક્ત) યજ્ઞ કરનારા કાલિકાચાર્યથી બોધ નહિ પામેલા

દત્તરાજા, વિષયમાં અવિરત (આસક્ત) સત્યકી વિદ્યાધરની જેમ આદિ શબ્દથી ખાડામાં પડેલા શૂવર (ભૂંડ) વિ. ના અહીંયા દૃષ્ટાંતો જાણવા ॥૩॥

(૪) **करित्ति** :- હાથી મહા વીર્યવાન હોવા છતાં હાથણીના સ્પર્શની લોલુપતાના કારણે પાણીમાં પડેલા લાંબાકાળ સુધી ખેડવું, વાહન, બંધ વિ. કલેશ (દુઃખ) ને સહન કરે છે. સારા આહાર વિ. થી મહાવત વિ. ને વશ થયેલા છુટા હોવા છતાં પણ અદૃશ્યમાન્ વીર્યવાળા તેઓ વન વિ. માં ઈચ્છામુજબ ક્રીડાનું સુખ અને ભોગાદિ માટે જવાનો પ્રયત્ન કરતા નથી. અર્થાત ઉદ્યમી બનતાં નથી. ભૂમિ પર પડેલું પોતાને દુઃખનું કારણ હોવા છતાં પણ અંકુશાદિ મહાવતને સૂંઢ વડે આપે છે. તેવી રીતે કેટલાક જીવો વીર્યના યોગથી બાલ્યકાળમાં ધર્મકાર્યમાં ઉદ્યમશીલ હોવા છતાં પણ પિતાદિ વડે બલાત્કારથી લગ્ન કરવા, માતા-પિતા, પત્ની, પરિવાર (વંશ) વિ. થી વશ થયેલા ઈન્દ્રિયના વિષયના સુખમાં જ માત્ર આસક્ત કુટુમ્બ વિ. જેવું કહે તેવું કરનારા, ઈચ્છા પ્રમાણે ચાલનારા, ધર્મ, વીર્યમાં ઉત્સાહને પ્રગટ નહિ કરતા, સમ્યગ્દર્શન, દેશવિરતિ સર્વવિરતિ આદિનો સ્વીકાર અને પાલણ કરવા વિ. ધર્મકાર્યમાં ઉદ્યમશીલ થતાં નથી અર્થાત્ પુરૂષાર્થ કરતા નથી પુત્રરૂપ સૂતર (તંતુ) વડે બંધાયેલા આર્દ્રકુમારાદિની જેમ મોહથી બંધાયેલા ગૃહસ્થપણામાં (ગૃહવાસમાં) જ રહે છે. કુંટુમ્બ, સ્વજન વિ. ને રંજિત કરવા માટે મિથ્યાત્વ અને આરંભાદિમાં પ્રવર્તે છે. અને વિષયાદિમાં આસક્ત શશી રાજા અને કંડરિક રાજા વિ. ની જેમ દુર્ગતિમાં પણ પડે છે. અને હાથી દાન ઝરતી અવસ્થામાં અથવા પહેલા અનુભવેલી વનક્રિડા વિ. ની યાદ આવવાથી બંધનથી છૂટીને અથવા ઢીલા બંધનને તોડીને વનમાં દોડી જાય છે.

તેવીરીતે કેટલાક પ્રભાવશાળી ગુરૂના પ્રતિબોધ (ઉપદેશ) વિ. થી કોઈક લોક (જન) સુખ દુઃખ વિ. વિશેષ નિમિત્ત થકી ઉત્પન્ન થયેલા વૈરાગ્યથી અથવા જાતિસ્મરણાદિથી ઉલ્લસિત સંયમ વિષયમાં વીર્યવાળા સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શનાદિ પામે છે. પ્રત્યેક બુધ્ધ, મહાનિર્ગ્રંથ એવા સ્થૂલભદ્રસ્વામિ, ધેબરશ્રેષ્ઠિ, સંકલશ્રેષ્ઠિ વિ. સુંદરી, નંદ, મેતાર્ય,

કપિલઋષિ, સમુદ્રપાલ વિ. ઋષિની જેમ, મત્સ્યાદિ એ પ્રમાણે કહેવાથી આદિ શબ્દથી મહામર્કટ (બંદર) ને નચાવનાર ઋષભ આદિના પણ દૃષ્ટાંત કહેવા (ઉતારવા) તેને અનુરૂપ દાષ્ટાંતિક પણ યોજવા ॥ઈતિ॥

અથવા હાથી જેવી રીતે મહાવત આદિથી તાબે થયેલા પણ તાપ અને તૃષ્ણાથી બેબાકળા થયેલા અશુચિવાળા તુચ્છ જલના આશ્રય વિ. નો પરિત્યાગ કરીને મોટા તળાવ વિ. માં સ્વેચ્છાપૂર્વક જાતે જ જોઈએ તેટલું પાણી પીએ છે. સ્નાન કરે છે. ખેલે છે. અને પવિત્ર થાય છે. પરંતુ પોતાની જાતને સ્વયં રજ (ધૂલિ) થી ખરડે છે - ગંદી કરે છે. અને વળી સ્નાનાદિ કરીને પવિત્ર (શુધ્ધ) થાય છે. એ પ્રમાણે કેટલાક કુટુમ્બાદિથી પરાધીન (પરતંત્ર) હોવા છતાં પણ ખરાબ તુચ્છ મિથ્યાધર્મ અનુષ્ઠાનના ત્યાગ વડે શ્રી જિનધર્મ રૂપ મહા સરોવરમાં આનંદને ધરતાં (માણતાં) શ્રી ગુરૂ ભ. કહેલા સિધ્ધાન્તરૂપી અમૃતને પીએ છે. અને આવશ્યકાદિ (પ્રતિક્રમણાદિ) સદ્અનુષ્ઠાન વડે પોતાને શુધ્ધ કરે છે વળી કુટુંબના નિર્વાહ વિ. માટે સાવદ્ય એટલે કે પાપકારી વ્યાપાર-અને આરંભાદિ વડે પોતાને કંઈક મલિન કરે છે. વળી ફરી પૂર્વની જેમ પવિત્ર કરે છે. મરીને તેઓ જધન્યથી સૌધર્મ દેવલોકમાં અને ઉત્કૃષ્ટથી અચ્યુત નામના બારમા દેવલોકમાં ઉત્પન્ન થઈ લાંબાકાળ સુધી સુખને ભોગવે છે. અને કેટલાક ભવોમાં મુક્તિના સુખોને પણ પામે છે. અથવા જેવી રીતે હાથીઓ સ્નાન કરીને રજથી પોતાને ખરડે છે. તેવીરીતે તેઓનું સ્નાન પણ નહિ સ્નાન કરેલાની જેમ જ થાય છે. એ પ્રમાણે કેટલાક કંઈક તપ, દાન, ધ્યાન, અધ્યયનાદિ કરીને બીજાએ કરેલી પ્રશંસા (શ્લાઘા) વિ. ઈચ્છામુજબ નિયાણું, અવિધિ, મિથ્યાત્વ વિ. થી પોતાના પુણ્યને મલિન કરે છે.

કહ્યું છે કે :- શિથિલતા, ઈર્ષ્યા, કદાગ્રહ, ક્રોધ, સંતાપ, દંભ, અવિધિ અને રસાદિ ત્રણ ગારવ, પ્રમાદી કુગુરૂ, કુસંગતિ અને પ્રશંસાની ઈચ્છા સુકૃતે આ મલ છે એટલે કે ધર્મને મલિન કરે છે. ॥૧॥ અધ્યાત્મ કલ્પદ્રુમમાં કહ્યું છે કે આ સારા કાર્યને મલિન કરે છે. ॥૪॥

(૫) **हरित्तिः हरयः-** સિંહો મરણ આવે તો પણ પાશ (બંધન)માં પડતા નથી (આવતા નથી) જો કદાચ પડે તો બાલ્યાવસ્થામાં કૂટચંત્ર અથવા કપટાદિથી પકડાય છે. અને પકડાયેલા હોય તો પણ લોખંડની સાંકળથી બંધાયેલા જો છૂટી જાય તો વન વિ. માં જતા જ રહે છે - દોડી જ જાય છે. જો સાંકળથી બંધાયેલા રહે (છૂટી ન જાય) તો પણ હાથી વિ. ની જેમ તેના ઉપર બેસી સવારી કરવાનું શક્ય નથી. અવજ્ઞા કરવા (તિરસ્કાર) નું પણ શક્ય નથી અને તેઓ જીર્ણ (સુકું) ઘાસ ખાતા નથી પરંતુ બલને પુષ્ટિ કરનાર પોતાનોજ આહાર એવા મહામાંસ ને જ ખાય છે. તેનું પાલણ કરનારા પણ તેઓને મધુર વચનાદિ વડે ખુશ જ કરે છે પરંતુ ક્રોધ કરાવતા નથી તેવી રીતે કેટલાક શ્રાવકાદિ જીવો જો બાલ્યકાળમાં પિતાદિના વશથી (કારણે) અથવા સ્ત્રીના કપટ વિ. વડે ગૃહસ્થાવાસમાં પડેલા હોય તો પણ સ્ત્રી આદિ કુટુમ્બથી પરતંત્ર બનેલા પાપકર્મમાં પ્રવર્તતા નથી અને પરિણામે વિરસ હોવાથી સૂકા ઘાસ જેવા સચિત્ત વિ. આહારને કરતા (ખાતા) નથી પરંતુ પરિણામમાં પુષ્ટિ એટલે કે પિરણામ વધારનાર અને બળને વધારનાર એવા અચિત્ત આહારને કરે છે. (ખાય છે) પોતાની આજ્ઞા વડે જ કુટુમ્બના લોકોને ધર્મકાર્યમાં પ્રવર્તાવે છે. પરંતુ તેઓની આજ્ઞાથી પોતાને મહા આરંભાદિ પાપ કર્મમાં પ્રવર્તાવતા નથી અને સિંહો ત્રાડ વડે ગભરૂ લોકોને અને મૃગલા વિ. ને ડરાવે છે. તેવી રીતે તેઓ પણ ધર્મમાં પ્રમાદી (આળસુ) પરિવારના લોકોને અને જૈન શાસ્ત્રના તર્કાદિ વડે ડરાવે છે. અને પોતાની આજ્ઞાવડે ધર્મ કરાવે છે. અને જ્યારે અવસર આવેલો જુએ છે. ત્યારે મિથ્યાત્વ આદિ કુટુમ્બ અને વિષયાદિ પાશથી અથવા બંધનથી છૂટીને (નીકળીને) સમ્યગ્દર્શન, બ્રહ્મવ્રત, સંયમરૂપ બગીચામાં આનંદથી યુક્ત સુખને અનુભવે છે. શુકભટ્ટારકને જાગૃત કરનાર સુદર્શન શેઠ, ક્ષેમંકર, બ્રહ્મસેન, ધન્યકુમાર, ધનશ્રેષ્ઠિ વિ. ની જેમ. તેમાં ધનશ્રેષ્ઠિની કથા આ પ્રમાણે છે. :-

ધનશ્રેષ્ઠિની કથા

વસન્તપુર નગરમાં ધન નામના શ્રેષ્ઠિને શ્રીકાન્ત નામે પત્નિ ચાર પુત્રો અને ઘણાભાઈ ઓ હતા. વળી તે સ્ત્રી પુત્ર, પૌત્રાદિ ઘણા પરિવારથી યુક્ત, સમ્યગ્દૃષ્ટિ, ઘણા પ્રકારે વિરતિ ગુણથી અલંકૃત, ન્યાયપૂર્વક વેપાર કરતો. પાપથી ડરનારો, સર્વલોકોને મન પ્રશંસાનું સ્થાન, આજ્ઞાનું પાલણ કરનારા પુત્ર, પૌત્ર, ભાઈઓ વડે સેવાતો સકલ સ્વજન અને પરિવારને આધારભૂત બનેલો વસે છે. ધર્મોપદેશ વિ. દ્વારા સંપૂર્ણ કુટુમ્બને ધર્મમાં પ્રવર્તાવે છે. તેમાં પ્રમાદ કરનારાઓને યથાયોગ્ય યાદ કરાવવા વિ. વડે શિક્ષા કરે છે. તેથી શ્રેષ્ઠિની બીકથી કોઈપણ પ્રમાદ કરતું નથી વધારે શું કહેવું ? કે ત્યાંસુધી કે કોઈ ઉંચે અવાજે બોલતું નથી એક વખત રાજાએ શ્રેષ્ઠિના ઘરની નજીકમાં દેવમંદિર બનાવ્યું ત્યાં સવાર સાંજ રાજાએ નિયુક્ત કરેલા નટનટીથી યુક્ત નાટક મંડળી ગીત, નાચ વિ. કરે છે. તેના શ્રવણ કરવાના રસથી આકર્ષિત હૃદયવાળો શ્રેષ્ઠિનો સ્ત્રીવર્ગ ઘરનો વ્યાપાર છોડી એક કાન દઈને (એકાગ્રતાથી) ઉપર ઉભા રહી સાંભળે છે. પહેલા કોઈ જોતું નથી ને એ પ્રમાણે શરમથી શંકા કરતાં ક્રમે કરીને (ધીરે ધીરે) અલ્પ લજ્જાવાળો થયો. તેઓને તેવીરીતે જોઈને ધનશ્રેષ્ઠિએ વિચાર્યું આ શોભનીય (સારૂં) નથી.

કહ્યું છે કે :- મીણ ચોપડેલા ચોળા ચીકાશવાળા હોવા છતાં પણ તાવવામાં આવે છે. દીપની શિખા અને મહિલા (સ્ત્રી) વિસ્તાર (મર્યાદાના ઉલ્લંઘન) નેં પામેલા ભયને કરનારા થાય છે. ॥૧॥ તેથી જ્યાંસુધી ચંદ્રજેવા નિર્મલ મારા કુલમાં મલિનતા ન થાય ત્યાં સુધી ઉપાય વડે જ સ્વજન કુટુમ્બને હું નિવારું - હું બચાવું એ પ્રમાણે વિચારીને પોતાના ઘરના એક ભાગમાં દેવમંદિર બનાવડાવ્યું (કરાવ્યું) અને ત્યાં જે વેળાએ નાટક મંડળી રાજાએ બનાવેલા દેવકુલમાં ગીત નૃત્યાદિ કરે છે તે સમયે શ્રેષ્ઠિ દેવની આગળ મૃદંગ, તબલા, નરઘાં વિ. વાજીંત્રનો ખૂબનાદ કરાવે છે. જેથી કરીને

કોઈપણ (નાટક મંડળના ગીત) ન સાંભળી શકે. તે નાટક મંડળીએ પણ ગીત વિ. ના વ્યાઘાતથી ખેદ-ઉદ્વેગ પામેલા રાજાની આગળ તે સ્વરૂપ (વાત) ને જણાવ્યું પછી રાજાએ શ્રેષ્ઠિને બોલાવ્યો અને કહ્યું કે આમ શા માટે કરો છો ? શ્રેષ્ઠિએ કહ્યું હે દેવ ! સંસાર અસાર છે. યૌવન જનારું છે. લક્ષ્મી ચંચળ છે સ્વપ્ન જેવો પ્રિયનો સંયોગ છે. પાપના વિચાર (પરિણતિ) દુઃખે કરીને સહી શકાય તેવા છે. અને વૃધ્ધ થયા છીએ પરલોક (મરણ) નજીક આવ્યું છે. તેથી હવે ધર્મનો અવસર આવ્યો છે આથી અમારી પોતાની મહેનતથી મેળવેલ ધન વડે દેવકુલ (મંદિર) બનાવ્યું છે. ત્યાં દેવની પૂજાના સમયે અનંત ફલને આપનારી વાજીંત્રનાદ પૂજા હું કરાવું છું. આ સાંભળીને કંઈક હસીને રાજાએ કહ્યું જો આ પ્રમાણે વૈરાગ્યનો રંગ લાગ્યો છે તો વનવાસજ ઉક્ત છે. કારણ કે પુત્રાદિ રૂપ બેડીથી બંધાયેલા નાશ થયેલી આશાવાળા નિશ્ચિત ઠગાયા છે. તેથી હે ધન ! ગૃહવાસમાં સ્વપ્નની અંદર પણ ધર્મનો ગુણ (લાભ) થતો નથી. શ્રેષ્ઠિએ કહ્યું આ સાચું છે પરંતુ લોકો કહે છે કે ગૃહસ્થાશ્રમ સમો ધર્મ થયો નથી અને થશે નહિ.

રાજા બોલ્યો :- ગૃહસ્થાશ્રમમાં રહેલાને પણ ગુરૂવડે કહેવાયેલા દાનાદિ ધર્મો જણાય છે. તેથી તે આશ્રમની અવજ્ઞા કર નહિ ઈત્યાદિ કહેલી પ્રયુક્તિની ચર્ચા વિષે રાજાએ કહ્યું કે હે વિદ્વાન્ ! આ પ્રમાણે વધારે પડતી વાણી બોલવાથી શું ? તત્ત્વને કહે તેથી હાથ જોડીને ધનશ્રેષ્ઠિ બોલ્યો :- હે પ્રજાવત્સલ અમે અહીંયા તમારી છત્ર છાયામાં રહ્યા છીએ અમારૂ કુલ નિર્મળ છે. નિષ્કલંકવૃત્તિથી આટલો કાળ પસાર કર્યો છે. અને મારા ઘરમાં ઘણી સ્ત્રીઓ છે હે દેવ ! ઈન્દ્રિયો ચંચળ છે. યૌવન ઘણા વિકાર વાળું છે. વળી કામની સ્વચ્છંદ ગતિ છે. અને પ્રાણીઓમાં અવિવેક છે. તેથી હે નરેન્દ્ર ! ગીત, વિનોદ, હાસ્યાદિ ચેષ્ટા, જોવા વિ. થી ઉછૃંખલ બનેલી વૃતિવાળાં પરિજન (પરિવાર) નાશ ન પામો એ પ્રમાણે ભવિષ્યનો વિચાર કરીને મે ઉપાય કર્યો છે. કારણ કે :- ઘર સળગે ત્યારે કૂવો ખોદવો, યુધ્ધ આવે ત્યારે ઘોડાને શિક્ષણ, નદીનું પુર ફેલાઈ ગયા પછી પાળનું બાંધવાનું સારૂં નથી પછી આ પ્રમાણે સભા સમક્ષ રાજાએ બુધ્ધિના કૌશલ્ય પણાની પ્રશંસા

કરીને તેને મુખ્ય મંત્રી કર્યો પછી રાજા વિ. ને પણ ધર્મમાં પ્રવર્તાવતો તેઓ વડે પૂજ્ય મનાતો અનુક્રમે અંતે પ્રવજ્યા લઈને પોતાનું કાર્ય સાધ્યું એ પ્રમાણે ધનશ્રેષ્ઠિની કથા કહેવાઈ અંહિયા પણ આદિ શબ્દથી ગેંડો, વરૂ વિ. દૃષ્ટાંત અને દાષ્ટાન્તિક ભાવના જણાવી ॥૬॥

भारंडत्ति :- ભારંડ પક્ષી બે જીવથી યુક્ત એક શરીરવાળા જૂદી જુદી ચાંચવાળા, મુખવાળા, એક પેટવાળા અને જૂદી-જૂદી ગરદન (ડોક)વાળા ઈત્યાદિ શ્લોકમાં કહેલા લક્ષણવાળા અપ્રમત્ત જ્યાં-ત્યાં (ગમે-ત્યાં) જેને તેને પણ (કોઈપણ વસ્તુને) દોરડા વિ. પાશ (બંધન) ને માનતા મનુષ્ય વગરનાં જ પર્વત દ્વિપ વિ. માં વિહરતા, ફરતા, કોઈપણ રીતે પાશમાં પડતા નથી. (બંધનમાં આવતા નથી) આહારને માટે જીવંત મનુષ્ય વિ. ને હણતા નથી. અને પોતાના ચરણને લાગેલા મનુષ્ય વિ. ને સમુદ્ર વિ. થી તારે છે. પાર ઉતારે છે. અને ઈચ્છિત દ્વિપમાં મૂકે છે. હંમેશા ઈચ્છા પ્રમાણેના વિહાર વિ. નું સુખ અનુભવતા મહાદ્વિપમાં આવેલા શ્રેષ્ઠ સ્વાદવાળા ફલ વિ. ઈચ્છિત આહાર વિ. ભોગસુખને ભોગવે છે. તેવી રીતે કેટલાક જીવો કર્મના ક્ષયથી અથવા જાતિસ્મરણ વિ. થી બાલ્યકાળમાં પણ પ્રાપ્ત થયેલા દૃઢ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રથી યુક્ત ચારિત્રને અપ્રમત્ત પણે પાળતા, માતા-પિતા સ્ત્રી વિ. ને પાશ (બંધન)ની જેમ માનતા, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ વિ. ને ધરતાં, નિર્દોષ જ આહાર, વસ્ત્ર, શૈયા, વિ. ને ગ્રહણ કરતાં, અનુત્તર દેવથી પણ અધિક સંયમમાં સમતા સુખને અનુભવતા અનુક્રમે મોક્ષસુખને પામે છે. અને પોતાના અશ્રિતોને ભવરૂપ સમુદ્રથી પાર ઉતારે છે. રાજુલના બંધન ફગાવનારા શ્રી નેમિ જિનેશ્વર, કુસુમપુર શ્રેષ્ઠિની પુત્રી વિ. ના મોહ-પાશમાં નહિ બંધાયેલા વજસ્વામી, માતા-પિતાના મોહના ત્યાગી અતિમુક્ત (અઈમુત્તામુનિ) વિ. ની જેમ અહિંયા પણ આદિ શબ્દથી "તેવી રીતે" ક્રૌંચ પક્ષી સમાન એક મિત્ર ઈત્યાદિ ઉક્ત (કહેલું) તેના સદૃશ ક્રૌંચાદિ પક્ષી વિશેષ દૃષ્ટાંત દાષ્ટાંન્તિક ભાવના ને વિષે જાણવું ॥૬॥

(૭) **रोहियज्झसाईत्ति** :- રોહિત જાતિમાં વિશેષ પ્રકારના ઉત્પન્ન થયેલા મહામત્સ્યો, તીક્ષ્ણ દાંતવાળા, મહા બલવાળી કાયાવાળા, સમુદ્રના

ઉંડા જલમાં ઘણાં માછલાઓથી પરિવરેલા ફરતાં, જાલમાં (પાશમાં) પકડાતા જ નથી (આવતા જ નથી).

ઘણા માછલાના લોભથી માછીમારો વડે બે વહાણની વચ્ચે મૂકેલી જાળમાં કોઈપણ રીતે પરિવાર સાથે પકડાયા હોય તો પણ પોતાના પરિવારને ટળવળતા જોઈને એક સાથે ઉત્પન્ન થયેલ કરૂણા અને ક્રોધથી ગર્વિત બનેલા તે જાળને પોતાના દાંત વડે કરડી (કતરી)ને જાતે જ બહાર નીકળી જાય છે. પહેલા જાલમાં પકડાયેલા (પડેલા) મત્સ્ય વિ. ને છોડાવે છે જાલને પણ ફરી મત્સ્યાદિ પકડવા માટે નકામી બનાવી દે છે. અને લાંબાકાળ સુધી ઈચ્છા મુજબ વિહાર, પોતાની જાતિ ઉપર સામ્રાજ્ય અને શાંતિના સુખને અનુભવે છે - ભોગવે છે. તેવી રીતે અહીંયા કેટલાક ઉત્તમ જીવો શ્રી પાર્શ્વજિન, જંબુસ્વામિ, પૃથ્વીચંદ્રાદિની જેમ, પિતા વિ. ના આગ્રહથી તીર્થંકર બલદેવ વિ. ની જેમ, ભોગાવલી કર્મના કારણે અથવા પ્રત્યક્ષ અનુભવેલા પત્નિ આદિના સ્નેહરૂપ બંધન (પાશ)વાળા હોવા છતાં પણ ઉલ્લસિત સ્વાભાવિક આત્મધર્મ વીર્યવાળા તેઓ મોહરૂપ પાશને છેદીને પોતાને અને પોતાના આશ્રિતોને હજાર લાખ કે કોટી હોય તો પણ તારે છે. અને મોક્ષ સુખને પામે છે. અને અપાવે છે. હંમેશા આગમ રચના ઉપદેશ વિ. થી મિથ્યાત્વ રૂપી મોહજાલને ઓળંગી જાય છે. તોડી નાંખે છે. તે ભવમાં અથવા ત્રીજા ભવે મુક્તિ સુખને ભોગવે છે. આદિ શબ્દથી અષ્ટાપદ પ્રાણી વિ. જાણવા ॥૭॥

આ દૃષ્ટાંતોને વિષે આગળ આગળના (એક પછી એક) અધિક અધિક ધર્મ વીર્યવાળા નજીક વધુ નજીક અને એથી પણ અધિક નજીક સિધ્ધિને કરનારા જાણવા ઉત્તરાર્ધ સ્પષ્ટ છે અને અહીંયા દુહાવેયંસુઅક્ખાયં વીરિયંતિ પવુચ્ચઈ ઈત્યાદિ વીર્ય અધ્યયનના બાલ પંડિત વીર્ય પ્રકાશક સુયગડાંગના પહેલા શ્રુત સ્કંધનો આઠમો અધ્યયન જોવો.

એ પ્રમાણે વિશેષ પુણ્ય પાપમય વીર્યના સુખ દુઃખરૂપ ફલને જાણીને હે પંડિત જનો ! બે પ્રકારના (રાગદ્વેષરૂપ) દુશ્મન પર જયરૂપ લક્ષ્મીની

ઈચ્છા હોય તો આ પુણ્યવીર્યનો આદર કરો અથવા તેમાં પ્રયત્ન કરો ઈતિ.

તપાગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિ રચિત ઉપદેશ રત્નાકર નામના આ ગ્રંથમાં જયશ્રી અંકે મધ્યાધિકારે પ્રથમાંશે ધર્મવીર્ય ઉપદેશ નામનો

॥ સાતમો તરંગ પૂર્ણ ॥

મધ્યાધિકારે પ્રથમ અંશે (તરંગ-૮)

શ્લોકાર્થ :- હે ભવ્યજનો ! જયરૂપી લક્ષ્મી, વાંછિત સુખ, આલોકને પરલોક ના હિતને માટે અનિષ્ટ દૂર કરવામાં ત્રણ વર્ગમાં સારભૂત જિનધર્મમાં ઉદ્યમવાળા બનો ॥૧॥

જિનધર્મ સિવાય જીવને જે કાંઈ સુકુલમાં જન્માદિના જે સમસ્ત સંયોગો છે. તે વિફલ કહેવાય છે.

(૧) માટી અને (૨) સુવર્ણના દારૂ અને અમૃતથી ભરેલા કલશો જેવી રીતે ચાર પ્રકારના થાય છે. તેવી રીતે ભવિષ્યની ગતિને આશ્રયીને મનુષ્યો કુલાચાર વડે ચાર પ્રકારના થાય છે.

વિશેષાર્થ :- માટી અને સુવર્ણના બે પ્રકારના કલશો છે. તે વળી બન્નેય દારૂ અને અમૃતથી ભરેલા છે. એટલે કે એકમાં દારૂ અને બીજામાં અમૃત ભરેલું છે. એ પ્રમાણે ચાર પ્રકારે થાય છે.

જેવી રીતે જેથી એક લોકોમાં નિંદ્યપણું અને એક લોકોની પ્રશંસાપણાથી ચાર પ્રકારે થાય છે. તેવી રીતે તે પ્રકારે કુલાચારથી મનુષ્યો ચાર પ્રકારના થાય છે. તેમાં કુલ બે પ્રકારના છે. ઊંચ અને નીચ આચારપણ બે પ્રકારના છે. ઉંચ અને નીચ તેમાં ઉંચ એટલે જિનેશ્વરે કહેલા પાંચ પ્રકારના જ્ઞાનાદિ આચાર (જ્ઞાનાચાર) વિ. વળી તેનાથી વિપરીત તે નીચ તેથી આ પદવડે ચતુર્ભંગી સહેલી જ છે ઈતિ.

હવે દૃષ્ટાંત અને દાષ્ટાન્તિક યોજના ખુલ્લી કરાય છે. તે આ પ્રમાણે જેવી રીતે કેટલાક કળશો માટીવાળા છે અને તે કલશા દારૂથી ભરેલા તે કલશા બંને રીતે નિંદ્ય છે. (માટીનો ઘડો અને દારૂ) તેવી રીતે કેટલાક મનુષ્યો તેવા પ્રકારના દુષ્કર્મના કારણે નીચ ચંડાલાદિ સંબંધી કુલમાં જન્મેલા અને નીચ જીવવધ, દારૂ, માંસને ખાનાર, દેવગુરૂના શત્રુ (નિંદા કરવા પણા) આદિએ કરી નીચ આચારથી યુક્ત તેઓ આલોકને પરલોક એમ બન્ને રીતે નિંદ્ય થાય છે. જેવી રીતે કાલસૌકરિકે પોતાનો તેવા પ્રકારનો નીચ આચાર નહિ છોડવાથી કંઈપણ શુધ્ધથવાનો ઉપાય નથી જેવીરીતે શ્રી વીરવચનનું શ્રવણાદિ પણ કાલસૌકરિકને શુધ્ધિનું કારણ ન બન્યું એ પ્રમાણે **પ્રથમ ભંગ** થયો ॥૧॥

અને હવે અમૃતથી ભરેલા માટીના કલશો તે પૂર્ણ કળશો એ પ્રમાણે નામથી ગવાય છે. સર્વ મંગલોમાં મુખ્યમંગલ રૂપે લોકોવડે પ્રશંસા કરાય છે. તેવીરીતે કેટલાક મનુષ્યો પૂર્વની જેમ નીચ કુલમાં જન્મેલા પણ જેઓ અમૃતસમાન ઉચ્ચ શ્રી જિનેશ્વરોએ બતાવેલા શુધ્ધ આચારથી પવિત્ર થયેલા તેઓ આ લોકમાં પણ યશનું ભાજન થાય છે. અને પરલોકમાં સ્વર્ગ અને મોક્ષની સંપદાને પામે છે. જેવીરીતે કાલસૌકરિકના પુત્ર સુલસ, હરિકેશી, બલઋષિ વિ. દૃષ્ટાંતો જાણવા ॥ઈતિ॥ **બીજો ભેદ** ॥૨॥ અને વળી જેવી રીતે સોનાના કળશો અને દારૂથી ભરેલા તે વિશેષ પણે નિંદાનું ઘર બને છે. ઉત્તમ વસ્તુઓ નિંદનીય વસ્તુના સંયોગથી અધિકતમ નિંદાને માટે થાય છે. એ પ્રમાણે પ્રસિધ્ધ છે. ॥ઈતિ॥ તેવી રીતે કેટલાક મનુષ્યો ઉચ્ચ ગોત્રાદિમાં જન્મ પામવા છતાં પણ પૂર્વે કહેલા નીચ આચારના આચરણથી વિશેષ પ્રકારે આ લોકમાં નિંદાનું ઘર બને છે. અને પરલોકમાં દુર્ગતિના દુઃખનું ભાજન થાય છે. જેવી રીતે પર સ્ત્રીનું અપહરણ આદિમાં તત્પર રાવણ વિ. **ત્રીજો ભેદ** થયો ॥૩॥

વળી જેવીરીતે સુવર્ણના કલશો અમૃતથી ભરેલા સૌભાગ્યને પામે છે. તેવી રીતે ઉચ્ચકુલમાં જન્મેલા શ્રેષ્ઠ આચારનું સારીરીતે આચરણ કરવામાં તત્પર આ લોકમાં લોકોત્તર યશ, ખ્યાતિ, કીર્તિનું સ્થાન થાય છે. અને

પરલોકમાં શ્રેષ્ઠ ગતિના સુખના પાત્ર બને છે. જેવીરીતે ભરત ચક્રવર્તી વિ. આ પ્રમાણે **ચોથો ભેદ** થયો ॥૪॥

જીવોના ઉંચ નીચ આચારપણાનું કારણ કહે છે. ભવિષ્યમાં ઉચ્ચ, ઉચ્ચતર અથવા મધ્યમ, અધમ અથવા અધમતર જે ગતિ થવાની હોય તેના કારણે ઉચ્ચ - નીચ આચરણ હોય છે. કારણ કે ભવિષ્યની ગતિને અનુસારજ મનુષ્યોની ચેષ્ટા હોય છે. કહ્યું છે કે ઉચ્ચ, ઉચ્ચતર, મધ્યમ, અધમ અને અધમતર જેની જેવી ગતિ થવાની હોય તેવા પ્રકારની ચેષ્ટા હોય છે. ॥૧॥

શ્લોકાર્થ :- સમસ્ત એ પ્રમાણે ધર્મથી રહિત મનુષ્યજન્મ સુકુલાદિ ગુણ સમુહવાળા વિફલતાને પામે છે. એમ માનીને હે ભવ્યો ! પ્રમાદ રૂપી શત્રુના સમુહ પર જયરૂપ લક્ષ્મી વડે સમ્યક્ પ્રયત્નમાં તત્પરતાને હૃદયસ્થ કરો ॥૧॥ ઈતિ

તપાગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકર નામના ગ્રંથમાં જયશ્રી અંકે મધ્યમાધિકારે **પ્રથમ અંશે**

॥ ૮ મો તરંગ પૂર્ણ ॥

મધ્યમાધિકારે પ્રથમ અંશે (તરંગ-૯)

હે ભવ્યો ! જયરૂપ લક્ષ્મી વાંછિત સુખ અને અનિષ્ટને દૂર કરવામાં આલોક અને પરલોકના હિત માટે ત્રણ વર્ગમાં સારભૂત જિન ધર્મમાં ઉદ્યમવાળા બનો ॥૧॥

જે ધર્મ વડે જીવ સુકુલમાં ઉત્પન્ન થવા આદિ ગુણ સમુહ રૂપ સૌભાગ્યલક્ષ્મીને વરે છે. તે વિષયમાં અહીંયા મોદકનું દૃષ્ટાંત જાણવું ॥૨॥

તે આ પ્રમાણે :- (૧) દલ (૨) ચીકાશ (૩) મીઠાશ (૪) મસાલાઓથી યુક્ત જે રીતે મોદક રમણીય સુંદર સ્વાદવાળા સારા હોય છે. તેવા બીજા નથી હોતા.

એ પ્રમાણે (૧) કુલ (૨) ધન (૩) ધર્મ અને (૪) વિવેક થી યુક્ત મનુષ્ય જન્મ શુભ છે.

વિશેષાર્થ :- (૧) **દલ :-** શુધ્ધરૂપ શુધ્ધ વસ્તુ (૨) **સ્નેહ :-** ઘી રૂપ (૩) **ગવિલં :-** ગોળ ખાંડ અને (૪) **વેગર :-** દ્રાક્ષ, લવિંગ, ઈલાયચી, કપૂર, ચારોલી, બદામ, ખારેક, ટોપરૂ અને ખાંડ વિ. તે આ ચારથી સિધ્ધ (તૈયાર) થયેલ હોવાથી સુંદર દલવાળો રમણીય લાડુ આવા પ્રકારના લાડુ હોતા નથી "કુલ, ધન" ઈત્યાદિ એ પ્રમાણે આ પ્રકારે મનુષ્યજન્મ પણ (૧) ઉત્તમકુલ (૨) ધન (૩) ધર્મ (૪) વિવેક સહિત શુભ છે. એવા બીજા નથી હોતા એ પ્રમાણે આનો સાર છે.

અહીંયા ગાથામાં દલાદિને અને કુલાદિને સામાન્ય પણે કહ્યું હોવા છતાં વિશેષાવબોધ ફલં વચનં" એ પ્રમાણેના ન્યાયથી વિશિષ્ટનું જ ગ્રહણ કરવું તેમાં ઉત્તમ કુલ ઈક્ષ્વાકુકુલ વિ. અને અત્યંત પ્રમાણીક પણે ન્યાયથી મેળવલું ધન ઉત્તમ છે. અરિહંત ભગવંતે કહેલો ધર્મ ઉત્તમ છે. વળી સારાસારની વિચારણા સ્વરૂપ (પૂર્વકનો) વિવેક ઉત્તમ છે.

કહ્યું છે કે :- સંતોષ રૂપી સુખ, ઈન્દ્રિયોનું દમન, ચિત્તનું શાંતપણું (સમતા-ક્ષમાભાવ), દરિદ્રને વિષે દયાળુ પણું, સત્યરૂપ અમૃત ઝરતી વાણી, શૌર્ય - ધૈર્ય, અનાર્યની સંગતિથી રહિત, સજ્જનની, સોબત કરવી આ બધા અતિ સુંદર પરિણામવાળા વિવેકના અંકુરાઓ છે. ॥૧॥ અને વળી માન વિનાનું જ્ઞાન, દાન આપવા જેવી લક્ષ્મીની પ્રાપ્તિ, અત્યંત ન્યાય યુક્ત રાજ્ય, સદ્‌ગુણનોસમુહ વિનયને વધારે છે. આદર પૂર્વકનું દાન, મધુર અને પ્રભાવ વાળી વચનની મોટાઈ, મનુષ્યોમાં એક એકથી પણ નિશ્ચિત વિવેક પ્રગટે છે. તેનાથી યુક્ત દલાદિનો અને કુલાદિનો ક્રમથી ઉપમેય ભાવ બુધ્ધિશાલીએ જાતે વિચારી લેવો અને તેથી જેવા કહ્યા છે તેવા દલાદિ ચારના યોગથી બનેલા સારા મોદક પોતાની જાતિમાં સર્વોત્તમ છે. તેવી રીતે ઉચ્ચ કુલાદિના યોગથી સહિત મનુષ્ય જન્મ વિશ્વને પણ પ્રશંસનીય છે. ॥ઈતિ॥

શ્રી અભયકુમાર મંત્રીની જેમ અને શ્રી વસ્તુપાલ મંત્રીની જેમ તે કથા આ પ્રમાણે છે.

મંત્રીની કથા

નાગપુર નગરમાં દેલ્હાનો જે પુત્ર છે તે પૂનડ, શ્રીમોજદીન સુલતાનની પત્નીએ સ્વીકારેલ બન્ધુ રૂપે (બંધુ ન હોવા છતાં બંધુનો ભાવ રાખવો તે) અશ્વપતિ, ગજપતિ એવા નરપતિને માન્ય થયો. તેણે પહેલી યાત્રા સં. ૧૨૩૭ ના વર્ષે (ની સાલમાં) બિંબેર પુરથી કરી બીજી યાત્રા સુલતાનના આદેશથી નાગપુરથી ૧૨૮૬ના વર્ષે કરવા માટે પ્રારંભ કર્યો તેના તે સંઘમાં ૧૮૦૦ ઘોડાઓ હતા તેને અનુસાર (તે પ્રમાણે) બાકીનો પરિવાર જાણવો. જેટલામાં માંડલી ગ્રામની નજીકમાં આવે છે. તેટલામાં સંઘની સાથે સામો આવીને તેજપાલ મંત્રી ધોળકા લઈ આવ્યો, શ્રી વસ્તુપાલ સામે ગયો, પવનને અનુકૂલ પ્રમાણે સંઘની રજ જે જે દિશામાં જાય છે. ત્યાં ત્યાં તે જાય છે. ત્યારે સંઘના લોકોએ કહ્યું કે મંત્રીશ ! આ બાજુ રજ છે. માટે આ બાજુ પગને મૂકો (ચાલો) તે વખતે મંત્રીએ કહ્યું પૂણ્ય વડે આ રજને સ્પર્શ થાય છે. આ રજના સ્પર્શથી પાપ રૂપરજ દૂર થાય છે કારણકે તીર્થ યાત્રિકની રજથી કર્મ રજ વગરના થવાય છે. તીર્થયાત્રા માટે ફરવાથી ભવનું ભ્રમણ થતું નથી અહીંયા દ્રવ્યને વાપરવાથી મનુષ્યો સ્થિર સંપત્તિવાળા થાય છે. અને જિનેશ્વર ભ. ની પૂજા કરવાથી પૂજ્ય બને છે.

પૂનડ અને મંત્રીએ (વસ્તુપાલે) ભેટીને સુંદર વાર્તાલાપ કર્યો સરોવરના કાંઠે સંઘ રહ્યો રાત્રીયે મંત્રીએ પૂનડને જણાવ્યું કે સવારે સંઘ સાથે મારા આવાસમાં જમવું. તેણે તે સ્વીકાર્યું. ભોજન મંડપમાં પ્રભાતે નાગપુરના લોકો આવે છે.તે બધાના પગનું પ્રક્ષાલન અને તિલક વસ્તુપાલ જાતેજ કરે છે. તેમ કરતા બે પ્રહર વીતી ગયા છતાં ખેદ-કંટાળા વગર મંત્રી તેજ પ્રમાણે કરે છે. ત્યારે તેજપાલે કહ્યું હે દેવ ! બીજાઓથી પણ ભક્તિ કરાવાય ! તમે જમીલો મંત્રી બોલ્યો આ પ્રમાણે ન બોલશો આવો અવસર પૂણ્યથી મળે છે. ગુરૂએ પણ કહ્યું. છે કે :- કુલના જે આધાર ભૂત છે. તે પુરૂષની આદર (પ્રયત્ન) પૂર્વક રક્ષા કરવી. તુંબડુ જ્યાં સુધી તૂટે નહિ ત્યાં સુધી આરાઓ તેના આધારે ટકે છે.

વળી મંત્રીએ ગુરૂને આ પ્રમાણેનું કાવ્ય લખી મૂક્યું. આજે મને પિતાની આશા ફલી છે. માતાની આશિષ રૂપી શિખા આજે અંકુરિત થઈ છે. યુગાદિ જિનના યાત્રિક લોકોને જોઈ હું ખુશ થયો છું. સંપૂર્ણ પણે પ્રસન્ન છું ॥૧॥

સંઘને જમાડીને અને પહેરામણી આપીને સંઘને ખુશ કર્યો. આ પ્રમાણે વસ્તુપાલ મંત્રીની વિવેકરૂપી સ્ત્રીનો લેશમાત્ર સબન્ધ (વાત) કહ્યો તેમના ઉત્તમ કુલ વિ. ત્રણ યોગતો પ્રસિધ્ધજ છે.

હવે **નિઅરેતિ** :- બીજા શુધ્ધ દલ વિ. યોગ વગરના મોદકો (લાડવાઓ) જેવી રીતે શુધ્ધ નથી તેવી રીતે બીજા ઉત્તમ કુલાદિયોગ વગરનો મનુષ્યજન્મ પણ પ્રશંસનીય થતો નથી એ પ્રમાણે સાર કહ્યો.

તેમાં સર્વથા દલ વિ. ના અભાવે લાડવા બન્યા નથી છતાં અશુધ્ધ થોડા દલ વિ. જાણવું તેમાં દલ મગનો આટો વિ. તે અશુધ્ધ છે.

સ્નેહ :- તલનું તેલ, સરસવનું તેલ તે અશુધ્ધ,

ગળપણ :- ગુડાદિ (ખારો ઢીલો ચકરાનો ગોળ વિ.)

વેગર :- દ્રાક્ષાદિનો તેવા પ્રકારનો અભાવ અર્થાત્ ખોરા કડવા પદાર્થવાળો મોદક.

એ પ્રમાણે મનુષ્ય જન્મમાં નીચ કુલ ભિલ્લ મલેચ્છ વિ. જાતિસંબંધી (જન્મનું) જાણવું.

અશુધ્ધ ધન :- પરદ્રોહ આદિ અન્યાયથી મેળવેલું, તેલ વિ. ના જેવું તે અશુધ્ધ ધન અને અશુધ્ધ ધર્મ તે કુપાત્રમાં દાન વિ. આપવું તે અશુધ્ધ ધર્મ કહેવાય છે.

કુધર્મ :- યજ્ઞાદિ અને દાવાનલ વિ. હિંસા વિ. થી અને દુર્ગતિના લાખો કારણો વાળો હોવાથી તે કુધર્મ છે. તે વળી વિષ તુલ્યજ છે. ગોળ જેવો નથી. તેવીરીતે નીચ કુલ વિ. ના યોગમાં વિવેકનો તો અભાવ જ હોય છે. આ પ્રમાણે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકની યોજના જાતે કરવી.

અહીંયા વર્તમાનમાં મ્લેચ્છ વિ. ના ઘણા દૃષ્ટાંતો જણાવ્યા છે. તથા બીજા નહિ એ પ્રમાણે સામાન્યપણે કહેવાથી એક એક વસ્તુથી રહિત પણ

તે પ્રાપ્ત થાય છે. તો પણ તે ધર્મ તેવી રીતે સૌંદર્યવાન બનતો નથી. તેમાં ઘણા ભાંગા છે.

તે આ પ્રકારે :- દલ, સ્નેહ (ઘી), ગુડ વેગર (દ્રાક્ષ વિ. મસાલો) એ પ્રમાણે આ ચાર પદ વડે કુલ, ધન, ધર્મ, વિવેક આ ચાર પદો વડે એક, દ્વિક, ત્રિક, ચતુષ્ક પ્રકારે ભેગાં થતાં પંદર અને ચારેનો અભાવ એ પ્રમાણે સોલ ભાંગા પ્રત્યેકના થાય છે. તે આ પ્રમાણે :- ચાર પદનો ૧ ભાંગો, ત્રણ પદના યોગે ૪, બે પદના યોગે ૬, ૧ પદના યોગે ૪ અને ૪ ના અભાવરૂપ - ૧.

હવે તેનો મંદ બુદ્ધિવાળાને સુખેથી બોધ થાય તે માટે સ્પષ્ટ કરતાં યંત્રને મૂકીયે છીએ.

–: લાડુના ભાંગા :–

ચારે શુધ્ધનો ભાંગો	૧	શુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ યુક્ત	દ્રાક્ષાદિ સહિત
ત્રણના	૧	અશુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ યુક્ત	દ્રાક્ષાદિ સહિત
યોગે	૨	શુધ્ધ આટો	અશુધ્ધ ઘી અથવા તેલ	ગળપણ યુક્ત	દ્રાક્ષાદિ સહિત
ચાર	૩	શુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ રહિત	દ્રાક્ષાદિ સહિત
ભાંગા	૪	શુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ સહિત	દ્રાક્ષાદિ રહિત
બેના	૧	શુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ રહિત	દ્રાક્ષાદિ રહિત
યોગે	૨	શુધ્ધ આટો	અશુધ્ધ ઘી અથવા તેલ	ગળપણ સહિત	દ્રાક્ષાદિ રહિત
છ	૩	શુધ્ધ આટો	અશુધ્ધ ઘી અથવા તેલ	ગળપણ રહિત	દ્રાક્ષાદિ સહિત
ભાંગા	૪	અશુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ સહિત	દ્રાક્ષાદિ રહિત
	૫	અશુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ રહિત	દ્રાક્ષાદિ સહિત
	૬	અશુધ્ધ આટો	અશુધ્ધ ઘી અથવા તેલ	ગળપણ સહિત	દ્રાક્ષાદિ સહિત
એકના	૧	શુધ્ધ આટો	અશુધ્ધ ઘી	ગળપણ રહિત	દ્રાક્ષાદિ રહિત
યોગે	૨	અશુધ્ધ આટો	શુધ્ધ ઘી	ગળપણ રહિત	દ્રાક્ષાદિ રહિત
ચાર	૩	અશુધ્ધ આટો	અશુધ્ધ ઘી	ગળપણ સહિત	દ્રાક્ષાદિ રહિત
ભાંગા	૪	અશુધ્ધ આટો	અશુધ્ધ ઘી	ગળપણ રહિત	દ્રાક્ષાદિ સહિત
ચારેના અભાવનો ભાંગો	૧	અશુધ્ધ આટો	અશુધ્ધ ઘી	ગળપણ રહિત	દ્રાક્ષાદિ રહિત

–: મનુષ્ય જન્મના ભાંગા :–

ચાર ભાવ નો	૧	ઉત્તમકુલ	સુ. (શુધ્ધ) ધનવાળા	શુધ્ધધર્મી	વિવેક સહિત	શ્રી અભયકુમાર મંત્રીની જેમ
ત્રણના	૧	અનુત્તમ કુલ	સુધનવાળા	શુધ્ધધર્મી	વિવેક સહિત	કાલસૌકરિકનો પુત્ર સુલસ, આર્દ્રકુમાર વિ. ની જેમ
યોગે	૨	ઉત્તમ કુલ	અશુધ્ધધનવાળા (નિર્ધન)	શુધ્ધ ધર્મી	વિવેક સહિત	સૌરાષ્ટ્રનો શ્રાવક
ચાર	૩	ઉત્તમ કુલ	સુધનવાળા	અધર્મી	વિવેક સહિત	આ ભંગ હોતો નથી ધર્મ રહિતમાં વિવેકનો સંબંધ નથી
	૪	ઉત્તમ કુલ	સુધનવાળા	શુધ્ધ ધર્મી	વિવેક રહિત	કુસંગતિથી ધર્મ વિરાધક નંદમણિકારાદિની જેમ.
બેના	૧	ઉત્તમ કુલ	સુધનવાળા	ધર્મ રહિત	વિવેક રહિત	તાપસ શ્રેષ્ઠિની જેમ.
યોગે	૨	ઉત્તમ કુલ	નિર્ધન	ધર્મ સહિત	વિવેક રહિત	યથાયોગ્ય દૃષ્ટાંતો કહેવા.
છ	૩	ઉત્તમ કુલ	નિર્ધન	ધર્મ રહિત	વિવેક સહિત	આ ભંગ હોતો નથી.
	૪	અનુત્તમ કુલ	સુધનવાળા	સુધર્મી	વિવેક રહિત	યથા યોગ્ય દૃષ્ટાંતો કહેવા.
	૫	અનુત્તમ કુલ	સુધનવાળા	અધર્મી	વિવેક સહિત	ભંગ હોતો નથી. (અધર્મી હોવાથી પ્રાયઃ આ ભંગ હોતો નથી.
	૬	અનુત્તમ કુલ	નિર્ધન	સુધર્મી	વિવેક સહિત	નિર્ધન હોવા છતાં ધર્મી હોવાથી વિવેકનું કારણ હોવા છતાં પણ અસત્ કલ્પનાથી (વાસ્તવિકતાથી રહિત) આ ભંગ શૂન્ય પ્રાયઃ (જેવો) છે.
એકના	૧	ઉત્તમ કુલ	નિર્ધન	અધર્મી	વિવેક રહિત	નિંદ્ય દૃષ્ટાંતો અહીયાં પણ પ્રત્યક્ષ છે.
યોગે	૨	અનુત્તમ કુલ	સુધની	અધર્મી	વેવેક રહિત	નિંદ્ય દૃષ્ટાંતો અહીંયા પણ પ્રત્યક્ષ છે.
ચાર	૩	અનુત્તમ કુલ	નિર્ધન	સુધર્મી	વિવેક રહિત	મધ્યમ દૃષ્ટાંતો પ્રત્યક્ષ છે.
	૪	અનુત્તમ કુલ	નિર્ધન	અધર્મી	વિવેક સહિત	ભંગ હોતો નથી.
ચારે ભાવનો અભાવ	૧	અનુત્તમ કુલ	નિર્ધન	અધર્મી	વિવેક રહિત	અત્યંત નીંદનીય દૃષ્ટાંતો પ્રત્યક્ષ છે.

તે આ રીતે :- આ ભાંગાને વિષે પ્રથમ અને છેલ્લા બે ભાંગા પહેલા વિચાર્યા છે. તે રીતે બાકી રહેલા ભાંગાની પણ વિચારણા કરવી. માત્ર **अस्नेहाः अगुल्याः** એ પ્રમાણે અહીંયા સર્વથા ઘી, ગુડ વિનાના લાડુ બનતા નથી તેથી ઘી ગોળનું અલ્પતરપણું જાણવું ઉદર વગરની કન્યા વિ. ની જેમ.

ઘી અને ખાંડ વગર તલનું તેલ, સરસવનું તેલ વિ. ની અશુભ ચીકાશ, ખરાબ ગોળની મીઠાશ જે રીતે યોગ્ય હોય તે રીતે વિચારવું. બાકીનું સ્પષ્ટ છે.

એ પ્રમાણે દૃષ્ટાંતની ઘટનામાં પણ અતિ અલ્પ ધન અને અતિ અલ્પ ધર્મ કદાચ હોય તો પણ તેમાં નિર્ધનપણું તથા નિર્ધર્મ પણું કહેવાય છે. તે યોગ્ય જ છે.

તથા જેમ ઘી અને ગુડ વિનાના મોદક (લાડવા) માં દ્રાક્ષ, ખારેક, ચારોળી વિ. નો સંભવ છે જ નહિ. તેવી રીતે ધન અને ધર્મ રહિત મનુષ્યમાં વિવેકનું આવવું પણ અસંભવજ છે. ઈતિ.

તથા તેલ, ઘી ગુડ વિ. ગળપણથી ભરેલા પણ લાડુમાં દ્રાક્ષ વિ. નું હોવું અસંભવ છે.

એ પ્રમાણે તેલ વિ. ની ઉપમા જેવું ધન અને ગુડાદિના ગળપણની ઉપમા જેવા ધર્મવાળામાં પણ વિવેકનો સંભવ જ નથી. વળી તેલ વિ. ની ચીકાશવાળા લાડવામાં જેવી રીતે ગોળ ખાંડ વિ. (નથી એમ કહેવા છતાં પણ) ના ત્યાગથી કંઈક ગુડ વિ. સંભવે છે. તેવીરીતે તેલાદિ સ્નેહની ઉપમા સમાન ધનથી ભરેલાઓમાં પ્રાયઃ કરીને ધર્મ પણ ગુડાદિની જેમ સંભવે છે.

હવે અહીંયા પણ દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકની યોજના કરવી તે આ પ્રમાણે :- જેવીરીતે તેલાદિની ચીકાશથી બનાવેલા લાડવા લોકોમાં નિંદવાને યોગ્ય બને છે.

એ પ્રમાણેદલ (લોટ) વિ. ની શુધ્ધિ રૂપે ઉત્તમ દલમાં તેલ વિ. ના યોગથી તો વિશેષ રૂપે નિંદ્યપણું પામે છે. અને પ્રાયઃ કરીને તે લાડવા

મગના આટા વિ. ના દલથી બનેલા જ હોય છે. અને તેનો આસ્વાદ પણ કડવો (તૂરો) ભાવે નહિ તેવો હોય છે. તેલની તેવા પ્રકારની પ્રકૃતિ છે. પરિણામમાં પણ પિત્તાદિ વિકારને કરે છે. કહ્યું છે કે :- તલનું તેલ, કળથી, વાલ, કાલિંગડા, મૂળો, ભેંસનું દહીં અને વેંગણ આ આઠ કોઢનું કારણ છે. અને તેમાં જો ગળપણ થોડું હોય તો ગુડ વિ. સંભવે જ છે. અને તે તેલ આદિના મિશ્રણ (યોગ) થી ઉત્પન્ન થયેલા પિત્તાદિના વિકારને પણ શમાવવા માટે સમર્થ બનતા નથી તેવા પ્રકારના લાડવામાં વેગર વિ. (દ્રાક્ષાદિનો મસાલો વિ.) નો સંભવ નથી તેની પહેલા વિચારણા કરેલી જ છે. તથા તેવીરીતે તેલ સમાન પરદ્રોહાદિ અન્યાયથી મેળવેલા ધનથી શ્રીમંત બનેલા લોકો લોકોમાં પ્રાયઃ નિંદ્યતાને પામે છે અર્થાત્ નીંદનીય બને છે.

વળી ઉત્તમ કુલમાં જન્મેલાઓ તેવા પ્રકારના ધનને ભોગવતા વિશેષ નિંદાને પાત્ર બને છે. અને અન્યાયથી મેળવેલ ધન પણ ભોગવતા એવા તેઓને તેવા પ્રકારના રસમાં આનંદ, ઉલ્લાસ (મજા), આપતું નથી. તે ધનનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી મજા આપતું નથી ઉલટું જોવાથી સ્પર્શ વિ. કરવાથી પણ તેવા પ્રકારની અનર્થ કરનારી બુધ્ધિ આપનાર થાય છે.

બે ભાઈઓએ ઉપાર્જેલ ધનવાળી નળીની જેમ રાજદંડ, ચોર, અગ્નિ, વિ. ના ઉપદ્રવની બહુલતા વિ. દુઃખને આપનારા થાય છે. અને અહીંયા પણ અશુધ્ધ વ્યવહારની અવસ્થામાં રહેલા હેલા શ્રેષ્ઠિ આદિની જેમ ધન દુઃખને આપનાર બને છે?

તેવા પ્રકારના ધનવાનોને ધર્મ પ્રાયઃ કરીને દુઃસંભવ છે. અર્થાત્ દુઃખે કરીને પ્રાપ્ત થાય છે. વલ્લભીપુરના ભંજક રંક શ્રેષ્ઠિ આદિ ને જેમ દુઃસંભવ થયો અને જો કદાચ કોઈમાં સંભવે તો પણ પ્રાયઃ આલોકનું માન મોટાઈ સુખ સંતાનાદિ ફલની ઈચ્છા આદિથી કલૂષિતજ (ધર્મ) હોય છે.

અને તેવા પ્રકારના તે ધર્મથી ધન મેળવવામાં અન્યાય વિ. કુકર્મથી ઉત્પન્ન થયેલ જે પાપ તે પણ કાઢવા માટે સમર્થ થતું નથી બીજા પાપની વાત તો દૂર રહો.... ॥ કહ્યું છે કે :- પરદ્રવ્યનું હરણ કરીને જે જિન પૂજા કરે છે તે ચંદનના વૃક્ષને બાળીને કોલસાનો વેપાર કરે છે. ॥૧॥

વળી તેવા પ્રકારના ધનથી મેળવેલા આહારના પીંડથી પુષ્ટ થયેલા શરીરવાળા એવા તેઓને વિવેક દુઃસંભવ જ છે.

આગમમાં કહ્યું છે કે :- (સર્વજ્ઞભ. ને કહ્યું છે કે) વ્યવહાર શુધ્ધિ ધર્મનું મૂલ છે. વ્યવહાર શુધ્ધિથી સંસારમાં ધનની શુદ્ધિ થાય છે. અને શુધ્ધ ધન થી આહાર શુધ્ધ બને છે. આહારની શુધ્ધિથી દેહની શુધ્ધિ થાય છે. ॥૨॥ અને દેહની શુધ્ધિથી ધર્મને યોગ્ય થાય છે. તેથી જે જે કંઈ કાર્ય કરે છે. તે તેને સફળ થાય છે. ॥૩॥ આથી વ્યવહાર શુધ્ધિથી મેળવેલા ધનવાળાઓને જ વિવેક સંભવે છે. દૃષ્ટાંતો યથાયોગ્ય સ્થાને જાતે વિચારવા (યોજવા).

શિવ અને શિવદત્તની કથા

ધનવાળી નળીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે. :- ઉજ્જયની નગરીમાં દરિદ્રપણાને પામેલા શિવ શિવદત્ત નામના બે વણિક પુત્રો હતા એક વખત ધન મેળવવા માટે સૌરાષ્ટ્ર દેશમાં ગયા ઘણું ધન મેળવ્યું તે ધનને નળીમાં નાંખીને કેડ પર બાંધ્યું વારાફરતી તે ઉંચકતા પોતાના ગામ તરફ ચાલવા લાગ્યા પછી તે ધનને (નળીને) કમ્મર પર બાંધે છે. ત્યારે તેના બીજા ભાઈને હત્યા કરવાની ઈચ્છા થાય છે. ક્રમે કરીને નગરની બહાર આવ્યા ત્યારે શિવે પોતાની પાસે રહેલું તે ધન દુષ્ટ પરિણામનું કારણ છે. એમ કહીને નદીની મધ્યમાં નાંખી દીધું અને ભાઈને કહ્યું તેથી ઉત્પન્ન થયેલા શુધ્ધ મનના પરિણામવાળા નિર્ધન થઈ (દરિદ્ર અવસ્થામાંજ) ઘરે આવ્યા આ બાજુ તે નળી માછલું ગળી ગયું હતું. તે માછલું માછીમારે પકડ્યું અને શિવ અને શિવદત્તની બેનના હાથમાં વેચાતું આવી ગયું અને તે પછી તેણીએ ભાઈની મહેમાનગિરિ માટે રસોડામાં જ્યાં તે છેદે છે. તેટલામાં એક નળી જોઈ અને એકદમ સંતાડી દીધી તેને અચાનક જોઈ માતા આશ્ચર્ય પૂર્વક બોલી આ શું છે ? તેણીએ કહ્યું કંઈ નહિ તે પછી માતા તેની નજીકમાં આવી તેટલામાં લોભથી અંધ બનેલી તે પુત્રીએ માને છરીથી હણી નાંખી તે જોઈને બન્ને

ભાઈઓ એકાએક ત્યાં આવ્યા તેથી પોતાના પાપની શંકાવાળી સત્વરે ઉઠવા જતાં તેના ખોળામાંથી નળી નીચે પડી. તેને જોઈને તે બંને એ વિચાર્યું ઓહ આ તે જ મહા અનર્થનું કારણ થયું છે. પછી વૈરાગ્ય પૂર્વક તે બંનેએ દિક્ષા ગ્રહણ કરી ભવનો પાર પામ્યા ઈતિ શિવ અને શિવદત્ત ના ધનલોભ વિશેની કથા થઈ.

હેલા શ્રેષ્ઠિની કથા

હેલા શ્રેષ્ઠિની કથા આ પ્રમાણે :-કોઈક એક ગામમાં હેલા નામનો શ્રેષ્ઠિ અને હલી નામે તેની પત્ની અને ભાલક નામનો તેનો પુત્ર રહેતો હતો તે શ્રેષ્ઠિ મીઠા વચન, ખોટા તોલમાપ, નવા જુના વિ. ની ભેળસેળ, રસમાં ફેરફાર, ચોરે ચોરેલું લેવા વિ. ના પાપ વ્યાપાર વડે ભોળા લોકોને ઠગવાની વૃત્તિથી (ઠગવા વડે) ધનને મેળવે છે. ભેગું કરે છે અને તે ધન મલવા છતાં પણ વર્ષને અંતે ચોર, અગ્નિ, રાજા વિ. થી નાશ પામે છે. એક વખત બીજા ગામમાં રહેતા શ્રાવકની પુત્રી સાથે પુત્રને પરણાવ્યો વહુ ધર્મને જાણનારી શ્રાવિકા હતી. ઘરની નજીકમાં આવેલી દુકાનમાં બેઠેલા શ્રેષ્ઠિ માલ ખરીદવાના વખતે પહેલા કરેલા સંકેત પ્રમાણે પાંચ પોકર, ત્રણ પોકર નામના માપના સબંધથી પુત્રને પણ પાંચ પોકર ત્રણ પોકર રૂપ બીજા નામથી બોલાવે છે. તેણે વેપાર સબંધી બધી વાત ખુલ્લી કરીને કહી - પછી ધર્મની અર્થી એવી તે વહુએ શ્રેષ્ઠિને વિનંતી કરી કે આ રીતે પાપ વ્યાપારથી મેળવેલું ધન આપણને ધર્મ માટે થતું નથી ભોગને માટે પણ થતું નથી ઘરમાં પણ ટકતું નથી (સ્થિર થતું નથી) તેથી ન્યાય પૂર્વક ધન મેળવવું કલ્યાણકારી છે. ત્યારે (શ્રેષ્ઠિએ કહ્યું ન્યાયપૂર્વકના વ્યાપારથી આપણો વ્યવહાર કેવીરીતે ચાલે ? વહુએ કહ્યું :- શુધ્ધ વ્યાપારથી મેળવેલું થોડું પણ ઘણું ટકે છે. સુક્ષેત્રમાં વાવેલા બીજની જેમ, દાનમાં આપેલું ધન પણ બહુફલને આપે છે. ભોગાદિની પ્રાપ્તિથી નિઃશંક પણે મનને સુખ અને સમાધિની પ્રાપ્તિ થાય છે. જો તમને

વિશ્વાસ ન હોય તો છ માસ સુધી ખરાબ નીતિને છોડી ધન પ્રાપ્ત કરો તે પછી શ્રેષ્ઠિએ વહુના વચનથી તે પ્રમાણે કર્યું છ મહિનામાં પાંચશેર પ્રમાણ સુવર્ણ મેળવ્યું સત્યવાદિપણા વિ. કરીને લોકમાં કીર્તી થઈ ને બધાને વિશ્વાસને પાત્ર થતાં તેથી ગ્રાહકો બીજાની દુકાનો છોડીને પ્રાયઃ તેનીજ દુકાને જ વ્યાપાર માટે આવે છે. પછી વહુના કહેવાથી પરીક્ષાને માટે શ્રેષ્ઠિએ તે સુવર્ણની પોતાના નામથી અંકિત પાંચશેરી બનાવી અને ચામડામાં વીંટાળી રાજમાર્ગમાં મૂકી દીધી પછી કોઈએ તેને તળાવમાં નાખી દીધી માછલું તે ગળી ગયું અને તે જાલમાં પકડાયું તેના પેટને ચીરતા તે પાંચ શેરી નીકળી અને માછીમારે હેલા શ્રેષ્ઠિની દુકાનેજ તે વેચી તેથી વહુના વચનમાં શ્રેષ્ઠિને વિશ્વાસ બેઠો ત્યારબાદ ન્યાયપૂર્વક વ્યાપાર કરતાં શ્રેષ્ઠિ મોટી ઋધ્ધિનું પાત્ર (માલિક) બન્યો.

ઈતિ રંક શ્રેષ્ઠિની કથા તો પ્રસિધ્ધજ છે.

શ્લોકાર્થ :- હે ભવ્યો ! સુંદર લાડુની જેમ સુકુલ અને ઋધ્ધિ (સમૃદ્ધિ) થી યુક્ત માનવ જન્મ પામીને સૌભાગ્યવાળા ધર્મ અને વિવેકના સુંદર સંયોજન થકી મોહ ઉપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે પ્રયત્ન કરો.....

ઈતિ મધ્યાધિકારે પ્રથમ અંશે

॥ તરંગ ૯ મો પૂર્ણ ॥

હવે બીજી રીતે મોદક (લાડવા) ના દ્રષ્ટાંત વડે ઉપદેશ આપે છે.

શ્લોકાર્થ :- (૧) સુદલ (૨) સ્નિગ્ધ (૩) મીઠાશ (ગળપણ) વડે બીજા પણ આઠ મોદકો થાય છે.

તેવીરીતે શુભાશુભ કર્મના ઉદયથી (૧) કુલ (૨) ધન અને (૩) ધર્મ વડે આઠ પ્રકારે નરજન્મ થાય છે.

વ્યાખ્યા :- જેવી રીતે સુદલવાળા ઘી અને ગળપણથી યુક્ત લાડવા હોય છે. અને એ પ્રમાણે બીજા પણ આઠ પ્રકારે લાડુ થાય છે. તેવી રીતે કુલ, ધર્મ, ધન સહિત અને ધન રહિત આઠ પ્રકારનાં મનુષ્ય જન્મ હોય છે. તે શુભાશુભ કર્મોના ઉદયમાં આવવાનાં કારણે યથા યોગ્ય આઠ પ્રકારના થાય છે. એ પ્રમાણે અન્વય થયો. ધનનું ઉપલક્ષણથી રાજ્ય, વૈભવ વિગેરે પણ ગ્રહણ કરવું. તેમાં ત્રણ પદોનો વિસ્તાર કરવાથી આઠ પ્રકારે થાય છે. તે આ પ્રમાણે :-

ત્રણ યોગે એક, બેનાં યોગથી ત્રણ, એકનાં યોગે ત્રણ અને ત્રણનો અભાવ (રહિતપણું) એ પ્રમાણે આઠ પ્રકાર હોય છે. (સમજવા) આની વિચારણા પૂર્વની જેમ વિચારવી પરંતુ વેગર (દ્રાક્ષાદિ મસાલો) અહીં ન લેવો દ્રષ્ટાંત અને દ્રાષ્ટાંતિકની યોજના યંત્રથી જાણી લેવી.

–: મનુષ્ય જન્મના ભાંગા :–

૧ સારો આટો	શુધ્ધ ઘી અને	ગળપણ યુક્ત	લાડવાની જેમ	સુકુલવાળા	ધનવાળા અને	ધર્મવાળા	કોઈક	૧ શ્રી કુમારપાલ રાજાની જેમ અને આનંદાદિશ્રાવકની જેમ
૨ ખરાબ આટો (મગ. વિ. નો)	શુધ્ધ ઘી અને	ગળપણ યુક્ત	લાડવાની જેમ	હીન કુલવાળા	ધનવાળા અને	ધર્મવાળા	કોઈક	૨ કાલસૌકરિકના પુત્ર સુલસ વિ. જેમ
૩ સારો આટો	અલ્પ ઘી અથવા અલ્પ ઘી, તેલ અને	ગળપણ યુક્ત	લાડવાની જેમ	સુકુલવાળા	નિર્ધન અને	ધર્મવાળા	કોઈક	૩ સૌરાષ્ટ્રના શ્રાવક ની જેમ
૪ સારો આટો	શુધ્ધ ઘી અને	ગળપણ રહિત	લાડવાની જેમ	સુકુલવાળા	ધનવાળા અને	અધર્મવાળા	કોઈક	૪ બ્રહ્મદત્ત ચક્રિ, તાપસ શ્રેષ્ઠિ વિ. ની જેમ
૫ સારો આટો	અલ્પ ઘી અથવા ખરાબ ઘી, તેલ અને	ગળપણ રહિત	લાડવાની જેમ	સુકુલવાળા	નિર્ધન અને	અધર્મવાળા	કેટલાક	૫.....
૬ ખરાબ આટો (મગ. વિ. નો)	ઘણું ઘી અને	ગળપણ રહિત	લાડવાની જેમ	હીન કુલવાળા	ધનવાળા અને	અધર્મવાળા	કેટલાક	૬ કાલ સૌકરિકની જેમ વર્તમાનકાલે તેના જેવા મ્લેચ્છાદિની જેમ
૭ ખરાબ આટો એટલે કે મગ વિ.નો	અલ્પ ઘી અથવા ખરાબ ઘી, તેલ અને	ગળપણ યુક્ત	લાડવાની જેમ	હીનકુલવાળા	નિર્ધન અને	ધર્મવાળા	કેટલાક	૭
૮ ખરાબ આટો એટલે કે મગ વિ.નો	અલ્પ ઘી ખરાબ ખરાબ ઘી, તેલ અને	ગળપણ રહિત	લાડવાની જેમ	હીનકુલવાળા	નિર્ધન અને	અધર્મવાળા	કેટલાક	૮

આ આઠ પ્રકારના લાડવામાં ગળપણથી સહિત છે. તે જ યોગ્ય છે. તે ખાનારા ને મુખ (શરુઆત)માં સ્વાદ આવે છે. અને પરિણામે પણ પુષ્ટિ આદિ ગુણનું કારણ છે. જેટલું જેટલું ગળપણ વિ. તેટલું -તેટલું રસનું અધિકપણું જાણવું. વળી, ગળપણ રહિત તે મુખે પણ સ્વાદવાળો નથી હોતો. પરિણામે પણ પાચન થવામાં તેવા પ્રકારનું ગુણનું કારણ થતું નથી. અર્થાત્ અજીર્ણ થાય છે. (પાચન થતું નથી) એ પ્રમાણે નર જન્મ પણ સુકુલ ધનયુક્ત આદિનો યોગ મળવા છતાં પણ ધર્મસહિત જ આલોકમાં પ્રશંસનીય થાય છે. અને પરલોકમાં ઉત્તરોત્તર સુખ-સમૃધ્ધિનું કારણ બને છે. વળી, ધર્મથી રહિત અહીંયા પણ સજ્જનો વડે પ્રશંસાપાત્ર બનતો નથી. અથવા, નિંદા વગેરે પામે છે. અને પરલોકમાં પણ દુર્ગતિના લાખો દુઃખનું કારણ બને છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ વિગેરેની જેમ ઈતિ અથવા (૧) સુદલા (૨) સ્નેહા (૩) ગળ્યા (ગોળવાળા) અને વિપરીત જેવી રીતે એ છ પ્રકારે લાડુ થાય છે. તેવી રીતે (૧) કુલ (૨) ધન (૩) ધર્મથી સહિત મનુષ્યજન્મ કર્મથી પ્રાપ્ત થાય છે. ॥૧॥ એ પ્રમાણેનો પાઠ છે. વ્યાખ્યા પૂર્વની જેમ, પરંતુ લાડવા છ પ્રકારે છે. તેમાં કેટલાંક (૧) સારા આટાની શુધ્ધિવાળા દલથી નિષ્પન્ન (બનેલાં) સુદલવાળા (૨) મગ વિગેરેના આટાથી બનેલાં હીન દલવાળા વળી, (૩) બીજાં ઘણાં ચીકાશ (ઘી) થી યુક્ત ચીકાશવાળા એટલે કે સ્નિગ્ધ (૪) વળી, તેનાથી વિરુધ્ધ એટલે કે તેલાદિ ચીકાશવાળા અથવા અલ્પ ચીકાશવાળા હોવાથી અસ્નિગ્ધ (ચીકાશ વગરનાં) (૫) ઘણી સારી ખાંડથી ભરેલા ગળપણવાળા અને (૬) તેનાથી વિપરીત ખાંડ (ગળપણ) વિનાના ઈતિ તેવી રીતે (૧) ઉત્તમ કુલવાળા (૨) હીન કુલવાળા (૩) ધનવાળા (૪) અધની (ધન વગરનાં) (૫) સુધર્મવાળા (૬) અધર્મ (ધર્મ વગરનાં) એ પ્રમાણે ૬ પ્રકારે મનુષ્ય જન્મ પણ કર્મ વડે પ્રાપ્ત થાય છે. પરંતુ સુકુલ વિગેરેનો યોગ હોવા છતાં પણ ધર્મથી જ તેઓની સાર્થકતા (સારતા) છે. ગળપણથી જેમ લાડવાની સાર્થકતા છે તેમ, તેથી ધર્મમાંજ એક પ્રયત્ન કરવો જ યોગ્ય છે. ઈતિ.

શ્લોકાર્થ :- એ પ્રમાણે લાડવાના દ્રષ્ટાંતથી હે ભવ્યો ! બે પ્રકારનાં (રાગ અને દ્વેષ રૂપી) શત્રુ પર જયરૂપ લક્ષ્મી માટે ઉત્તમ નર જન્મનું સારપણું ધર્મથી જ છે. એમ વિચારી શુધ્ધ ધર્મને હૃદયસ્થ કરવો. ॥૧॥

ઈતિ તપાગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત શ્રી ઉપદેશ રત્નાકર ગ્રંથનાં **મધ્યમાધિકારે પ્રથમ અંશે** નર જન્મનાં ઉદ્દેશથી ધર્મોપદેશ નામનો

॥ ૧૦ મો તરંગ સંપૂર્ણ ॥

મધ્યાધિકારે અંશ-૨, (તરંગ-૧)

શ્લોકાર્થ :- હે ભવ્યો ! જયરૂપ લક્ષ્મી, વાંછિત સુખ, અનિષ્ટ હરણમાં અને આલોક અને પરલોકમાં હિતને માટે ત્રણલોકમાં સારભૂત જિનધર્મમાં ઉજમાળ બનો ॥૧॥

(૧) જિન વચન રૂપ અમૃત રસથી ભાવિત (૨) પાપભીરૂ (૩) સુધર્મમાં રંગ (૪) સમ્યકૂત્વ (૫) વ્રત (૬) આવશ્યકથી યુક્ત એવા ૬ પ્રકારનાં જીવો સુખનું ભાજન થાય છે.

જિનેશ્વર ભ. ના વચનરૂપી અમૃત રસથી પરિણામી થયેલો (જિનેશ્વરનાં વચનરૂપ અમૃતથી ભાવિત પણું) અને કર્મના ક્ષયોપશમથી જીવોનાં (૧) અભવિ (૨) દુર્ભવિ (૩) આસન્ન ભવિ (૪) આસન્નતર ભવિ (૫) આસન્નતમ ભવિ જીવો સિધ્ધપણાદિનાં કારણે પાંચ પ્રકારે થાય છે. તે ગાથાનું જ પ્રતિપાદન કરતાં દ્રષ્ટાંતો વડે કહે છે. (૧) તેલ અને પાણી (૨) લોખંડ અને અગ્નિ (૩) દૂધ અને પાણી (૪) પારો અને સુવર્ણ (૫) સિધ્ધ રસ (સુવર્ણ) અને લોખંડ જિનધર્મની ભાવનામાં રત ભાવિમાં સિધ્ધ થવાના કારણથી દ્રષ્ટાંતો કહ્યા છે.

ધર્મ :- સમ્યગ્ દર્શનાદિ રૂપ તેનાથી ઉત્પન્ન થયેલ જીવનું અન્તર શુધ્ધ ચારિત્રાવરણીય કર્મનાં ક્ષયોપશમ અનુસારે અનુષ્ઠાન સહિત, અથવા અનુષ્ઠાન રહિત પરિણામ વિશેષ ભાવના અને તેથી જીવોની ધર્મભાવના એટલે સુધર્મના વિષયમાં ભવિષ્યમાં શિવ મેળવવાનાં કારણે આ પ્રમાણે (૧) અભવ્ય (૨) દુર્ભવિ (૩) આસન્ન ભવિ (૪) આસન્નતર ભવિ (૫) આસન્નતમ ભવિ એ પ્રમાણે પાંચ પ્રકારના ભવિષ્યમાં શિવ પામવાના કારણે તેલ અને પાણી વિ. યુગલ રૂપે પાંચ દ્રષ્ટાંતો થાય છે. તે સાર છે.

હવે એને સ્પષ્ટ કરતી વ્યાખ્યા કરે છે. :- જેવી રીતે તેલ અને પાણી એક પાત્રમાં હોય છે. ત્યાં તે બે મળેલા દેખાય છે. પરંતુ પરસ્પર એકરૂપ થતાં નથી. પરંતુ જુદા જુદા જ હોય છે. પરંતુ કાર્ય આવ્યે જુદા કરવા માટે શક્ય બને છે. તેવી રીતે કેટલાક મનુષ્યોમાં શરીરરૂપ પાત્રમાં જીવ, શ્રુત, સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ અને છ પ્રકારનાં આવશ્યકાદિ અનુષ્ઠાન રૂપ ધર્મ હોય છે. અથવા એક જ જીવ રૂપ પાત્રમાં સત્ અસત્ ઉપયોગ રૂપ મન અને પહેલાં કહેલાં રૂપ ધર્મ હોય છે. અને ત્યાં તે બે દેખાય છે. પરસ્પર એક સંયોગવાળું નથી. પરસ્પર ભેગા નહિ થવાનાં સ્વભાવવાળા હોવાથી જુદા જ રહે છે. કારણ કે તેઓને ઘણું જ્ઞાન ભણ્યા હોવા છતાં પણ જીવમાં અથવા મનમાં જ્ઞાન અને અર્થની પરિણતિ રૂપ તત્ત્વની શ્રધ્ધા રૂપ સમ્યક્ત્વનો પરિણામ, ભવનો ભય, સમ્યક્ અનુષ્ઠાનમાં રૂચિ, સંયમવીર્યાદિ ઉત્પન્ન થતાં નથી જો કે તેઓ શ્રુતાદિ ભણે છે. ભણાવે છે. અને ઉપદેશ પણ આપે છે. ધર્માનુષ્ઠાન કરે છે, કરાવે છે. તો પણ જીવ કર્માદિથી કલુષિત અને મન દુર્વિકલ્પ, ભવતૃષ્ણાથી કલુષિત થાય છે. અને તે જીવો અગીયાર અંગ, પૂર્વમાં આવેલાં જ્ઞાનનું અધ્યયન, પાંચસો વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવામાં તત્પર અંગારમર્દકાચાર્ય, ઉદાયિરાજાની હત્યા કરનાર (વિનયરત્ન), શ્રી નેમિનાથ ભ. ને વંદન કરનાર (પાલક) શ્રી વીર પ્રભુનું વ્યાખ્યાન સાંભળવા માટે નિત્ય તૈયાર કાલસૌકરીક, કપિલાદિની જેમ પ્રાયઃ અભવ્ય થાય છે. શ્રી વીર પ્રભુની સેવાથી પ્રાપ્ત કરેલી તેજોલેશ્યાદિ શક્તિવાળો ગોશાળો, શ્રી કૃષ્ણ મ. ની સાથે અઢાર હજાર સાધુ ને વંદન કરનાર વીરક વિ. ની જેમ દુર્ભવ્ય પણ હોય છે.

''लोहानलेति'' જેવી રીતે ધમાવતી સમયે લોખંડ અને અગ્નિ એકબીજા સાથે મળી જાય છે. અને લોખંડનું પીગળવાપણું ક્ષણમાત્ર અગ્નિના વર્ણસમું અને ઉષ્ણતાદિથી યુક્ત થાય છે. ત્યારે ઘાટ ઘડવા વિ. ના કારણે મનુષ્ય સ્ત્રી વિ. રૂપ (ઘાટ) બનાવવા માટે શક્ય બને છે. પરંતુ માત્ર સ્વલ્પ કાળ માટે જ રહે છે. વળી, જલ અને કાદવનાં સંસર્ગથી અગ્નિની પરિણત ભાવનાને છોડી દે છે. અને કઠીન, કાળાવર્ણને અને ઘડાવાને યોગ્ય નહીં વિ. સ્વસ્વભાવને પાછા ગ્રહણ કરે છે.

તેવી રીતે કેટલાંક જીવો પૂર્વે પ્રાપ્ત થયેલા ધર્મવાળા હોવા છતાં પણ સદ્‌ગુરૂના ઉપદેશ શ્રવણ, સંવેગ (મુક્તિની અભિલાષા) વિ. પુણ્ય, પાપના ફલ, ઈષ્ટ-અનિષ્ટ સંયોગ પોતાનામાં અને બીજામાં રહેલાં સુખ અને દુઃખ વિ. ની વિચારણા વિ. જૈન ધર્મના રસ વડે ભાવિત થાય છે. મિથ્યાત્વ, આરંભ, ભવતૃષ્ણા, તેને અનુરૂપ અસત્ અનુષ્ઠાન (ક્રિયા) વિ. ખરાબ બોલવું. કદાગ્રહ અને અસત્ બોધ આદિ કઠિન (કઠોર) પણું છોડી દે છે, સમ્યક્‌ત્વ અને દેશવિરતિ કેટલાક સ્વીકારે છે. પરંતુ મોહનીય કર્મના ઉદય વિ. ના કારણે કેટલોક સમય / કાલ ગયા પછી સ્વભાવથી અથવા કુતીર્થીકાદિનાં કુસંસર્ગથી ફરી ધર્મના પરિણામ વિ. અને સ્વીકારેલી વિરતિ વિ. ને છોડી દે છે. અને આવા જીવો પ્રાયઃ કરીને દુર્ભવ્ય હોય છે. પરંતુ અર્ધ પદ્‌ગલ પરાવર્ત કાળમાં સિધ્ધિને પામે છે. (શ્રી ગૌતમસ્વામિથી પ્રતિબોધ પામેલા ખેડૂતની જેમ) લોખંડને તેવી જ રીતે વારંવાર (ફરીફરીને) નાંખવા અને કાઢવા વિ. થી વળી ફરી ફરી અગ્નિમાં પરિણામ પામવું અગ્નિનું ગ્રહણ કરવું. અને અગ્નિને છોડી દેવાનું કામ કરે છે. તે જ્યાં સુધી શસ્ત્રાદિ ઈષ્ટ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી આ રીતે લોખંડ અને અગ્નિને આશ્રયીને સિધ્ધર્ષિ વિગેરે નિકટ ભવ્યોના પણ દ્રષ્ટાંતો જાતે કહેવા સમજવા ॥૨॥

(૩) **પયજલેતિ** એક સાથે ભાજનમાં નાંખેલું દૂધ અને પાણી પરસ્પર ભેગું થવા થકી એવી રીતે મળે છે. કે તે જુદુ થતું નથી. અને કોઈનાથી પણ જુદુ કરી શકાતું નથી. પરંતુ જે રીતે ભેગું થાય છે. તેજ રીતે જ્યાં સુધી તેનો નાશ ન થાય અર્થાત્ યાવજ્જીવન (આ-જીવન) સુધી પણ તેજ રીતે રહે છે. માત્ર બે પ્રકાર વડે જુદુ પાડવાનું બને છે. (સંભવ છે.) રાજહંસની ચાંચ તેમાં પડવાથી દૂધ ફાટી જઈને જુદુ થાય છે. અને તે તે દૂધ પીએ છે અને પાણી પડ્યું રહે છે. કારણ કે તેની ચાંચમાં ખટાશનો ગુણ રહેલો છે. અને તેનો સંયોગ થવાથી દૂધ ફાટી જાય છે. એવો પૂર્વજનો (સજ્જનો) નો મત છે. આ તેઓનો પરસ્પર નાશનો (જુદા થવાનો) પહેલો પ્રકાર થયો તેવી રીતે અગ્નિ વડે ઉકાળવાથી પાણીનો નાશ થાય છે. અને દૂધ બાકી રહે છે. એ પ્રમાણે બીજો પ્રકાર થયો.

તેવી રીતે કેટલાંક જીવોને વિષે સદ્‌ગુરૂના ઉપદેશના શ્રવણ કરવા થકી, સમ્યગ્‌દર્શન, શ્રુત (જ્ઞાન), દેશવિરતિ, સર્વવિરતિ આદિ રૂપ ધર્મની પરિણતિ એવી રીતે થાય છે. કે જેવી રીતે તે બન્નેનું ઐક્યપણું દેખાય છે. અથવા પાણી અને દૂધની જેમ એકપણું થાય છે. અને તેઓના બધા જ અનુષ્ઠાનો વિ. ભાવરૂપ જ થાય છે. અને તે ઐક્યપણું વિઘ્ન ન આવે તો આજીવન સુધી રહે છે. અને વિઘ્ન આવે છતે (આવે તો) બન્ને પ્રકારથી ધર્મપરિણામના નાશથી, તે નાશ પામે છે. અને ધર્મપરિણામનો નાશ કુસંસર્ગથી થાય છે. જેવી રીતે નાસ્તિક મંત્રી (પુરોહિત) ના સંસર્ગથી પ્રથમ વાસુદેવ અશ્વગ્રીવનું સમ્યક્‌ત્વ મલિનતા ને પામ્યું મિથ્યાત્વી લોકોના સંસર્ગથી યશોધર રાજાનો ચારિત્રનો પરિણામ નાશ પામ્યો અથવા જે રીતે બૌધ્ધનાં સંસર્ગથી સુરાષ્ટ્ર શ્રાવકનું પક્ષપણામાં સમ્યગ્‌દર્શન નાશ પામ્યું કેટલાક રોગ વિ. ના તાપથી, અગ્નિના તાપ વિ. થી પાણીની જેમ ધર્મનો પરિણામ નાશ પામે છે. જેવી રીતે મરિચિનો રોગના કારણે ચારિત્રનો પરિણામ નાશ પામ્યો એ પ્રમાણે બીજા પણ દ્રષ્ટાંતો જાતે જ વિચારવા - કહેવા બન્ને પ્રકારની આપત્તિથી ધર્મ, સમ્યક્ત્વાદિ પરિણામ નાશ થતાં (થયે છતે) પૌષધમાં ચાર પ્રકારનાં આહારનું પચ્ચકખાણ કરનાર તૃષાનું અતિરેક પણું (અત્યંત તૃષાનાં કારણે) પાપી અને મિથ્યાદૃષ્ટિનાં સંસર્ગથી સમ્યક્‌ત્વાદિ પરિણામનાં ત્યાગી નંદમણિયારનું દ્રષ્ટાંત જાણવું.

અહીંયા દ્રષ્ટાંત અને દ્રાષ્ટાન્તિકની યોજનામાં (ઘટના કરતા) દૂધ અને પાણીનો સંયોગ થયે છતે રાજહંસની ચાંચના સંસર્ગથી ફાટી ગયેલા દુધને વિષે દૂધ સમ ધર્મ પરિણામ અને જલ સમ જીવ.

અગ્નિનાં તાપથી પાણી બળી જતાં નિર્મલ જલ સમાન ધર્મ પરિણામ જાણવો અને દૂધ સરિખો જીવ એ પ્રમાણે જાણવું અને પ્રાયઃ કરીને આ લોકો આસન્ન (નજીકમાં) મોક્ષે જનારા છે. ॥૩॥

पारयसुवन्नत्ति :- તાંબા વિ. ના અલંકાર અને કળશ વિ. ની ઉપર સુવર્ણના લેપ (ઢોળ) માટે સુવર્ણ અને પારાનું એક પણું કરાય છે. અને પારાના કારણે સુવર્ણ તાંબાના અલંકાર પર ચોંટી (લાગી) જાય છે. તેવા પ્રકારનાં સુવર્ણના ઢોળવાળા તે અલંકાર વિ. બધું પારાના મિશ્રણથી સફેદ

જ દેખાતું અગ્નિમાં નંખાય છે. (તપાવે છે) અને અગ્નિનાં તાપનાં કારણે પારો જતો રહે છે. અને આભૂષણ વિ. સુવર્ણના રંગ (વર્ણ)વાળા થાય છે. તે બન્નેના સંયોગના ઐક્યપણાની અવસ્થાને દૂર કરવા માટે શક્ય થતું નથી પરંતુ તે બન્નેનું એક સાથે જ વિનાશ થાય છે. પારો તો અગ્નિનાં તાપથી વિલિન (નાશ) થઈ જ ગયો છે. સુવર્ણ પણ તાંબાને લાગી ગયું હોવાથી મૂળરૂપથી તો વિનાશ જ પામેલું છે. જેવી રીતે દૂધ અને જલના દ્રષ્ટાન્તમાં એકનાં વિનાશે બીજાની સ્વાભાવિક સ્થિતિ (રહેવાપણું) રહે છે. તેવી રીતે અહીંયા નથી. એ પ્રમાણે પારા અને સોનાનાં દૂધ અને જલના દ્રષ્ટાન્તોમાં આટલો તફાવત છે.

એ પ્રમાણે કેટલાંક જીવોની દર્શન, વિરતિ આદિ રૂપ સમ્યક્ ધર્મભાવના પરસ્પર ઐક્યપણાને પામેલી આજીવન સુધી જતી જ નથી. કુસંસર્ગ, વિપત્તિ આદિથી પણ જેવીરીતે આભૂષણ રૂપ બનેલું સુવર્ણ અગ્નિનાં તાપ ને પામેલું હોવા છતાં પણ કેટલાંક કાલ સુધી પારાની ભાવનાને (પારાપણાને) છોડતું નથી તેવી રીતે ભવાન્તરમાં પણ કેટલાંક દેવો વિ. સમ્યગ્દર્શન વિ. ની લેશ્યાને (પરિણામ ને) છોડતાં નથી. અને તેઓ જો દેશવિરત્તિવાળા હોય તો તે નિશ્ચિત શ્રાવકો છે. અને જો સર્વ વિરતિ વાળા હોય તો નિશ્ચિત સાધુઓ છે. કારણ કે સામગ્રીનાં અભાવમાં દુઃખમાં અને સુખમાં કુસંસર્ગનો સંગ થવા છતાં પણ ધર્મભાવને છોડતાં નથી. તેઓને નિશ્ચયથી શ્રાવક અથવા સાધુ સમજવાં, અને તે ભવ્યો ખૂબ નજીકમાં સિધ્ધપદને પામનારા જ હોય છે. પ્રાયઃ કરીને ત્રણેક ભવમાં અથવા સાત વિ. ભવમાં મોક્ષપદને પામે છે. આનંદ વિ. દશ શ્રાવક, ભદ્રનંદિકુમાર, શ્રી વીરપ્રભુથી પ્રતિબોધ પામેલાં ધન્યકુમાર, મેઘકુમાર વિ. ની જેમ, અથવા શ્રી ચંદ્રપ્રભુ, શ્રી મુનિસુવ્રત સ્વામી વિ. ના પૂર્વભવ વિ. ની જેમ. ॥૪॥

(૫) **રસલોહેત્તિ** :- જેવી રીતે સિધ્ધરસનાં યોગે કરીને લોખંડ સોનું બને છે. અને તે લોખંડ આદિ રૂપ સિધ્ધરસનાં કારણે (મિલનથી) બનેલા સુવર્ણપણાના કડા, કુંડલ, મુગટ, કલશ વિ. બીજા પરિણામ (ઘાટ)માં પણ સુવર્ણપણાને છોડતા નથી. તેવી રીતે કેટલાંક જીવો સમ્યક્ત્વ દેશવિરતિ આદિ ભાવનાને ભવાન્તરમાં પણ છોડતાં નથી અને તેઓ વધુ નજીકમાં

(આસન્નતમ) જ સિધ્ધપદ ને પામનારા બને છે. અને તે જો ક્ષાયિકસમ્યક્ત્વ ધરનારા, પૂર્વે આયુષ્ય બંધાયેલું હોય તો નિશ્ચિત ત્રણ અથવા ચાર દેવોના અને મનુષ્યના ભવ કરવા વડે (કરીને) સિધ્ધિપદને પામે છે.

કહ્યું છે કે :- ત્રીજા ચોથા ભવે તેઓ દર્શન સપ્તક (સમ્યક, મિશ્ર અને મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુંબંધીના ચાર કષાય) નો નાશ થયે છતે સિધ્ધપદને પામે છે. અને જે અસંખ્યાત આયુષ્યવાળા દેવ અને મનુષ્યના ૩ ભવ કરીને ચરમદેહવાળા થાય છે. નાશ થયેલા સપ્તકવાળા ત્રીજા-ચોથા અથવા તેજ ભવમાં મોક્ષમાં જાય છે.

તે આવી રીતે :- પૂર્વે આયુષ્યનો બંધ કરેલા નાશ પામેલાં સપ્તકવાળાં દેવગતિ અથવા નરકગતિમાં જઈને ત્રીજા ભવે સિધ્ધ થાય છે. જો તિર્યંચ ગતિમાં કે મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય તો અસંખ્યાત આયુષ્યવાળામાં જ ઉત્પન્ન થાય છે.

પછી દેવપણામાં, ત્યાંથી ચ્યવીને, ચોથા મનુષ્ય ભવમાં સિધ્ધ થાય જ છે જેણે આયુષ્ય બાંધ્યુ નથી તેવા તે જ ભવમાં શ્રેણીને સંપૂર્ણ કરીને સિધ્ધ થાય છે. એ પ્રમાણે પંચસંગ્રહની વૃત્તિમાં અને સપ્તતિકાની વૃત્તિમાં કહ્યું છે. અને અત્યંત નજીકમાં (આસન્નતમ) સિધ્ધપણું ક્ષાયિક સમ્યકત્વવાળાને ઉત્કૃષ્ટથી કંઈક અધિક ૩૩ સાગરોપમની અંદર સિધ્ધિને પામતો હોવાથી આસન્નતમ સિધ્ધિપણું કહ્યું છે. કહ્યું છે કે ઉપશમનું અંતમહુર્ત, સાસ્વાદન અને વેદકનો છ આવલીનો સમય છે. તેત્રીસ સાગરોપમથી કંઈક અધિક ક્ષાયિક સમ્યક્ત્વનો અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો ૬૬ સાગરોપમનો સમય છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો હોવાં છતાં પણ મનુષ્યભવમાં દેશવિરતિને અથવા સર્વવિરતિને સ્વીકારનારો, સિધ્ધરસથી સુવર્ણમય બનેલા લોખંડના દ્રષ્ટાંતની જેમ નહિ પડેલા સમ્યક્ત્વવાળા નિશ્ચિત સાતમે ભવે સિધ્ધ થાય છે. અને તેઓ દેવ અને મનુષ્ય ભવમાંજ ઉત્પન્ન થાય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાનું કંઈક અધિક ૬૬ સાગરોપમની સ્થિતિ હોવાથી દેવ અને મનુષ્ય ભવમાંજ ઉત્પન્ન થાય છે. તેની પૂર્તિ આ પ્રમાણે છે. (તે કેવી રીતે છે તે કહે છે) :- બે વાર વિજયાદિમાં અથવા ત્રણ વાર અચ્યુત (૧૨ મા)

દેવલોકમાં જઈને અધિકમાં મનુષ્યપણું સમજવું. વિવિધ જીવોને આશ્રયીને સર્વકાલ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સમજવું. દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ સ્વીકારેલા અનુષ્ઠાનો ભવાન્તરે સાથે જતાં નથી.

કહ્યું છે કે :- ગ્રહણ કરેલા મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરત સમ્યક્ત્વ સાથે બાકીના અગિયાર ગુણઠાણા છોડીને જીવો પરલોકમાં જાય છે.

પૂર્વભવમાં અતિ બહુમાન, રૂચિ, આરાધના વિ. કરવાના કારણે ઉત્પન્ન થયેલા (પડેલા) પરિણામ અને સંસ્કાર રૂપ દેશવિરતિ અને સર્વવિરતિની ભાવના પણ ભવાન્તરે સાથે જાય છે. - આવે છે. અને તે કારણે ભવાન્તરમાં તેને (દેશવિરતિ અથવા સર્વવિરતિને) જલ્દી ગ્રહણ કરવાની ઈચ્છા થાય છે. અથવા શિઘ્ર ગ્રહણ કરે છે. તે કારણે ત્રીજા ભવે અથવા તેજ ભવમાં જીવો સિધ્ધિપદને પામે છે.

દા.ત. સુદર્શન શ્રેષ્ઠિ વિ.શ્રી ગૌતમ સ્વામિના વચન સાંભળવાથી તિર્યગ્જૃંભક દેવભવમાં પ્રાપ્ત કરેલા સર્વવિરતિ પ્રત્યે બહુમાનના ધારક વજ્રસ્વામિ, શિવકુમારનાં ભવમાં આરાધેલ ભાવ ચારિત્રવાળા શ્રી જંબુસ્વામિ, પૂર્વભવમાં સમ્યક્ત્વ, અને ચારિત્રની આરાધનાના કારણે ઉત્પન્ન થયેલ રૂચિથી વિવાહ લગ્ન સમયે ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન ગુણવાળા ગુણસાગરકુમાર, તેની આઠ પત્નિઓ, ગૃહસ્થવેષમાં ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનવાળા કૂર્માપુત્ર, શ્રી ભરતચક્રવર્તિ તેની પરંપરામાં થયેલ રાજાઓ, શ્રી રામ, રાજા લક્ષ્મણ, ભાઈ ભરત વિ. અને ગણધર વિ.ના દ્રષ્ટાંતો જાણવા ॥૫॥

શ્લોકાર્થ :- હે ભવ્યો ! જો શિઘ્ર મુક્તિ માટે ઉપસ્થિત (ઈચ્છાવાળા)થયા હો તો આ પાંચે ધર્મ ભાવનાઓ સાંભળીને ઉત્તરોત્તર ચડીયાતી તે ભાવનાઓને સેવો જેથી કર્મ ઉપર જય રૂપ લક્ષ્મી પામવા થકી મોક્ષને પામો.

ઈતિ તપાગચ્છાધિપતિ 'શ્રી મુનિસુંદરસૂરિ' વિરચિત
'શ્રી ઉપદેશ રત્નાકર' ગ્રંથના મધ્યાધિકારે બીજે અંશે

॥ પ્રથમ તરંગ પૂર્ણ ॥

ધર્મ ભાવના પર પાંચ દ્રષ્ટાંત વડે વ્યાખ્યા કરી

હવે જિનવચન રૂપ અમૃતથી ભાવિત આત્મા પાપથી ભીરૂ (ડરનારો) હોય છે. **''भीरु पावत्ति''** તેની વ્યાખ્યા કરે છે. પાપથી ભીરૂ આત્મા સમ્યગ્દૃષ્ટિ હોવાથી અને મુક્તિને યોગ્ય હોવાથી શિવસુખને પામે છે. પાપભીરૂ હોવાથી સમ્યગ્દૃષ્ટિ આત્મા આજીવિકા વિ. ના માટે આરંભ વિ. માં પ્રવૃત્તિ કરતો હોવા છતાં પણ શંકા (પાપ લાગી જશે તેવી ભીતી) હોવાથી કર્મનો અલ્પ જ બંધ કરે છે.

કહ્યું છે કે :- સમ્યગ્દૃષ્ટિ આત્મા જે કાંઈ પાપ આચરે છે. તો પણ અલ્પબંધ થાય છે. અને પરિણામમાં નિર્ધ્વંસતા (ક્રૂર ભાવ) હોતી નથી. અને પાપભીરૂ આત્મા પાપના કારણભૂત પ્રમાદ વિ. થી અને માતપિતાદિથી પણ ડરે છે. માતાપિતાદિ વડે પણ સ્નેહથી અથવા રોષ વિ. થી ધર્મમાં વિઘ્ન કરવા પણા વડે કરીને પાપનું કારણ બને છે. અને ધર્મમાં વિઘ્ન કરનારા માતપિતા વિ. સંસાર દુઃખના ભયનું કારણ હોવાથી તત્ત્વથી તે ભયરૂપ જ છે. શ્રી સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે માતપિતાને છોડી દેવા કારણ કે પરલોકમાં સદ્ગતિ સુલભ નથી આ બધા ભયોને જોઈને આરંભથી અટકી જવું અને સુવ્રતમાં રમવું (વ્રત નિયમમાં રહેવું) હવે જાણેલા ભયના કારણથી જ આત્માનું રક્ષણ કરવાનું શક્ય બને છે. ભયો ક્યા (ક્યા ક્યા) છે ? તે કહે છે.

(૧) પિતા (૨) માતા (૩) સંતતિ (૪) ભાર્યા (૫) સ્વજન (૬) ધનિકો (૭) બળવાન પરતીર્થિક (૮) મંત્રી (૯) રાજા (૧૦) નગરજનો (૧૧) અધમ પ્રમાદો, આ અગિયાર ભયો જીવોને પરમાર્થમાં (વાસ્તવિક) ભય રૂપ છે.

વિશેષાર્થ :- (૧) **પિતા :-** પિતા વિ. અને સબલ તીર્થિક વિ. સર્વમાં અધર્મ એ પ્રમાણેના પદને જોડવાથી જિનધર્મ રહિત અને પાંચ પ્રમાદો ભય રૂપ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી અનંત સંસાર ભ્રમણ વિ. દુઃખ

આપવા વડે કરીને ભયનું કારણ હોવાથી વાસ્તવિક (તત્વથી) જીવોના આ ભયો છે. આ ભયના સ્વરૂપને જાણી તેને છોડવા વિ. થી પોતાની અને જીવોની રક્ષા અને સુખ મેળવાય છે. પ્રાપ્ત કરાય છે. એમ જાણવું.

પરમાર્થ એ પ્રમાણેના પદગ્રહણથી વૈરી (દુશ્મન) અને વાઘ વિ.નું ભયનું કારણ બહારથી જ છે અને તે એકાંતિક નથી.

કેટલાકને દેશભૂષણ, કુલભૂષણ, સુદર્શન શેઠ, ગજસુકુમાલ, સુકોશલ વિ. ની જેમ વૈરી, વાઘ, વિ. થી થયેલા ઉપસર્ગોને સહન કરવા થકી તેઓને પણ કેવળજ્ઞાન, મોક્ષનું દાન (પ્રાપ્તિ), અનંતસુખની પ્રાપ્તિનું કારણ બનવાથી, મહોત્સવનું કારણ થવાથી, બાહ્ય વૈરીવાઘ વિ. ભયરૂપ નથી એમ સૂચિત કર્યું છે. (થાય છે) આ તેનો નિષ્કર્ષ છે. હવે પ્રત્યેકની વિસ્તાર પૂર્વક વિચારણા કરે છે. તે આ પ્રમાણે

'પ્રિય'त्ति જેવી રીતે જૈન ધર્મથી રહિત પિતા પુત્રને સ્નેહ વિ. ના કારણે ધર્મનો નિષેધ કરવા થકી ભયનું કારણ બને છે. અને તે સ્વરૂપ જ્ઞાન રહિત પણા વિ. (સાચું સ્વરૂપ નહિ જાણતા હોવા) થી ભયનું કારણ બને છે. જેવી રીતે ભૃગુ પુરોહિતે સ્નેહથી બે પુત્રોને ગામડામાં મૂકીને બોધ ન પામે તે માટે (સાધુ આવા હોય છે. તેમ કહીને) સાધુઓથી ડરાવ્યા હતાં અને સત્ય સ્વરૂપનું જ્ઞાન થતાં તે બન્ને એ (બે પુત્રોએ) પોતાની અને ભૃગુપુરોહિતની પ્રતિબોધ કરવા થકી રક્ષા કરી. પદ્મરથ રાજા શિવકુમારને વ્રતમાં વિઘ્ન કરનારો થયો. તેથી સાગરચંદ્ર ઋષિથી તે ભવે મુક્તિ ગમન હોવા છતાં શિવકુમારને ગર્ભાવાસ કરવો પડ્યો (થયો) મિથ્યાદૃષ્ટિ વિષ્ણુદત્ત શ્રેષ્ઠિએ પુત્રને દેશવિરતિ ધર્મમાં વિઘ્ન કરવા છતાં પણ તેનો (વિઘ્નનો) પરિહાર કરીને પુત્ર મહાન દેવ થયો અને બાપ પશુ થયો પ્રસંગ પામીને બાહ્ય ભયનું કારણ હોવા છતાં પણ કનકેતુ રાજા વિ. પુત્રોને લંગડા વિ. કરવાના કારણે ભયવાળો થયો એ પ્રમાણે પણ જાણવું એ પ્રમાણે બીજે પણ પ્રસંગમાં આવેલા દ્રષ્ટાંતો જાણવાં ॥૧॥

(૨) **मायत्ति** :- અને માતા સ્નેહાદિના કારણે ધર્મનો નિષેધ કરવા થકી ભયનું કારણ થાય છે. જેવી રીતે યશોધરની માતા ચંદ્રમતી, જેવી રીતે

શ્રી વજૂસ્વામિએ મોક્ષ માટે માતા સુનંદાને ત્યાગી અને આ લોકમાં પણ બ્રહ્મદત્તની માતા ચુલનીની જેમ અનર્થ માટે પણ થાય છે. ॥૨॥

(૩) **अवच्चत्ति** :- પુત્રો પણ જીવને સ્નેહના કારણે ધર્મમાં વિઘ્ન કરવા થકી ભયનું નિમિત્ત બને છે. જેવી રીતે જરાસંઘની પુત્રી જીવયશા મહાયુધ્ધનાં કારણરૂપ બનવા વડે કરીને બાપ (જરાસંઘ) ને ભયરૂપ બની અને તેથી તે નરકમાં ગયો. પુત્રના સ્નેહથી પ્રસન્નચંદ્ર રાજર્ષિ દુર્મુખના મુખથી (વચન થી) કંઈક પુત્રનો પરાભવ સાંભળીને મનથી જ મહાયુધ્ધ કરવા થકી સાતમી નરકના દળીયાં ઉપાર્જન કર્યા અને તેને (શુભ ભાવ વડે) ખપાવવા થી અન્તમુહુર્તમાં કેવળજ્ઞાન પામ્યા અને પછી મોક્ષે ગયાં.

આ લોકમાં પણ પુત્રો અનર્થને માટે થાય છે. જેવી રીતે છઠ્ઠા ભવે આદીશ્વર ભ. નો જીવ વજૂસેન રાજા હતો ત્યારે તેની રાણી સાથે તેનો પુત્ર તેઓને મારનારો થયો. (મા - બાપને મારવાને માટે થયો) અને રેણુકાને તેનો પુત્ર પરશુરામ પણ મારનારો થયો ॥૩॥

(૪) **भज्जत्ति** :- પત્ની પણ સ્નેહ વિ. ના કારણે ધર્મથી વિમુખ કરનારી થાય છે. જેવી રીતે ગૌતમ સ્વામિથી નિર્યામણા કરાતો શ્રાવક, તેની પત્નિએ સ્નેહથી દરવાજા પર પછાડેલા (પત્નિના) માથાના ઘા માં ઈયળરૂપે ઉત્પન્ન થયો અને રામ, ભીમ, અર્જુન, વિ. પત્નિનાં કારણે મહાયુધ્ધ કરવા વડે (કરીને) અનેક સુભટો, સ્વગોત્રનાં ક્ષય - નાશ ને કરનારા થયાં. અને નયનાવલી રાણીએ દીક્ષા ધર્મની (લેવાની) ઈચ્છાવાળા એવા પતિ યશોધરને હણીને નરભવથી ભ્રષ્ટ કર્યો. સૂર્યકાન્તા એ પોતાના પતિ પ્રદેશીને હણ્યો પતિમારિકા, પતિવ્રતા વિ. પોતાના પતિને હણનારી થઈ, દ્રઢદેવીના સ્નેહથી (રાગથી) માલવ દેશનો રાજા પૃથ્વીચંદ્ર પણ ધર્મરાજ્ય અને જીવિતથી ભ્રષ્ટ થયો, વીરક નામનો સુવર્ણકાર (સોની) જેણે પત્નિનાં સ્નેહથી ચારિત્રને છોડી દીધું. પૂર્વભવમાં નલે અને આર્દ્રકુમારે પત્નિનાં સ્નેહથી ચારિત્રને મલિન કર્યું. ઉપલક્ષણથી સામાન્યપણે ઘણી સ્ત્રીઓ પણ ઘણાને ધર્મથી ભ્રષ્ટ કરનારી થાય છે. જેમકે નંદિષેણ વિ. ને પણ ગણિકા વિ. ભ્રષ્ટ કરનારી થઈ. અને વળી હરિ (કૃષ્ણ), હર (મહાદેવ) બ્રહ્મા (વિધાતા) વિ. સર્વે

જગતના દૃષ્ટાન્ત તરીકે પ્રસિધ્ધ જ છે. તે કારણે સ્ત્રીનો અનુરાગ મહાભયનું કારણ છે. અને તેનો પરિત્યાગ મુક્તિનું કારણ છે. દુરાચારી, કઠોર પત્નિનો પરિત્યાગ કરનાર કાષ્ઠ શ્રેષ્ઠિ, અંગુસ્થલ વિ. ત્રણ વસ્તુમાં લુબ્ધ અને પત્નિનાં ત્યાગી એવા સંકલ શ્રેષ્ઠિ વિ. ની જેમ પત્નિ (સ્ત્રી) પણ ભયનું સ્થાન બને છે. ॥૪॥

भज्जत्ति :- સામાન્ય રીતે ગ્રહણ કરવાથી પત્નિ વિ. ને પણ અધર્મી પતિ વિ. ધર્મ અને જીવિત વિ. થી ભ્રષ્ટ અને અનર્થને માટે થાય છે. એટલે કે ભ્રષ્ટ કરનારા અને અનર્થનું પણ કારણ બને છે. (પત્નિને પતિ અને પતિ ને પત્નિ અધર્મનું કારણ બને છે.) જે રીતે સ્ત્રીઓ પતિનાં રાગથી અગ્નિમાં સાથે જવાથી (સતી થવા વડે) બધી રીતે ધર્મ વિ. પોતાના સ્વાર્થની સિધ્ધિથી ભ્રષ્ટપણાને પામે છે. અને (ધર્મની શ્રધ્ધા વગરના) નાસ્તિકે વરુના પગલા બતાવવા થકી શ્રાવકની પુત્રીને નાસ્તિક કરી.

કહ્યું છે કે :- લોક આટલો જ છે. જેટલો ઈન્દ્રિય વડે દેખાય છે. હે ભદ્રે! વરુનાં પગલાં જો જે વિદ્વાનો કહે છે. ॥૧॥ હે સુંદર લોચની ! ખા અને પી હે શ્રેષ્ઠગાત્રિ ! જે થઈ ગયું છે તે તે નથી. હે ભીરુ ! ગયેલું પાછું આવતું નથી. આ કલેવર સમુદય (પૃથ્વી - જલ - વાયુ - અગ્નિ અને આકાશ) માત્ર છે. વિ. અને આ લોકના અનર્થમાં શંખ, કલાવતી વિ. ના ઉદાહરણો છે. અને તેના ત્યાગમાં કપિલ પતિનો પરિત્યાગ કરનાર શ્રીષેણ રાજાથી રક્ષાયેલી બ્રાહ્મણી વિ. ના દ્રષ્ટાંતો જાણવાં ॥૪॥

(૫) **सयणत्ति** સ્નેહ વિ. ના કારણે સ્વજનો ધર્મથી વિમુખ બનાવનારા થાય છે. ભાઈને પણ જુદા નહિ ગણતાં સ્વજનમાં જ ગ્રહણ કરવાથી ભાઈઓ પણ ધર્મમાં વિઘ્ન કરનારા થાય છે. જેવી રીતે જીવંત વાસુદેવો બલદેવોને વિઘ્ન કરનારા થાય છે. વર્તમાન કાળમાં પણ ઘણાય દેખાય છે. અને દ્વેષ વિ. વડે કરીને તામ્રલિપ્તમાં રહેનારા ચાર વણિકોના દ્રષ્ટાંતો વિજયચંદ્ર કેવલીનાં ચરિત્રમાં કહ્યા છે.

એ પ્રમાણે મણિરથ અને યુગબાહુ વિ. બીજા પણ ઘણાં પ્રકારના સ્વજનો ધર્મમાં વિઘ્ન કરનારા થાય છે. જેવી રીતે ભાભીએ દેવરનું પતન

કર્યું, શ્રી સુપાર્શ્વચરિત્રમાં પણ વિદ્યાધિકારમાં તે પ્રમાણે કહ્યું છે. તથા સ્વજનો સુલસની આગળ (મૂકેલા) પાડાને મારવા માટે પ્રેરણા કરનારા થયાં જે બની ન શકે તેવું પૂર્વભવે ગજભંજનકુમારને પૂર્વભવમાં પત્નિ સાથે સાળા વિ. એ બલાત્કારે માંસને ખવડાવ્યું તે (ન ખાવાનાં) નિયમનાં ભંગથી બન્નેને રોગો ઉત્પન્ન થયાં અને તેના (માંસનાં) પરિત્યાગમાં ધર્મારાધન છે અને તેનું ફલવિ. પણ વિદિત જ છે. ॥૫॥

(૬) **धण ति** :- ધન વિ. ના લોભથી શ્રીપુરનો શ્રેષ્ઠિ નિધાન ઉપર સાપ થયો અને તામ્રલિપ્તી વણિક વિ. પણ અને તાપસશ્રેષ્ઠિ ધર્મ નહિ કરીને પોતાના ઘરમાંજ તે ધનનાં લોભથી સૂકર વિ. ભવને પામ્યો, નંદનૃપ અને તિલક શ્રેષ્ઠિ વિ. ના પણ અહીંયા દ્રષ્ટાંત જાણવાં. તે (ધન) ના ત્યાગ થકી ચક્રવર્તિ વિ. પણ શિવસુખ ને પામ્યાં છે. ॥૬॥

(૭) **सबलतित्थि** :- સબલ તીર્થિકો (પરદર્શનીયો) અને તે સ્વપર ભેદથી બે પ્રકારનાં છે. પહેલા પાર્શ્વસ્થ વિ. અને તેઓ વેષ માત્રથી જીવતા હોવાથી નિર્ધ્વંસ પરિણામ હોવાથી જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે નહિ કરનારો તેના જેવો મિથ્યાદ્રષ્ટિ બીજો કોણ છે. બીજાને શંકા ઉત્પન્ન કરાવતો મિથ્યાત્વને વધારે છે. ઈત્યાદિ આગમ પ્રમાણે સમ્યગ્દર્શનાદિ ધર્મના પરિણામથી રહિત, શ્રાવક વિ. ને પોત-પોતાના ઘણા પ્રકારનાં સંબંધને કહેતો, માત્ર પોતાની આજીવિકાના લોભથી મસ્તક પેટ ફૂટવા વિ. થકી પણ તેઓને ડરાવતો, સુવિહિત પાસે સમ્યગ્ધર્મ શ્રવણ, બે પ્રકારની વિરતિ (દેશવિરતિ અને સર્વવિરતિ) સ્વીકારવા વિ. ના નિષેધ વિ. કરવા વડે (કરીને) જાતે કલ્પના કરેલા ઉપદેશ વડે ધર્મથી ભ્રષ્ટ કરે છે. જ્યોતિષ, ચિકિત્સા વિ. ના બલથી આકર્ષિત રાજા, મંત્રી વિ. થકી પ્રાપ્ત થયેલ માન વડે વિશેષ સબલ થયેલા બીજા (પર) તીર્થિકો બૌધ્ધ વિ. પણ આ પ્રમાણે ઘણા પ્રકારનાં છે. અને અહીંયા અનુભવ સિધ્ધ પ્રાચિન ખપટ આચાર્યના શિષ્ય, શ્રુલ્લક, શ્રી મુનિસુવ્રત સ્વામિથી પ્રતિબોધ પામેલો ઘોડો, પૂર્વભવનો વણિક (વ્યુદગ્રાહક, ભરમાવેલો) તિર્થિક વિગેરે દ્રષ્ટાંતો ઘણા છે. સબલ એ પ્રમાણેનું વિશેષણ આગળ પણ બધે યોજવું ॥૭॥

(૮) **मंति त्ति** :- મંત્રીઓ, વ્યાપારીઓ, ઉપલક્ષણથી બીજા પણ રાજનોકર, નગરના શ્રેષ્ઠિ, પટ્ટકિલ, વ્યાજ વણિક, સ્વામિ, રાજમાન્ય પિશુન (નોકર) વણિક પુત્ર, સંબંધી, શ્રેષ્ઠિ અને સેનાપતિ અને મ્લેચ્છ આદિ રાજા વિ. નો ભય બતાવવા વિ. કરીને વધુ કર કરવા થકી તેથી છોડાવવા વિ. વડે અથવા દ્રવ્ય આપવા વિ. કરીને ઘણા સબલ અધર્મીઓ ઘણાઓને ધર્મથી ભ્રષ્ટ કરે છે. જેવી રીતે, સંભિન્નમતિ મંત્રી વિ. એ મહાબલ વિ. ને અધર્મમાં પ્રવર્તાવનારા થયા અને ભાઈની દીક્ષા પછી સાધુનો દ્વેષી થયેલો પંડીત ધનપાલ વિ. ઘણાજનોને ધર્મથી ભ્રષ્ટ કરનારા થયા વર્તમાન કાળે અનુભવવાળા ઘણા દ્રષ્ટાંતો છે. ॥૮॥

(૯) **निव त्ति** :- રાજા પણ એ પ્રમાણે સમજી લેવા જેમ કે પ્રતિબોધ પામ્યા પહેલાં પ્રદેશી રાજા પોતાના દેશમાં સાધુના આગમનને અટકાવીને ઘણાને ધર્મમાં વિઘ્ન - અંતરાય કરનારો થયો. માલવદેશનાં સિંહોદર રાજાએ વજ્રાકર્ણને ધર્મથી ભ્રષ્ટ કર્યો. મ્લેચ્છ મિથ્યાત્વિ રાજા વિ. વર્તમાન કાળે અનુભવમાં આવે જ છે. ॥૯॥

(૧૦) **नायर त्ति** :- નગરજનો, અને જો તેઓ અધર્મી થાય તો તેઓની વચ્ચે (રહીને) ધર્મનું પાલન પણ દુઃસાધ્ય બને છે. તેઓ વડે સ્થાન સ્થાન પર (ડગલે પગલે) મશ્કરી, દ્વેષ કરવા વિ. થકી ધર્મમાં મનનો ભંગ કરનારા હોવાથી ભયરૂપ છે. તેઓની સાથે કુતીર્થ વિ. માં જવાના કારણે મિથ્યાત્વનો સંભવ હોવાથી અને નહિ જવાથી પ્રદ્વેષ, વૈર વિ. નો સંભવ હોવાથી આ લોકમાં ધર્મનું પાલન દુઃસાધ્ય બને છે. તો વળી, પરલોકને માટે ધર્મનું પાલન કેવી રીતે ? આ બધું અનુભવ સિધ્ધ જ છે. ॥૧૦॥

કથા

કોઈ એક ગામમાં કોઈક એક શ્રાવક હતો. ગામનાં બધાં લોકોએ બનાવેલા સરોવરમાં પાણી ભરાતાં ત્યાં ગામનાં બધા લોકો વડે મહોત્સવ પૂર્વક સ્વાગત કરાયું અને ત્યાંજ ભોજન વિ. થયું શ્રાવકે પણ બીજું સ્થાન ન મળવાથી તે પ્રમાણે બધું કર્યું ॥૧૦॥

(૧૧) **પમાય ત્તિ** :- પ્રમાદો પાંચ પ્રકારનાં છે. કહ્યું છે કે :- (૧) મદ્ય (૨) વિષય (૩) કષાય (૪) નિદ્રા અને પાંચમી વિકથા કહી છે. આ પાંચ પ્રમાદો જીવને સંસારમાં પાડે છે. (રખડાવે છે.) તેમાં ભાભીએ દેવર (સાધુ બનેલા) ને ક્ષોભ પમાડવા છતાં ક્ષોભ નહિ પામતાં દારૂ પાયો તેની પરવશતાથી વિલાસ કર્યો એ પ્રમાણે સુપાર્શ્વ ચરિત્રમાં આવે છે. વિષયો પાંચ છે. અને તેના દૃષ્ટાંતો શાસ્ત્રમાં ઘણા છે. અને તે પ્રસિધ્ધ જ છે. (પાંચ ઈન્દ્રિયોનાં વિષયો તે પાંચ) નિદ્રા રૂપ પ્રમાદને વશ થવાથી ચૌદ પૂર્વધરો પણ નિગોદમાં ચાલ્યા જાય છે. અને કષાયો ધર્મથી ભ્રષ્ટ કરનારા છે. કરટ અને ઉત્કરટ વિ. ની જેમ જે પ્રસિધ્ધ જ છે.

વિકથા રૂપ પ્રમાદને વશ થવાથી સાધુઓ પણ સાધુપણાને છોડી દે છે. જેવી રીતે હરિકેશબલથી પ્રબોધિત કરાયેલા યક્ષને નજીકનાં સ્થાનમાં રહેલા અધિષ્ઠાતા મિત્ર યક્ષે બોલાવ્યો અને તે યક્ષ વનમાં રહેલા પાર્શ્વસ્થાઓને વંદન ને અયોગ્ય જાણી વંદન કર્યા વગર જ બોલ્યો. અહીંયા સ્ત્રીઓની કથા ચાલે છે. અને વળી રાજકથા, દેશકથા પણ ચાલે છે. તેથી હું રમ્યતિંદુકવનમાં પાછો જાઉં છું. ભયથી અજ્ઞાત લોકો ભયને ભયરૂપ નહિ જાણતાં હોવાથી તે ભયને છોડવા અશક્ય હોવાથી ધર્મીઓએ આ ભયોને જાણવાં જોઈએ. શ્રી સિધ્ધસેનસૂરીએ રચેલ શ્રી વીરજિન સ્તુતિમાં કહ્યું છે કે જે ભયને જ જાણતો નથી તે કેવી રીતે ભયથી મુક્ત થશે ? બીજાઓ અભયમાં ભયની શંકા કરનારા છે. કારણ કે તમારા ગુણ વૈભવ પર તેઓને ઈર્ષ્યા છે. (તે કેવી રીતે ભયથી છૂટે ?) ॥૧૧॥

શ્લોકાર્થ :- હે ધીર ! ભયના કારણ રૂપ એવા પિતા વિ. માં રાગ વિના (છોડીને) ધર્મનું આચરણ કર જેથી કરીને ભય ઉપર જયરૂપ લક્ષ્મી પામવા થકી અલ્પકાળમાં નિત્ય આનંદ મળે એટલે કે શિવસુખ પ્રાપ્ત થાય ઈતિ.

"ઉપદેશ રત્નાકરે"

'જય શ્રી' અંકે મધ્યાધિકારે બીજા અંશે.....

॥ બીજો તરંગ પૂર્ણ ॥

આ પિતા વિ. પદાર્થ વિ. અધર્મના કારણરૂપ હોય તો જ વિશેષે કરી ભયનું કારણ બને છે. પરંતુ ધર્મમાં દૃઢ એવા પિતા વિ. ધર્મ કરવામાં પ્રેરણા કરવા દ્વારા પુત્રોના ભયના નાશ માટે પણ થાય છે. કારણ ધર્મના દાનથી અનંત સુખને આપનારા હોવાથી તેઓ સારી રીતે આદરણીય પણ થાય છે. અને તેવી રીતે પહેલાંની ગાથા આ પ્રમાણે જાણવી.

(૧) પિતા (૨) માતા (૩) સંતતિ (૪) ભાર્યા (૫) સ્વજન (૬) ધન (૭) સબલતિત્થિ (૮) મંત્રી (૯) રાજા (૧૦) નગરજનો (૧૧) સધર્મી (૧૨) જિનમત આ જીવો ને હીતકારી છે. એની પણ કંઈક વિચારણા કરાય છે. તે આ પ્રમાણે.

(૧) ''**पिअ त्ति**'' સુધર્મા પિતા એવા ઉદયન રાજાએ અભીચિકુમારને રાજ્ય આપ્યા વગર દીક્ષા લીધી. શ્રી કૃષ્ણે પુત્ર અને પુત્રિઓને દીક્ષા અપાવી. ચેટક રાજા વિ. એ પણ અને તેવી જ રીતે કોઈક શ્રેષ્ઠિએ એક વખત બારસાખ પર જિનબિંબ કરાવ્યું. તેના દર્શન કરવાના અભ્યાસના કારણે પુત્ર સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્ય થવા છતાં પણ તેવા પ્રકારની આકૃતિ જોઈને પ્રબોધને પામ્યો ''**खंत न सक्कुं**'' ઈત્યાદિ બોલતો બોલતો પાડો થયેલા ક્ષુલ્લકને સુરલોકથી આવીને પિતાએ બોધ પમાડ્યો ઈત્યાદિ દ્રષ્ટાંત જાણી લેવા ॥૧॥

(૨) '**माय त्ति**' માતા '**वासिकं भुंक्ष**' ઈત્યાદિ પુત્રને કહેતી અને '**चिल्लण**' **खरी सवार**' ઈત્યાદિ કહેતી સાધુ એવા પુત્રને પ્રબોધ પમાડ્યો. એ પ્રમાણે વાસિક ભોજ્ય કથામાં આવે છે. અને સુપાર્શ્વનાથ ચરિત્ર વિ. માં માતાએ આર્યરક્ષિતને પ્રતિબોધ કર્યો હતો. અને એ પ્રમાણે પુષ્પચૂલાને તેની માતાએ પ્રબોધિત કરી હતી. કોઈ એક સાધ્વીએ પોતાના પુત્ર સાધુને સાર્થવાહની પત્નિનો પતિ થઈને ઝરૂખામાં બેઠેલો જોઈને આકુળ વ્યાકુળ બનેલી માતાએ પુત્રને પ્રબોધિત કર્યો. પુષ્પમાલા ગ્રંથમાં કહ્યું છે ॥૨॥

(૩) **'अवच्च त्ति'** :- સંતતિ. પોતાના બે પુત્રોએ બાપ એવા ભૃગુપુરોહિતને બોધ પમાડ્યાં. સુપાર્શ્વનાથ ચરિત્રમાં કહ્યું છે. દિનકૃત્યવૃત્તિમાં બ્રાહ્મણના પુત્રે મિથ્યાદ્રષ્ટિ બ્રાહ્મણને પ્રબોધિત કર્યો એમ બતાવ્યું છે. શ્રી આર્યરક્ષિત સૂરીજીએ દીક્ષા લીધેલ પોતાના પિતાને ઉપાયો દ્વારા છત્રવિ. થી છોડવ્યાં હતાં. ॥૩॥

(૪) **'भज्ज त्ति'** :- કમલાદેવી પત્નિએ પોતાના પતિ ઈષુકાર રાજાને, દેવ થયેલી પ્રભાવતી દેવીએ ઉદયન રાજાને, પોટ્ટિલાએ તૈતિલસુત મંત્રીને પ્રતિબોધિત કર્યા હતાં. અને પતિ એવા શ્રી જંબુસ્વામિએ પોતાની આઠ પત્નિઓને બોધ પમાડયો, પૃથ્વીચંદ્ર વિ. એ પણ પત્નિને બોધિત કરી હતી. ॥૪॥

(૫) **'सयण त्ति'** :- મુક એવા ભાઈ તાપસશ્રેષ્ઠિનાં જીવે દુર્બોધ એવા ભાઈને બોધિત કર્યો હતો. અને શોભનમુનિથી ભાઈ ધનપાલ અને કાકા એવા સાગરચંદ્ર ઋષિથી ભત્રીજો અને પુરોહિત પુત્ર ચીપીયા વડે હણીને પ્રતિબોધિત કરાયા હતાં. અને તે દેવ થયેલા ભત્રીજાના જીવે મેતાર્ય થયેલા પુરોહિત પુત્રને પ્રતિબોધિત કર્યો હતો. અને કુબેરદત્તા નામની બેનથી કુબેરદત્તભાઈ અને ગણીકા થયેલી તેની માતા પ્રતિબોધ પામ્યા હતાં. ભાભી એવી રાજીમતિથી રથનેમિ પ્રતિબોધ પામ્યા હતાં. ॥૫॥

(૬) **'धण त्ति'** :- ધન આવવા અને જવા વડે કરીને બોધનું કારણ થાય છે. મથુરાના બે વેપારીની જેમ અથવા ૬૬ ક્રોડ દ્રવ્યના સ્વામિ વિદ્યાપતિ શ્રેષ્ઠિની જેમ. પુરણ (શ્રેષ્ઠિ) વિ. પણ પોતાની ઋધ્ધિના આવવાના પુણ્યને જોવા થકી બોધ પામ્યાં હતાં. ॥૬॥

(૭) **'सबल तित्थि त्ति'** વિદ્યા અતિશય - શ્રુત - લબ્ધિ આદિ વડે (યુક્ત) સબલતીર્થિક ગુરૂઓ પ્રતિબોધનું કારણ થાય છે. જેવી રીતે આર્યખપટસૂરિ ગુરૂ વડે અને શ્રી સિધ્ધસેન, શ્રી વજ્રસ્વામિ, મલ્લવાદિ અને શ્રી હેમસૂરી વિ. થી શ્રી વિક્રમ, કુમારપાલ રાજાઓ પ્રતિબોધ પામ્યા હતા. શ્રી વૃધ્ધવાદિસૂરિ વડે શ્રી સિધ્ધસેનસૂરિ, યાકિની મહત્તરાથી શ્રી હરિભદ્રસૂરિ,

સ્તંભ આકર્ષક સાધુથી અને શ્રી બપ્પભટ્ટસૂરિ વિ. થી રાજા વિ. અને શ્રી કેશી ગુરૂથી પ્રદેશી રાજા, પરતીર્થિકો અને પરતીર્થિકોના પરિણામવાળાઓ ધર્મવાળા બનતા નથી. અને તે પરિણામથી મુકાયેલા અંબડ વિ. એ પોતાના પાંચસો શિષ્યો વિ. ને બોધિત કર્યા હતાં. (બોધ કરનારા થયા) વૈરાગ્યાદિને આશ્રયીને સમાન ધર્મવાળા પરતીર્થિકો પણ શુક ભટ્ટારક વિ. પોતાનાં શિષ્ય વિ. ને બોધ કરનારા થયા ઈત્યાદિ ॥૭॥

(૮) **'मंति त्ति'** મંત્રી અભયકુમાર વિ. શ્રી આદિનાથનો જીવ મહાબલ રાજાનો મંત્રી, સ્વયં બુધ્ધ પ્રદેશી રાજાનો મંત્રી, ગટરના પાણીને શુધ્ધ કરનાર મંત્રી વિ. રાજાઓને ધર્મનાં કારણ થયાં. સામાન્ય રીતે બીજા પણ રાજનોકરો, નગર શ્રેષ્ઠિ પટ્ટકિલ, વ્યાજવણિક, સ્વામિ, વણિકપુત્ર, સંબંધી શ્રેષ્ઠિ સેનાપતિ વિ. પોતાનો અને બીજાનો ભય બતાવવા થકી દ્રવ્ય આપવા થકી, અને સહાય કરવા વિ. થકી ઘણાને ધર્મનું કારણ બને છે. જેવી રીતે ગામનો ઠાકોર રોહીણી શ્રાવિકાને તપમાં સહાય કરવા થકી અચ્યુત (બારમાં) દેવલોકમાં ગયો અને રોહિણી પણ ત્યાં ગઈ ॥૮॥

(૯) **'निव त्ति'** રાજા શ્રી શ્રેણિક, ચેટક, સંપ્રતિ, શ્રી કુમારપાલ વિ. પોતાની આજ્ઞાવાળા દેશોમાં લોકોને, રાજાઓને અને બીજાઓને પણ શ્રાવક, સાધુધર્મ, અમારી વિ. થી પ્રવર્તવવા થકી ધર્મનું કારણ બન્યા (થયા) ॥૯॥

(૧૦) **'नायर त्ति'** નગરજનો સધર્મવાળા બીજાઓને પણ પોતાના સમુદાયની તાકાત વિ. ના કારણે ધર્મનો હેતુ થાય છે. જેવી રીતે કોઈક પુરમાં સમુદાયની તાકાતથી ચૌરાદિમાં પશુ, વધને માટે ગ્રહણ કરતાં નથી. અમારિ વિ. ને પ્રવર્તાવે છે. અને સમુદાય એ કરેલી વ્યવસ્થાની તાકાતથી દારૂ, તિલ વિ. કુવ્યાપાર વિ. ની ઈચ્છાવાલાઓ પણ કુવ્યાપાર કરતા નથી. અને ચંડાલાદિ વાસમાં વાસનો રાજાઓ પણ નિષેધ કરે છે. ત્રિસીંગમ વિ. માં જેમ, સુંદર વણિકે સ્વનગરજનો સાથે દેશાટને જતાં તેઓનું દાન જોઈને ઉત્પન્ન થયેલી શ્રધ્ધાવાળો એવો તે મુનિના દાનથી ઋધ્ધિમાનશ્રાવક થયો અને આ વિષે ઘણાનો પણ અનુભવ છે. ॥૧૦॥

(૧૧) **'जिणमय त्ति'** જિનમત, જિનાગમ જગને વિષે પણ પ્રતિબોધનું કારણ બધે જ અનુભવાય છે. ઉપદેશમાલાના શ્રવણથી રણસિંહ રાજા બોધ પામ્યો. વૈતાલિકાધ્યયનથી શ્રી આદિનાથ પ્રભુએ પોતાના પુત્રોને બોધ પમાડ્યાં અને કાપિલીયાધ્યયનથી કપિલઋષિએ પાંચસો ચોરને બોધિત કર્યા એ પ્રમાણે ઘણા દ્રષ્ટાંતો છે. ઈતિ ॥૧૧॥

એ પ્રમાણે ધર્મથી યુક્ત પિતા વિ. ધર્મ આપવા વિ. ના કારણથી જીવોને હિતકારી થાય છે. એ પ્રમાણે ધર્મયુક્ત સ્વજનો જ આદર કરવા યોગ્ય છે. શ્રી વીરપ્રભુ વડે જેમ અને શ્રી પાર્શ્વનાથ વડે જેમ અનુવર્તન કરવું. એ ઉપદેશ છે.

શ્લોકાર્થ :- એ પ્રમાણે ધર્મથી યુક્ત પિતા વિ. ને હિતના કારણ રૂપ જાણીને તેવા પ્રકારના જ પિતાદિ જયરૂપી લક્ષ્મી માટે અનુક્રમે સેવવા યોગ્ય છે. ઈતિ.

॥ મધ્યાધિકારે બીજે અંશે ત્રીજો તરંગ પૂર્ણ ॥

મધ્યાધિકારે અંશ-૨, (તરંગ-૪)

હવે **'सुधम्मरंगिल्ल त्ति'** પદની વ્યાખ્યા કહે છે :- સારા ઉચ્ચત્તમ એવા શ્રી વીતરાગ પરમાત્મા એ કહેલા શ્રી સમ્યક્ત્વ દયાદિ ગુણથી શ્રેષ્ઠ મન વચન કાયાની વિશુધ્ધિ અથવા વિધિપૂર્વક કરતા ધર્મમાં રંગ જેનો છે. એ પ્રમાણેના વાક્યમાં ઈલ્લ પ્રત્યય છે.

જે જિનવચનથી ભાવિત થાય છે. તે પાપથી ડરનારો જ હોય છે. અને પાપભીરૂ શ્રી જિનધર્મમાં રંગાયેલો હોય છે. એ પ્રમાણેનો સંબંધ જાણવો અને તે સિધ્ધિગામી જ થાય છે. પરંતુ દૂર ભવ્યત્વાદિ ભેદો (પ્રકારો) વડે કરીને જીવો ઘણા પ્રકારના છે. તે કારણે ધર્મના રંગવાલા પણ શિવપ્રાપ્તિના કારણભૂત ઘણા પ્રકારના થાય છે. ઈતિ તેને જ ઉપદેશની ગાથાવડે કહે છે.

(૧) ચૂર્ણ (૨) ચણોઠી (૩) પતંગ (૪) ચોલ (૫) વિદ્રુમ (૬) કુસુંભ (૭) કપાસના જેવા જીવો ધર્મના રંગમાં રંગાયેલા ભવિષ્યમાં મુક્તિમાં વસનારા જીવો કહ્યા છે.

धम्म त्ति :- સામાન્યથી કહ્યું હોવા છતાંપણ અવસર પ્રાપ્તિએ કરીને જિનધર્મના રંગમા ચૂર્ણ વિગેરે સાત દ્રષ્ટાંતો ભવિષ્યમાં મોક્ષના દૂર પણાથી અથવા નજીક હોવાના કારણે કરીને થાય છે. તેમાં રંગ શુભ અથવા અશુભ, જીવોના મનના પિરણામ વિશેષ જાણવું. પરંતુ પોતાને અનુરૂપ બહારના અનુષ્ઠાન વિગેરેથી તટસ્થ (મધ્યસ્થ) હોવાથી પણ બહારની વૃત્તિથી જવા વડે પણ બહારથી બતાવવા વડે કરીને આભાસ થતા રંગના ઉપચારને પામે છે. એ પ્રમાણે ભાવનાથી વિશેષ જાણવું. અહીંયાં રંગ શબ્દ ધર્માદિના વિષયમાં મનના પરિણામના વિશેષ અર્થમાં નામમાલાદિમાં દેખાતો નથી. તો પણ અહીંયાં ઉપદેશના વચનમાં લોકમાં પ્રસિધ્ધ અને માન્ય હોવાથી લીધોછે.

હવે તેનો વિસ્તારથી વિચાર કરે છે :-

(૧) **चुण्ण त्ति** :- જેવી રીતે ચૂર્ણકણો (ચૂનો) સ્વયં લાલરંગવાળો ન હોવા છતાં પણ પાન વિગેરેમાં નાખતાં બીજાના મુખ અને દાંતોને રંગે છે. એ પ્રમાણે કેટલાક જાતે મહામિથ્યાત્વથી, મહાઆરંભથી, સંસાર તૃષ્ણા વિગેરેથી ધર્મરંગ વિનાના હોવાછતાં પૂજા, મોટાઈ, આજીવિકા, અભિમાન આદિના કારણે શાસ્ત્ર, શિલ્પકલાદિ ભણેલાઓ "ભણતાં ન વૈરાગ્ય" ઈત્યાદિ કરવા વડે કરીને રંગે છે. તેવા અંગારમર્દકાદિની જેમ અભવ્યો, દુર્ભવ્યો અથવા વિષયતૃષ્ણાને લઈને બાંધેલા નરકના આયુષ્યવાળા સંભવે છે. ॥૧॥

(૨) **गुंज त्ति** :- ગુંજા (ચણોઠી) સારી રીતે રંગવાળા હોવા છતાંપણ થોડુંપણ ઘસવાથી રંગને છોડી દે છે. અને બહારથી અતિ અલ્પ માત્ર રંગવાળા હોવાથી વધારે ઘસવાથી કુશોભાને પામે છે. તેવીરીતે કેટલાક જીવો તેવા પ્રકારના ઉપદેશના શ્રવણથી, સુખદુઃખથી, સત્કારથી, ધર્મીજનથી, સમૃધ્ધિથી, સારી સોબત વિગેરેથી કંઈક ધર્મનારંગથી રંગાયેલા (પરિણત થયેલા) હોવા છતાં પણ થોડા પણ સુખ દુઃખ વિ. થી ગુરૂ, સંઘ વિ. ના બહુમાન નહિ મળવાથી સાતક્ષેત્ર આદિ માટે કંઈક દ્રવ્યાદિ માંગતા, ગુર્વાદિ એ બતાવેલા

(કહેલા)ધર્માનુષ્ઠાન વિ. વિષય માટે કરેલ કઠોર પ્રેરણાથી અને કુસંસર્ગાદિના કારણે ધર્મનો રંગ જલ્દી ત્યજી દે છે.

આચરેલા ધર્મનો કંઈક ત્યાગ કરવાથી દુષિતપણાવડે ત્યાગ કરવાથી અથવા સર્વત્યાગ કરવાથી કુશોભા (તિરસ્કાર) ને પામે છે. અને તેઓ ભવ્ય જ છે. જો અંતર્મુહૂર્ત પણ સમ્યક્ત્વના પરિણામવાળા બને તો ઉત્કૃષ્ટથી પણ અર્ધપુદ્ગલ પરાવર્તકાલમાં સિધ્ધિ પામે છે. અને માત્ર ક્રિયાની રુચિવાળા પુદ્ગલપરાવર્તમાં સિધ્ધિને પામે છે. વળી વિશેષ ધર્મ સામગ્રી પ્રાપ્ત થતાં થોડાજ ભવમાં મુક્તિને પામે છે. ॥૨॥

(૩) **पयंग त्ति** :- સામાન્યથી કહેલું હોવાછતાં પણ પતંગના રંગજેવા વસ્ત્રાદિ જાણવા કારણ કે તે જો ઘડી કરીને રાખેલા હોય તો તે (ત્યારેજ) સુરંગવાળા જોવાથી શોભાને ઘરે છે. અને વાપરવાથી ઘસારો લાગવાથી તે ધીરે ધીરે રંગને છોડી દે છે. અને શોભાને પણ ત્યજીદે છે. રંગાયેલું ન રંગાયેલું થતું નથી. તેવીરીતે કેટલાક જીવો સારા ઉપદેશ વિગેરેથી ધર્મનારંગથી રંગાયેલા (ધર્મના પરિણામવાળા) દેશવિરતિ વિ. સ્વીકારેલાઓ પૂર્વે કહેલા સુખદુઃખ કુસંસર્ગાદિ કારણો આવ્યા ન હોય ત્યારે તેવીજ રીતે તે (ધર્મ) રંગથી ધર્માનુષ્ઠાન કરવાથી શોભે છે. બધાજ કાર્યમાં અગ્રેસરપણું ધારણ કરતાં સામગ્રીનો અભાવ સુખ દુઃખ વિ. પૂર્વે કહેલ કારણો આવતાં (પામતાં) ધીરે ધીરે ધર્મ નો રંગ ઉડી જાય છે. અને બધા કાર્યમાં અગ્રેસરપણાને સધ્ધર્માનુષ્ઠાન વિગેરેમાં શિથિલતાએ કરીને શ્રાવક શોભાને છોડી દે છે. પરંતુ શ્રાવકનો સમુદાય મલતાં જેવી તેવી ક્રિયા કરવાવાળો ક્રૂર (ભયંકર) બહુ આરંભાદિનો ત્યાગ, પર્વદિન આવતાં દેવ, ગુરૂ, સાધર્મિક ભક્તિના રાગને નહિ છોડવાના કારણે અશ્રાવક થતો જ નથી અને તે ભવ્ય પ્રાયઃ કરીને સંખ્યાતભવમાં મુક્તિમાં જનારા છે. વિશેષ સામગ્રીનો યોગ થતાં થોડા ભવમાં પણ મુક્તિમાં જનારા છે. ॥૩॥

(૪) **चोलय त्ति** :- ચોલમજિષ્ઠા જેવો રંગ અને તે આધાર વગર રહેતો નથી. (તેનો સંભવ નથી) સામાન્યથી ગ્રહણ કરવા છતાં પણ મંજિષ્ઠાથી અથવા કૃમિરંગથી રંગાયેલું વસ્ત્ર દુકુલ (રેશમી વસ્ત્ર) જ ગ્રહણ કરવું. કારણ કે તે જેવી રીતે બહુ ઘસવા (વાપરવા) છતાંપણ રંગાયેલું જ રહે છે.

ફાટવા છતાં પણ, તૂટવા છતાં અને જીર્ણશીર્ણ (ટૂકડા) આદિ અવસ્થામાં પણ પોતાનો રંગ નહિ છોડવાના કારણે તેનું ઘસવાથી થયેલું ચૂર્ણ વિગેરે પણ લાલ જ રહે છે (રંગાયેલુંજ રહે છે) તેવી જ રીતે કેટલાક જીવો આગળ કહ્યા પ્રમાણે સ્વીકારેલા ધર્મના રંગથી પરિણત થયેલા ક્રિયા અનુષ્ઠાનાદિ બધા પ્રકારના ધર્મકાર્યમાં અગ્રેસરપણાને ધારણ કરતાં પૂર્વે કહેલ સામગ્રીનો અભાવ વિગેરે કારણ આવે તો પણ ધર્મના રાગને નહિ છોડતા પોતાના અને બીજાપક્ષ વિ. માં ધર્મ ગુણોવડે દીપતા (અત્યંત) શોભે છે. અને શાસનને શોભાવે છે. તેઓ પ્રાયઃ કરીને સાત આઠ ભવમાં મુક્તિ જનારા છે. અને તેઓ નિશ્ચયે શ્રાવક હોય છે.

કારણ કે :- સામગ્રીનો અભાવ છતાં પણ સુખમાં તથા કુસંસર્ગમાં પણ જેનો ધર્મ હીનતાને પામતો નથી (જતો નથી) તેને નિશ્ચિયે કરીને શ્રાવક જાણવો. દ્રષ્ટાંત તરીકે શ્રી વીરપ્રભુના દશશ્રાવક વિ. અને મથુરાવાસી નંદ શ્રાવક વગેરે જાણવા. ॥૪॥

(૫) **विदुमत्ति - विद्रुम (प्रवाल) :-** તેની વિચારણા પૂર્વની જેમ જાણવી. તેની પણ વિંધવા છતાં, ઘસવા છતાં અને ચૂર્ણ કરવા છતાંપણ રંગની શોભા વિ. જતું નથી. તો પછી તે બે (મંજીષ્ઠા અને પ્રવાલ) માં શું વિશેષ છે. તે કહે છે. વસ્ત્ર-દુકુલ વિ. માં વણતાં પટ્ટ (તંતું) તાણવા સમયે રંગ હોતો નથી. પાછળથી યથા અવસરે (જોઈએ ત્યારે) જેવો જોઈએ તેવો એક વર્ણ અથવા પાકોવર્ણ (રંગ) મંજીષ્ઠાદિ દ્રવ્યો વડે કરેલો હોય છે. (કરાય છે.) જ્યારે પ્રવાલમાંતો (ઉગતાં) સાથે જ ઉત્પન્ન થયેલો હોય છે જે દ્રવ્યોથી સંસ્કારિત સામાન્યપણું (સરખાપણું), હોવા છતાં પણ બેમાં વિશેષ પણું રહેલું છે. તે કારણે જે આનંદ વગેરેની જેમ પહેલાં મિથ્યાદ્રષ્ટિવાળા હોવે છતે પાછળથી ધર્મદેશના વગેરેથી ધર્મરંગ પરિણમે છે. અને તે આજીવન રહે છે. તેઓ દુકુલાદિના રંગજેવા જાણવા અને જેઓ જન્મથી પરંપરાથી આવેલા શ્રાવક ધર્મ વડે રંગાયેલા છે. દ્રવ્યથી રંગાયેલા ધર્મવાળા જાણવા તેઓ વિદ્રુમ (પ્રવાલ) ના રંગ જેવા જાણવા.

(૬) **कुसुंभ त्ति :-** જેવી રીતે પરિકર્મિત (રંગલું) **कुसुंभ....** પગથી ખુંદવાથી અને કદર્થના કરવા વિ. થી પણ પોતાનો રંગ છોડતો નથી. પરંતુ

વધારેને વધારે રંગને ધારણ કરે છે. (પકડે છે.) પોતાની સાથે રહેલા વસ્ત્રને પણ રંગે છે. તેવીરીતે કેટલાક ભવિ ઉત્તમ આત્માઓ પૂર્વની જેમ પરિણિત થયેલા ધર્મરંગવાળા વિઘ્ન વિગેરે આવવા છતાં પણ ધર્મરંગને છોડતા નથી. પરંતુ અધિક અધિકપણે ધર્મનો રંગ લગાડે છે. ગામના પાદરે (સીમમાં) રહેનારા ચાર ચોરને પ્રતિબોધના કારણ બનેલા બ્રહ્મસેન શ્રાવકની જેમ તેની કથા આ પ્રમાણે છે.

બ્રહ્મસેન શ્રાવકની કથા

વસંતપુરમાં ઘણા સિધ્ધાંતને જાણનારો ક્ષેમંકર નામે શ્રાવક રહેતો હતો. એક વખત પર્વતિથિએ પૌષધ લઈને શ્રાવકની આગળ ધર્મ કહેતાં (સમજાવતાં) તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેને પોતાના ભાઈ આભકનું આયુષ્ય છ મહિનાનું જોયું. અને તે કારણે તેને કહ્યું હે ભાઈ ! તું હંમેશાં પૌષધ કર, વારંવાર કહેવાથી તેને પૌષધશાળામાં રહેલા બ્રહ્મસેન શ્રાવકે કહ્યું, 'હે ક્ષેમંકર ! તારો ભાઈ પહેલા પણ છ પ્રકારના આવશ્યક, પર્વ દિને પૌષધ વિ. કરતો હતો (કરે છે) તું શા માટે હવે તેને વારંવાર કહે છે ? દરરોજ આ પ્રમાણે (પૌષધ) કરવા થકી એના કુટુંબીજનોનો નિર્વાહ પણ કેવી રીતે થશે ? ત્યારે ક્ષેમંકરે કહ્યું કે, એનું આયુષ્ય છ મહિનાનું છે. તેથી વારંવાર (પુણ્ય ઉપદેશ) કહું છું - પ્રેરણા કરું છું. બ્રહ્મસેને કહ્યું, કેવીરીતે તું જાણે છે. ?

તે બોલ્યો.... અવધિજ્ઞાનની પ્રાપ્તિથી.... ત્યારે બ્રહ્મસેને પૂછ્યું ક્યારે ઉત્પન્ન થયું ? ક્ષેમંકરે કહ્યું હમણાંજ તેથી આશ્ચર્ય પામેલા બ્રહ્મસેને વિચાર્યું અહો ! ધર્મનું મહાત્મ્ય કેવું છે. કારણ કે શ્રાવકોને પણ આ પ્રમાણે જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. પછી તેણે કહું છ મહિનાના અંતે તારા ભાઈનું જો મરણ થાય તો પર્વતિથિએ નિશ્ચયથી (જરૂરથી) પૌષધ કરીશ.

તે (ક્ષેમંકરનોભાઈ) છ મહિનાના અંતે મૃત્યુ પામ્યો ક્ષેમંકર ફરી નજીકમાં આવેલી પર્વતિથિએ પૌષધ લઈને ધર્મનો ઉપદેશ આપે છે.

બ્રહ્મસેને કહ્યું :- તને શોક (દુઃખ) કેમ થતો નથી ? તેને કહ્યું શોક શા માટે કરવો ? કારણ કે તે ધર્મ આરાધી દેવલોકમાં મહાન (મોટો) દેવ થયો છે.

બ્રહ્મસેને કહ્યું :- સ્વર્ગમાં ગયો છે. તેવો વિશ્વાસ કેવી રીતે થાય ?

ક્ષેમંકરે કહ્યું :- હમણાંજ તે દેવ અહીંયા આવીને મને નમીને મારા ઘરમાં સુવર્ણની વૃષ્ટિ કરશે. તેટલામાં તે દેવે ત્યાં આવીને તે પ્રમાણે કર્યું તે જાતે જ જોયું અને દેવે ભાઈના ઉપકારને કહ્યો. તેથી તે જોવાથી વિશ્વાસવાળો બ્રહ્મસેન પર્વતિથિએ પૌષધ લે છે. ક્રમે કરી નશીબવશે નિર્ધન થઈ ગયો. તે કારણે સ્વજનોમાં લજ્જાને પામતો નગરને છોડીને પલ્લીમાં જઈ વાસ કર્યો અને ત્યાં વેપાર કરવાથી શ્રીમંત થયો. સાધુ વિ. ની સામગ્રી ન મલવા છતાં પણ પૌષધ વિ. ધર્માનુષ્ઠાનને છોડતો નથી. પૌષધના દિવસે (વાત) વેપાર કરતો નથી. તેનું તે સ્વરૂપ લોકોએ પણ જાણ્યું.

અને આ બાજુ કોઈક રાજાના ચાર પુત્રો ખજાનામાંથી ચોરી કરીને નાશી જઈને તે પલ્લીમાં આવ્યા. તેઓ પણ તેની દુકાનમાં વેપાર કરે છે. પોતાના (નજીકમાં રહેલા) દેશમાં બન્દીગ્રહણ (લૂંટ) વિ. કરીને જુગારમાં આપે છે. બ્રહ્મસેન પણ તે બધાને કંઈક ઉધાર આપે છે. તેઓએ (રાજાના પુત્રોએ) પણ જાણ્યું કે પર્વના દિવસે આ વેપાર કરતો નથી. મૌનવ્રતમાં રહીને ધર્મધ્યાન કરે છે. તેથી આ ધનવાનના ગૃહમાંથી આજે ચોરી કરીએ. એ પ્રમાણે વિચાર કરીને ચોરીને માટે તેના (બ્રહ્મસેનના) ઘરમાં પ્રવેશ્યા વિવિધ પ્રકારના દુકુલ સુવર્ણ આદિ ગ્રહણ કરતાં તેઓને જોઈને બ્રહ્મસેને ચિંતવ્યું આ દુષ્ટો મારી દુકાનમાં વ્યાપાર કરે છે. હું તેઓને ઈચ્છાપ્રમાણે આપું છું. તો પણ હમણાં ખાતર પાડી ને મારા ઘરમાંથી ચોરી કરે છે... ફરી ચિંતવ્યું..... હે આત્મા ! આર્તધ્યાન શા માટે કરે છે. કારણ કે એક મહાપરાક્રમીઓ શરીર છૂટી જાય તો પણ ક્રોધ કરતા નથી. જવાના સ્વભાવવાળા દ્રવ્યનો નાશ થાય તો પણ ક્રોધ કરતા નથી. તો હે જીવ ! ક્રોધ શા માટે કરે છે. ॥૧॥

આ લોકો લઈ લઈને હજાર વિગેરે દ્રવ્યપ્રમાણ હરશે. પૌષધ તો અનેક ક્રોડ સુવર્ણ વડે પણ પ્રાપ્ત (થતું નથી) કરી શકાતો નથી. તેથી જો હું અવાજ કરીશ તો તેઓ પહેરેગીરો વડે બંધાશે અને મરાશે. અથવા તો

નાશી જશે તો નાશતા વિરાધના કરશે. ત્યારે મારો પૌષધ વિરાધના વાળો થશે તેથી ઊંચા સ્વરે નવકાર ગણે છે. ત્યારે ચોરોએ ચિંતવ્યું કે શું આ અમને સ્તંભાવવા માટે કંઈક ગણે છે ? ત્યારે તે સ્થિર થઈને પંચનમસ્કાર (નવકાર) સાંભળે છે..... તે વખતે કોઈપણ ઠેકાણે આ અમે સાંભળ્યું છે. એ પ્રમાણે ઉહાપોહ (વિચાર) કરતાં જાતિસ્મરણ જ્ઞાનવડે પૂર્વભવ જોયો. તે વખતે દેવોએ આપેલો સંયમનો વેષ વૈરાગ્યથી ભીંજાયેલ તેઓએ પહેરીને તપનો સ્વીકાર કર્યો. રાત્રિના સમયે પાછા ફરતાં દોષનો વિચાર કરીને ધ્યાનમાંલીન બનેલા ત્યાંજ રહ્યા. અરૂણોદય થવા છતાં નહિ ગયેલા તેઓને જોઈને હા ! આ લોકોનું મરણ આવ્યું છે. એ પ્રમાણે શ્રેષ્ઠિએ ચિંતવ્યું ઘણો પ્રકાશ થતાં સાધુના વેષવાળા તેઓને જોઈને ફરી ચિંતવ્યું ઓહ ! પાપીઓ સાધુ વેષથી ચોરીને કરતાં જિનશાસનનો અપલાપ કરનારા છે. પછી તેઓને પણ શ્રેષ્ઠિએ કહ્યું, 'હે ! તમે કોણ છો ? હું તમારું ચરિત્ર, વિરૂધ્ધ જોઉં છું. (ચોર અને વળી ચારિત્રવેષ) તેઓએ (ચોરોએ) પણ કહ્યું અમે તમારા શિષ્યો છીએ. શ્રેષ્ઠિ બોલ્યા :- કેવી રીતે ? ત્યારે તેઓએ નમસ્કારમંત્રના સાંભળવાથી જાતિસ્મરણ થયું છે. વિ. હકીકત કહી. પછી શ્રેષ્ઠિથી પૂછાયેલા તેઓએ પોતાનો પૂર્વભવ કહ્યો....

વિશાલાનગરીમાં અમે ચાર બ્રાહ્મણ પુત્રો હતા. એક વખત મુનિના વચનોથી પ્રતિબોધ પામેલા અમે તપસ્યા (દીક્ષા) ગ્રહણ કરીને દેવલોકમાં ગયા. ત્યાંથી અહીંયાં રાજાના કુલમાં અવતર્યા. એવા (તેવા) અમે તમારાથી બોધ પામ્યા છીએ.

શ્રેષ્ઠિએ વિચાર્યું..... અહો ! આ લોકો ધન્ય છે. કારણ કે થોડા જ પ્રયત્ને બોધ પામ્યા છે. હું તો આ જન્મથી ધર્મશ્રવણ કરવા છતાં પણ બોધ નથી પામ્યો. તેથી આ લોકો મારા ગુરૂઓ છે. પછી સર્વે (મા-બાપ વિગેરે) દીક્ષા લઈને તેજ ભવે સિધ્ધ થયા. મુક્તિમાં ગયા. આ પ્રમાણે બ્રહ્મસેન કથાપૂર્ણ થઈ. અને તે પ્રાયઃ એકાવતારી તેજ ભવે સિધ્ધથનારા અથવા સાતઆઠ ભવમાં સિધ્ધ થનારા થાય છે.

અહીંયાં તે ભવમાં દેવતાએ આપેલા ચિંતામણી રત્નના પ્રભાવથી રાજપ્રબોધકના પૂર્વભવમાં ચોરીને લીધેલો પોતાના હારનું મૂલ્ય આપવાનું

કહીને છોડાવાયેલો ચોર પ્રતિબોધક મહામંત્રીનું પણ દૃષ્ટાંત કહેવું. મહાગુરૂ વિ.ધર્મના ઉપદેશકો અને અભયકુમાર વિ.મહાશ્રાવકના દૃષ્ટાંતો પ્રસિધ્ધ છે.

(૭) **कप्पास त्ति** :- કપાસ એ પ્રમાણે સામાન્યથી નિર્દેશ હોવા છતાં પણ જે પરંપરાયે સંસ્કારથી રંગાયેલા તેવું જ ફલને પામે છે. જેવી રીતે કપાસમાં રક્તતા આવે છે. ॥૧॥

ઈત્યાદિ વચનથી અને તેવા પ્રકારના પ્રસિધ્ધ બીજા દેશોમાં કેટલાક (તેવા પ્રકારના) કપાસના બીજોને રંગીને વાવે છે. અને તેથી ઉત્પન્ન થયેલો કપાસ પણ રાતો જ હોય છે. અને તેનાથી બનેલા રૂ, ધાગો, વસ્ત્ર વિગેરે રાતા જ હોય છે. તેવા પ્રકારનો કપાસ અહીંયા લેવો (જાણવો) અને તે જેવીરીતે પૂર્વભવના બીજથી આવેલ સંસ્કારથી રંગને ભવાન્તર જેવા રૂ, દોરો, વસ્ત્ર (તંતુ) વિગેરે અવસ્થા પામવા છતાં પણ છોડતો નથી. તેવી રીતે કેટલાક જીવો ભવાન્તરના સંસ્કારના કારણે અથવા જાતિસ્મરણ વિ. થી ભવાન્તરથી આવેલા ધર્મ પરિણામને તે ભવમાં અથવા ભવાન્તરમાં પણ છોડતા નથી. તેઓ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ નહિ પડે તેવા ક્ષાયોપશમિક સમ્યક્દૃષ્ટિ અથવા નહિ પડવાવાળા તેવા પરિણામવાળા જે દેશવિરતિ અથવા સર્વવિરતિને સ્વીકારીને બે વાર વિજયાદિમાં જઈને અથવા ત્રણવાર અચ્યુતમાં અને ત્યાંથી ચ્યવીને અધિક એક નરભવ કરીને એ યુક્તિથી ઉત્કૃષ્ટથી પણ ૬૬ સાગરોપમથી કંઈક અધિકમાં અથવા પાંચ-સાત-આઠ ભવોમાં જ સિધ્ધ થાય છે. પ્રાયઃ કરીને તેજ ભવે સિધ્ધ અથવા એકાવતારીજ સંભવે છે. હોય છે. અને આનો વિસ્તાર ભાવના પંચકોપદેશમાં રસલોહની ભાવનામાં આવેલાની જેમ જાણવો. દૃષ્ટાંતો પણ તેની જેમજ અઈમુત્તા, શ્રી વજ્રસ્વામિ, શ્રી જંબુસ્વામી વિગેરે જાણવા. આથી ઉત્તરોત્તર ધર્મરંગમાં સર્વશક્તિ થકી શિવપદના સુખના અર્થી એ પ્રયત્ન કરવો.

શ્લોકાર્થ :- હે પંડિતજનો ! આ પ્રમાણે ધર્મના સાતરંગોને જાણીને ઉત્તરોત્તર તેમાં શક્ય હોય તેટલો પ્રયત્ન કરો. જો તમને મોહરૂપી શત્રુપર જયરૂપી લક્ષ્મીવડે મહોદય મહા ઉદયવાળા અનંતસુખની ઈચ્છા હોય તો (પ્રત્યત્ન કરો)

॥ મધ્યાધિકારે બીજે અંશે તરંગ ૪ પૂર્ણ..... ॥

મધ્યાધિકારે ૨ અંશે તરંગ ૫.....

હવે પ્રસંગાનુસાર ગુંજાદિ રંગ સરિખો ધર્મરંગનો પ્રતિપક્ષ પાપરંગો (અધર્મરંગ)ને કિરોલકાદિ દૃષ્ટાંત વડે કહે છે. વળી અહીંયાં.....

(૧) કિરોલ (૨) કિટ્ટ (૩) દુકુલ (૪) કિણ્હવલ્લિ (૫) નીલી (૬) અને કપાસ, આવા કાળા પાપરંગના દૃષ્ટાંત છે.

વ્યાખ્યા :-

किरोलकादि :- (૧) કિરોલકાદિ કિરોલિક નામની વેલ જે કાળારંગના ફળોવાળી લોકમાં પ્રસિધ્ધ છે. તે પણ ગુંજાની જેમ થોડુંક ઘસવા વિ. થી પોતાના કાળારંગને છોડી ને શ્વેતપણું બતાવે છે. તેવી રીતે કેટલાક જીવો થોડા જ સદુપદેશાદિ વડે નમિ, કરકંડુ આદિ પ્રત્યેક બુધ્ધ અને સમુદ્રપાલાદિની જેમ મિથ્યાત્વાદિ પરિણામરૂપ અથવા ભવતૃષ્ણાદિ પરિણામરૂપ પાપરંગને છોડે છે. અને ધર્મરૂપ ઉજ્જવલતાને પામે છે. તેઓ નજીકમાં સિધ્ધથનારા અથવા તેજ ભવે સિધ્ધ થાય છે ॥૧॥

(૨) **किट्ट त्ति :-** કિટ્ટાદિવડે અથવા અનુસંધાન (ઉપલક્ષણ) થી નીલ પત્ર વિગેરેથી રંગાયેલું વસ્ત્ર અને તે જેવીરીતે ઘસવા વિ. થી અલ્પકાળાશને ઘરે છે. પરંતુ સંપૂર્ણશ્વેતપણું પ્રાપ્ત કરતું નથી. તેવીરીતે કેટલાક મિથ્યાત્વીઓ અથવા આરંભ કરવાના પરિણામવાળા જીવો સારાસાધુ, શ્રાવકનો સંસર્ગ, સદ્ શાસ્ત્રાદિ સાંભળવા આદિરૂપ ઘસાવાદિના કારણે ભદ્રિક પરિણામવાળા બનેલા અલ્પમિથ્યાત્વ પરિણામી અથવા અલ્પ આરંભના પરિણામવાળા કંઈક જિનપૂજા, મુનિને દાન વિ. પુણ્યને પણ કરે છે. જેવી રીતે શ્રી કુમારપાલનો પૂર્વભવ પાંચ કોડિના ફૂલથી જિનની પૂજા કરનાર જયતાકક્ષત્રીય, નવપુષ્પથી જિનની પૂજા કરનાર અશોક માળી, મુનિને દાન આપનાર સુંદર શ્રેષ્ઠિ વિ. ની જેમ, શ્રી હેમસૂરીનાસંગાથથી ભદ્રપરિણામવાળા થયેલા શ્રી શત્રુંજયાદિ તીર્થયાત્રા, શ્રી ઉજ્જયંત, સિધ્ધપુરાદિ જિનમંદિરનું પુણ્ય સ્વીકાર કરનાર **શ્રી જયસિંહદેવ રાજા**ની જેમ તેનો સંબંધ આ પ્રમાણે છે..... એક

વખત સોમેશ્વરની યાત્રાથી પાછો ફરેલો શ્રી સિધ્ધરાજ ગિરનારની તલેટીમાં વાસ કર્યો ત્યારે જ (તે વખતે) પોતાની કીર્તિ ગાનારા સજ્જન દંડનાયકે બનાવેલા શ્રી નેમિનાથના મંદિર (પ્રાસાદ) ના દર્શનની ઈચ્છાવાળો તે ઈર્ષ્યાળુઓ વડે આ પર્વત પાણીથી (વરસાદથી) ભીંજાયેલો છે. તેથી પગથી અડવા જેવો નથી. (યોગ્ય નથી) એવા જુઠા વચન વડે અટકાવાયો (ઈર્ષાળુઓએ દર્શન માટે નિષેધ કર્યો) એટલે ત્યાંજ પુજાપાને મોકલીને પોતે શત્રુંજય મહાતીર્થની નજીકમાં (સાનિધ્યમાં) છાવણી નાખી, ત્યાં પૂર્વે કહેલા જાતિથી ઈર્ષાળુ શઠ લોકોએ હાથમાં કૃપાણ લઈ ક્રૂરતાથી તીર્થમાર્ગ નિષેધ કરવા છતાં પણ શ્રી સિધ્ધરાજ સંધ્યા સમયે સાદો વેષ પહેરીને ખભા પર બનાવેલ પક્ષીની બે પાંખ જેમ મૂકેલ ગંગાના પાણીથી ભરેલ કાવડવાળો તેઓની વચ્ચે થઈને સ્વરૂપને જણાવ્યા વિનાજ પર્વત ઉપર ચઢીને ગંગાના પાણીથી શ્રી આદિનાથ પ્રભુનો પ્રક્ષાલ (જલાભિષેક) કર્યો અને પર્વતની નજીકમાં રહેલ બારગામો પ્રભુને માટે અર્પણ કર્યા. અને તીર્થના દર્શનથી વિકસિત થયેલા લોચનવાળો જાણે અમૃતથી સિંચાયો ન હોય તેવો લાગતો હતો. પછી તેને આ પર્વતમાં સલ્લકી વનમાં રહેલ નદીના કાંઠે હાથીઓની-ઉત્પત્તિ માટે જ વન્ધ્ય વનને હું બનાવીશ એ પ્રમાણેની પ્રતિજ્ઞાને પાળનારો, આકુળ વ્યાકુળ મનવાળો, મનોરથો વડે પણ તીર્થના વિધ્વંસના પાપને કરનારો એવા મને ધિક્કાર થાઓ. એ પ્રમાણે પ્રભુના ચરણ આગળ રાજલોક જાણે તે રીતે પોતાને નિંદતો પર્વતથી નીચે ઉતર્યો આ પ્રમાણે જયસિંહની યાત્રાનો સંબંધ કહ્યો. આથીજ અલ્પ પાપરંગથી રંગાયેલા તેવા પ્રકારના પરિણામના કારણે સ્વલ્પ કર્મનો બંધ કરનારા થાય છે. પરંતું પોતાના કુલ જાતિગણના અપવાદના ભયથી સંપૂર્ણપણે શ્રાવકપણાને સ્વીકારતા (લેતા) નથી. તોપણ તેઓ ભવાન્તરમાં સુલભબોધિ-બીજવાળા અને નજીકમાં સિધ્ધિને પામનારા થાય છે.ઈતિ ॥૨॥

(૩) **દુગુલ્લ ત્તિ** :- તેવા પ્રકારના કાળા દ્રવ્યના રંગથી રંગાયેલું દુકુલ (રેશમીવસ્ત્ર) ગ્રહણ કરવું. કારણ કે તે બહુ ઘસવા છતાં પણ દુકુલ કાળુંજ રહે છે. ફાડેલું ચીરા પાડેલા જીર્ણશીર્ણ આદિ પામવા છતાં પણ પોતાના રંગના અત્યાગથી તેજ સ્થિતિમાં રહે છે. તેવી રીતે કેટલાક જીવો અત્યંત

ગાઢ મિથ્યાત્વવાળા, મહા આરંભાદિ પાપથી રંગાયેલા તેને અનુસરનારી ક્રિયા, અનુષ્ઠાનાદિમાં પ્રવર્તિ કરે છે. સદ્‌ગુરૂના ઉપદેશ વિ. થી ઘણું ઘસાવાનો સંભવ હોવા છતાંપણ પોતાના પાપરંગને છોડતા નથી. શ્રી કાલકસૂરિના ઉપદેશ વડે પણ મિથ્યાત્વને ન છોડનાર દત્તરાજાની જેમ અને પૂર્વભવનો ભાઈ ચિત્ર મહર્ષિના પ્રતિબોધ કરવા વડે પણ મહાઆરંભ નહિ છોડનારા બ્રહ્મદત્તની જેમ..... ॥૩॥

(૪) **किण्हवल्ली त्ति** :- કૃષ્ણવલ્લી નાગદમણી એ પ્રમાણે પ્રસિધ્ધ છે. તેના રંગની વિચારણા પૂર્વની જેમ વિંધવા છતાં, ઘર્ષણ કરવા છતાં, અને ચૂર્ણ કરવા છતાં કૃષ્ણરંગને છોડતું નથી. પરંતુ (તેમાં) આ વિશેષ છે. દુકુલમાં પહેલા રંગવાના સમય વિ. માં કૃષ્ણરંગ હોતો નથી. પાછળથી યથા અવસરે તેવા પ્રકારના દ્રવ્યથી રંગાયેલું બને છે. (રંગાય છે.) કૃષ્ણવેલમાં તે રંગ સાથે જ હોય છે. તેવી રીતે કેટલાક જીવોના મિથ્યાત્વ મહારંભાદિ પાપ રંગ સાથે જ ઉત્પન્ન થયેલો જાણવો. કાલસૌકરિકની જેમ ॥૪॥

(૫) **नीली** :- પ્રસિધ્ધ છે. તેનો રંગ કાળો જ છે. હાથ-પગ વિ. વડે ચોળવાથી અધિક અધિક કાળો થાય છે. અને બીજાને પણ પોતાના સંસર્ગથી મેલો કરે છે. તેવી રીતે કેટલાક સમ્યગ્‌દૃષ્ટિ રાજા વિ. ના બતાવેલા ભય વિ. થી પણ તે પાપરંગને છોડતો નથી. પરંતુ અધિક અધિક પણે પાપ કરે છે. શ્રી શ્રેણિકે બતાવેલા ભયથી કાલસૌકરિક વિ. ની જેમ અને કેટલાક બીજાને પણ પોતાને ઈચ્છિત ઉપદેશ વિ. થી મહામિથ્યાત્વ વિ. પરિણામ પમાડવા વિ. થી અને મહાઆરંભાદિ પાપ કર્મમાં પ્રવર્તાવવા વિ. થી મેલો (પાપી) કરે છે. રાજપુરોહિત પાલક વિ. ની જેમ અને તેઓ પ્રાયઃ કરીને અભવ્ય સંભવે છે. કહ્યું છે કે..... (૧) સંગમ (૨) કાલસૌકરિક (૩) કપીલા (૪) ઇંગાલ (૫) અને (૬) બે પાલક એ છ અભવ્યો છે. અને સાતમો (૭) ઉદાયી રાજાનો મારક વિનય રત્ન ॥૧॥ અથવા પાપમતિ મંત્રી વિ. ની જેમ દુર્ભવ્ય સંભવે છે. અથવા વિષયતૃષ્ણાદિને આશ્રયીને બાંધેલા નરકાદિ આયુષ્યવાળા સત્યકી વિદ્યાધર વિ. ની જેમ એ પ્રમાણે મષીપીણ્ડ (કાળીમસી) વિ. ના પણ અહીંયા દૃષ્ટાંતો જાણવા ॥૫॥

(૬) **कप्पास त्ति** :- અહીંયા કપાસપણ કાળારંગવાળો જાણવો તેના બીજો (બી) જેવી રીતે કૃષ્ણરંગથી રંગીને વવાય છે. તેથી ઉત્પન્ન થયેલો કપાસ પણ કાળા રંગનો જ થાય છે. તેનાથી ઉત્પન્ન થયેલ રૂ. ધાગો અને વસ્ત્ર વિ. પણ કાળા રંગના થાય છે. તેવી રીતે કેટલાક જીવો પૂર્વભવમાં ઉત્પન્ન થયેલા મિથ્યાત્વાદિ પાપરંગને ભવાન્તરમાં પણ છોડતા નથી. જિનધર્મને નહિ પામેલા બધાય જીવો આ ઉદાહરણમાં લેવા અથવા વિરાધેલ જિનધર્મવાળા ઓને પણ મિથ્યાત્વ વિ. પાપરંગ લાગે છે. જેવીરીતે ગોશાલકનો દરેક ભવ મુનિઓ ઉપર દ્વેષ ભાવ અને મરિચિને છ ભવસુધી પરિવ્રાજક ધર્મની પ્રાપ્તિ થઈ તે આ રંગમાં આવે છે.

શ્લોકાર્થ :- 'જો ભવરૂપી શત્રુપર જયરૂપી લક્ષ્મી ઈચ્છતા હો તો આ છ પ્રકારે અહીંયાં બતાવેલા પાપરંગોને ઉત્તરોત્તર વધતા જાણીને પૂર્વપૂર્વના અંગીકાર કરો. ઈતિ.

તપાગચ્છાધિપતિ મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશરત્નાકરના મધ્યાધિકારે **૨ જે અંશે.....**

॥ પાંચમો તરંગ પૂર્ણ..... ॥

મધ્યાધિકારે ૨ જે અંશે (તરંગ-૬)

હે ભવ્યો ! જયરૂપી લક્ષ્મી, વાંછિત સુખ, અનિષ્ટ હરવામાં, આલોક અને પરલોકના હિતને માટે ત્રણ વર્ગમાં સારભૂત જિનધર્મમાં ઉદ્યમ કરો ॥૧॥

વળી તે ધર્મ નિર્મલ બુધ્ધિ વડે ગ્રહણ કરવો. વળી તે બુધ્ધિ જુદી જુદી રીતે જીવને વિવિધ પ્રકારે હોય છે. ॥૨॥ જેમકે.... (૧) પાણી ભરેલું વાદળ (૨) વાદળ અને તારલા વિનાનું આકાશ (૩) તારા સહિતનું આકાશ (૪) ગ્રહ (૫) ગ્રહ વગરનું (૬) પૂર્ણ ચંદ્રથી યુક્ત રાત્રિ (પૂનમ) (૭) સજલવાળા

વાદળવાળો અને (૮) પાણી વગરના વાદળવાળો દિવસ આ આઠ જીવની બુધ્ધિના અને ધર્મના દ્રષ્ટાંતો છે. ॥૩॥

વિશેષાર્થ :- (૧) જીવસંબંધીની બુધ્ધિ અને ધર્મના આઠ દ્રષ્ટાંતો થાય છે. તેને ક્રમથી કહે છે. (૧) પાણી ભરેલા વાદળોની શ્રેણીથી યુકૂત ॥૧॥

(૨) પાણી વિનાના વાદળો અને તારલા વિનાનું આકાશ, પાણી ભરેલા વાદળનો અભાવ હોવા છતાં પણ તેની છાયા વિ. થી તારલા નહિ દેખાવાથી અને પાણી વિનાના વાદળવાળું અને તારલા વિનાનું આકાશ ॥૨॥

(૩) તારા સહિત (૪) ગ્રહયુક્ત (૫) ગ્રહરહિત અને (૬) પૂર્ણચંદ્રયુક્ત આ પ્રમાણે રાત્રિવાળા આકાશના છ દૃષ્ટાંતો છે (જાણવા) સજલ વાદળ સહિત અને વાદળ રહિત દિવસ એ રીતે બે એ પ્રમાણે આઠ દ્રષ્ટાંતો છે.

તેમાં જીવોની મતિ (બુધ્ધિ) ને આશ્રયીને (લઈને) વિચારણા આ પ્રમાણે છે.

વાદળ સહિત રાત્રિના જેવી કેટલાક જીવોની અત્યંત અંધકારવાળી બુધ્ધિ હોય છે. પંચેન્દ્રિયાદિ જીવ વધ, ખોટા સાક્ષી આદિ અસત્ય, ચોરી, પરસ્ત્રી લંપટ પણું, ઈર્ષા, પરદ્રોહ, તીર્થાદિનો ધ્વંસ, ગામ નગરાદિ ભાંગવા વગેરે મહાપાપરૂપ ઉન્માર્ગની એક પ્રવૃત્તિના કારણને લીધે અજ્ઞાનમય બુધ્ધિવાળા જીવો હોય છે અને તેથી જ વિવિધ પ્રકારના દુર્ગતિના ખાડામાં પડવાના કારણથી કાળી રાત્રિ જેવી બુધ્ધિ હોય છે.

દા. ત. કાલસૌકરિક વિ. ના અને અચલાદિના દૃષ્ટાંતો છે. તેમાં અચલનું દ્રષ્ટાંત આ પ્રમાણે છે.

અચલનું દ્રષ્ટાંત

છગલપુરે મિથ્યાદ્રષ્ટિ છાગલિક નામે વણિક રહેતો હતો. જેને સ્વપ્નમાં પણ ધર્મ સાંભળ્યો ન હતો. મહારંભી હતો. જે અશુધ્ધ માર્ગને ગ્રહણ કરતો હતો. અને બીજાને પણ હંમેશા તેમાં પ્રવર્તાવતો (જોડતો) હતો. બકરીઓ વેંચતો હતો. અને લાખ, ગુલ્લિ અને દાંત વેંચતો હતો. વળીખાંડણીયું, મુસળ (સાંબેલુ), લોખંડ, રેંટ, નીસા, લોઢીતરો, શસ્ત્રો, ચામડું, લાકડું, મધ, મીણ અને તિલ, ધાન્ય આદિ હંમેશા ગ્રહણ કરતો (ખરીદતો) અને વેંચતો હતો તથા દારૂનો વેપાર કરતો. શેરડીને વાડ કરતો. વનખંડોને ભાંગતો ખેતરોમાં વણિક પુત્રો પાસે સેંકડો હળ ખેંચાવતો હતો. શકટ (ગાડું) વિ. વાહન ચલાવતો હતો. કોલસા, ચમરી ગાયના વાળ અને માછલાનો વેપાર કરતો હતો. એ પ્રમાણે મહારંભના લોભથી પાપમાં તત્પર તેને જોઈને લોકોએ તેનું 'અચલ' એ પ્રમાણે નામ આપ્યું તેથી તે મહારંભના પાપથી ત્રીજી નરકમાં ઉષ્કૃષ્ટ આયુષ્યવાળો નારક થયો ઈતિ અચલ કથા ॥૧॥

(૨) વાદળ અને તારલાવિનાની રાત્રિની જેમ કેટલાકની મતિ અતિ ઘોરતમવાળી નહિ, તીવ્ર વિષયાસક્તિ, પુત્ર પત્ની આદિ વિ. ઉપર મમત્વ, જુઠો વેપાર, અતિ લોભ, પરપરિવાદ, ઈર્ષ્યાદિ અતિ ઘોર નહિ એવા દુષ્કર્મરૂપ ઉન્માર્ગની પ્રવૃત્તિનું કારણ હોવાથી અતિઘોર ખરાબ મતિ નથી.

તેથી જ નિગોદ આદિ એકેન્દ્રીય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરેન્દ્રિયાદિ અતિ ભયંકર નહિ એવી દુર્ગતિ રૂપ ખાડામાં પડવાનું કારણ હોવાથી એટલી મતિ ભયંકર નથી. ભવ ભાવના ગ્રંથમાં કહેલા ધનપ્રિય વણિક, પ્રિયંગુ શ્રેષ્ઠિ, શ્રાવસ્તિના વણિકની જેમ ॥૨॥

(૩) તારાવાળી રાત્રિની જેમ કેટલાકની મતિ કાંઈક પ્રકાશવાળી, વિનય, દયાપણું, અલ્પ ઈર્ષાપણું વિ. કંઈક પ્રકાશવાન હોવાથી ભવભાવનામાં કહેલ મનુષ્યનું આયુષ્ય બાંધનાર સુનંદ વિ. ની જેમ ॥૩॥

(૪) શુક્ર આદિ ગ્રહથી યુક્ત રાત્રિની જેમ, કેટલાકની બુધ્ધિ અધિક્તર

પ્રકાશવાળી હોય છે. મિથ્યાત્વ રૂપ અંધકાર યુક્ત હોવા છતાં પણ પૂર્વના ભાંગાથી અધિક વિષય વૈરાગ્યાદિ પ્રકાશ હોવાથી અધિકતર પ્રકાશવાળી બુધ્ધિ હોય છે. જેવીરીતે ભર્તુહરી વિ. ની જેમ ॥૪॥

(૫) હીન ચંદ્રવાળી રાત્રિની જેમ કેટલાકની બુધ્ધિ અધિકતર પ્રકાશવાળી હોય છે. પૂર્વે કરેલા ભાંગાથી અધિક ભવ નિર્વેદ અભિનિવેષાદિ (કદાગ્રહ વિ.) નો અભાવ અને પરોપકારના શુભ પરિણામરૂપ પ્રકાશવાળી હોવાથી અને અત્યંત નહિ એવા મિથ્યાત્વ રૂપ અંધકારવાળી હોવાથી અધિકતર પ્રકાશવાળી બુધ્ધિ હોય છે. પૂરણ તામલિ ઋષિની જેમ ॥૫॥

(૬) પૂર્ણચંદ્રવાળી રાત્રિની જેમ કેટલાકની બુધ્ધિ ઘણા પ્રકાશવાળી બધીરીતે મિથ્યાત્વાદિ અંધકારનો નાશ કરવા થકી સમ્યક્ જિનધર્મ રૂપ શુધ્ધમાર્ગનો પ્રકાશ કરનારી અને પ્રવર્તનાદિના કારણે બુધ્ધિ તેજ હોય છે. જેમ કે અનાર્યદેશમાં પણ જૈનધર્મના પ્રવર્તક ૩૬ હજાર નવામંદિર બંધાવનાર, ઘણા જીર્ણોધ્ધાર, તીર્થયાત્રા, રથયાત્રા વિ. કાર્યમાં રત સંપ્રતિરાજાની બુધ્ધિ, અઢાર વિ. દેશોમાં સર્વજીવની અહીંસા પ્રવર્તના વિ. અસમાન્ય પુણ્યકાર્યમાં રત શ્રીકુમારપાલ રાજા અને વસ્તુપાલ મંત્રિ વિ. ની બુધ્ધિ અત્યંત પ્રકાશવાળી હતી પરંતુ દિવસના પ્રકાશથી ઓછી હોય છે પૂર્ણ ચંદ્રવાળી રાત્રીના પ્રકાશથી મંદ હોય છે. આ ભંગ મનુષ્યોને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોવાથી બુધ્ધિનો પ્રકાશ અતિ નિર્મલ નથી હોતો ॥૬॥

(૭) વાદળથી વ્યાપ્ત આકાશવાળા દિવસની જેમ કેટલાકની બુધ્ધિ પૂર્ણચંદ્રવાળી રાત્રિથી નિર્મળ પ્રકાશવાળી હોય છે. ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિના કારણે સંપૂર્ણરીતે મિથ્યાત્વ વિ. અંધકારનો નાશ કરનાર હોવાથી બુધ્ધિ નિર્મલ હોય છે. પરંતુ પૂર્વે બંધાયેલા આયુષ્ય વિ. ના કારણે વિષય કષાયાદિ પ્રમાદરૂપ વાદળથી ઘેરાયેલી હોય છે. જેમકે શ્રેણિકાદિની જેમ ॥૭॥

(૮) નિર્મળ દિવસની જેમ કેટલાકની બુધ્ધિ વળી નિર્મળતમ પ્રકાશવાળી, મિથ્યાત્વ આદિ અંધકાર દૂર કરવાપણું પ્રમાદરૂપ વાદળના પટલનું નિર્મુક્તપણું, શુધ્ધ પુણ્યમાર્ગનું પ્રકાશપણું, તેની પ્રવૃત્તિમાં તત્પરતા વિ. થી જેમકે અભયકુમાર મંત્રીની બુધ્ધિ, શ્રી વીરપ્રભુ પાસે દિક્ષિત થયેલા ૬ વર્ષના અતિમુક્ત અથવા

વજસ્વામિ વિ. ની બુધ્ધિ જો કે તેઓને શ્રાયિક સમ્યક્ત્વ નથી. તો પણ તેના સમાન હોવાથી તેની અતિનિર્મલ મતિનું કારણ જાણવું. ॥૮॥

આ આઠે ભંગને વિષે દરેક ભંગ જીવની મતિના તરતમ (જુદાજુદા) ભાવ અને તેના દ્રષ્ટાંતો બુધ્ધિશાળીએ યથાયોગ્ય ઉતારવા (જોડવા).

હવે આજ આઠ ભાંગાને વિષે ધર્મની વિચારણા કરે છે. તે આ પ્રમાણે.....

(૧) પહેલી નિશાની (રાત્રીની) જેમ ભયંકર અંધકારવાળા કેટલાક ધર્મ છે. જેમ નાસ્તિકોનો ધર્મ તેઓને ગમન કરવા યોગ્ય, કે ન કરવા યોગ્ય, ખાવા યોગ્ય કે ન ખાવા યોગ્ય, પીવા યોગ્ય કે ન પીવા યોગ્ય વિગેરે સર્વરીતે વિવેક વગરના હોવાથી લોક વિરૂધ્ધ તેવી તેવી કુકર્મની પ્રવૃતિમય (યુક્ત) હોવાથી અને તેથી જ દુર્ગતિમાં પડવાના કારણરૂપ હોવાથી પહેલી રાત્રિની જેમ ઘોર અંધકારમય છે. ॥૧॥

(૨) બીજી રાત્રિ જેવો અતિ ભયંકર નહિ એવો અંધકાર યુક્ત વેદે કહેલો ધર્મ છે. અને તેમાં ક્યારેક કંઈક દયા, દાન, સત્ય, શીલ વિ. પણ કહ્યું છે. પરંતુ યજ્ઞ વગેરેના બહાને પશુવધ, દારૂ, માંસ વિ. નું ભક્ષણ, પરસ્ત્રી સાથે પરિભોગ વિ. ની આજ્ઞાના કારણે તે (દયા વિ.) બધું ભુંસાઈ ગયેલું છે. કાજળથી ફેરવેલા કુચડાવાળા ચિત્રની જેમ છે. તેથી તેનું માત્ર અંધકાર પણું પણ બરાબર છે. ॥૨॥

(૩) ત્રીજી રાત્રિની જેમ અલ્પ પ્રકાશવાળો બૌધ્ધધર્મ છે. તે બૌધ્ધ ધર્મમાં પાત્રે પડેલું આમિષ (માંસ) વિ. નો પણ ત્યાગ કરતા નથી. (ખાય છે), કોમળ શૈયા, સવારે ઉઠીને પીણું પીવું, મધ્યાહ્ન સમયે ભોજન કરવું. અને સાંજે પીણા પીવા. દ્રાક્ષાખંડ અને શર્કરા અર્ધરાત્રે લેવી એ રીતે અન્તે શાક્ય સિંહે મોક્ષ જોયો છે. ॥૩॥

ઈત્યાદિ કહેવાથી અને સર્વપ્રકારો વડે પોતાના દેહને સુખી કરવાથી જ મોક્ષ છે. વિ. અતુચ્છ મિથ્યાત્વરૂપ અંધકારથી અજ્ઞાનને પ્રસારવા વડે કરીને પોતાના આશ્રિતોને સમ્યગ્ જીવ, ધર્મ, અધર્મ આદિ પદાર્થનું દર્શન

નહિ કરવા થકી અત્યંત અંધકાર યુક્ત છે. કંઈક બાહ્ય બ્રહ્મ વિ. અનુષ્ઠાન રૂપ અલ્પ પ્રકાશ હોવાથી અલ્પ પ્રકાશપણું છે. એ પ્રમાણે તેવા પ્રકારના બીજાધર્મને વિષે પણ વિચારણા કરવી. અને આ ભાંગાવાળાને ધર્મથી ઉત્કૃષ્ટપણાથી અલ્પ ઋધ્ધિવાળા વ્યંતરાદિ ગતિની જ સંભાવના છે. ઈતિ ॥૩॥

(૪) ચોથીરાત્રિની જેમ કંઈક વધારે પ્રકાશવાળો તાપસાદિ ધર્મ જાણવો. તાપસધર્મનો અનંતજીવ કાયવાળું કંદમૂલ શેવાલાદિ. અશન, ગાળ્યાવિનાના પાણીથી સ્નાન, વૃક્ષાદિને પાણી સિંચવું, જોયા (પ્રમાર્જ્યા) વિનાના લાકડાને બાળવા વિ. આરંભ સંભારંભને ધર્મની બુધ્ધિપૂર્વક કરવા વડે, પ્રવર્તનાદિ ઘણું મિથ્યાત્વના ફેલાવા વડે (દ્વારા) પોતાના આશ્રિતોને જીવાજીવ ધર્માદિ પદાર્થનું દર્શન સારી રીતે નહિ કરાવાથી અત્યંત અંધકારમયપણું છે. પાંચે ઈન્દ્રિયનું કંઈક દમન, ઘણા તપ કષ્ટ વિ. અનુષ્ઠાન રૂપ અધિક પ્રકાશવાળું હોવાથી બૌધ્ધધર્મથી અધિક પ્રકાશપણું છે. એ પ્રમાણે બીજાપણ તેવા પ્રકારના ધર્મને વિષે વિચારવું. તાપસધર્મથી ઉત્કૃષ્ટથી જ્યોતિષ્ક સુધીની દેવગતિ થાય છે. ॥૪॥

(૫) પાંચમી રાત્રિની જેમ અધિકતર પ્રકાશવાળો ચરકપરિવ્રાજક ધર્મ છે. તે મિથ્યાંધકારથી ભરેલ હોવા છતાં પણ તેવા પ્રકારની ક્ષમા, સમતા, ઈન્દ્રિયોનું દમન, સર્વજીવો પર અનુકંપાના પરિણામ, ભવનિર્વેદાદિ રૂપ અધિકપ્રકાશવાળો હોવાથી ૫ મી રાત્રી જેવો હોય છે. આ ધર્મના આરાધકો તામલિઋષિ (તાપસ) વગેરે ઘણા શુધ્ધ પરિણામવાળાનું આગમમાં પણ પ્રતિપાદન કર્યું છે. આ ભાંગાવાળા ધર્મથી પાંચમા દેવલોકસુધીની ગતિ પામે છે. શુદ બીજથી આરંભીને શુદ આઠમ અથવા સુદ દશમી સુધીજ હીનચંદ્રવાળી રાત્રિવાળો આ ભાંગો ધર્મની ઉપમાવાળો જાણવો. પરંતુ તે રાત્રિ અલ્પવિશુધ્ધ (૨) વિશુધ્ધ (૩) સુવિશુધ્ધ (૪) વિશુધ્ધતર વિ. ભેદવાળો અવિરત સમ્યગ્ દૃષ્ટિ ધર્મની ઉપમાવાળો ધર્મ છે. ॥૫॥

(૬) છઠ્ઠીરાત્રિની જેમ સંપૂર્ણ પ્રકાશવાલો વિશુધ્ધતમ અવિરત સમ્યગ્ દૃષ્ટિ ધર્મ છે. અને તે સંપૂર્ણ (બધી રીતે) નીકળી ગયેલા મિથ્યાત્વરૂપ

અંધકારવાળો અને સમ્યગ્ જીવાદિ પદાર્થનું પ્રકાશ કરનારો સંપૂર્ણ પ્રકાશકારી છે. પરંતુ જે રીતે વાદળવાળા પણ દિવસે સજ્જનોની જે ક્રિયા પ્રવૃત્તિ થાય તેવી પૂર્ણચંદ્રવાળી વિશુધ્ધ રાત્રિને વિષે થતી નથી. તેથી તેવી રાત્રિ સમાન અવિરત સમ્યગ્ દૃષ્ટિ ધર્મની દેવગુરૂની ભક્તિ વિ. કંઈક ક્રિયામાં પ્રવૃતપણા વિષે પણ વિરતિ આદિ વિશેષ ક્રિયાનુષ્ઠાનની પ્રવૃત્તિનું કારણ બનતું નથી. પરંતુ નિંદ્રા વિ. સારિખા વિષય કષાયાદિ પ્રમાદનું નિરોધકપણું થાય છે. આ ધર્મ જઘન્યપણે આરાધવાથી પણ મનુષ્ય અથવા તિર્યંચ સૌધર્માદિક સુરલોકની પ્રાપ્તિ કરે છે. આગમમાં કહ્યું છે કે..... જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તે વૈમાનિકને છોડીને બીજુ આયુષ્ય બાંધતો નથી. ॥૬॥

(૭) વાદળની શ્રેણીવાળા દિવસની જેમ વિશુધ્ધતર પ્રકાશયુક્ત દેશવિરતિ શ્રાવકધર્મ છે. કારણ કે તે પ્રાપ્ત થતાં દેશવિરતિ આદિ વિશેષ ક્રિયાનુષ્ઠાનની પ્રવૃત્તિ થાય પરંતુ જેવીરીતે વાદળવાળા દિવસે મનુષ્યના શરીરમાં આળસ થવા વિ. ના કારણે વિશિષ્ટતર ક્રિયાનુષ્ઠાનમાં પુરુષાર્થ થતો નથી. તેવી રીતે તે ધર્મ હોવા છતાં જાડાવસ્ત્રની ઉપમા સમાન પ્રત્યાખ્યાનાવરણ કષાયથી ઉત્પન્ન થયેલા આળસ (પ્રમાદ) વિ. ના કારણે જીવોને સર્વવિરતિરૂપ વિશિષ્ટત્તર ક્રિયાનુષ્ઠાનમાં વીર્ય પ્રસ્ફૂરિત થતું નથી. ઝાંખાદિવસ સરિખા કુટુંબપરનો મમત્વ ભાવરુપ કંઈક અંધકાર જતો નથી. આથી ઉત્કૃષ્ટથી બારમાદેવલોક સુધીની ગતિ થાય છે. ઈતિ ॥૭॥

(૮) વાદળ રહિત દિવસની જેમ નિર્મલતમ પ્રકાશવાળો શ્રી જિનેશ્વર ભગવાને કહેલો યતિ (સાધુ) ધર્મ છે. પહેલા કહેલાં અંધકારાદિ સરિખા મિથ્યાત્વ વિષય પ્રત્યાખ્યાનાવરણનો અન્ત થવાથી અને કષાય વિગેરે સમસ્ત કાળાશ રહિતપણાથી સર્વવિરતિરુપ સર્વોત્તમ ક્રિયાનુષ્ઠાનની પ્રવૃત્તિ કરવાપણાથી નિર્મલતમ યતિધર્મ છે. આ ધર્મની ઉત્કૃષ્ટ આરાધનાથી જીવો શિવ સુખને પામે છે. મેળવે છે.

કહ્યું છે. કે..... જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કેટલા પ્રકારે કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે.... ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન અને ચારિત્રની આરાધનાથી તેજ ભવમાં

મુક્તિ, સિધ્ધિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ સિધ્ધ થાય છે. મધ્યમ આરાધનાથી ત્રણ ભવથી અધિક થતા નથી. અને જધન્ય આરાધનાથી સાત-આઠ ભવથી અધિક થતા નથી. એ પ્રમાણે શ્રી ભગવતીસૂત્રના ૮ મા શતકમાં કહ્યું છે. ॥૮॥

શ્લોકાર્થ :- હે પંડિતો ! જો મોહરૂપી વૈરી ઉપર જયરૂપ લક્ષ્મી વડે સિધ્ધના સુખની ઈચ્છા હોય તો ધર્મથી આ આઠ પ્રકારની જીવની બુધ્ધિ જાણીને વિશુધ્ધ રીતે તેની પ્રાપ્તિને માટે શ્રેષ્ઠ (ઊંચો) પ્રયત્ન કરો ઈતિ...

॥ મધ્યાધિકારે બીજા અંશે તરંગ છઠ્ઠો પૂર્ણ ॥

મધ્યાધિકારે - ૨ અંશે (તરંગ-૭)

શ્લોકાર્થ :- લોકમાં જયરૂપલક્ષ્મી, સુખાદિ સર્વ જિનધર્મની આરાધનાનું ફળ છે. ધર્મમાં રતિ (આનંદ)વાળા વિવિધ પ્રકારના જીવો ભવિષ્યમાં શિવ - મુક્તિને પામે છે. ॥૧॥

જેવીરીતે શ્રેષ્ઠજલથી ભરેલા સરોવરમાં કાગડો, કૂતરો, હાથી, હંસ આદિ અનુક્રમે ત્યાગ, ચાટવાપણું, સ્નાન અને રતિ (આનંદ) કરનારા હોય છે. તેવી રીતે જીવો જિનેશ્વરના ધર્મમાં રતિ કરનારા હોય છે.

અહીંયા જિનધર્મને નિર્મલજલથી ભરેલા સરોવરની ઉપમા આપી છે. તેમાં વીતરાગાદિ દેવતત્વ, પાંચમહાવ્રત, અઢાર હજાર શીલાંગધારી ગુરૂતત્વ, પાંચઆશ્રવાદિ રહિત, ધર્મતત્વ સહિત અને રાગાદિ મલથી રહિત હોવાથી ધર્મનિર્મલ જાણવો. અથવા બીજા ધર્મોનું તેનાથી વિપરિત દેવગુરૂ ધર્મતત્વ હોવાથી કાદવથી વ્યાપ્ત તુચ્છ જલાશય સમાન જાણવું. અને તેથી જેવીરીતે કાગડો નિર્મલ જલથી ભરેલું સરોવર છોડે છે. અને કાદવવાળા તુચ્છ જલાશ્રયે આનંદને પામે છે. જો તે ન મળે તો સ્ત્રીના શિર પર રહેલા ઘડા વિ. માં ચાંચ નાખે છે. તેવીરીતે કેટલાક અધમ જનો જિનધર્મને, જિનેશ્વરદેવ અને ગુરુને નમવાદિ રૂપ સ્પર્શ કરતા નથી. (નમતાં) નથી. પૂર્વે કહેલા

જલાશ્રય (સરોવર) ની ઉપમા સમાન કુધર્મમાંજ આનંદ માને છે. અને કેટલાક તો સ્ત્રીના ઘડાની જેમ ચમત્કારી તીર્થયાત્રા, માનેલી માનતા, શીરોમુંડન, ભોગોને ભેગા કરવા વિ. રૂપ કંઈક ધર્મને આલોકના સુખને માટે પણ કરે છે. ॥૧॥

(૨) જેવી રીતે કુતરો મોટું સરોવર પ્રાપ્ત થવા છતાંપણ પાણીને ચાટે છે. પરંતુ ઘુંટડે ઘુંટડે પીતો નથી. તેવી રીતે કર્મક્ષયથી કુગુરૂ વડે ઠગાવાથી અથવા મોટાઈને માટે શ્રાવક વિ. નો સંસર્ગ, દાક્ષિણ્ય વિ. ના કારણે અથવા કૌતુક આદિના કારણે ક્યારેક ક્યારેક જિનભવન પ્રતિગમન, ચમત્કારી તીર્થયાત્રા, ચમત્કારી ગુરૂવંદન અને તેનો પરિચય કરવો. સારા એવા કૌતુક પૂર્વક તેના ઉપદેશ સુક્તાદિ શ્રવણાદિ કરે છે. પરંતુ તે સમ્યગ્ અનુષ્ઠાનાદિ (લક્ષણો) નથી ॥૨॥

(૩) કેટલાક હાથીની જેમ જિનધર્મરૂપી સરોવરમાં સમ્યગ્દર્શનાદિ શ્રાવક ધર્મના રસને પીએ છે. પાણી પીને તૃપ્તિ (સંતોષ) પામે છે. સદનુષ્ઠાનાદિ કરીને આત્માને નિર્મલ કરે છે. અને પાપરૂપી તાપ દૂર કરવા થકી શીતલ - સૌમ્ય બને છે. પરંતુ કુસંસર્ગ વિ. ના કારણે, આપદાદિના કારણે, લોભ વિ. ના કારણે અથવા પોતાના પરિવારના નિર્વાહને માટે મિથ્યાત્વ, મહાઆરંભ, વિષય તૃષ્ણા, પ્રમાદ, અતિચાર આદિ રજ થકી પોતાને મલિન પણ કરે છે. પરંતુ તે મલ કોરક રજ સમાન (સૂકી ધૂળસમાન) "સમ્મદિટ્ઠિ જીવો" એ પ્રમાણેના વચનથી કાદવની જેમ ચોંટતો નથી અને પ્રતિક્રમણાદિ આવશ્યકરૂપ સ્નાન વિ. થી દૂર કરે છે. વારંવાર કેટલાક (સ્નાન કરવું અને ફરી ગંદુ થવું તે) બંન્ને કરે છે. અને કેટલાક યતિઓ ચારિત્ર ધર્મમાં રહેતા હોવા છતાં પણ આત્માને નિર્મલ પણ કરે છે. અને પ્રમાદ, અતિચાર વિ. થી ગંદુ પણ કરે છે. ॥૩॥

(૪) વળી કેટલાક હંસની જેમ નિર્મલ શ્રાવક ધર્મ રૂપ સરોવરમાં જ આનંદ કરે છે. (માને છે) અને તેમાં લીન દૃઢવ્રતધારીઓ દેશવિરતિ વિ. ધર્માનુષ્ઠાન વડે પોતાના કર્મમલરૂપ તાપ વિ. ને દૂર કરે છે. આત્માને નિર્મલ અને સુખી કરે છે. અને તેથી બહાર નીકળીને પ્રમાદરૂપ અતિચાર

વિગેરેથી મલિન કરતો નથી. અથવા દુઃખી કરતો નથી. પ્રમાદરૂપ અતિચારથી રહિત એવા યતિઓ નજીકમાં મુક્તિને મેળવનારા જ હોય છે. ઈત્યાદિ વિસ્તારથી પૂર્વની જેમ જાણવું. ॥૪॥

શ્લોકાર્થ :- હે ભવ્યો ! એ પ્રમાણે ઉત્તરોત્તર શ્રેષ્ઠ દૃષ્ટાંત સરિખા જિનધર્મરૂપ મહાસરોવરમાં હંમેશને માટે સ્થિર થાઓ. જેથી કરીને સંસારના સુખો પામીને જયરૂપ લક્ષ્મી વડે આઠ કર્મરૂપ શત્રુઓ પર જયરૂપ લક્ષ્મી મેળવી અક્ષયસુખરૂપ લક્ષ્મી સાથે વિલાસને કરો. (૨મો).

ઈતિ તપા. શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત મધ્યાધિકારે બીજે અંશે

॥ તરંગ ૭મો પૂર્ણ.... ॥

મધ્યાધિકારે ૨ અંશે (તરંગ-૮)

શ્લોકાર્થ :- જયરૂપ લક્ષ્મીના સુખને ઈચ્છતા જીવો ઘણાપ્રકારના ધર્મને કરે છે. તે વળી ભાવને આશ્રયીને ઘણા પ્રકારના દેખાય છે. ॥૧॥

જેવીરીતે (૧) જવનો સાંઠો, (૨) ઈક્ષુનો દંડ (૩) રસ (૪) ગોળ (૫) ખાંડ (૬) સાકર જેવી રીતે ઉત્તરોત્તર ચઢતા ક્રમે ગળપણવાળા છે. તેવી રીતે જીવોની મતિ ધર્મ પરિણામવાળી છે. ॥૨॥

(૧-૨) દંડ શબ્દને બંન્ને સ્થાને જોડવાથી જવનો સાંઠો અને શેરડીનો સાંઠો થાય છે.

(૩) **રસ :-** ઈક્ષુ સંબંધી (શેરડીનો રસ) ગોળ અને ખાંડ તો પ્રસિધ્ધ છે. અને સાકર જાતિ થકી ચીની એ પ્રમાણે પ્રસિધ્ધ છે. આ જેવીરીતે ઉત્તરોત્તર ગળપણવાળા છે. તેવીરીતે જીવોના ધર્મ પરિણામ પણ ઉત્તરોત્તર મધુર છે એ પ્રમાણે કહેવાનો ભાવ છે. હવે તેની વિચારણા કરાય છે.

જેવી-રીતે જવ (જુવાર) ના સાંઠામાં અલ્પતમ રસ છે. માત્ર શરૂઆતમાંજ ખાનારને કંઈક સ્વાદ મલે છે. પરંતુ તે પછી કચરોજ રહે છે. એ પ્રમાણે કેટલાક જીવોને જિનધર્મ શરૂઆતમાં શ્રવણ અને સ્વીકારવા આદિ સમયે કંઈક સ્વાદ મલે છે. પરંતુ પછી તે કુચ્ચા રૂપે જ દેખાય (લાગે) છે તેમાં....

બે વણિકનું દ્રષ્ટાંત

કોઈ એક નગરમાં નંદક અને ભદ્રક નામના બે વણીક પુત્રો દુકાનના વ્યવસાયમાં રત (લીન) હતા. એક વખત નંદકે ગુરુવચનથી ઉત્પન્ન થયેલી શ્રધ્ધાવાળા પ્રાતઃ (સવારે) જિનપૂજાનો અભિગ્રહ કર્યો અને ભદ્રક સવારે ઉઠીને હંમેશા પોતાની દુકાને જાય છે. અને નંદક હંમેશાં દેવપૂજા માટે જિન મંદિરે જાય છે. ભદ્રક ચિંતવે છે. અહો ! આ નંદક ધન્ય છે. કારણ કે બીજા બધા કાર્યો છોડી દઈને તે સવારે હંમેશાં જિનની પૂજા કરે છે. હું નિર્ધન છું, પાપી છું, ધન ઉપાર્જનની લાલસાવાળો છું, અહીંયા (દુકાને) આવીને દિન ઉગતાં પામરોના મુખ જોઉં છું. મારા જ જીવિતને અને ગોત્રને ધિક્કાર છે. આ પ્રમાણેના ધ્યાનરૂપી જલથી તે પોતાના મેલને ધૂએ છે. અને પુણ્ય બીજને સીંચે છે. દેવની પૂજાના સમયે નંદક આ પ્રમાણે ચિંતવે છે. ભદ્રક હરિફ (સામે કોઈ ન હોવાથી) વગરનો હોવાથી ઘણું ધન અર્જન કરે છે. મેં તો પ્રતિજ્ઞા કરેલી છે. હવે હું શું કરૂં ? દેવપૂજાનું ફલતો દૂર રહ્યું હા ! હું તો નિર્ધન થઈ જઈશ ॥ આ પ્રમાણે કુવિકલ્પો વડે પોતાનું કરેલું સુકૃતહારી ગયો. આથી કરીને બુધ્ધિશાળીઓએ એક ચિત્તથી દેવપૂજા કરવી. અહીંયા આ રીતે નંદકનો જુવારના સાંઠા જેવો ધર્મપરિણામ જાણવો ॥૧॥

(૨) જેવીરીતે શેરડીનો સાંઠો ચાવતા અધિકઅધિક સ્વાદ આપે છે. અને ઘણા રસવાળો હોય છે. પરંતુ ઘણા કુચ્ચાવાળો પણ હોય છે. તેવી રીતે કેટલાકને ધર્મ કરતાં અધિક સ્વાદ આવે છે. પરંતુ પ્રમાદરૂપી કુચ્ચાનું પ્રમાણ અધિક હોય છે. જેવીરીતે માર્દગિક દેવથયેલ વિસઢ શ્રાવકનું સામાયિક ધર્મ ॥૨॥

(૩) વળી જેવીરીતે શેરડીનો રસ શેરડીના સાંઠા કરતાં અધિક ગળ્યો હોય છે. પરંતું છેડે કંઈક કુચ્ચા અને ધૂલ વિ. થી મિશ્ર હોય છે. તેવીરીતે કેટલાકનો ધર્મ પરિણામ પહેલાં (પૂર્વ) કરતાં અધિક મીઠો (સારો) હોય છે. પરંતુ બહુ નહિ (અલ્પ) એવા વિષય - કષાય વિગેરે પ્રમાદ રૂપી કુચ્ચા હોય છે. આલોકમાં કીર્તિ, મહત્ત્વ, ધન વિ. ની ઈચ્છા, અભિમાનાદિ રૂપ મલથી

કલુષિત અને તે અત્યંત તીવ્ર હોતા નથી. જેવીરીતે કપર્દિ, વનક શ્રેષ્ઠિઆદિનો, શા. પૃથ્વીધર પુત્ર, ઝાંઝણદેવ વિ. નો, મંત્રિ જિણહા, મંત્રી અંબડ, બાહડ અને વાહડ વિ. નો ધર્મ જેવીરીતે ઈક્ષુરસ ૧ પ્રહર પછી પ્રાયઃ નાશ પામે છે. તેવીરીતે તેવા પ્રકારનો ધર્મ રસ કાલાન્તરે કેટલાક કુસંગતિ વિ. ના કારણે વિનાશને પણ પામે છે. નંદનમણિકાર વિ. ની જેમ ॥૩॥

(૪) જેવીરીતે ગુડ પણ સારો વિશેષ અધિક રસ ઘટ થઈને પીંડિ થયેલા રસનું રૂપાંતર હોવાથી તે રાખ વિ. થી મિશ્ર હોય છે. તેવીરીતે કેટલાકનો ધર્મ પરિણામ તીવ્ર રસવાલો હોવાથી વિશેષ અધિક મધુર હોય છે. પરંતુ રક્ષા (રાખ) ની ઉપમા સમાન કંઈક કષાયાદિથી મિશ્ર હોય છે. જેવીરીતે મંત્રી વસ્તુપાલ, શ્રી કુમારપાલ ભૂપાલ (રાજા) વિ. ની જેમ ॥૪॥

(૫) વળી ખાંડ ગોળથી પણ અધિકરસ (મીઠાશ)વાળી હોય છે. અને અલ્પ કચરા (મલ) વાળી હોય છે. તેવીરીતે કેટલાકના ધર્મપરિણામ પહેલા કહેલા ગોળથી અધિકતર રસવાળા અને અલ્પ પ્રમાદરૂપ કચરા (મલ)વાળા હોય છે. જેવીરીતે શ્રી અભયકુમાર મંત્રી, આનંદ કામદેવ આદિ દશ શ્રાવક વિ. ના, શા. પૈથડ મંત્રી, જગડુસા અને સા. મહુલ સિંહાદિના, સહદેવના મોટાભાઈ વિમલ અને નિસઢ શ્રાવકાદિના જેવા ધર્મિપરિણામ હોય છે ॥૫॥

વિસઢ શ્રાવકાદિના અને નિસઢ શ્રાવક આદિના સંબંધ (કથા) વિષે કેટલાક દ્રષ્ટાંતો પહેલાં લખેલા હોવાથી અને કેટલાક પ્રસિધ્ધ હોવાથી અહીંયાં લખ્યા નથી. પંડીત જનોએ જાતેજ વિચારી લેવા.

(૬) હવે જેવીરીતે મોટી સાકર બધાથી ઉત્તમ મધુર રસવાળી અને નિર્મલતમ હોય છે. તેવીરીતે કેટલાકના ધર્મના પરિણામ સર્વોત્તમ મધુર રસવાળો અને સંપૂર્ણ પ્રમાદ રુપ મેલ વગરનો હોય છે. દા.ત. શ્રી પુંડરિક રાજા, સુરરાજા, શ્રી જંબુસ્વામિ, શ્રી વજ્રસ્વામિ, પૃથ્વીચંદ્ર, ગુણસાગરાદિની જેમ તેમાં સુરરાજાની કથા આ પ્રમાણે છે.....

સુરરાજાની કથા

પહેલાં સુરરાજા, ભાઈમુનિને વનમાં પધારેલા જાણીને (સાંભળીને) વંદનાર્થે ગયા. તેને વંદન કરીને પાછા આવતાં રાણીએ સવારે દેવરમુનિને વંદન કરીને જ પછી ખાઈશ એ પ્રમાણે અભિગ્રહ કર્યો. ત્યાં તો રાત્રિના સમયમાં નદીમાં આવેલું પૂર સાંભળી ને ચિંતામાં પડેલી રાણીને કહ્યું, 'ચિંતા કર નહીં નદીએ જઈને કહે કે હે નદી ! દેવરે દિક્ષા લીધી ત્યારથી જો મારા ભરથારે અખંડ બ્રહ્મચર્ય પાલ્યું હોય તો દેવરને વંદનાર્થે જતી એવી મને માર્ગને આપ એ પ્રમાણે બોલજે. તે સાંભળીને આશ્ચર્ય પામેલી રાણીએ વિચાર્યું દેવરે દિક્ષા લીધી ત્યારથી આ રાજાની પુત્ર સંતતિ મારાથી થઈ છે. તેથી આવું અસંબંધ રાજા કેમ બોલે છે ?

અથવા હવે વિકલ્પ કરવાથી શું ? થોડા સમયમાંજ વાત જાણવામાં આવશે. અથવા વાતની સિધ્ધિ - વિશ્વાસ થશે. અને વળી પતિવ્રતા સ્ત્રીઓએ સ્વામિના વચનમાં વિકલ્પો કરવા ન જોઈએ. નોકર - શેઠના, શિષ્ય-ગુરૂના, પુત્ર - પિતાના આદેશમાં સંશય કરતાં આત્માના વ્રતનું ખંડન કરે છે.

ત્યારબાદ સપરિવાર નદીએ જઈને પતિએ કહેલું બોલી. તેથી નદી એ પોતાના પુરમાં બે ભાગ કરતાં તે જમીન માર્ગે જઈને મુનિને વંદન કર્યું. મુનિએ નદી ઉતરી આવ્યાની વિધિ પૂછતાં તેણે તે વૃતાંતને કહીને પૂછ્યું કે હે ભગવન્ ! રાજાનું બ્રહ્મચારીપણું કેવી રીતે ? મુનિએ કહ્યું 'સાંભળ મેં દીક્ષા લીધી ત્યારથી આ રાજા અત્યંત વિરક્ત બનેલો અને દિક્ષાની ઈચ્છાવાળો છે. પરંતુ તેવા પ્રકારનો કોઈ રાજ્યભારને સંભાળનાર ન હોવાથી મન વિના જ રાજ્ય કરે છે. કહ્યું છે કે "પર પુરુષમાં રતનારી ભરથારને અનુસરે છે." તેવીરીતે તત્ત્વમાં રત યોગી સંસારને અનુસરે છે. તે પ્રમાણે ગૃહવાસમાં રહેવા છતાંપણ કાદવમાં રહેલા કમળની જેમ રહે છે. નિર્લેપ મનવાળા રાજામાં બ્રહ્મચારી પણું ઘટે છે. ॥૨॥ પછી સાથે લાવેલા લાડુ વિગેરે મુનિ ને આપીને પૂર્ણ થયેલ પ્રતિજ્ઞાવાળી તેણીએ ત્યાં ખાધા પછી

ત્યાંથી પાછી વળતી વખતે તેણીએ મુનિને પૂછ્યું આ નદી કેવીરીતે પાર કરું ?

મુનિએ પણ કહ્યું, 'નદીને કહેજે કે આ મુનિએ જ્યારથી વ્રત (દીક્ષા) લીધા છે. ત્યારથી હંમેશા ઉપવાસ કરતા હોય તો મને માર્ગને આપ. ઈતિ, પછી તે પ્રમાણે નદીને કહીને સુખપૂર્વક પોતાના ઘરે આવી રાજાની આગળ મુનિને લાડુ વોરાવ્યા વિ. વાતને કહેતી ઉપવાસના કારણને પૂછ્યું મુનિ ઉપવાસી કેવી રીતે ?

રાજાએ કહ્યું હે દેવી ! તું ભોળી છે. ધર્મના તત્ત્વ ને જાણતી નથી. આ મહાત્મા ખાવામાં અને નહિ ખાવામાં પણ સમચિત્ત (એક સરખા) મનવાળા છે. નહિ કરેલું, નહિ કરાવેલું અને શુધ્ધ આહારને ખાતા હોવાથી મુનિ નિત્ય ઉપવાસીજ હોય છે. તે સાંભળીને જિનધર્મના પ્રભાવને જોવાથી આશ્ચર્ય પામેલી રાણી ધર્મમાં દઢ ચિત્તવાળી થઈ. ॥ઈતિ॥

આ સુરરાજા અને સોમમુનિ સાકરની ઉપમા તુલ્ય ધર્મપરિણામવાળા છે. એ પ્રમાણે શ્રાવકધર્મને આશ્રયીને છ એ છ દ્રષ્ટાંતોની વિચારણા થઈ. એ પ્રમાણે સાધુધર્મને પણ આશ્રયીને વિચારવું યથાસ્થાને યથાયોગ્ય દ્રષ્ટાંતો જાતેજ યોજવા ઈતિ. અહિયાં જે બહુલ સંસારી છે તેને ધર્મનો પરિણામ સ્વલ્પ હોતો નથી તેનો અહીંયા અધિકાર નથી (તેની વાત નથી.) શ્રી શ્રેણિક, કૃષ્ણરાજા વિ. ને સાકરની ઉપમા હોવા છતાં પણ પૂર્વે નરકનું આયુષ્ય બાંધેલું હોવાથી અને નિયાણા વિ. ના કારણે વિરતિ સ્વીકારી શક્યા નથી અને આ છ ધર્મ પરિણામો ક્રમથી પ્રાયઃ (૧) આસન્નતમ નહિ (૨) આસન્નત્તરા નહિ (૩) આસન્ન નહિ (૪) આસન્ન (૫) આસન્નતરા (૬) આસન્નતમ સિધ્ધિકોના જાણવા ઈતિ.

એ પ્રમાણે જીવો વિષયરસવાળા એ પ્રમાણે અંત્ય પદ પાઠ જાણવો તેમાં દૃષ્ટાંતની વિચારણા પૂર્વની જેમ કરવી. દાષ્ટાન્તિક ભાવનાતો આ પ્રમાણે યંવ (જુવાર) ના દંડાવિ, રસના પ્રકારથી (૧) આસન્નતમ (૨) આસન્નતમ નહિ એવા ભવસિધ્ધિકો ઉત્તરોત્તર ગુડ જેવા વિષયરસવાળા હોય છે. તેમાં સાકરની ઉપમા સમા વિષયરસ નરકાદિ દુર્ગતિ રૂપ દુઃખ

ફલદાયક બને છે. સ્ત્રી રત્નાદિની જેમ એ પ્રમાણે બાકીના બધા પદોના દ્રષ્ટાંત જાતેજ જાણી લેવા. જો કે આસન્ન સિધ્ધિકોના પણ કેટલાક સાકરની ઉપમા સમાન, મીઠાશવાળા દેખાતા વિષયરસો જણાય છે. સંભળાય છે. મેતારજ મુનિ, બ્રહ્મદત્ત ચક્રવર્તી વિ. ની જેમ પરંતુ તે દ્રષ્ટાંતો ધર્મ વિરાધનાદિથી ઉત્પન્ન થયેલા હોવાથી અહીંયાં તે વ્યભિચારનું કારણ નથી 'જીવો મિથ્યાત્વ-પાપરસવાળા' એ પ્રમાણે પાઠ ગ્રહણ કરતાં આ પ્રમાણે યવ (જુવાર) નાલ દંડાદિ પ્રકારે કરીને પૂર્વની જેમ છ પ્રકારના જીવોની ઉત્તરોત્તર મીઠાશ દેખાય છે. મિથ્યાત્વ અને પાપ એટલે પંચેન્દ્રિય વધાદિ તે વિષયમાં રસવાળા થાય છે. તેમાં સાકરની ઉપમાવાળા મિથ્યાત્વનો રસ, નરકાદિ દુર્ગતિ, દુઃખફલ.... તુરુમિણી, દત્તરાજા, પિપ્પલાદિની જેમ અને પાપરસ કાલસૌકરિક, તંદુલ મત્સ્યાદિની જેમ. એ પ્રમાણે બાકીના પદોમાં પણ દ્રષ્ટાંતની ભાવના કરવી. ॥ઈતિ॥

વળી જે કોઈ નજીકના સિધ્ધિકોની પણ સાકર આદિની ઉપમાસમા મિથ્યાત્વરસ અને પાપરસ સંભળાય છે. પ્રદેશીરાજા વિ. ના કેસરી ચોર અને ચિલાતીપુત્રાદિ ની જેમ તે પણ પૂર્વભવમાં ધર્મની વિરાધનાદિથી ઉત્પન્ન થયેલ હોવાથી વ્યભિચારનું કારણ બનતું નથી. ઈતિ.

શ્લોકાર્થ :- હે અમૃતના આશ્રયરૂપ સુખને ઈચ્છતા હોતો યવ (જુવાર) નાલ દંડાદિ દ્રષ્ટાંતો જાણીને ધર્મમાં શ્રેષ્ઠ એવા રસને ધરો. ॥ઈતિ॥

॥ મધ્યાધિકારે ૨ અંશે ૮ મો તરંગ પૂર્ણ. ॥

મધ્યાધિકારે અંશ-૨ તરંગ-૯

હે બુધ્ધજનો !

જયરૂપી લક્ષ્મી, મંગલ શરણભૂત, આ લોકને પરલોકને વિષે હિત કરનાર, મોક્ષસુધીના સુખને આપનાર એવા ધર્મમાં રતિ કરો - (રમો) ॥૧॥

જેમ જેમ તે ઉલ્લાસ પૂર્વક નિર્મલ બને છે. તેમ તેમ મોક્ષ નજીક કરે છે. તેથી મોક્ષ સુખને ઈચ્છનારાઓ ! ધર્મમાં નિર્મલ રુચિને કરો ॥૨॥

(૧) તૃણનો અગ્નિ (૨) છાણાનો અગ્નિ (૩) લાકડાનો અગ્નિ (૪) પ્રદીપ (પ્રકાશ) નો અગ્નિ (૫) મણિ (૬) તારા (૭) સૂર્ય (૮) ચંદ્રમા ની આભાની જેમ ધર્મમાં રૂચિવાળા જીવોને સિધ્ધિ નજીક વધુ નજીક એથી પણ વધુ નજીક થાય છે.

વ્યાખ્યા :- આનો અક્ષરાર્થ સુગમ છે. વિચારણાતો આ પ્રમાણે :- શુધ્ધ કે અશુધ્ધ ધર્મમાં જેની બુધ્ધિજોડાતી નથી તેઓ અભવ્ય અથવા દુર્ભવ્ય અથવા અનંત સંસારીઓ લાગે છે. અને જેઓ માર્ગને અનુસરનાર તપ, યોગાદિ મિથ્યાત્વિ ક્રિયામાં પણ રમે છે. તેઓ ક્રિયાવાદિપણાથી પુદ્‌ગલ પરાવર્ત મધ્યે સમ્યગ્જ્ઞાન ક્રિયાદિયોગોની પ્રાપ્તિથી મુક્તિને પામે છે. તેઓનો અહીંયા અધિકાર નથી. અને અહીંયા ધર્મરુચિના અવસરે જૈનધર્મમાં રૂચિ એટલે તત્વબોધ રૂપ શ્રધ્ધા તે આઠ પ્રકારની છે.

(૧) તૃણ અગ્નિ સરિખી રુચિ :- પ્રથમ શ્રધ્ધા રુચિ અને તે અન્તમુર્હૂર્ત સુધી રહેવાની વિશિષ્ટ સ્થિતિનું વીર્યનું વિકલપણું હોવાથી સારી રીતે યાદરૂપ બીજના સંસ્કારનું સ્થાપન નહિ થવાંથી (ન કરનાર) અને વિશેષ ધર્મ ક્રિયાનુષ્ઠાન જ્યાંસુધી નહિ રહેવાથી, ધર્માનુષ્ઠાન આદિથી રહિત માત્ર અર્ધ પુદ્‌ગલ પરાવર્ત મધ્યે તેઓ મોક્ષની પ્રાપ્તિ નિશ્ચયે કરે છે. તેવી રીતે ભવ્યોનીજ મોક્ષના કારણભૂત ગ્રંથીનો ભેદ અનંતર થાય છે. એ પ્રમાણે મોક્ષના કારણભૂત હોવાથી તે પ્રશંસનીય છે.

(૨) **બીજી છાણાના અગ્નિસમાનરુચિ :-** તે પણ વિશેષ પ્રકારે શક્તિરહિત

હોવાથી પ્રયોગ સમયે યાદ નહિ રહેવાથી અને પૂર્વના કંઈક વિશેષપણાથી ક્રિયાનુંષ્ઠાન સારી રીતે કરવા છતાં પણ તે સિધ્ધિનું કારણ થતી નથી.

(૩) **ત્રીજી લાકડાના અગ્નિસમાન રુચિ** :- થોડીક સ્થિતિની શક્તિના સદ્‌ભાવથી (હોવાથી) પ્રાયઃ સારી યાદરૂપ બીજના સંસ્કારની સ્થાપનાથી કંઈક કંઈક અનુષ્ઠાનની સિધ્ધિ કરનારનારી હોય છે. અને તે બીજીથી થોડાજ ભવોમાં મુક્તિ આપનારી છે. ॥૩॥

(૪) **દીપકની પ્રભા સમાન** :- ઉત્કૃષ્ટ શક્તિના યોગને કારણે પૂર્વે કહેલા ત્રણ ધર્મ રુચિથી વિશિષ્ટતર છે. અધિક (પટુતર) યાદ શક્તિના બીજનું સ્થાપન કરવાથી વિશિષ્ટતર ધર્માનુષ્ઠાનમાં પ્રવર્તિ કરાવનાર છે. વિશેષ પ્રકારે વિઘ્ન વિ. વિના જીવોને જ્યાંસુધી આયુષ્યનો સદ્‌ભાવ છે ત્યાં સુધી રહેનારી છે. વિઘ્ન કુસંસ્કાર આદિનો યોગ થયે છતે વચમાં પણ નાશ પામે છે. અને તે દીપકની જેમ બીજાને પણ સદુપદેશાદિથી તત્ત્વના બોધને ઉત્પન્ન કરનારી અને ધર્મક્રિયામાં પ્રવર્તાવનારી છે. અને આ ત્રીજી ધર્મ રુચિથી ઓછા ભવમાં મુક્તિને આપનારી છે.

(૫) **પાંચમી મણિની પ્રભા સમી છે રુચિ (શ્રધ્ધા)** :- અને તે તે ભવે સંપૂર્ણપણે અપ્રતિપાતિ (નહિ જનારી) છે. ભાંગે (તૂટે તો) પણ રત્નના પ્રભાવથી નિરોગી કરનાર બીજાને તાપ નહિ કરનાર અને બીજાને સારીરીતે તોષ (સંતોષ)નું કારણ છે. માત્ર સ્વલ્પ અનુષ્ઠાનની પ્રવર્તિનું કારણ છે. તેવી રીતે બીજાને બોધ અને અનુષ્ઠાનાદિ થોડા જ કરાવે છે. અને તે રુચિ તેજ ભવે અપ્રતિપાતિની (નાશ નહિ થનારી) છે. પરંતુ ભવાન્તરમાં જોકે નાશ પામે છે. અને તેથી ચોથીથી સ્વલ્પભવમાં મોક્ષને આપે છે. દૃઢસ્મૃતિ, બીજાના સંસ્કારનું કારણ હોવાથી ભવાન્તરમાં પણ જો કદાચ ચાલી જવાનો સંભવ હોય તો પણ ૬૬ (છાસઠ) સાગરોપમમાં શિવ પ્રાપ્તિનું કારણ બને છે. ॥૫॥

(૬) **તારાની પ્રભા સમાન** :- છઠ્ઠીવળી તારાના તેજ જેવી રુચિ હોય છે. અને તે તેજ ભવમાં વિઘ્ન, કુસંસર્ગાદિથી પણ ચાલી નહિ જનારી છે. પરંતુ ભવાંતરમાં છોડી દે છે. અને તે મધ્યમપ્રકારના અતિચાર વગરના

અનુષ્ઠાનથી (વડે) પ્રાયઃ પ્રમાદના પરિહારનું કારણ છે. બીજાને પણ નિર્મલ બોધ રૂપ ક્રિયાની પ્રવૃત્તિનું કારણ, ગંભીર ઉદાર આશય (ઈરાદા) નું પરમ કારણ છે. પ્રાયઃ સ્વપર ધર્મોપકારની પ્રવૃત્તિ ને કરનારી છે. ભવાંતરમાં પડી જનારી હોવા છતાં પણ તેની પ્રાપ્તિ સુલભ છે. પાંચમીથી સ્વલ્પતર જ ભવમાં મુક્તિને આપે છે. અપ્રતિપાતિ તો દ૬ સાગરોપમ (સુધી) મધ્યે મોક્ષ આપે છે. ॥૬॥

(૭) **સૂર્યની પ્રભા સરિખી (રુચિ)** :- પ્રાયઃ કરીને ભવાન્તરમાં પણ નહિ જનારી, હંમેશા સદ્ધ્યાન યુક્ત, એક જ પરોપકારને પ્રર્વતાવનારી, પ્રશમના સારભૂત, સુખનું કારણ, દેવની કપટતાથી પણ સંશય - શંકા કરવા માટે શક્ય નથી. પોતાનો અને બીજાનો સંપૂર્ણ આંતર અંધકારને દૂર કરનારી, સંપૂર્ણ અનુષ્ઠાનમાં જોડનારી (પ્રવર્તાવનારી), સર્વ પ્રકારના સૂક્ષ્મઅર્થનો બોધ કરાવનારી, સર્વકમલો ને ઉલ્લસિત કરનારી જેનો કેવલ જ્ઞાનરૂપી પ્રકાશ નજીકમાં છે. કષાય રૂપ તાપ માત્ર સત્તારૂપ પડ્યા છે. દૃષ્ટિમાં આવેલા સર્વભવ્યોને શીઘ્રતત્ત્વના બોધને કરનારી, પ્રાયઃ કરીને ત્રીજેભવે 'બેવાર વિજયાદિમાં અથવા ત્રણવાર અચ્યુત લોકમાં' એ પ્રમાણેના ન્યાયથી પાંચ સાત ભવમાં ઉત્કૃષ્ટથી દ૬ સાગરોપમની મધ્યમાં મુક્તિની સંપદાને પામે છે. (પમાડે છે) ॥૭॥

(૮) **આઠમી ચંદ્રપ્રભા** સરિખિ પહેલા કરતાં વિશેષ ગુણોથી ભરેલી, અત્યંત કેવલરૂપી પ્રકાશ નજીકમાં થવાનો છે જેને અથવા કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા, પ્રાયઃ કષાયો ક્ષીણ થઈ ગયા છે અથવા જેના કષાયો નાશ પામી ગયા છે તેવા સર્વ ભવ્યોને બોધને આપનારી, જગતને આનંદ આપનારી, તેજ ભવે મુક્તિ સુખરૂપ કમલ (લક્ષ્મી) ના વિલાસને પ્રગટાવનારી છે. એ પ્રમાણે ઉત્તરોત્તર ચડિયાતી ધર્મપ્રવૃત્તિમાં મુક્તિ સુખના અભિલાષીઓએ પ્રયત્ન કરવો.

શ્લોકાર્થ :- હે પંડીત જનો ! આ પ્રમાણે આઠ પ્રકારની ધર્મની રુચિ જાણીને ઉત્તરોત્તર ધર્મપ્રવૃત્તિમાં પ્રયત્ન કરો. જેથી કરીને દુર્જેય મોહરૂપી શત્રુપર જયરૂપી લક્ષ્મી પામીને શિવસુખને જલ્દી પામો.

॥ મધ્યાધિકારે ૨ અંશે (૯ મો તરંગ પૂર્ણ....) ॥

મધ્યાધિકારે ૨ અંશે (તરંગ-૧૦)

હે ભવ્યો ! જયરૂપ લક્ષ્મી અને વાંછિત સુખ માટે અનિષ્ટ દૂર કરવામાં ત્રણ વર્ગ (ધર્મ-અર્થ-કામ)માં સાર, ભૂત, આલોક અને પરલોકમાં હિતકારી એવા જિનેશ્વર ભગવાનના ધર્મમાં ઉદ્યત થાઓ - ઉજમાલ બનો ॥૧॥

વળી તે ધર્મ જીવોને દુર્લભ છે. પ્રાયઃ કરીને જીવો પાપમાં રુચિને ધરે છે. કેટલાક અશુધ્ધ ધર્મમાં અને થોડાજ શુધ્ધ ધર્મમાં રુચિ કરે છે. ॥૨॥

(૧) નગરનો ભૂંડ (૨) પાડો (૩) બળદ (૪) બગલો (૫) હાથી અને (૬) હંસ કાદવ જલની રુચિવાલા છે. જેમ પોતાના કાર્ય - અકાર્યમાં રુચિવાલા છે. તેમ વિવિધ પ્રકારના જીવો પુણ્ય - પાપની મતિવાળા છે. ॥૩॥

એની વ્યાખ્યા કરતાં કહે છે કે જેવીરીતે પૂરના ડુક્કરાદિ અકાર્ય અને કાર્યમાં કાદવની રુચિવાલા અશુધ્ધ જલની રુચિ અને શુધ્ધજલની રુચિવાળા હોય છે. પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ છે. તેવી રીતે કેટલાક જીવો કાર્યાકાર્યે, (કાર્ય અને અકાર્યમાં) પાપરૂચિવાળા અશુધ્ધ પુણ્ય રુચિવાલા અને શુધ્ધ પુણ્ય રુચિવાલા હોય છે.

હવે વિચારણા કરે છે. નગરનો ભૂંડ એ પ્રસિધ્ધ છે. ત્રણે કાળમાં પણ વિશેષ કાર્ય વિના અત્યંત અશુચિવાળા કાદવને જ ખાય છે. તેમાંજ આળોટે છે - રહે છે - સૂઈ જાય છે. અને રતિને કરે છે. (આનંદ માને છે.) તેવી જ રીતે જગતમાં પ્રાયઃ બધાજ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ, દેવ અને નારક કાર્ય હોય તો અને ન હોય ત્યારે પણ હિંસાદિ પાપ કાર્યમાંજ રતિ કરે છે.

તે આ પ્રમાણે :- એકેન્દ્રિયો આહારને માટે એકેન્દ્રિઓનું ભક્ષણ કરે છે. ઈત્યાદિ **''સૂર હરિહર બંભાइ''** ઈત્યાદિ ગાથામાં વિસ્તારથી વિચારેલું જ છે. ત્યાંથી જાણી લેવું. બેઈન્દ્રિયો કૃમિ, શંખ, છીપ વિ. જીવોનો આહાર કરે છે. તેઈન્દ્રિયો કીડા, કાનખજૂરાદિ મનુષ્ય સર્પાદિને પણ કાર્ય હોય કે ન

હોય તો પણ ડંશે છે. (કરડે છે) ચઉરેન્દ્રિયો ડાંસ, મચ્છર, વીંછી વિ. મનુષ્યાદિને ડંસે છે - કરડે છે. પંચેન્દ્રિયો, સર્પ, બિલાડી, વાઘ વિ. સ્થલચર માછલા, બગલા વિ. જલમાં રહેનારા, બાજપક્ષી, ગીધ વિ. આકાશમાં ઉડનારા પક્ષીઓ આહારાદિની ઈચ્છા હોય કે ન હોય તો પણ સ્વભાવથી જ હિંસાદિ પાપમાં રત જ હોય છે. અને મનુષ્યો.... ચોર, ઈર્ષાળુ, મ્લેચ્છ, ભિલ્લ, શિકારી, માછીમાર વિ. અને શાકિનિ વિ. આહારના કામ માટે પોતાની મદ, ક્રીડા, ચાપલ્યાદિથી અકાર્યમાં પણ (કાર્ય ન હોવા છતાંપણ) હિંસા, જૂઠ, ચોરી, પરનારી ગમન, સ્વજાતીય કામ - ક્રીડા, પરિગ્રહની ઈચ્છા, ઈર્ષા, પરને વ્યથાદિ પાપોમાં નિઃશંકપણે પ્રવર્તે છે. દેવોપણ દુષ્ટ વ્યંતર વિ. મનુષ્યાદિમાં અધિષ્ઠિત રહીને (થઈને) ઉદ્વેગ પમાડે છે. મારી - હણી પણ નાંખે છે. બાળક વિ. ને છેતરે છે. - છલે છે. અને દુષ્ટ વ્યંતર, વ્યનતરી, શક્તિ, યોગિની વિ. ક્રિડામાત્રથી મરકી વિ. ઉપદ્રવોને વિકુર્વે છે. અને પરમાધાર્મિકો નારકોને પીડા આપે છે. એ પ્રમાણે મિથ્યાત્વી દેવો અને દેવીઓ પોતાના નગરના બોકડા, પાડાને હણે છે. ઈત્યાદિ નારકીઓ પણ પરસ્પર વિકુર્વેલા શસ્ત્ર વડે યુધ્ધ કરે છે. વૈક્રિય શક્તિથી વિકુર્વેલા કીડા, પક્ષી આદિ વડે ખાય છે. ઈત્યાદિ તેથી સ્વભાવથી સ્વભાવિક પાપમાં રમનારા મોટા ભાગના જીવો છે. ॥૧॥

(૨) હવે જેવીરીતે પાડાઓ તાપથી વિહ્વલ થયેલા ઠંડકને માટે કાદવવાળા પાણીમાં આનંદ માને છે. સારા કે ગંદા જલનો વિવેક નહિ જાણનારા હોવાથી. તેવી રીતે કેટલાક દરિદ્રતા, રોગ, ઉપદ્રવાદિ દુઃખોવડે તપેલા તેને દૂર કરવા થકી આ લોકના સુખને માટે કુગુરુ, કુશાસ્ત્રમાં મુંઝાયેલા (મોહપામેલા) આ લોકની શાંતિને માટે યક્ષ, હોમ, શાન્તિ આદિને કરે છે. ક્રૂર દેવોની અને તેની દેવીઓની આગળ યશોધર રાજાને મારનારા દત્તરાજા વિ. ની જેમ બકરા, પાડા, વિ. જીવોને હણે છે. કેટલાક ધર્મના ઈચ્છુકો, પરલોકના સુખને માટે સળગતી કુંડી, પાપ ઘટ, મૃતની શૈયા, માથાને કરવતથી કાપવું, કુંભીપાક, કુગુરુની ઉપાસના, દાસ-દાસી, પૃથ્વી આદિનું કુદાન, યજ્ઞ, હોમ વિ. કાદવની ઉપમાવાળા, કુધર્મને કરે છે. (આચરે છે.) કેટલાક મિથ્યાવ્રત, તપ, દાન, માહ મહિનામાં સ્નાન વિ.

અપવિત્ર કાર્યોને પણ કરે છે. અને તેઓની કાલકાચાર્ય ગુરુના શત્રુ દત્તરાજા વિ. ની જેમ પ્રાયઃ કરીને દુર્ગતિ જ થાય છે. અને કેટલાક વ્યંતરાદિ વિ. માં પણ જાય છે. ॥૨॥

(૩) વળી જેવીરીતે બળદ અને ઉપલક્ષણથી (બીજીરીતે) ગાય વિ. પ્રાપ્ત થયેલા શુધ્ધ અને મીઠા જલમાં રમે છે. એથી વધારે કંઈક જાણતા નથી. તેથી જ શુધ્ધ જળની અપ્રાપ્તિથી અને કલુષિત પાણીમાં પણ રમે છે. તેવી રીતે કેટલાક સરળસ્વભાવવાળા, કદાગ્રહવિનાના મિથ્યાદૃષ્ટિ અથવા મિશ્રગુણવાળા, તેવા પ્રકારની સામગ્રીને વિશેષ પ્રકારે પ્રાપ્ત કરીને (થવાથી) શુધ્ધ એવા જિનધર્મમાં મિથ્યાત્વ, તપોવ્રત, નિર્વિશેષ (વિવેકવગરના) દયા-દાનાદિ વિશે સામાન્યથી બધા ધર્મમાં રમે છે. અથવા જિનધર્મમાં આલોક અને પરલોકના સુખને માટે ચમત્કારી, પ્રભાવશાળી જિનતિર્થાદિયાત્રા, પાર્શ્વસ્થાદિ લોકોત્તર કુગુરુની સેવા ઉપદેશનો આદર વિ. ચમત્કારી સ્તોત્રાદિનો પાઠ - સ્મૃતિ વિશેષ પ્રકારના વિધિ રહિત જિનસ્નાત્રપૂજા, આવશ્યક ક્રિયામાં પ્રયત્ન કરે છે. અથવા પાર્શ્વસ્થાદિઓ પણ આલોકના નિર્વાહની ઈચ્છાવાળા (થી) પરલોકના સુખના અર્થીઓ હોવા છતાં પણ પ્રમાદાદિને વશ થયેલા મુનિવેષને ધારણ કરનારા, કેટલીક આવશ્યકાદિ ક્રિયામાં રત અને શુધ્ધ ઉપદેશાદિમાં રત બનેલા તેઓ દેવત્વાદિ મેળવે છે. અને પરલોકમાં ધર્મને મેળવે છે. ઈતિ ॥૩॥

(૪) હવે જેવીરીતે બગલા ઉપલક્ષણથી બીજા પણ ઢીંક, ચક્રવાક, સારસ વિ. પોતાના ભક્ષ (આહાર) માટે મત્સ્ય વિ. જે સ્થાને (જ્યાં) સારા કે ગંદા જલ જે મળે તેને સેવે છે - ખાય છે. એ પ્રમાણે કેટલાક ઋષભદાસ શ્રેષ્ઠિ, ઘોડાનું હરણ કરનારા બ્રહ્મચારી અથવા તપસ્વીની જેમ, ઉદાયિરાજાને મારનારની જેમ, અભય કુમારને પકડવા માટે કપટ કરનારી શ્રાવિકાની જેમ, જ્યાં શુધ્ધ કે અશુધ્ધ, ગૃહસ્થ સંબંધિ અથવા સાધુસંબંધિ ધર્મમાં કપટ પૂર્વક ધર્મનો આદર કરતાં બીજાના દ્રવ્યને લઈ લેવા વિ. માં પોતાના કાર્યની સિધ્ધિ જુએ છે. અને તેનો આશ્રય લે છે. અને મહાપાપી એવા તેઓ આલોક અને પરલોકમાં દુર્યશ, જનનિંદા, રાજદંડ વિ. દુઃખોને અને નરકાદિ દુઃખોને પામે છે. અને દુર્લભ બોધિના કારણે અનંત સંસારમાં ભમે છે.

(૫) હવે જેવી રીતે હાથીનાદાનમાં લુબ્ધ ગુંજારવ કરતા ભ્રમરવાળા હાથીઓ રાજાદિઓને પણ માન્ય ઊંડા પવિત્ર જલમાંજ ક્રીડા કરતાં રમે છે. ઈચ્છા મુજબ પાણી પીએ છે. અને તેમાંજ હાથણીના વૃંદથી પરિવરેલો રમે છે. આનંદ માને છે માત્ર પાણીથી બહાર નીકળેલા વચ્ચે કંઈક કંઈક ધૂળવડે પણ આત્મા (શરીર)ને ખરડાવે છે. વળી ફરી તેવી જ રીતે પવિત્ર જલાદિ વડે આત્મા પવિત્ર કરે છે.. એ પ્રમાણે કેટલાક જીવો જિન વચનની પરિણતીવાળા, શ્રાવકધર્મનો સ્વીકાર કરનારા, સુવિશુધ્ધ શુધ્ધ (નીતિવાળું) ધનનું દાન સાત ક્ષેત્રમાં વાવવા આદિથી, સ્તુતિ બોલતાં માર્ગણાદિ (યાચકાદિ) ગણો (સમુદાય), શિષ્ટ લોકની પ્રશંસા (૧) પદ (૨) પ્રૌઢ, તીર્થયાત્રા, પ્રાસાદની પ્રતિષ્ઠાદિ પુણ્યકર્મવડે રાજા વિ. ને પણ માનનીય થાય છે. જ્યારે રાજા અમાત્ય વિ. સંપ્રતિ, કુમારપાલ, અભયકુમાર, વસ્તુપાલાદિની જેમ જાગતા એવા અદ્‌ભૂત પુણ્યવડે જગતને પણ સ્તવનીય ગુણવાળા, શુધ્ધ સમ્યકત્વ, અણુવ્રત આદિના પાલનમાં ડૂબેલા (મગ્ન) નિર્મલ સામાયિકાદિ છ પ્રકારના આવશ્યક (સામાયિક - ચઉવિસત્થો વિ.) પૌષધ, ગુરુદેવ, સાધર્મિક, આરાધના, તપો, નિયમ, શીલ ગુણ અનુષ્ઠાનમાં પોતાના કુટુંબ પરિવારથી યુક્ત, હંમેશા કાયા વડે કરીને પ્રયત્નશીલ અને મનથી તેમાંજ રમે છે. અને વચનથી પણ તે પ્રમાણે પ્રરૂપણા કરે છે. માત્ર નિર્વાહને માટે કુલક્રમથી (પરંપરાથી) આવેલો નિંદ્ય નહિ એવા દ્રવ્ય ઉપાર્જન કરવાના ઉપાયોમાં, કંઈક આરંભમાં પણ ધૂલીને લગાડવા સમાન પ્રવર્તે છે. અથવા સમ્યકૂત્વ ધારી, ચમત્કારી, ઈચ્છીત આપનાર તીર્થની માનતા કરવી આદિ લૌકિક - લોકોત્તર અલ્પ મિથ્યાત્વ અતિચાર આદિને સેવે છે. અને વળી પ્રતિક્રમણ આલોચનાથી પોતાને શુધ્ધ કરે છે. અને તેઓ આલોકમાં પણ સર્વ લોકાદિથી વિરૂધ્ધ પંચકના ત્યાગ વિ. થી અને લોકપ્રિય ગુણ વડે સર્વ લોકાદિથી વિરૂધ્ધ પંચકના ત્યાગ વિ. થી અને લોકપ્રિય ગુણ વડે સર્વ જનની પ્રશંસાને અને ધર્મના પ્રભાવથી વધતી એવી સુખ સંપદાને પામે છે. અને પરલોકમાં બારમા દેવલોક સુધીના દેવના સુખોને અને થોડા જ ભવોમાં (મહોદયપદને) મોક્ષને પામે છે. ॥૫॥

(૬) હવે જેવીરીતે હંસો અગાધ નિર્મલ જલવાળા માનસ સરોવર આદિમાં વસે છે - રહે છે - ખેલે છે - આનંદને માને છે. અને તેમાં રહેલા

ત્યાંજ ઉગેલી નિર્મલ કમલની નાલ (દાંડી) વિ. ને ખાય છે. અને બહાર નીકળીને ક્યારેપણ તાપ વિ. અને ધૂળથી મેલાદિપણું પામતાં નથી. અને તે બધા પ્રકારના પક્ષીઓના કુલમાં પ્રશંસાને પામે છે. (ઉત્તમ પક્ષી તરીકેની નામના પામેલા છે.) એ પ્રમાણે હંમેશા નિર્મલ સુખને ભોગવે છે. તેવીરીતે કેટલાક ભવ્યપુરુષો જિનવાણીનું શ્રવણ, અધ્યયન વિ. થી અથવા કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ નિરુપમ મુક્તિના (સંવેગ) અભિલાષના કારણે સ્વીકારેલા સમ્યક્ત્વ વ્રતાદિ કરવા વડે ક્યારે પણ સમ્યક્ત્વ વ્રતોમાં અતિચાર લગાડતા નથી. અને વિશેષ પ્રકારના કર્મમલને ભેગા કરતા નથી. (કર્મને બાંધતા નથી) અથવા સાધુઓ અંગીકાર કરેલા સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્રવાળા, શુધ્ધશીલાંગને ધરનારા અને એકાદશ અંગને ધરનારા વિ. વિવિધ પ્રકારના તેઓ અહીંયા પણ જગતને પૂજ્ય, દેવોને માટે પણ પ્રશંસાનું ઘર થાય છે. પરિણામ પામેલા, સર્વ સમતારૂપ સુધારસ યુક્ત આત્માઓ પાસે ઈન્દ્રપણ રંક જેવા દેખાય છે. તો પછી રાજા જેવા કીડાની તો શી વાત કરવી ? ઈત્યાદિ વચનથી ઈન્દ્રાદિને પણ કીડા જેવા ગણતા તેજ ભવમાં અનુત્તરવાસી દેવોના સુખને અનુભવે છે.

આગમમાં કહ્યું છે કે :- હે રાજન્ ! બાલચેષ્ટા જેવા દુઃખદાયક કામગુણમાં તે સુખ નથી. કામથી વિરક્ત, તપોધના, શીલગુણમાં રત જે ભિક્ષુક (સાધુ) ને જે સુખ છે. તે તેઓને નથી. અને ભવાન્તરમાં કેટલાક મહાનંદપદને પામે છે. કેટલાક ધર્મકર્મમાં રત ઉત્તમ સુરનર સુખોને ભોગવીને સાત આઠ ભવમાં શિવ સુખરૂપ લક્ષ્મીને પામે છે. તેથી શિવસુખના ઈચ્છુકોએ હાથી અને હંસની જેમ શુધ્ધએવા જિનધર્મમાં પ્રયત્ન કરવો. એ પ્રમાણે ઉપદેશનો સાર છે.

શ્લોકાર્થ :- હે ભવ્યો ! આ પ્રમાણે છ દ્રષ્ટાંતોને સારીરીતે જાણીને કલુષિત સર્વધર્મોને અને પાપને છોડીને જિનેશ્વર ભગવાને કહેલા મોક્ષને આપનારા ધર્મમાં પ્રયત્ન કરો. અને સમસ્ત શત્રુપર જયરૂપ લક્ષ્મી વરીને મોક્ષને પામો. ॥૧॥

॥ ઉપદેશરત્નાકરના મધ્યાધિકારે અંશ-૨, તરંગ ૧૦ પૂર્ણ ॥

જયરૂપ લક્ષ્મી અને વાંછિત સુખ માટે અને અનિષ્ટ હરનાર આલોક અને પરલોકમાં હીત કરનાર ત્રિવર્ગ (ધર્મ, અર્થ, કામ) માં સારભૂત એવા જિનેશ્વરના ધર્મમાં ઉદ્યમવાળા બનો.

તે વળી ભાવાનુસાર ઉપાર્જેલ ઈષ્ટ ફલને આપે છે તેવી રીતે જીવને દશ પ્રકારે પાપ પણ અનિષ્ટ ફલને આપે છે.

તે આ પ્રમાણે (૧) વેઠ (૨) ભાડે (૩) પોતાનું ઘાસ (૪,૫,૬) ચંદન (૭,૮,૯) ઘણસાર (૧૦) નિધિ, વહન કરવા બરાબર આ દશ પ્રકારે ધર્મ મિથ્યાત્વ અને પાપના જેવા ભાવો તેવા જીવોના ભવિષ્યમાં શિવને માટે જાણવા.

વ્યાખ્યા :- વેઠ થકી અને ભાડાથકી પોતાના તૃણ, ચંદન, ઘનસાર અને નિધિ (સોનું, ચાંદી) વહન કરવા બરાબર વહન કરવાના ભાવ જેવા દશ પ્રકારે ધર્મના, મિથ્યાત્વના, આરંભાદિના અને પાપના ભાવો, જીવોના અભિપ્રાયો, ભવિષ્યમાં શિવથી દૂરતમાદિ ભેદ વડે કરીને ભાવિમાં શિવને આશ્રયીને થાય છે. ઈતિ અક્ષરાર્થ.

હવે તેની વિચારણા :- કોઈક દરિદ્ર માણસની પાસે કોઈ રાજપુરુષો ઘાસનો ભારો અથવા બીજીરીતે, તેવા પ્રકારનો કાષ્ટભારો, વેઠપૂર્વક વહન કરાવે છે. અને તે સર્વરીતે ઈચ્છા વિનાજ લજ્જા પામતો વહે છે. જ્યારે ત્યારે ગમેતેમ ઉપાયે કરીને જો કદાચ પડી જાય તો તેને ત્યજીને આગળ ચાલે છે. અને નાશે છે. અને માર્ગમાં તૃણ વિ. પડેલું ગ્રહણ કરતો નથી. પરંતુ ઉલટું ખુશ થાય છે. એ પ્રમાણે કોઈક ભારી કર્મી અથવા અભવ્ય કોઈક હિતાર્થીથી બલાત્કારે પણ જિનપૂજાદિ પુણ્યને કરાવાતાં જો કદાચ કરે તો, તો પણ સર્વથા ઈચ્છા વગરજ કરે છે. છુટવાનાજ ઉપાયને શોધે છે. અને વિધિપૂર્વક પણ કરતો નથી. વચ્ચે વચ્ચે પણ કર્યું ન કર્યું કરીને છોડી દે છે. અને નરક વિ. નો ગામી થાય છે. અહીંયા શ્રેણિકરાજાની દાસી

કપિલા વિ. ના દૃષ્ટાંતો છે. વધુ નજીકમાં સિધ્ધ થનારા તો મિથ્યાત્વ અથવા આરંભાદિ પાપ કોઈપણ રીતેથી બલાત્કારે પણ કોઈથી કરાવાતા કરે છે. તો પણ શુધ્ધ થાય છે. અને સિધ્ધપણ થાય છે. દ્રષ્ટાંતો તો મિથ્યાત્વમાં કાર્તિક શેઠ વિ., આરંભાદિ પાપમાં ચેટકરાજા, કોણિકરાજાના યુધ્ધમાં સારથિ થયેલા વરૂણ વિ. એ પ્રમાણે મિથ્યાત્વ, આરંભાદિ પાપ - પુણ્યનો તૃણ કાષ્ટાદિ દ્રષ્ટાંતથી **પ્રથમ ભેદ થયો.** ॥૧॥

(૨) કેટલાક તેજ તૃણ (કાષ્ટ)ના ભારને ભાડું લઈને ખેંચે છે. અને તે ઈચ્છાપૂર્વક સહર્ષ ખેંચે છે. પારને પામે છે. અને તેમાં આનંદ માનતો નથી કે તેને બહુ સારું માનતો નથી. માત્ર ભાડાનેજ સારું માંને છે. એ પ્રમાણે કેટલાક બહુ સંસારી અથવા અભવ્યો માત્ર આલોકને વિષેજ ધનને ઈચ્છતા તૃણ (કાષ્ટ) ભારની જેમ જૈનધર્મને નિઃસાર માનતા ધર્મ કરે છે. તે આ પ્રમાણે..... આરોગ્યને માટે ચમત્કારીક અધિષ્ઠાયક દેવતાની પૂજા વિ. કરે છે. જીરાઉલા આદિના પૂજક, બ્રાહ્મણ, મ્લેચ્છાદિની જેમ, અશ્વને માટે નેમિનાથને વંદન કરનાર પાલકની જેમ જિનેશ્વર ને અને ગુરુને વંદનાદિ પણ કરે છે. જિનદાસ શ્રેષ્ઠિના ઘોડાનો ચોરનાર બ્રહ્મચારી, અભયકુમારને પકડનાર બે ગણિકાની જેમ અને કુલવાલકને સંયમથી ચલિત કરનાર ગણિકાની જેમ સમ્યક્ શ્રાવક ધર્મને પણ બીજાને વિશ્વાસ (છેતરવા) માટે શીખે છે. અને આચરે છે. કન્યા પરણવા માટે ચારિત્રને પાળે છે. બુધ્ધદાસ આદિ અનેક જનોએ પણ આ પ્રમાણે કરેલ છે. સ્વામિને ખુશ કરવા માટે વિરાદિની જેમ ગુરૂવંદન વિ. કરે છે. ઉદાયિરાજાને મારનાર, અને અંગારમર્દકાદિની જેમ બીજાને વિશ્વાસાદિ પમાડવા માટે ચારિત્ર પણ પાળે છે. વર્તમાન કાલે પણ ઘણા દેખાય છે, ચોરી કરનારા, બીજાનો વિશ્વાસઘાત કરનારા... વિશ્વાસને માટે જિનપૂજા, ગુરૂનો વિનય, ક્રિયાનુષ્ઠાનાદિ માયાવડે કરતા અને તેઓને ભાડાના ધનની જેમ માત્ર આલોકને માટે સિધ્ધ થાય છે. અથવા તે પણ થતું નથી. વળી પરલોકમાં કંઈપણ શુભ થતું નથી. ઠગવાદિના પાપને કરનારા જનોની નરકાદિ ગતિ નિશ્ચિત હોય છે. કારણ કે અધમ આત્મા તે ધન ભોગાદિને ઈચ્છતો ધનભોગ માટે પ્રયત્ન કરે છે. પણ તે મૂરખ ધન વિ.

પામતો નથી. કદાચ જો પામે તો પાપથી ઉત્પન્ન થયેલ પીડા અને યાતના આલોકમાં અને પરલોકમાં નક્કી પામે છે. એ પ્રમાણે કોઈ ભવ્ય શ્રાવકાદિ મિથ્યાત્વ અથવા આરંભાદિ પાપને તૃણકાષ્ટના ભારની જેમ નિઃસારજ માનતા સર્વરીતે નહિ કરવાની ઈચ્છાવાળા હોવા છતાં પણ આજીવિકાદિના કારણે - નિર્વાહાદિના કારણે કરે છે. તે પણ ઉત્તમભાવથી શુધ્ધ જ છે. અને સ્વર્ગાદિ સુખને પામે છે. મિથ્યાત્વને વિષે પાકૃત શ્રી યુગાદિજિન ચારિત્રમાં કહ્યું છે. દુઃખિત નિર્વાહને માટે મહાદેવના પૂજક શ્રાવકાદિની જેમ, આરંભને વિષે ખેતીકર્મનો આરંભ કરનાર ભવ્યકુંટુબાદિની જેમ ॥ઈતિ॥ પાપ-પુણ્યનો **બીજો ભેદ** થયો. ॥૨॥

(૩) હવે કેટલાક તૃણ, કાષ્ટભાર પોતાનો વહન કરે છે. અને તે તેને પ્રેમપૂર્વક અને પ્રયત્નપૂર્વક વહે છે - લઈ જાય છે. પડેલા તૃણાદિને ગ્રહણ કરે છે. પાડતો નથી. (ન પડી જાય તેનું ધ્યાન રાખે છે.) એ પ્રમાણે ગાયોને હું ચરાવીશ, ખવડાવીશ તેથી દૂધ મલશે તેના પીવાથી પુષ્ટિ આદિ થશે. ઈત્યાદિ ફલને કારણે રસ્તામાં છોડતો નથી. વિશેષ પ્રકારના વિઘ્નાદિ કારણો આવ્યા વિના પોતાના સ્થાનમાં તે પહોંચાડે છે. એ પ્રમાણે કેટલાક ભદ્ર પ્રકૃતિવાળા વિશેષ પ્રકારે ગુરૂનો ઉપદેશ નહિ પરિણમેલા લોકપૂજ્યતા, નગરના લોકોનો બહુ આદર વિ. જોઈને જૈનધર્મ ઉપર ઉત્પન્ન થયેલી શ્રધ્ધાવાળા, સ્વર્ગ કે મોક્ષના ફલને નહિ જાણતા આલોક કે પરલોકમાં રાજ્યાદિ ફલની ઈચ્છા કરતાં જિન પૂજા દાન - તપ નિયમાદિ જોવાથી જાણેલી માત્ર વિધિથી કરે છે. વિશેષ પ્રકારના વિઘ્નાદિ ન આવે ત્યાં સુધી તે છોડતા નથી. અને તે ધર્મ વડે તે પરલોકમાં રાજ્યાદિ પ્રાપ્ત કરે છે. ભાગ્યાદિ સામગ્રી વિશેષથી બોધિબીજ, વિશેષ પ્રકારના ધર્માનુષ્ઠાનાદિ પણ પ્રાપ્ત કરે છે. મેળવે છે. તેથી અધિક પણ ફલને મેળવે છે અને અહીંયા કોઈની પ્રેરણાથી દાનદાતા તે ભવમાં પ્રાપ્ત થયેલ સુવર્ણ, પુષ્પવૃષ્ટિ, સુંદર વણિક્ નવપુષ્પી જિનપૂજા કારક, અશોક માલિક, આભિર (રબારી) વિ. ના દ્રષ્ટાંતો છે.

એ પ્રમાણે કેટલાક પરિણિત નહિ થયેલા મિથ્યાદૃષ્ટિ, કુશાસ્ત્રાદિ વિશેષવાળા માત્ર કુલાચારાદિની બુધ્ધિથી, અથવા ગુર્વાદિકના સંસર્ગથી

આલોકને વિષે આરોગ્યને માટે વિઘ્નને દૂર કરવા માટે અને પરલોક માટે રાજ્ય વિ. અને ધનને માંગતા, અત્યંત શ્રધ્ધા વિ. ના અભાવના કારણે ઘણું પાપકારી કુદેવ, કુગુરુની પૂજા, અયોગ્યદાન, અગ્નિહોત્ર, સ્નાનાદિ મિથ્યાત્વને તૃણ કાષ્ટભારની જેમ માનતા કરે છે. વિશેષ પ્રકારના વિઘ્નોનો અભાવ, સુગુરૂ વિ. ના સંયોગાદિ ન થયે છતે મુકતા નથી. તે પણ અતિ નહિ એવા દુઃખવાળી તિર્યંચગતિને પામે છે. જંગલીગેંડો થયેલ વિષ્ણુદત્ત શ્રેષ્ઠિની જેમ. એ પ્રમાણે આરંભાદિ પાપને પણ કરતા તિર્યંચાદિ ગતિને પામે છે. તાપસ શ્રેષ્ઠિની જેમ. એ પ્રમાણે આરંભાદિ પાપને પણ કરતા તિર્યંચાદિ ગતિને પામે છે. તાપસ શ્રેષ્ઠિઆદિના દ્રષ્ટાંતો અહીંયા જાણવા. આ પ્રમાણે પુણ્ય પાપનો **ત્રીજો ભેદ** થયો ॥૩॥

(૪) આ રીતે ચંદન કાષ્ટનું વહન ત્રણભેદે પણ વિચારવું તે આ પ્રમાણે - ચંદનના ભારને વેઠ વહન કરતાં વેઠના વાહન પર દ્વેષ કરતો હોવા છતાં પણ ચંદનની સુગંધથી પ્રીયમાનતો થોડા ચંદનને ઘણું માને છે. દરિદ્ર હોવા છતાં પણ ચંદનના ગુણોને સારી રીતે જાણે છે. તેનું રુપ, વસ્તુ (ચંદન) દરિદ્રને દુર્લભ હોવા છતાં પણ જાણે છે. જાણેલું પાછળથી પણ-કદાચ ગુણને માટે થાય. માર્ગમાં પડેલાને નહિ ગ્રહણ કરવાની અને છોડવાની ઈચ્છા વિ. તૃણકાષ્ટભાર વહન સરખુંજ છે.

એ પ્રમાણે કેટલાક ધર્મને કુલાચાર વિ. થી કંઈક વધુ આદર આપતા હોવા છતાં પણ પ્રમાદ વિ. થી ભવિષ્યમાં દુર્ગતિપણું આદિના કારણે ધર્મ કરવા માટે ઉત્સાહવાળા બનતા નથી. પિતા વિ. થકી બલાત્કારે કરાવાતા તેને વેઠ સરિખું માને છે. અને હઠપર આવતાં કરતાં પણ નથી. કદાચ કરતાં છૂટે તે પણ વેઠની જેમ જૈનધર્મને માનતો તેની વિરાધનાથી તિર્યંચાદિ ગતિને પામે છે. પૂર્વાભ્યાસ અને સંસ્કારના કારણે જાતિસ્મરણાદિ વડે કદાચ બોધિને પામે છે. સ્વયંભુરમણ સમુદ્રમાં મત્સ્ય થયેલ શ્રેષ્ઠિ પુત્રની જેમ એ પ્રમાણે મિથ્યાત્વ હોવા છતાં આરંભાદિ પાપને પણ કંઈક આદર પૂર્વક કરતો, એવો તે પરતંત્રતાથી કરતાં અલ્પ કર્મ બંધને કરે છે. અને પુણ્યના અભાવે તિર્યંચગતિ વિ. ને પામે છે. મિથ્યાત્વિ દેવપણું વિ. પણ પામે છે. અહીંયા

પણ દૃષ્ટાંતો જાતેજ વિચારવા એ પ્રમાણએ પુણ્ય - પાપના બીજાના - ત્રીજા ભેદને વિષે પહેલો ભેદ થયો. અને મૂલથી ચોથો થયો. ॥૪॥

(૫) કેટલાક ચંદનના ભારને ભાડાવડે જ વહન કરે છે. અને વસ્તુને પણ પરિમલ (સુગંધ) આદિ ગુણથી આદર આપે છે. ભાડું મલવાથી વહનપણ કરે છે.

બીજીરીતે (કંઈપણ) ભાડું ન આવવા છતાં પણ કહેલા સ્થાને પહોંચાડે છે અને પડેલું ગ્રહણ ન કરવાદિ પૂર્વની જેમ જાણવું.....

એ પ્રમાણે કેટલાક જૈનધર્મને આલોક અને પરલોકમાં પ્રત્યક્ષ જોવા વડે સુખના ફલને જાણતો અને અનુમાને કરીને તે બહુમાન પૂર્વક તેનું વહન કરતાં આલોકના રાજ્ય વિ. ના સુખના વિઘ્નને દૂર કરવાને માટે પ્રભાવવાળા સ્થાનભૂત જિનપૂજા, ગુરૂવંદન, તપાનુષ્ઠાન વિ. કરે છે. પડી ગયેલાના ગ્રહણની જેમ ઘણો આદર ન હોવાથી વિધિ વિ. ને સત્ય કરતો નથી. (બરાબર કરતો નથી) અને તે અહીંયા પણ ગામની સીમાના માટે વિવાદને કરતો રાજાની આગળ જતાં બે સેવકમાં પ્રથમસેવકની જેમ જય વિ. પામે છે. સ્વર્ણગિરિ પર શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિકારક કવિ વિહલણાદિની જેમ અને કુષ્ટરોગ દૂર કરવા રૂપ વિઘ્ન હરનાર વિ. અને તેથી પ્રાપ્ત થયેલ બોધિવાલા પ્રૌઢ મનુષ્ય દેવત્વાદિની સંપદા પણ ભવાંન્તરે પ્રાપ્ત થાય છે. બીજાપણ આરોગ્ય, બ્રાહ્મણ, વંકચૂલ, હરિબલ માછીમાર વિ. ના દ્રષ્ટાંતો છે. એ પ્રમાણે કેટલાક મિથ્યાત્વાદિ પાપ, શ્રાધ્ધ, હોમ, લૌકિક પ્રભાવવાળા તીર્થમાં સ્નાન માટે જવું, ગાયનું દાન, શાન્તિ અર્થે, યજ્ઞ, પશુવધ વિ. કરે છે. અથવા પાપના ડર વગર મહારંભાદિ કરે છે. અને તે કર્માનુસારે તિર્યંચ નરકાદિગતિ પામે છે. મિથ્યાત્વ, મહાઆરંભ, બહુમાન વિ. થી સંસારમાં ખૂબ ભમે છે. અને દુર્લભબોધિ થાય છે. અને આ લોકમાં દેખાતું ધન (અર્થ) કેટલાક પામે છે. અને કેટલાક નથી પામતા કેટલાકતો ઉલટું અનર્થને જ પામે છે. ચારૂદત્તે સંભળાવેલ નવકારમંત્રવાળો તેનો ભાઈ, હણાયેલો બોકડાનો જીવ યજ્ઞને કરનાર બ્રાહ્મણ, મહેશ્વરદત્તે હણેલો પિતાનો જીવ પાડો. વિ. ઘણા દ્રષ્ટાંતો છે. હાલમાં પણ ઘણા રાજા, યોગી વિ. સાક્ષાત્

દેખાય છે કારણ કે ઝેરપીને લાંબુ જીવન જીવવાની વાંછા, ઠંડક માની દાવાનલમાં પ્રવેશ, કુપથ્ય ખાઈને નિરોગિતાને ઈચ્છે છે. તેમ સુખની પરંપરાને તું ઈચ્છે છે. અને વળી પાપને કરે છે. (વિસ્તારે છે) એ પ્રમાણે પુણ્ય - પાપનો બીજાના ત્રીજા વિશે, બીજોભેદ મૂલથી પાંચમો ભેદ થયો. ॥૫॥

(૬) હવે કેટલાક પોતાના (ઈચ્છિત) ચંદન ભારને વહન કરે છે. અને તે પરિમલ વિ. થી અને ઈચ્છિત લાભની આશાથી જ વસ્તુના વહનને બહુમાન આપતો પ્રયત્નપૂર્વક લઈ જાય છે. - વહે છે. અને વચ્ચે માર્ગે ગમે તેવા વિઘ્નો આવે તો પણ પ્રાયઃ છોડતો નથી એ પ્રમાણે જિનધર્મને પણ પોતાની રુચિ પ્રમાણે ચંદનને વહન કરવાના ભાવસરખા (૧) મધ્યમભાવ (૨) બહુમાન (૩) વિધિ (૪) દ્રઢતા આદિ વડે કરતા વૈમાનિક દેવના સુખો પાંચમા ભેદથી અધિકતર પામે છે. સુલભ બોધિ અને અલ્પસંસારી થાય છે. પ્રભાવતી રાણી, પ્રદેશી રાજા, ચંદ્ર શ્રાવક, વીરસુભા શ્રાવિકા, બુધ્ધસંઘ અને તેની પત્ની આદિની જેમ. એ પ્રમાણે મિથ્યાત્વાદિ અથવા આરંભાદિક પાપને પોતાની રુચિપૂર્વક બહુમાનપૂર્વક મિથ્યાશાસ્ત્રોમાં કહેલી વિધિયુક્ત (પ્રમાણે) દ્રઢ પ્રયત્નવડે, બલપૂર્વક કરતાં પાંચમા ભેદથી અધિકતમ નરકાદિ દુઃખના ફલને પામે છે. યજ્ઞાદિ કરનાર દત્તાદિની જેમ એ પ્રમાણે બીજાના ત્રણ ભેદમાં ત્રીજો ભેદ અને મૂલથી છઠ્ઠો પુણ્ય-પાપનો ભેદ બતાવ્યો ॥૬॥

(૭) એ પ્રમાણે ઘનસાર પણ ત્રણભેદે કરીને વિચારવા પરંતુ વેઠવડે ઘનસારને લઈ જનારનું વેઠથી ચંદનને લઈ જવાથી અધિક બહુમાન જાણવું એ પ્રમાણે પુણ્ય પણ યતિધર્મ રૂપ અથવા શ્રાવકધર્મ રૂપ ઘણા પ્રમાદના કારણે રુચિના અભાવથી અથવા બલાત્કારે કરાવાતા બહુ સારૂં માનતો હોવા છતાં પણ બલાત્કારથી પરિણામમાં હાથી ઉપર દ્વેષ કરતો પૂર્વભવનો નાગદત્ત, મેતાર્યાદિ (પૂર્વભવના) જીવની જેમ વૈમાનિક દેવસુખને મેળવે છે. પરંતુ શ્રાવક ધર્મ અને બોધિબીજ દુષ્પ્રાપ્ય થાય છે. અને પાછળથી પણ પરિણત ભાવ થકી પણ ભવનપતિ આદિગતિને પામે છે. જયંતમુનિ આદિની જેમ કેટલાક તો ઘણી વિરાધનાથી તિર્યંચાદિગતિ ને પણ પામે છે. ''**खंता न सक्केमि**'' ઈત્યાદિ વાદિ ક્ષુલ્લક મહિષ (પાડા)ની જેમ અને અભ્યાસ

- સંસ્કારના કારણે બીજાના કષ્ટથી ભવાન્તરમાં જાતિસ્મરણાદિથી બોધિને પ્રાપ્ત કરે છે.

એ પ્રમાણે બીજાની પ્રેરણાથી મિથ્યાત્વ, મહારંભાદિ પાપને પણ ઘણું માનથી (આદરથી) કરતાં છઠ્ઠીથી અધિક નરકાદિ પામે છે. બહુસંસાર અને દુર્લભબોધિવાળા બને છે. રાજાના આદેશ વશ મૃગનો વધ કરનારા સોમ, દ્વિતીય (બીજો) ભીમ, ક્ષત્રિય, ચેટક કોણિક રાજાના યુધ્ધમાં મરેલા લાખો સંખ્યામાં નરકમાં ઉત્પન્ન થયેલા ભટાદિ (સૈનિકાદિ)ની જેમ આ પ્રમાણે પુણ્ય અને પાપનો તૃતીય (ત્રીજાનો) ત્રણભેદમાં પ્રથમભેદ કહ્યો અને મૂલથી સાતમો ભેદ ॥૭॥

(૮) વળી કેટલાક ભાડા થકી (ભાડું લઈને) કપૂરથી ભરેલા કરંડિયાના ભારને વહે છે. અને તે પરિમલ (સુગંધ) આદિથી અને ભાડાની આશાથી ખુશ થતો વસ્તુને અત્યંત આદર કરતો તે બહુમાનથી અને પ્રયત્ન વડે વહે છે. વિશેષ વિઘ્નાદિ વિના વચમાં છોડતો નથી. એ પ્રમાણે કેટલાક પરલોકમાં પણ હીતને જાણતા બહુમાન પૂર્વક આલોકને માટે સાધુના અને શ્રાવકના ધર્મને વિધિપૂર્વક અને અત્યંત આદર (બહુમાન) પૂર્વક કરતા આલોકના ઈષ્ટ અર્થને અને પરલોકને વિષે પણ અત્યંત બહુમાન શ્રધ્ધાની દ્રઢતાથી વૈમાનિક દેવના સુખ વિ. પ્રાપ્ત કરે છે. વળી બોધિને અને ક્રમથી મુક્તિને પણ પામે છે. યતિધર્મ **ધમ્મિલ્લાદય** શ્રાધ્ધ (શ્રાવક) ધર્મમાં પુત્રને માટે અજિત જિનની અજિતબલા દેવીની પૂજા કરનાર અજિતસેન વ્યવહારીનો પુત્ર, ધર્મદત્તના પિતાના વિઘ્નના વિનાશને માટે સાત દિવસના પૌષધ કરનાર શ્રી વિજયરાજા અને સુલસાશ્રાવિકાદિ દૃષ્ટાંતો છે. એ રીતે મિથ્યાત્વ મહારંભાદિ પણ અત્યંત બહુમાન પૂર્વક આલોકના ફલ વિ. ને માટે કરતા અહીંયા પણ પ્રાયઃ અનર્થોને અને પરલોકમાં સાતમાં ભેદથી અધિક નરકાદિ દુઃખોને પામે છે. બહુતર સંસાર અને દુર્લભબોધિ પ્રાયઃ કરીને થાય છે. શાંતિ આદિને માટે અપરાધ વિનાના પશુના વધને કરનાર અનેક રાજા, લોટના કુકડાને હણનાર યશોધર - માતૃસાગર રાજા વિ. ની જેમ એ પ્રમાણે પુણ્ય અને પાપનો ત્રીજાના ત્રણભેદમાં આ બીજો ભેદ અને મૂલથી આઠમો ભેદ થયો. ॥૮॥

(૯) એ પ્રમાણે પોતાનોજ કપૂરનો ભાર બહુમાન પૂર્વક (આદર સાથે) યત્નસહિત ભક્તિ ભાવથી વહે છે. અને મહાલાભને પામે છે. એ પ્રમાણે પુણ્ય પણ પોતાના ભાવથી જ મહાબહુમાન વિધિપૂર્વક દૃઢ પ્રયત્ન અને આદર પૂર્વક કરતાં વિઘ્ન વડે સ્ખલિત થવા છતાં પણ વચ્ચે રસ્તામાં નહિ છોડતો યતિ અનુત્તર વિમાન સુધી અને શ્રાવક બારમા દેવલોક સુધી, અભવ્ય યતિ હોવા છતાં નવ ગ્રૈવેયક સુધી સુખસંપદા પૂર્વના ભેદથી અધિક પ્રાપ્ત કરે છે. (મેળવે છે) અને એક, બે, ત્રણ આદિ ભવમાં જ મુક્તિને મેળવે છે. અને એ પ્રમાણે સંસાર પણ અલ્પતર થાય છે. અહીંયાં પણ કલ્યાણનું ભાજન થાય છે.

શ્રી જિનેશ્વરદેવને પહેલી ભિક્ષા આપનાર બહુલાદિ ઉત્તમપુરુષ, શ્રી વીરપ્રભુના દશશ્રાવક, જીર્ણશ્રેષ્ઠિ, પ્રદેશીરાજા, મેઘકુમાર અને અભયકુમાર વિ. ના દૃષ્ટાંતો જાણવા, અહીંયા એ પ્રમાણે નાસ્તિકવાદ યજ્ઞાદિ, મહામિથ્યાત્વ અને મહારંભાદિ પાપને કરતા અને તેમાં મહાપ્રયત્ન, બહુમાન, હઠાગ્રહ અને આદરાદિ કરવા વડે છ નરકસુધીના દુઃખો પૂર્વના ભેદથી અધિકતર પામે છે.

અને સંસારમાં બહુ રચ્યો પચ્યો પ્રાયઃ મિથ્યાદૃષ્ટિ થાય છે. અશ્વગ્રીવ, પુરોહિત અને કોણિકરાજા વિ. ના દૃષ્ટાંતો છે. અહીંયા પણ અશ્રેય, દુર્યશ અને વિપદાનું ભાજન થાય છે. એ પ્રમાણે પુણ્ય અને પાપના ત્રીજા ત્રણભેદમાં ત્રીજો અને મૂલથી નવમો ભેદ થયો. ॥૯॥

(૧૦) હવે નિધિ (સોના-ચાંદી - વિ. કિંમતી ચીજ) ની મજૂરી, ભાડાથી વહન કરવાનું અસંભવ હોવાથી, સંભવ થવા છતાં તૃણ કાષ્ટચંદન ભાર વહનના સરખાપણાથી તે ભેદ ના આવતો હોવાથી પોતાની નિધિના વહનરૂપ એક જ ભેદ ગણાય છે. તેથી કેટલાક ઉદ્યાન વિ. માં પ્રાપ્ત થયેલ પોતાની નિધિને પોતાના ઘરે લઈ જવા માટે મહાઆદર, મહાપ્રયત્ન અને બહુમાનાદિથી વહન કરતાં પ્રાણાન્તે પણ વચમાં મુકતો નથી અને ચોર, પિશુન, ઈર્ષાળુ વિ. થી શંકા કરાતાં તેઓની દ્રષ્ટિને નિવારે છે. એ પ્રમાણે કેટલાક પરમનિધિરૂપ યતિધર્મ અથવા શ્રાવક ધર્મ માનનારા લોકોવડે ત્રિકરણની શુધ્ધિ થવાથી તે

ધર્મની આરાધનામાં તત્પર કષાય વિષય આદિ રૂપ ચોરની નજરે નહિ આવનાર, પરિષહ ઉપસર્ગાદિ વડે અક્ષોભ્ય સમ્યક્‌જ્ઞાન ક્રિયા, ભાવના, અત્યંત શુક્‌લ, શુભ ધ્યાનના પ્રકર્ષ વિ. થી કીર્તિધવલ, સુકોસલ, દ્રઢ પ્રહારિ, ગજસુકુમાલ, અર્ણિકાપુત્ર, ઉદયરાજર્ષિ આદિની જેમ યતિ, ભરત અને તેના વંશમાં થયેલ (પરંપરા) રાજાઓ ઈલાપુત્ર, સાગરચંદ્ર, વલ્કલચિરિ, પત્નિએ કૂવામાં નાંખેલ શ્રેષ્ઠિની જેમ ગૃહસ્થ વેશમાં હોવા છતાં પણ પરિણત થયેલા યતિધર્મવાળા કેવલજ્ઞાન પામીને મોક્ષે જાય છે. કેટલાકતો ચિલાતીપુત્ર, અવન્તિસુકુમાલ, ચંદ્રાવતંસક, દુઃશીલ ભાર્યાના ખાટલાના પાયાથી વિંધાયેલાં પગવાળા પ્રતિમા (કાઉસગ્ગ)માં રહેલા તે શ્રેષ્ઠિ આદિની જેમ અલ્પતર સંસારવાળા વૈમાનિક મહર્ધ્ધિ દેવની લક્ષ્મીને ભોગવે છે.

એ પ્રમાણે મિથ્યાત્વાદિ અથવા આરંભાદિક પાપને પણ નિધિના વહનની જેવા ભાવથી કરતા સાવદ્યાચાર્ય, નાગિલ શ્રાવક, કાલસૌકરિક, તંદુલમત્સ્ય, કૂલવાલક, સુભૂમ, બ્રહ્મદત્ત, કમઠજીવ, મુનિચંદ્ર જીવ, પરશુરામાદિની જેમ સાતમી નરકને પામે છે. અને તે અનંતસંસારી થાય છે. આ પ્રમાણે પુણ્ય અને પાપનો દશમો ભેદ કહ્યો. (થયો)

એ પ્રમાણે મિથ્યાત્વ, આરંભાદિરુપ પાપનો પૂર્વનો ભેદ શુધ્ધ અને પુણ્યનો આગળઆગળનો ભેદ શુધ્ધ સમજવો.

શ્લોકાર્થ :- એ પ્રમાણે પુણ્ય - પાપના દશ ભેદોને જાણીને આગળ આગળના ભેદોનો આદર અને પછી પછીના ભેદોનો ત્યાગ દ્રઢતાપૂર્વક કરવો. શિવની કામનાવાળા નરકાદિથી ભીરુ હે બુધ્ધ જનો ! કલિકાલમાં જયરૂપી લક્ષ્મી મેળવવા પ્રયત્ન કરો.

મધ્યાધિકારે ૨ અંશે યુગપત્‌ પુણ્ય - પાપના દશભેદના વિવરણ નામનો **॥ ૧૧ મો તરંગ પૂર્ણ ॥ ॥ બીજો અંશ સંપૂર્ણ ॥**

મધ્યાધિકારે - ત્રીજા અંશે (તરંગ - ૧)

દુઃખથી ડરનારા જયરૂપ લક્ષ્મીના સુખ વિ. ને સર્વ જીવો ઈચ્છે છે. આ સંસાર દુઃખમય જ છે... તેનાથી છૂટવાનો ઉપાય જિનેશ્વર ભ. કહે છે. ॥૧॥

રાજગૃહી નગરીમાં ગુણશીલ ચૈત્યમાં વીરજિન સમોવસર્યા છે. અને તે વખતે સર્વજીવોના અનુગ્રહ માટે ગૌતમપ્રભુએ પૂછેલા પ્રશ્નોના જવાબ આ પ્રમાણે આપ્યા ॥૨॥

(૧) જયરૂપ લક્ષ્મીના સુખને ઈચ્છતા સમ્યક્‌ક્રિયામાં પ્રયત્ન કરતા હોવા છતાં પણ તેના ઉપાયને નહિ જાણનારા સુખને પામતાં નથી. અને જાણનારા પામે છે. ॥૧॥

(૨) કારણ કે જે સુખ છે. અને જે ભય છે. તેના જે કારણો છે. તે આત્માને છે. જે વિલાસી અને અવિનાશીને જાણે છે. તે ભવથી છૂટે છે. ॥૨॥

(૩) મોક્ષસુખ અને તેનું કારણ જ્ઞાનાદિ છે. મોહ ભય છે. તેવી રીતે આત્માના કર્મો અને દેહ વગેરે નાશ પામનારા છે. જીવ અવિનાશી છે. એટલે કે નાશ પામનારો નથી. (યુગ્મ) ॥૩॥

આનો અર્થ સ્પષ્ટ છે. વિચારણાતો આ પ્રમાણે :- બધા વાક્યોનું સારી રીતે અવધારણ થાય. એ પ્રમાણેના ન્યાયથી મોક્ષાદિના પદોની આગળ નહીં કહેલા હોવા છતાં પણ એવ (જ) કાર બધેજ જાણવો. જીવના સકલ કર્મનો ક્ષય રૂપ મોક્ષ એજ સુખ તે સુખ એકાન્તિક, આત્યંતિક (છેડાનું), અંતરનું અને અનંત હોવાથી તે મોક્ષનું સુખ કહેવાય છે. કારણ કે તે અનંત, અવિનાશી, ઉપાધિરહિત, આધાર વિનાનું સારી રીતે ચિંતવેલ (માનેલ) સુંદર, સ્ફૂરાયમાન (સારા લાગે તેવા) વિષયાદિક ઉપાયોથી ઉત્પન્ન થયેલ સુખ તેનાથી તે સુખ પર (શ્રેષ્ઠ) છે. તેવી રીતે આગમમાં પણ કહ્યું છે કે :- સમગ્ર દેવગણનું સમગ્ર સુખ બધા કાળનું ભેગું કરેલું, અને તે અનંતગુણ કરેલું અને તેનું અનંતીવાર વર્ગ કરવામાં આવેલું સુખ તે મુક્તિના સુખનો પાર પામતું નથી.

દા.ત. જેવીરીતે કોઈક્ષુદ્ર (ભીલ) નગરના ગુણોને જાણે છે. પરંતુ તેની પાસે ઉપમા ન હોવાથી કહેવાને માટે અસમર્થ છે. તેમ મોક્ષના સુખ ઉપમા વગરનું હોવાથી કહી શકાતું નથી.....

ભાવાર્થ-(વિચારણા) :- જેવીરીતે કોઈક રાજા વિપરિત શિક્ષા પામેલા

ઘોડાથી ખેંચાઈ ગયેલો વનમાં પડી ગયો. ભૂખ અને તરસથી પીડાતા તેને કોઈક ભીલે ફલ અને પાણી વિ. આપીને સ્વસ્થ કર્યો. અને પછી તે રાજાને સૈન્ય મલ્યું. તેણે તે ભીલને કૃતજ્ઞાપણાથી નગરમાં લઈ જઈને સ્નાન, શરીરનો શણગાર, મિઠાઈનું ભોજન, વસ્ત્રાદિ પહેરાવ્યા. દિવ્યગીત સંભળાવ્યા. નાટક વિ. ના દર્શન વડે પોતાના સરિખા ભોગ વડે લાંબાકાળ સુધી પંચેન્દ્રિયના વિષયના સુખોને ભોગવતા ઘણા સુખના કારણે ભીલની સ્થિતિ ભૂલી ગયો, અને રાજાએ તેને લાંબાકાળ સુધી તેને દિવ્ય મહેલમાં રાખ્યો.

એકવાર પોતાના કુટુંબને યાદ કરીને (આવતાં) ઘોડા પર બેઠેલો રાજ પરિવાર સાથે દિવ્ય કપડા પહેરેલાં છે જેને તેવો તે વનમાં જઈને સ્વજનોને બોલાવે છે. અને તેઓ તેને નગરના ગુણોને પુછે છે. અને તે જાણતો હોવાછતાં દિવ્ય આહાર કપડાં, આવાસ વિ. સુખની ઉપમાના અભાવે કહેવાને માટે ભીલોની બુધ્ધિમાં ઉતરે તેવીરીતે સમજાવી શકતો નથી. એ પ્રમાણે કેવલી પણ (સિધ્ધિના) મોક્ષના સુખને જાણતા હોવા છતાં પણ છદ્મસ્થોને જેવું છે તેવું કહેવાને માટે શક્તિશાળી બનતા નથી. જેવીરીતે કોઈપુરુષ સર્વગુણયુક્ત ભોજન ખાઈને ભૂખતરસથી રહિત અમાપ (અત્યંત) તૃપ્ત થયેલો જેમ રહે છે. તેમ સર્વરીતે તૃપ્ત થયેલા, સર્વકાલથી તૃપ્ત થયેલા અતુલ નિર્વાણ પદને પામેલા સિધ્ધ ભગવંતો શાશ્વત, અવ્યાબાધ એવા સુખને પામેલા અવર્ણનીય અવચનીય સુખ અનુભવે છે. ॥૪॥

ઈત્યાદિ નમસ્કાર નિર્યુક્તિ આદિથી જાણી લેવું તેથી મોક્ષ જ પારમાર્થિક (શ્રેષ્ઠ) સુખ છે. પરંતુ સાંસારિક સુખતો પાંચપ્રકારના ઈષ્ટવિષયના ભોગથી ઉત્પન્ન થયેલું ઘાની ચિકિત્સાદિ દુઃખના પ્રતિકાર સમાન સુખ છે. સત્યકી વિદ્યાધર, સુભૂમ, બ્રહ્મદત્ત વિ. ની જેમ નરકાદિ ફલના કારણે પરિણામમાં વિરસ છે. તે સુખ અલ્પકાળનું છે... દુઃખ લાંબા કાળનું, તુચ્છફલને આપનાર, વિવિધ પ્રકારે આધિ - વ્યાધિ, પરાભવ, ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ વિ. દુઃખથી વિમિશ્રિત સુખ છે. પણ તત્ત્વથી દુઃખ જ છે. કહ્યું છે કે.... ક્ષણવારનું સુખ, લાંબાકાળ સુધીનું દુઃખ, સતત્ દુઃખ, ત્રૂટક ત્રૂટક સુખ સંસારથી મુક્તિનું સુખ વિપરિત છે. (ઘણું છે) અને કામભોગ અનર્થની ખાણ છે. જેવી રીતે કિંપાકફળ સુંદર રસવાળું, સુંદરવર્ણવાળું હોવા છતાં તે

ખાતાં જીવોને હણનારું થાય છે. એવી ઉપમાવાળા કામભોગના વિપાકો છે. ॥

કહ્યું છે કે :- ઘનચપલ છે. આયુ અલ્પ છે. સ્વજનો સ્વાર્થવાળા, શરીર ક્ષય થનાર છે. લલના કુટિલ, એવા પરાભવવાળા, બીક અને વિઘ્નોથી ભરેલા સંસારમાં સુખ ક્યાંથી હોય ? આથી મોક્ષનું સુખ એજ સારૂં છે. તેમાંજ બુધ્ધિમાનોએ પ્રયત્ન કરવો. બુધ્ધિમાનોએ આ પ્રમાણે ઉપનિષત્માં ઉપદેશ આપ્યો છે.

મોક્ષ સુખનું કારણ જ્ઞાનાદિ છે :- સમ્યક્જ્ઞાન દર્શન, અને ચારિત્ર જ મોક્ષનું કારણ છે. પરંતુ પવન (પ્રાણાયામ) સાધના વિ. યોગ, અગ્નિહોત્ર, પંચાગ્નિ, સાધન, ધુમ્રપાન (બીડી) વિ. તુચ્છ કંદ - મૂલાદિનો આહાર કરનાર તાપસ પરિવ્રાજક આદિના વ્રત ક્રિયા, સ્નાન મિથ્યાદાન, મિથ્યાતપ ક્રિયા વિ. મોક્ષના સાધન નથી.

કહ્યું છે કે..... હજારો વર્ષ તપ અથવા યુગો સુધી યોગની ઉપાસના કરી હોય તો પણ મોક્ષના માર્ગમાં નહિ ચઢેલા મોક્ષને ઈચ્છતા હોવા છતાં પણ મોક્ષમાં જતા નથી. તેવીરીતે ૬૦ (સાઠ) હજાર વર્ષ સુધી ૨૧ વાર પાણીથી ધોયેલા ચોખા તામલિ તાપસે ખાધા તેવો અજ્ઞાન તપ અલ્પફલને દાયક બને છે. તામલિ તાપસે કરેલા તપથી જિનમતથી (આજ્ઞાવાળો) સાત જણ સિધ્ધ થાય તેવો તેને તપ કર્યો છતાં અજ્ઞાનતપના કારણના દોષથી તામલી તાપસ ઈશાન દેવલોકમાં દેવ થયો.

તેમજ નમિપ્રવજ્યાનામના અધ્યયનમાં કહ્યું છે કે અજ્ઞાન તપ કરનારો (બાલ) જો ઘાસ (તૃણ)ના અગ્રભાગ પર રહેલું મહિને મહિને ખાય તો તે શ્રુતાખ્ય (આગમમાં કહેલા) ધર્મની સોલમી કલાને પણ પામતો નથી. ॥૧॥

વળી જો મહિને મહિને હજાર હજાર ગાયોનું દાન આપે તેના કરતાં કંઈપણ આપતો નથી તેવો સંયમી શ્રેષ્ઠ છે. ॥૨॥

ઈત્યાદિ (સુખ માટે) જ્ઞાનાદિ (ત્રણ) નો સમૂહ જ કારણ છે. જુદા જુદા નહિ એ પ્રમાણે સૂચન કરવા માટે 'હેતુ' એ પ્રમાણે એક વચન વાપર્યું છે. કહ્યું છે કે :- "જ્ઞાન વિના ક્રિયા નકામી છે" ક્રિયા વિના જ્ઞાન નકામું છે.

દેખતો હોવા છતાં લંગડો દાઝ્યો અને દોડતો એવો આંધળો પણ દાઝ્યો. વાજિંત્ર અને નાચવામાં કુશલ એવા નટો પણ નટવિદ્યા ન કરવાના કારણે લોકોને સંતોષ નથી આપતા. (નાચ્યા વગર) નિંદા અને તિરસ્કાર ને પામે છે. તરવાનું જાણતો હોવા છતાં કાયાની ક્રિયા (હાથ હલાવ્યા) વિના તરી શકતો નથી. અને તે જેમ પ્રવાહમાં ડૂબે છે. તેમ ચારિત્ર વિનાનો જ્ઞાની ડૂબે છે. તેમાં અંગારમર્દક, મથુરાના મંગુઆચાર્ય આદિના દૃષ્ટાંતો જાણવા જ્ઞાનમાત્ર મુક્તિનું કારણ બનતું નથી. એ પ્રમાણે એકલું જ્ઞાન મુક્તિનું કારણ બનતું નથી, એકલું દર્શન (શ્રધ્ધા) મુક્તિનું કારણ બનતું નથી.

કહ્યું છે કે :- કૃષ્ણ અને શ્રેણીક, પેઢાલપુત્ર, સત્યકી વિદ્યાધર અનુત્તર દર્શન સંપદાવાળા હોવા છતાં ચારિત્ર વિના નરકમાં ગયા. તેવી રીતે એકલા ચારિત્ર થી પણ મુક્તિ નથી. કહ્યું છે કે ચારિત્રમાં થોડો હીન હોવા છતાં પણ પ્રવચન (શાસન)ની પ્રભાવના કરવાવાળો જ્ઞાનાધિક ઉત્તમ છે. દુષ્કર ચારિત્રવાળો એવો અલ્પજ્ઞાની સારો નથી. તેથી દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણનો સમુદાય (સાથે હોય તોજ) મોક્ષનું કારણ બને છે. કહ્યું છે કે.... ત્રણનો સંયોગ સિધ્ધિનું ફલ આપનાર થાય છે. એક ચક્રવાળો રથ ચાલતો નથી. દા.ત. આંધળો અને લંગડો વનમાં ભેગા થયા. તે બન્નેએ ભેગા થઈને નગરમાં પ્રવેશ કર્યો. જ્ઞાનવાળો અને દર્શન વિનાનો સાધુ વેષ નકામો છે. (ફલ આપનાર નથી) ઈત્યાદિ.

તેવી રીતે આચારાંગમાં કહ્યું છે કે :- 'આજ્ઞા વિનાનો ચારિત્રવાળો હોય અને આજ્ઞાવાળો ચારિત્ર હીન હોય એ પ્રમાણે ન થાઓ દર્શન કલ્યાણકારી છે. ઈતિ માત્ર યતિ વેષ પણ કાર્યકરનારો થતો નથી. (કાર્ય સરતું નથી.) કારણ કે... અસંયમમાં વર્તતા આત્માનો વેષ ફલને આપતો નથી. ઈત્યાદિ તેવી રીતે આવશ્યક સૂત્રમાં વંદનક નિર્યુક્તિમાં સાધુવેષને વફાદાર નહિ રહેનારને જાણનારે નમવું તે દોષરૂપ થાય છે. નિધ્વંસ પરિણામને જાણતો હોય અને વંદન કરે તેને નક્કી દોષ લાગે છે. ચાંદીનો સિક્કો ખોટી છાપવાળો હોય તો તે સાચો રૂપિયો બનતો નથી. બંન્નેનો સમાન યોગ થયે છતે તે માન્યતાને (સચ્ચાઈને) પામે છે. આ વાત આગમમાં બહુ વિસ્તારથી કરેલી છે. અમે પણ બીજા પ્રકરણમાં કહેલું છે. તેના અર્થીઓએ ત્યાંથી

જાણી લેવું ઈતિ એ પ્રમાણે મોક્ષાર્થીએ સર્વરીતે સારભૂત જ્ઞાનાદિને વિષે ઉજમાલ, ઉદ્યત થવું જોઈએ.

भयं मोहोत्ति :- મોહ એટલે અજ્ઞાન તેજ ભય. ભયનું મૂલ અજ્ઞાન હોવાથી અજ્ઞાનતાથી પતંગિયું અગ્નિમાં, હરણ, પોપટ, મેના વિ. પાશમાં અને માછલાં વિ. જાલમાં પડે છે. આતો બહારનો ભય છે. એક વખત મરણનું તે કારણ હોવાથી, આન્તરિકતો ભય અનંત મરણનું કારણ હોવાથી દેવાદિતત્વનું અજ્ઞાનરૂપ મિથ્યાત્વ જ છે. રાગાદિથી દુષ્ટ (ઘેરાયેલા) કુદેવો મુક્તિને માટે પણ આરાધાયેલા રાગાદિની વૃધ્ધિ થવાને કારણે અનંત મરણરૂપ સંસારના દુઃખનું જ કારણ છે. એ પ્રમાણે કુગુરૂનું પણ સમજવું.

કહ્યું છે કે :- સર્પને જોતાં લોકો કંઈપણ બોલ્યા વગર ભાગી જાય છે. જેઓ કુગુરૂરૂપ સર્પથી દૂર રહે છે. તેને મૂર્ખલોકો દુષ્ટ કહે છે. સર્પ એક વખત મરણ આપે છે. પરંતુ કુગુરૂ અનંત મરણો આપે છે. તેથી સર્પને પકડવો સારો પરંતુ કુગુરુની સેવા કલ્યાણકારી (હિતકારી) નથી. હિંસાદિરૂપ ધર્મપણ અધર્મ છે. અને અનંત મરણ આપનાર અને ભવના દુઃખનું કારણ છે..... શ્રી... ઉત્તરાધ્યયનાદિમાં યજ્ઞ કરનારો બોકડો થયેલ બ્રાહ્મણની જેમ, કથાકોશમાં જંગલી ગેંડો થયેલો વિષ્ણુદત્ત શ્રેષ્ઠિની જેમ, ચારુદત્તથી સાતવાર નિર્યામણા કરાયેલો યજ્ઞની અંદર હણાયેલો અને દેવ થયેલા બોકડાની જેમ, આ કથા નેમિચરિત્ર વિ. માં છે. અથવા વસુદેવ હિન્ડીમાં પ્રસિધ્ધ ભદ્રપરિણામી મહિષની જેમ.

એ પ્રમાણે દેવાદિના સ્વરૂપને નહિ જાણવા રુપ મોહ એટલે કે ભય અથવા પિતા વિ. ઉપર આસક્તિ તે મોહ છે. તે પણ વિષયરૂપ મોહ તે ભય છે. ભવનો હેતુ હોવાથી પિતા વિ. ભય રૂપ જ છે. જેવીરીતે (૧) પિતા (૨) માતા (૩) સંતાન (૪) ભાર્યા (૫) સજ્જન (૬) સખી - મિત્ર (૭) દેહ (૮) જ્ઞાતિજનો (૯) ધન (૧૦) વર્ગ (૧૧) ગુરૂ (૧૨) દેવ ઉપર દ્રષ્ટિરાગ મોહના સ્થાનો છે. અને ભયનું કારણ છે. આ ગાથાનું પહેલાં ભય હેતુ તરંગમાં વિવરણ કરેલું છે. જેની વ્યાખ્યા કરી નથી. તેની વ્યાખ્યા કરીએ છીએ. મિત્રો, તેના મિત્રના મોહથી ઘણાય લોકો દુઃખો સહન કરે છે. અને સંસારમાં પડે છે. ક્ષીરકદંબક ઉપાધ્યાયનો પુત્ર પ્રવર્તકની મૈત્રી અને દાક્ષિણ્યાદિ

ના કારણે વસુરાજાની જેમ દુઃખી થાય છે. બાલચંદ્રના વચનથી શ્રી રામચંદ્રને વિડંબના કરનારા અજયપાલાદિની જેમ, દેહના મોહથી માંસ મદિરાદિ ભક્ષણ કરવારૂપ પાપો અને તેનું ફલ પ્રસિધ્ધ જ છે. જ્ઞાતિના મોહથી તેનો પક્ષપાત વિ. થી યુધ્ધ કજીયો કરવો ધર્મમાં વિઘ્નાદિ કરનારા વર્તમાનકાળમાં ઘણા પ્રસિધ્ધ જ છે.

घणवग्गत्ति :- વર્ગ કહેવાથી (૧) ધન (૨) ધાન્ય (૩) ક્ષેત્ર (૪) વાસ્તુ (૫) રુપ્ય (૬) સુવર્ણ (૭) કુપ્ય (રાચરચીલું) (૮) દ્વિપદ (૯) ચતુષ્પદરૂપ નવપ્રકારનો પરિગ્રહ ગ્રહણ કરવો. દા.ત. સગરચક્રવર્તિ પુત્રોથી તૃપ્ત થયો નથી. કુચિકર્ણ ગાયરૂપ ધનથી સંતોષ પામ્યો નથી, તિલક શ્રેષ્ઠિ ધાન્ય વડે, કનકની ખાણથી નંદ સંતોષ પામ્યો નથી. ઈત્યાદિ દ્રષ્ટાંતો જાણવા. અથવા ધનશબ્દથી પરિગ્રહ સમજવો, વર્ગશબ્દથી નટ, બહુ ગાયક, ચોર વિ. ની ટોળી એક બીજાના સંબંધો અને સમુદાય ગ્રહણ કરવા પોત પોતાના ટોળીના મોહ અને પક્ષપાતથી કરાતાં યુધ્ધ આદિ પાપો પ્રસિધ્ધજ છે. તેવીરીતે બ્રાહ્મણ, પાર્શ્વસ્થાદિ પોતપોતાના ગુરૂના પક્ષપાતથી સુવિહિત (સારા) ઉપર પ્રદ્વેષાદિના કારણે સમુદાયના ભેદથી પરસ્પર દ્વેષ વિ. પ્રસિધ્ધજ છે. તથા કુદેવના પક્ષપાતથી સુદેવના પ્રાસાદ પ્રતિમાનો ધ્વંસ વિ. પાહૂણાદિ (મુસલમાન વિ.) એ કરેલ પ્રસિધ્ધ જ છે. અને પોતપોતાના અધર્મના મોહથી અને તેના પક્ષપાતાદિના કારણે સદ્ધર્મને કરનારનેય મિથ્યાત્વીઓ વડે બાધા (અંતરાય) વિ. કરાય છે. એ પ્રમાણે ત્રણેય દ્રિષ્ટિરાગ ભયરૂપ છે.

એ પ્રમાણે મોહના બાર સ્થાનો અથવા ઉપલક્ષણથી પ્રતિભેદની ગણનાથી અસંખ્યાતા મોહના સ્થાનો છે. તે ભયનું કારણ બને છે. અથવા મોહનીય કર્મ તે દર્શનત્રિક (સમ્યક્, મિશ્ર, મિથ્યાત્વ) મોહનીય, સોળકષાય, નવનો કષાય રુપ મોહનીયના ૨૮ (અઠ્ઠાવીસ) પ્રકારો ભવનું કારણ હોવાથી ભય કહેવાય છે. તેમાં મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયનું ભવનું કારણપણું પ્રસિધ્ધ છે. સમ્યક્ત્વ મોહનીયનું કેવલજ્ઞાનમાં વિઘ્નનું કારણ પણું હોવાથી તે પણ ભય છે. કષાય અને નો કષાય મહાવૈરાદિનો હેતુ હોવાથી ભવનું કારણ જ છે. તે બરાબર છે. એ પ્રમાણે મોહ એ ભય છે. તત્વ પ્રરિજ્ઞા વડે જાણતો

અને પચ્ચક્ખાણ પરિજ્ઞા વડે અધર્મનો ત્યાગ કરતો ભવથી છૂટે છે - મૂકાય છે. બીજી કોઈપણ રીતે નહિ.

કહ્યું છે કે :- જે ભયને જ જાણતો નથી તે કેવી રીતે ભયથી મુકાશે (છૂટશે). બીજા અભયમાં ભયની શંકાવાળા બીજાઓ (અન્યધર્મીઓ) જે તારા ગુણરૂપી ઋધ્ધિ ઉપર ઈર્ષાળુ છે. તે કેવીરીતે ભયથી છૂટશે ? આ ભયની જાણકારી અને ભયનો નાશ જિન વચનથી બને છે અને ભય દૂર થાય છે.

કહ્યું છે કે :- હે પ્રભુ ! તમારા વચનો નિશ્ચિત ત્રાસને પમાડે છે અને પરવાદિના સુભાષિતો વિશ્વાસ કરાવે છે. કહ્યું છે કે..... જે પ્રમાણે તમે દુઃખો કહો છો તે પ્રમાણે તે થવાથી બુધ્ધિશાળી નિર્ભય શી રીતે થાય ?

ધનપાલ પંડીતે પણ કહ્યું છે કે, 'અનંતકાલ ભવમાં ભમ્યો પણ હે નાથ ! ભય અને દુઃખ થી ડર્યો નહિ ! હવે વર્તમાનમાં આપને જોયા અને ભયનાશી ગયો તેથી મોહ એજ ભય છે તેના પરિહારથી નિઃશંકતાથી ધર્મજ કરવો જોઈએ. જેથી સકલ ભયનો નાશ અને આતંક (ત્રાસ) વિનાના સુખની પ્રાપ્તિ થાય

कम्माणि अप्पणोत्ति આત્માના શુભ અશુભરૂપ કર્મો. આત્માના અથવા આત્મસંબંધી ઈતિ અર્થ (૧) ભવાન્તર (પરલોક)માં પણ સાથે જાય છે. (આવે છે) (૨) નિશ્ચિત ભોગવવાના હોવાથી (૩) આત્માને જ ફલ મલતું હોવાથી (૪) બીજાથી લઈ નહિ શકાતું હોવાથી (૫) આત્માની સાથે જ રહેતું હોવાથી તેને આત્મીયકર્મ કહે છે. દેહ, ધન, સ્વજનાદિ રહેતા નથી કે તેનામાં ઉપર કહેલા પાંચ હેતુઓનું અભાવપણું પ્રસિધ્ધ જ છે. શરીરના વિષે ઉપર કહેલા પાંચ કારણોનું રહિતપણું પ્રસિધ્ધ છે તે આ પ્રમાણે :- ચિત્તામાંજ ભસ્મી થવાના કારણે તેમાં તે હેતુ લાગતા નથી તેથી તેને (શરીરને) માટે માંસાદિનું ભક્ષણ વિ. પાપ કરવું તે મૂર્ખાઓનોજ વિલાસમાત્ર જ છે. (કામ છે) કહ્યું છે કે.... કૃમિ, ભસ્મ અથવા વિષ્ઠા જેની આવા પ્રકારની સ્થિતિ છે. તે કાયા બીજાને દુઃખ આપવા વડે પોષાય તે ન્યાય કેવો? ॥૧॥

અને દેહ ક્ષણભંગુર છે. કહ્યું છે કે નષ્ટ થનારા દેહને આશ્રયીને એવો કોણ બુધ્ધિશાળી છે કે જે પાપ ને આચરે ? એરંડાના ઝાડ ઉપર બેસી હાથીને ખીજવવો (વિરોધ કરવો) નહિ અને આ વાત અતિ સાધારણ-સામાન્ય છે. ઘણા ધનવાળાથી, પિતા વિ. થી ચંડાલો વિ. થી પણ જે શરીર દુઃખને પામે છે. જેના ભોગીઓ ઘણા છે. તેવા શરીર પર મમતા કેમ રાખે છે ?

એની લેશ વિચારણા.... જે પુત્રાદિના શરીરને માતા, પિતા, ભાઈ, પત્ની, સ્વામિ વિ. અમારાથી ઉત્પન્ન થયેલું આ શરીર અમારાથી પોષણ કરાયેલું છે. અમે જ ગ્રહણ કરેલું છે. ઈત્યાદિ બુધ્ધિ વડે શરીર પર માલીક પણું કરતાં તેની પાસે કામ કરાવવા ઈચ્છે છે. અને જે માંસલતાદિ ગુણને જોઈને ચંડાલ, શિયાળ, કાગડો, વરૂ, સર્પ, સિંહાદિ સજીવ કે નિર્જીવ પોતાને પરિભોગ્ય હોવાથી ખાવાને ઈચ્છે છે. અને કૃમિ, મચ્છર, ડાંસ, પતંગીયા, ચાંચડ, જુ, માંકણ વિ. અથવા સ્ત્રી વિ. ડાંસની જેમ નિશ્ચિત ખાનારા ભોગવનારા છે. તેવા અશુચિપણા આદિ વડે જુગુપ્સનીય દેહના અંગમાં હે પુરુષ ! તને મમતા કેમ થાય છે ? આ મારૂં છે. એવી બુધ્ધિ એવો ભાવ તે મમતા કહેવાય છે. ॥૨॥ અને આ શરીર આત્માને સુખ વિ. ફલ આપનાર નથી. દેહ સુખાદિથી અને શોકાદિ અવસ્થાની અને ભવાન્તરની અવસ્થાની વિચારણા કરવાથી આલોક કે પરલોકમાં આત્માને સુખ મલતું નથી. ॥૩॥ તેવીરીતે બીજા કેદી, રોગ, વૈરિ વિ. થી એનું અપહરણ કરવું અશક્ય છે તે પ્રસિધ્ધ જ છે. ॥૪॥ તેવીરીતે આ શરીર પરવશ છે. થોડાપણ રોગ, વિ. માં સ્વેચ્છાપૂર્વક ચાલવા આદિની ક્રિયાને કરવાને માટે શક્તિવાન થતું નથી. ॥૫॥ જેના સંગમાત્રથી વસ્ત્ર, આહાર, ઘર, વિ. અશુચિમય થઈ જાય છે. તેવું તે અશુચિમય પણ છે. ક્ષણવારમાં અશુચિપણાને પામે છે. માનવ દેહમાં શું સુંદરતા છે ? અધ્યાત્મ કલ્પદ્રુમમાં કહ્યું છે કે ચર્મ, અસ્થિ, હાડકાનો માવો (મજ્જા), સ્નાયુ, ચરબી, આંતરડા, માંસ, વિષ્ઠાદિ અસ્થિર પુદ્ગલો વિ. થી અશુચિમય છે. હે આત્મન્ ! સ્ત્રીના દેહરૂપી આકૃતિમાં રહેલા સ્કન્દમાં શું રમ્યતા જુએ છે ? ઈત્યાદિ

ધન, સ્વજન આદિપણ ભવાન્તરમાં સાથે આવવાવાળા નથી એવી વિચારણા કરવી..... કહ્યું છે કે.... ધન ઘરમાં રહે છે. નારી વિશ્રામભૂમિ (સીમ) સુધી, સ્વજનો સ્મશાન સુધી, દેહ ચિત્તાને વિષે રહે છે. કર્માનુસાર જીવ એકલોજ પરલોકમાં જાય છે. આથી રક્ષણ કે શરણનું કારણ ન હોવાથી આ પદાર્થોમાં આત્મીય (મારૂં છે) એવી બુધ્ધિ ન કરવી.

સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે..... ધનને, પશુઓને અને જ્ઞાતિજનો ને બાળજીવો રક્ષણ (શરણ) રૂપ માને છે. રક્ષણ અને શરણ વગરનાં તેઓ (ધનાદિ) મારા નથી. હું તેમનો નથી. શ્રી ઉત્તરાધ્યનમાં પણ કહ્યું છે. તેના દુખમાં મિત્રવર્ગ, પુત્રવર્ગ, બાંધવો અને સ્વજનો ભાગ પડાવતા નથી. એકલો જાતે દુઃખને અનુભવે છે. કર્મ કર્મ કરનારાની પાછળ જાય છે. ઈત્યાદિ આથી તેમાં મમતા ન કરવા થકી કર્મમાંજ આત્મ બુધ્ધિ કરવી. અને તે કર્મો શુભ અને અશુભ રૂપે બે પ્રકારે છે. તેમાં અશુભ કર્મ દુઃખરૂપ ફલને આપનારા છે. એ પ્રમાણે સમજીને તેને ત્યાગવામાં અને શુભકર્મો સુખરૂપ ફલને આપનારા છે. એમ જાણીને તેને ભેગા કરવામાં બધી શક્તિ વડે પ્રયત્ન કરવો ઈતિ ઉપદેશ છે. તેવી રીતે બીજા તરંગમાં કહ્યું છે કે અધમ (માણસ) પ્રાર્થના કરતો ધન ભોગાદિ ભેગું કરે છે. (વધારે છે) પરંતુ તે મૂર્ખ તેને ભોગવતો નથી. થોડા પાપથી ઉત્પન્ન થયેલ અણું જેટલું પણ પાપ આલોક અને પરલોકમાં નિશ્ચયે યાતના આપે છે. ઈત્યાદિ ! તેથી ચાલી જનારા દ્રવ્ય વડે કરીને અહીંયા પણ શું ? અને ભેદપાડનારા સ્વાર્થવાળા સ્વજનોથી પણ શું ? શરીર પણ હંમેશા જીર્ણ થતું જાય છે. માટે હે આત્મન્ ! લાંબાકાળ સુધી હિતકર એવા ધર્મને કર એનું કુટુંબ આ પ્રમાણે વિચારવું.... જૈન સિધ્ધાંત એ પિતા છે. દયા માતા છે. સદ્‌ભાવના સ્ત્રી છે. અને ગુણો પુત્ર છે. સુકૃત ભાઈ છે. કીર્તિ પુત્રી છે. આ કુટુંબમાં જે આનંદ માને છે. એટલે કે તેમાં ડૂબેલો રહે છે. તે હંમેશા સુખી છે. ઈત્યાદિ ॥૧॥

હવે **''विणसई देहाई नउ जीवो त्ति''** દેહ આદિ વિનાશ પામે છે. જીવ વિનાશ પામતો નથી. તેમાં આદિ શબ્દથી ધાન્ય વિ. નવ પ્રકારનો પરિગ્રહ, યૌવન વિ. લેવું તેમાં દેહની વિનશ્વરતાને વિષે કહ્યું છે. કે....

વજ્રઋષભ નારાચ સંઘયણવાળાને પણ અનિત્યતા નડે છે. તો કેળના ઝાડ જેવા અસાર બીજા જીવોની તો શી વાત કરવી ? વજ્ર જેવા શરીરવાળા ચક્રવર્તિ વિ. ચક્રવર્તિના શરીરો પુંડ્ર નામની શેરડી (ઈક્ષુ) ને ચરનારી એક લાખ ગાયનું દૂધ અડધી અડધી ગાયોને પાઈ છેલ્લી ગાયના દુધમાં ઉત્તમ ભાત (ચાવલ) નાખી ઉદ્દઉ રસોઈયાએ બનાવેલ ભોજન (ખીર) વડે વજ્ર જેવું બનેલું (તે ચક્રવર્તિનું શરીર) પણ વિનાશ પામે છે. જીવે બધી જાતિમાં છોડેલા બધા દેહને ભેગા કરીએ તો પણ ત્રણલોકમાં સમાતા નથી. સર્વજીવોએ એક શરીરથી પણ કુદરતી રીતે સર્વે પુદ્ગલ ગ્રહણ કરવા પૂર્વક સૂક્ષ્મ અને બાદર અનંત પુદ્ગલ પરાવર્ત પૂર્યા (કર્યા) છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે. આહારક વર્ગણા છોડી ને સાત પ્રકારની વર્ગણાના બધાય પરમાણુને એક જીવ દ્વારા એક પછી એક સ્પર્શીને મૂકે તેમાં જેટલો કાળ થાય તે દ્રવ્યથી સ્થૂલ (બાદર) પુદ્ગલ પરાવર્ત કાળ છે. અને સુક્ષ્મપરાવર્તન કાળ ઔદારિકાદિ સાત વર્ગણાને અનુક્રમે ભોગવી ભોગવીને મૂકે તેમાં જેટલો સમય થાય તે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્તનકાળ, જેવીરીતે આકાશમાંથી પડતા પાણીને ધારણ કરવા માટે પકડેલી ઝોળીમાં જ્યાં કાંકરો મૂક્યો છે ત્યાંજ બધુ જલ આવે છે. એ પ્રમાણે મમતા (મોહ) નું મૂલ એવા શરીરાદિના માટે જ પ્રાયઃ માંસ વિ. સચિત્ત આહાર, પાંચ આશ્રવ, મિથ્યાત્વ, અવિરતિ કષાય અને પ્રમાદમાં પ્રવૃત્તિ, ખેતી, વિ. મહાઆરંભ સ્ત્રી વિ. નો બહુપરિગ્રહ, અને વિષય ભોગવવા માટે અંગોનું મિલન વિ. પાપોને કરે છે. તો પણ જડ જીવો સુલભ એવા દેહનું પાલન વિ. ને માટે અને આહારાદિને માટે ભયંકર પાપો કરીને નકરમાં જાય છે.

કહ્યું છે કે :- (૧) અસંજ્ઞી (૨) ભૂજ પરિસર્પ (વાંદરા) (૩) પક્ષી (૪) સિંહ (૫) સર્પ (૬) સ્ત્રી. ક્રમેકરીને ઉત્કૃષ્ટથી એકથી લઈ છઠ્ઠી નરક સુધી અને નર અને માછલા ઉત્કૃષ્ટથી સાતમી નરક સુધી જાય છે. અસંજ્ઞિ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો જાણવા મનુષ્યો નહીં અને તેઓ તે નરકમાં ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગના આયુષ્યવાળામાં ઉત્પન્ન થાય છે. પેટથી ચાલવાવાળા ઘો, નોળિયા, ભૂજ પરિ સર્પ વિ. જાણવા. બાકી બધું સ્પષ્ટ છે.

કહ્યું છે કે અતિક્રૂર સર્પો, દાઢવાળા સિંહ વિ. પ્રાણીઓ, પક્ષીઓ, જલચર જીવો, નરકથી આવેલા છે. અને નરકમાં જવાના છે. મોટે ભાગે આ પ્રમાણે થાય છે. નિયમ છે એમ નહિ. તેવી રીતે આહાર ના કારણે માછલાં સાતમી નરકે જાય છે. માટે સચિત્ત આહારને મનથી પણ ઈચ્છવા યોગ્ય નથી. મનથી પણ સચિત્ત આહારની ઈચ્છાથી તંદુલમત્સ્ય અન્તમૂર્હર્તમાંજ સાતમી નરકને પ્રાપ્ત કરનારો થાય છે. જેમ જેમ આ મોટા શરીરવાળા માછલાં વિ. હોય છે. તેમ તેમ સચિત્ત આહારના વધારાપણાથી અધિક અધિક નરકના દુઃખોને પ્રાપ્ત કરે છે.

સામાન્યથી દેહનું સ્વરૂપ આગમમાં પણ આ પ્રમાણે કહ્યું છે. દેવોનું શરીર ઉત્કૃષ્ટથી બે દેવલોક સુધી સાત હાથ પ્રમાણ હોય છે. ત્યાંથી ઉપરના દેવલોકમાં ઓછું કરતાં અનુત્તરમાં એક હાથનું હોય છે. પહેલી નરકમાં સાતહાથનું શરીર પછી વધતાં વધતાં સાતમીમાં પાંચસો ધનુષ્ય પ્રમાણ હોય છે. યુગલિક મનુષ્યનું ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉનું શરીર હોય છે. પ્રત્યેક વનસ્પતિનું શરીર એક હજાર યોજનથી અધિક હોય છે. તે વેલ, કમલ વિ. જાણવા એથી વધારે હોય તો તે પૃથ્વીરૂપ જાણવા. પૃથ્વી આદિ ચાર અને નિગોદનું અંગુલનો અસંખ્યાતમાં ભાગનું માત્ર શરીર જાણવું, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય ચઉરિંદ્રિયનું શરીર અનુક્રમે બાર યોજન, ત્રણ ગાઉ, અને ચાર ગાઉ જાણવું. એક હજાર જોજન પંચેન્દ્રિયનું ઓધથી કહ્યું છે. વિશેષે કરીને તો બારજોજન શંખનું, ત્રણગાઉ ગુમ્મી એક જોજન ભમરાનું (ચઉરિદ્રિંય) સમુર્ચ્છિમ ચતુષ્પદ, ભૂજ પરિસર્પ, ઉરપરિસર્પ ૨ થી ૯ ગાઉ, ૨ થી ૯ ધનુષ્ય અને ૨ થી ૯ યોજનનું હોય છે. ગર્ભજ ચતુષ્પદનું છ ગાઉ, ભુજપરિસર્પનું ૨ થી ૯ ગાઉ અને ઉરપરિસર્પનું એક હજાર યોજનનું હોય છે. અને સમુર્ચ્છિમ અને ગર્ભજ બન્ને મત્સ્યનું પણ એક હજાર જોજનનું હોય છે. ગર્ભજ અને સમુર્ચ્છિમ બંન્ને પક્ષીનું ૨ થી ૯ ધનુષ્ય જાણવું. અને જઘન્યથી સર્વનું અંગુલનો અસંખ્યાતમા ભાગનું જાણવું. ઈત્યાદિ આવા શરીરના પાલનને માટે આખુ જગત પ્રયત્ન કરે છે. તેવીરીતે વેલડી વિ. એકેન્દ્રિયો પણ વાડ પર ચઢે છે. કેટલાક તો કંટક વડે પોતાને વિંટે છે. (ઢાંકે છે), ઈયળ વિ. કંટકનું બખ્તર બનાવે છે. અને અશુચિવાળા કાદવ વિ. માં પ્રવેશે છે. કીડી,

મંકોડા વિ. ઝડપથી બીલ (દર) વિ. બનાવે છે. અને ઘણા કણ વિ. નો સંગ્રહ કરે છે. લાકડાના કીડા લાકડાને ખાઈ જાય છે. (કોતરે છે.) ઉધઈ વિ. રાફડા બનાવે છે. કરોળિયા જાળ બનાવે છે. ભ્રમર વિ. લય (ગુંજારવ) ને સર્જે છે. (કરે છે.) ભ્રમરી, મધુમખ્ખી વિ. માટીનું ઘર અને મધપૂડો રચે છે. ઉંદર વિ. દરો બનાવે છે અને દ્રવ્યનો સંગ્રહ વિ. કરે છે. સુગ્રીવ વિ. તેવા પ્રકારના પુરુષાર્થ વડે વિજ્ઞાનથી સાધ્ય આશ્ચર્યકારી માળો (ઘર) બનાવે છે. રાજા વિ. વિષમ પર્વતથી બનેલા કિલ્લાવાળા અને વિષમ કાંગરાવાળા કિલ્લામાં વાસ અને શયનના સમયે હાથી ઘોડાની શ્રૃંખલાથી બંધાયેલ સૈનિક વિ. ને ચારે બાજુ ગોઠવીને (વાડ કરીને) લોખંડ, કાષ્ટ વિ. ના પિંજરામાં સૂઈ જાય છે.

સામાન્ય માણસો પણ પોતપોતાના અનુમાનથી દ્વારવાળા કબાટ (પેટી) લોખંડના પાંજરા વિ. જુદાજુદા પ્રકારના શસ્ત્રોનો સંગ્રહ વિ. વિચિત્ર ઉપાયોને વિવિધ પ્રકારની જડીબુટ્ટી મુળિયા, રાખ, કંદ, મંત્ર, તંત્ર, યંત્રનો અભ્યાસ, ભૂતની સેવા, દેવતાની આરાધના, ઔષધ, રસાયણ વિ. નું સેવન, ચંદ્રગુપ્ત વિ. ની-જેમ વિષને પચાવવા વિ. ના અભ્યાસને અનેક પ્રકારના મનુષ્યો કરે છે. દેવો પણ ઈન્દ્રાદિની ભીતિથી અંધકારમાં પ્રવેશે છે. એ પ્રમાણે રક્ષણ કરવા છતાંપણ આયુષ્યની સમાપ્તિથી શરીર નાશ પામે છે. નાશ પામવાના કારણો..... (૧) અધ્યવસાય (૨) નિમિત્ત (૩) આહાર (૪) વેદના (૫) બીજા તરફથી ઉપઘાત (૬) સ્પર્શ (૭) શ્વાસોશ્વાસ સાત પ્રકારે આયુષ્ય પૂર્ણ થાય છે. (ખતમ થાય છે) અથવા આવા પ્રકારના ઉપઘાત વડે શરીર વિનાશને પામે છે. આથી શરીરની શુશ્રુષાના પરિહાર વડે ધર્મકર્મમાંજ શરીરને યોજવું જોઈએ.

તેવીરીતે અધ્યાત્મ કલ્પદ્રુમમાં કહ્યું છે કે.... દેહમાં મુંઝાઈને પાપ કરે છે. તે તું કેમ જાણતો નથી. ભવ દુઃખની જાલરૂપ દેહનેજ સેવે છે. (સંભાળે છે.) લોખંડને આશ્રયીને રહેવાથી અગ્નિ ઘણના ઘા ને સહન કરે છે. અને લોખંડને આશ્રય કરીને રહ્યો નથી તે અગ્નિને બાધા (દુઃખ) નથી. દુષ્ટ કર્મ રાજાને વશ, કાયા નામના નોકરે કર્મો વડે બંધાઈને ઈન્દ્રિયો રૂપી પ્યાલાવડે પ્રમાદરૂપ દારૂ પીધો છે. નારક રૂપ જેલને ઉચિત નિમિત્તને પામીને પોતાના

હિતને માટે કાયાને થોડું આપીને સંયમના ભારને વહન કર ! કારણ કે પવિત્ર આહાર હોવા છતાં તેને અપવિત્ર કરે છે. કૃમીથી વ્યાપ્ત, કાગ, કુતરા, વિ. નું ભક્ષ્ય હોવાથી, ભવિષ્યમાં જલ્દી ભસ્મ થવાથી, માંસાદિપિણ્ડવાળા અંગ (શરીર) થી સ્વહિતને કર ઈત્યાદિ સુભાષિત શ્લોકોથી જાણી લેવું ધનાદિ નવપ્રકારના પરિગ્રહનું પણ વિનશ્વરપણું છે. પાણી અગ્નિ આદિનો ઉપદ્રવ, ચારણ, ચોર સ્વગોત્રવાળા, નોકર, લુચ્ચા, રાજા દેવતા વિ. થી કલેશ, દુઃખ કરવા પૂર્વક ગ્રહણ કરવા વિ. થી, વ્યવસાય વિ. માં ઉપદ્રવ કરવા થકી અને લૂંટી લેવા વિ. આ બધું અનુભવ કરવા પૂર્વક સિધ્ધજ છે.

વળી તેવી રીતે કહ્યું છે કે..... જમાઈઓ તેની (ધનની) ઝંખના કરે છે. તસ્કરો (ચોર) ચોરી જાય છે. રાજાઓ ગ્રહણ કરી લે છે. (કર વિ. દ્વારા) અને નિમિત્ત પામીને અગ્નિ પલમાત્રમાં ભસ્મિભૂત કરી નાંખે છે. દુરાચારિ પુત્રો દરિદ્રપણાને લાવે છે. ઘણાને આધીન (તાબે) કરનાર ધનને ધિક્કાર હો. સ્નેહ દશા, ગુણોનો ક્ષય કરીને દીવાની જ્યોત સમ ચંચલ લક્ષ્મી (ધન) નાશ પામે છે. માત્ર તેમાં એક વસ્તુ જ બાકી રહે છે. તેનાથી ઉત્પન્ન થયેલ માલિન્યતા (અશુભકર્મ) અધ્યાત્મ કલ્પદ્રુમમાં પણ કહ્યું છે કે જે શત્રુને પણ ઉપકાર (રાજી) કરનારી છે. કારણ કે જે લક્ષ્મીથી સર્પ, ઉંદર વિ. માં ગતિ (જન્મ) થાય છે. અને આપત્તિ મરણ રોગ વિ. ને દૂર કરવાનું જ્યાં શક્ય નથી તેવા ધનને વિષે મોહ કેમ રાખવો ?

ખેતર, ઘર, ધન, ધાન્ય, ગાય, ઘોડા મળવા થકી શરીરધારીઓને કલહ, પાપ અને નરકનું કારણ બને છે. ધર્મમાર્ગે તેનો ઉપયોગ ન કર્યો તો કયો ગુણ થાય ? ઈત્યાદિ વિસ્તાર અધ્યાત્મ કલ્પદ્રુમથી જાણવો ચક્રવર્તી - વાસુદેવ વિ. નું પણ મરણ થયે છતે તેના નિધિ રત્નો વિ. નું પૃથ્વી, આકાશ વિ. માં જવા આદિ વડે કરીને અને બીજાના થવા થકી વિનશ્વર પણું (પ્રસિધ્ધ છે.) પ્રત્યક્ષ છે. જીવિતપણું, યૌવનપણું વિ. પણ વિનાશી છે. તે પ્રસિધ્ધ છે.

કહ્યું છે કે :- આ શ્વાસ ચપલ છે. ક્ષણવારમાં જે સેંકડો વાર આવ જા કરે છે. શરીરીઓનું જીવન તેને આધીન છે. એવો કોણ બુધ્ધિશાળી છે કે ધર્મ કરવામાં વિલંબ કરે ? જેનું ચામડાનું બખ્તર ભેદ્ય નથી અને જેના

હાડકાં વજમયી છે. તેવો જો કર્ણદધીચી અહીંયાં સ્થાયી રહી શક્યો નથી. તેથી હે ધીર ! ધર્મનો તું અનાદર (ધિક્કાર) ન કર.

શરદઋતુના વાદળ જેવી સમસ્ત પ્રકારની લક્ષ્મી છે. અને નદીના પૂરના જેવું જીવિત (આયુષ્ય) છે. નાટકશાળા જેવું કુટુંબ છે. તો પણ ધર્મ કરવામાં શા માટે મુંઝાય છે. ? અર્થાત્ ધર્મ કેમ કરતો નથી.

એ પ્રમાણે શરીર, જીવિત, (આયુષ્ય) યૌવન વિ. ના સ્વરૂપને જાણીને ધર્મમાં જ પ્રયત્ન કરવો. કારણ કે જીવનો વિનાશ થતો નથી. તે (આત્મા) પરિણામિ, પ્રત્યક્ષ ભોક્તા, કર્તા, દેવ નરકાદિ ગતિના પર્યાયને પામનાર અને સકલ કર્મના ક્ષયથી શાશ્વત સુખરૂપ મોક્ષને પામે છે. કારણ કે ચૈત્યન્ય સ્વરૂપ, પરિણામી, કર્તા, પ્રત્યક્ષ ભોગવનાર, પોતાના દેહના પ્રમાણવાલો, દરેક ક્ષેત્રમાં પુદ્‌ગલથી ભિન્ન, અને અરૂપી છે. એ પ્રમાણે જૈન માને છે. લૌકિકો પણ કહે છે કે બ્રહ્માદિને વિષે, ઘાસની ટોચે, પ્રાણીયોમાં જીવ પરિભ્રમણ કરે છે. પાણીમાં - પૃથ્વી ઉપર તથા આકાશમાં વારંવાર જન્મ લે છે. એ પ્રમાણે આરણ્યકમાં કહ્યું છે. જેવી રીતે જીર્ણ વસ્ત્રોને છોડી દઈને મનુષ્ય બીજા નવા વસ્ત્રને ગ્રહણ કરે છે. તેવી રીતે હે અર્જુન જીવ બીજા બીજા શરીર ગ્રહણ કરે છે. અને છોડે છે. એ પ્રમાણે ગીતામાં કહ્યું છે.

વેદમાં પણ કહ્યું છે કે, પુણ્ય કર્મથી પુણ્ય અને પાપ કર્મથી પાપ બંધાય છે. વિષ્ટા સાથે દહન કરવાથી શૃંગાલ થાય છે. તથા જેવીરીતે હજારો ગાયોમાંથી વાછરડું પોતાની માને ઓળખી લે છે. તેવી રીતે પૂર્વ કૃતકર્મ કર્મ કરનારને અનુસરે છે. તેની પાછળ પાછળ જાય છે. સેંકડો ક્રોડોભવ થવા છતાં પણ કરેલા કર્મનો નાશ થતો નથી. કરેલા શુભ અશુભ કર્મ અવશ્ય (નિશ્ચયે કરી) ભોગવવા પડે છે.

અહીંથી લઈને ૯૧ મે ભવે શકતી રૂપ શસ્ત્ર વડે મેં પુરુષને હણ્યો હતો તે કર્મના વિપાકે કરીને હે ભિક્ષુઓ ! આજે હું પગમાં વિંધાયો છું. (પગમાં મને વાગ્યું છે) ઈત્યાદિ ! તેથી આત્માનું અવિનાશીપણું સિધ્ધ થાય છે. અને તે સિધ્ધ થતાં પરલોકપણું, શુભ અશુભ કર્મનું કરવાપણું અને ભોક્તાપણું એ તેનું ફલ સુખ દુઃખ વિ. પ્રાપ્ત થતું જોવાય છે. આથી હાથમાં આવેલા આ

ભોગો, જે કાલ આવ્યો નથી, ભવિષ્યકાલની ખબર નથી. પરલોક છે કે નથી તેને કોણ જાણે છે. લોકોની સાથે અમે ખાઈએ છીએ એ પ્રમાણે બાળકો બોલે છે. ઈત્યાદિ આ લોક આવડો જ છે. જેટલો ઈન્દ્રિયોને દેખાય છે. હે ભદ્રે ! બહુ શ્રુતો જે કહે છે. તે આ વરુના પગને જો... હે ચારુ લોચને ! પી અને ખા, હે વરગાત્રિ ! જે અતિત થઈ ગયેલું છે તે હવે નથી રહ્યું. હે ભીરુ ! ગયેલું પાછું આવતું નથી. આ કલેવર (શરીર) માત્ર પાંચભૂતનો સમુદાય છે. ઈત્યાદિ કૌલાચાર્યના અનુયાયિના બાલ વચનોને અવગણીને પરલોકમાં હિતને કરનારા ધર્મમાં જ પ્રયત્ન કરવો એજ હિતને માટે છે.

શ્લોકાર્થ :- હે પંડીતો ! આ પ્રમાણે સુખના અર્થને અને તત્ત્વના અર્થને જાણીને પ્રમાદ રૂપી શત્રુપર જયરૂપ લક્ષ્મી વડે અરિહંત પ્રભુના ધર્મને કરવામાં પ્રયત્નશીલ બનો, જેથી કરીને જલ્દી અક્ષય રૂપ એવા જ્ઞાન (કેવલજ્ઞાન) ને પ્રાપ્ત કરો.

॥ મધ્યાધિકારે ત્રીજા અંશે (૧ લો તરંગ પૂર્ણ) ॥

મધ્યાધિકારે..... ૩ અંશે (તરંગ - ૨)

શ્લોકાર્થ :- સર્વ શત્રુ પર જયરૂપ લક્ષ્મી વડે જીવો નિત્ય સુખને ઈચ્છે છે. ગૌતમે ભગવાનને પૂછેલા પ્રશ્નોના ઉપાય ભગવાન આ પ્રમાણે કહે છે. ॥૧॥

સુખ મોક્ષમાં છે. અનાદિનગરનો ત્યાગ કરવામાં સમર્થ દુઃષમ કાલમાં તે ધર્મ દુર્લભ છે.

વ્યાખ્યા :- તાત્વિક સુખ મોક્ષમાં છે. તે મોક્ષ ભરત ઐરાવત ક્ષેત્રમાં સુષમ દુષમ નામના ત્રીજા આરાના અંતના છેડે અને દુષમ સુષમ નામના ચોથા આરામાં હોય છે. અને દુષમ કાલ નામનો પાંચમો આરો આવ્યે છતે મોક્ષ થતો નથી..... તેમાં કારણ શું છે ? એ પ્રમાણે ગૌતમ સ્વામિએ પૂછતાં ભગવાન વર્ધમાન સ્વામિ કહે છે કે તે મોક્ષ, અનાદિનગર (સંસાર) ના જીવોને અનાદિકાલથી રહેઠાણરૂપ સંસારના ત્યાગથી થાય છે. (પ્રાપ્ત થાય

છે.) અને તે (મોક્ષ) સંસાર નગરનો ત્યાગ અથવા તેજ સંસાર નગરના મોહ નામના સ્વામિના ગુણના ત્યાગથી પ્રાપ્ત થાય છે. બીજા દર્શનકારો પણ સત્વ, રજો, તમો ગુણના અને સ્વપુરનો (સંસારનો) ત્યાગ કરતા મોક્ષ માને છે. પરંતુ મહાઋધ્ધિ યુક્ત સદ્‌ગુણવાળાને કે મોહવાળાને તે મોક્ષ પ્રાપ્ત થતો નથી. સંસારનું પુરાણુંપણું અને મોહનું સ્વામિપણું પોતે (જાતેજ) બીજા શાસ્ત્રોથી જાણી લેવું અને વર્ણન કરવું અને તે ગુણનો (સત્વ, રજો, તમો) ત્યાગ, દુષમ નામના પાંચમાં આરામાં દુર્લભ છે. તે કારણે તે આરામાં જન્મેલા મનુષ્યોને મોક્ષ મલતો નથી. એ પ્રમાણે પૂર્વની ગાથા સાથે સંબંધ કરવો.

જે કારણથી કલિકાલના જીવો લોક પ્રસિધ્ધ દુઃષમ કાલને કલિકાલના નામથી નવાજે છે અને તેથી તે જીવો ગુણવાન કહેવાય છે. જેમ વિકૃત મુખવાળાને સારા મુખવાળો કટાક્ષથી કહેવાય છે. તેમ તે જીવોને ગુણવાન કહ્યા છે.

કલિકાલના જીવો સેવકજનવત્સલ, અચંચલ, મનવાળા, નિર્લોભી, અકુંજુસ, (ઉદાર) અને સાહસિક છે. આવા પૂર્વકાલમાં હતા નહિ તેમ હું માનું છું.

આજ ગાથાની વ્યાખ્યા બે ગાથાઓ વડે કરે છે..... રાગની અંદર અવિહડ (મજબૂત) રાગી, મિથ્યાત્વાદિમાં અચંચલ કરનારા સગાદિમાં સંતોષવાળા, ગર્વાદિમાં પોતાના સુકૃતનો ત્યાગ કરનારા, ઈષ્ટનો વિયોગ, જરાઆદિમાં અને વળી વ્યસનો (દુઃખ)માં પાપથી અભીરુ (ડર વગરના-સાહસિક) છે. પૂર્વના જીવો આથી ઉલટા છે. જેઓ ભવસુખનો ત્યાગ કરી મોક્ષમાં ગયા છે. ॥૫॥

આનો અર્થ સ્પષ્ટ છે. ભાવના (વિચારણા) આ પ્રમાણે છે. કલિકાલના જીવો જેવીરીતે મોક્ષના પ્રતિબંધક ભવવાસના કારણભૂત પાંચ ગુણવાળા છે. તેવીરીતે પૂર્વે દુષમ સુષમા કાલવાળા જીવો ન હતા.... અને તે આ પ્રમાણે (૧) સેવક જનવત્સલવાળા (૨) અચલચિત્તવાળા (૩) નિર્લોભી (૪) ઉદારતાવાળા અને (૫) સાહસવાળા એ પ્રમાણે પહેલા ગાથામાં કહ્યું છે. ક્રમે કરીને તેના કારણ વડે સ્વરૂપને કહે છે. જીવના માલિક એવા રાગાદિની અંદર સેવકપણું ન જવાથી અથવા જેવીરીતે પૂર્વજીવો શ્રી નેમિનાથ,શ્રી

પાર્શ્વનાથ, ભરત ચક્રવર્તી, ભરતના ૯૮ ભાઈઓ, બાહુબલી, શ્રીરામ તેનાભાઈ ભરત, શિવકુમાર, પૃથ્વીચંદ્ર, થાવચ્ચાપુત્ર, શ્રી જંબુસ્વામિ આદિ વિશેષ કારણ ન હોવા છતાં પણ રાગાદિ સેવક ઉપર પણ વત્સલ ભાવના વિઘટનથી (તૂટવાથી) ભવાન્તરે શિવ સુખને પામ્યા તેવીરીતે કલિકાલના જીવો પામતા નથી.

ઘસાયેલ જીર્ણ ઝુંપડી, બળદ, નોળિયાઓથી વ્યાપ્ત, ધાન્ય વગરની, કાળી, કાણી, કુરૂપી, કટુ બોલવા વાળી અને, સ્નેહ વગરની સ્ત્રી ખોડખાંપણવાળી, (ત્રિદંડીવાળી, કાનથી વિકલ.) ગધેડી દ્વારમાં ભૂંકી રહી છે. આવી સંપદા (ઋધ્ધિ) જીવોના હૃદયમાં રમે છે. હા ! મોહ ચેષ્ટા કેવી છે ? ઈત્યાદિ સામગ્રીને વિષે પણ શરીર ધનનું સામર્થ્ય વિ. ન હોવાછતાં પણ ઘણો ગુરુનો ઉપદેશ સાંભળવા છતાં પણ પ્રાયઃ રાગદ્વેષનો ત્યાગ ન કરવાના કારણે મોક્ષ પ્રાપ્ત થતો નથી.

અહીંયા રાગનો ત્યાગ ન કરવામાં શ્રી ગૌતમસ્વામિ વડે નિર્યામણા કરાવાયેલો પત્નીના માથાના ઘામાં કીડા રૂપે ઉત્પન્ન થયેલ શ્રેષ્ઠિ, શ્વેતઅંગુલી આદિ છ પુરુષો, રાજાને ઘોડારૂપ બનાવનારી પરણેલી રાણી, બે પત્નીવડે મકાનના મેડા ઉપર ખેંચવાના કારણે સર્વઅંગ ઉપર જેને ઘા થઈ ગયેલા છે તેવો મંત્રિ, પત્નિના બે સ્તન ઉપર હાથ રહ્યા છે તેવો પુરુષ, કાણો થયેલો એવો મૂર્ખ વિ. ના દ્રષ્ટાંતો જાણવા. રાગાદિ ને વશ સ્ત્રીઓ પતિનું દાસીપણું પણ કરે છે. અગ્નિમાં પણ પ્રવેશે છે. નરસુંદર રાજા અને તેની રાણીની જેમ મરે પણ છે. અને ભાવ શ્રેષ્ઠિની પત્નીની જેમ પણ મરે છે. દ્વેષનો ત્યાગ ન કરવામાં ઉદાયિ રાજાને મારનારો વિનયરત્ન, કમઠ વિ. ના દ્રષ્ટાંતો જાણવા વર્તમાન કાલમાં તેવા પ્રકારના જીવો (ઘણા) છે. તે અનુભવ સિધ્ધ છે. તે માટે દ્રષ્ટાંતોની જરૂર નથી. એ પ્રમાણે આગળ પણ સમજવું.

તેવીરીતે મિથ્યાત્વાદિને વિષે મનનું અચલપણું હોવાથી અચલચિત્તવાળા કહ્યા છે. જેવીરીતે શ્રી ગૌતમ ગણધર, આનંદ વિ. દશ શ્રાવકો, સુદર્શન શ્રેષ્ઠિ, શુક ભટ્ટારક, ઈન્દ્રનાગ, પ્રદેશીનૃપ, આમ્રભટ્ટ વિ. અને પાંચસો પરિવ્રાજક વિ. કલિકાલમાં પણ સત્યુગની વિવક્ષાથી ગોવિન્દ વાચક, હરીભદ્ર બ્રાહ્મણ

(પુરોહિત) સિધ્ધસેન અને ધનપાલ વિ. મિથ્યાત્વમાં પૂરેપૂરા લાગેલા છતાં પણ થોડા વેદના અર્થની કરેલી વ્યાખ્યાદિના પ્રયત્નથી મિથ્યાત્વના પરિત્યાગ પૂર્વક અને અરિહંત પ્રભુના ધર્મના સ્વીકારથી ચંચલ ચિત્તવાળા એટલે કે મિથ્યાત્વને છોડનારા થયા તે પ્રકારે વર્તમાન કાળમાં અનુભવ થતો નથી.

ગીતાર્થ અને આગમ વચનોથી પોતાના કદાગ્રહનો ત્યાગ ન કરવાથી શ્રી વીર વાણીનો તિરસ્કાર કરનાર જમાલી, ગોષ્ઠા માહિલાદિ સાત નિહ્નવ અને દિગંબર વિ. ની જેમ અચલ ચિત્તવાળા હતા. એ પ્રમાણે આદિ શબ્દ ના સૂચનથી વિષયાદિમાં પણ અચલ ચિત્તપણું વિચારવું, તેવીરીતે સ્વર્ગાદિને વિષે એટલે કે સ્વર્ગ, અપવર્ગ, ચક્રવર્તિ આદિની ઋધ્ધિને વિષે સંતોષી હોવાથી લોભ વિનાના કિલકાલના જીવો છે. જેવીરીતે અવન્તિ સુકુમાલ બત્રીશપત્ની વિ. ભોગો મલ્યા હોવા છતાં પણ પહેલા સૌધર્મ દેવલોકમાં રહેલા નલિની ગુલ્મના સુખના લોભથી દીક્ષા લઈને શિયાળણી વડે ખવાવાનું કષ્ટ સહે છે. શ્રી શાલિભદ્ર, ધન્યકુમાર, શ્રી શ્રેણિક મહારાજાના પુત્ર નંદિ ષેણ, મેઘકુમાર વિ. એ નાસિક્યપુરવાસી સુંદરી, નંદ વિ. એ રાજ્યાદિની સમૃધ્ધિ ને ત્યાગી દીધી તેવી રીતે સાંપ્રતકાળના જીવો છોડતા નથી. કારણ કે તેઓની ઘસાઈ ગયેલ જીર્ણકુટિર શ્લોકમાં કહેલ સાંશયિક ભોગોને વિષે પણ સંતોષી બની જ રહેલા છે. અને ઘડપણ હોવા છતાં પણ બ્રહ્મચર્યાદિ વ્રતને સ્વીકારતા નથી. પ્રવજ્યાને પણ લેતા નથી અને જો કદાચ ગ્રહણ કર્યું હોય તો પણ સ્વર્ગના સુખ વિ. માં અનિચ્છાવાળા તેનું સારી રીતે પાલન કરતા નથી. અને અણું જેટલા પ્રમાદના સુખને છોડતા નથી. પાર્શ્વસ્થાદિ યતિની જેમ આચરણ કરી જન્મ પૂર્ણ કરે છે. તેવા પ્રકારના ઘણા નિર્લોભી, તેવી રીતે ગર્વ વિ. નું કારણ ઉત્પન્ત થયે છતે પોતાના પુણ્યનો ત્યાગ કરવામાં ઉદાર છે. થોડુંપણ કરેલા દાનાદિ પુણ્યને ગર્વાદિથી તેને (પુણ્યને) કાઢી નાખે છે. ક્રોધ વડે ઘોર તપનો નાશ કરનાર કરટોત્કરટાદિની જેમ, કદાગ્રહ વિ. થી સુસઢની જેમ. તેવીરીતે પૂર્વના જીવો હોતા નથી. **''जह चक्कवट्टी साहू ?''** એ પ્રમાણે ચક્રવર્તિ સાધુવડે, શ્રી ગૌતમ વડે, આનંદ કામદેવાદિ વડે, કુરગડુઆદિ વડે લક્ષ્મીનો પરિત્યાગ, શ્રુતજ્ઞાન, શ્રાવકની ક્રિયા ક્ષમા વિ. ના પોતાના પુણ્યના જવાના ભયથી ગર્વ ન કરવાના કારણે કંજુસ છે. પૂર્વભવમાં શ્રી પાર્શ્વનાથના જીવવડે,

શ્રી વીરપ્રભુના જીવથી અને ગજસુકુમાલાદિ વડે પ્રાણ જવા છતાં પણ કોપ ન કરવાના કારણે ઔપચારિક પણે તેઓમાં કૃપણપણું હતું. તેવીરીતે કલિકાલના જીવો ઈષ્ટના વિયોગમાં, જરા વિ. માં, આદિ શબ્દથી મહારોગ, શત્રુથી પરાભવ, બંધ આદિને વિષે, વ્યસનમાં પણ પાપ કરવામાં ડરતા નહિ હોવાથી સાહસિક (બહાદૂર) છે. તેવા પૂર્વના જીવો નથી. તેઓ થોડાપણ પોતાને વિષે, બીજાને વિષે ભયનું કારણ, પરાભવ, મરણ, ઘડપણ આદિ દોષને જોઈને રાજ્યાદિ છોડીને દિક્ષા લેનારા હતા. પરિષહાદિ કષ્ટો સહિને **''सिवमलय''** ઈત્યાદિ વિશેષણથી વિશિષ્ટ શોભતા ભયવિનાના મોક્ષ પદને પામ્યા.

તેવીરીતે કરકંડુ વિ. બળદ વિ. માં આવેલી જરાદિ દુઃખ અવસ્થાને જોઈને ડરી ગયા. સમુદ્રપાલ, શ્રેષ્ઠિકુમાર શૂળીના સ્થાને ચોરને જોઈને ડર્યા. અને દિક્ષા લીધી. નમિ રાજર્ષિ તાવને કારણે, મહાનિગ્રંથ (અનાથીમુનિ) ચક્ષુની વ્યથાને કારણે, વૈતાઢ્યગિરિના સ્વામિ ઈન્દ્ર વૈશ્રમણ, સહસ્ત્રાર્જુન વિ. એ રાવણથી એકવાર પરાભવ પામીને દીક્ષા ગ્રહણ કરી, સગર ચક્રવર્તી પુત્રના વિયોગથી અને બલદેવ ભાઈના વિયોગથી બોધને પામ્યા એ પ્રમાણે આનાથી વિપરિત લક્ષણવાળા તે કાયરો છે. કલિકાલના જીવો સાહસિકો છે.

એ પ્રમાણે સેવકજન વત્સલ વિ. દોષો હોવા છતાં વિપરિત લક્ષણથી ગુણરૂપ કહ્યા છે. અને આનાથી અટવાયેલા મોક્ષને મેળવતા નથી. તેવીરીતે મોહરાજા પણ ઉપર કહેલા ગુણોથી મુક્તિમાં જતા રોકે છે. પરંતુ તેનાથી વિપરિત ગુણવાલા પૂર્વના જીવોને રોકતા નથી. એ પ્રમાણે વિપરીત લક્ષણના આશ્રયથી બધુંજ યોગ્ય રીતે ઘટી જાય છે.

શ્લોકાર્થ :- મુક્તિસુખને પામવામાં અડચણરૂપ રાગાદિશત્રુઓને જાણીને ભવદુઃખથી ડરેલા હે બુધ જનો ! આ જયરૂપ લક્ષ્મી થકી શિવપ્રાપ્તિના ઉપાયોમાં પ્રયત્ન કરો.

॥ મધ્યાધિકારે ૩ અંશે (બીજો તંરગ પૂર્ણ....) ॥

શ્લોકાર્થ :- ગમે તે રીતે ધર્મસામગ્રી પામેલો તું કર્મ રૂપ શત્રુ પર જયરૂપ લક્ષ્મી વડે સુખરૂપ સંપદાની ઈચ્છા રાખતો હોય તો આવા પ્રકારના વિષય સુખમાં મુંઝાઈશ (ફસાઈશ) નહિ ॥૧॥

કારણ કે એક આમ્ર ફલ માટે રાજ્યને, એક બિંદુ માટે સમુદ્રને, એક કાકિણી માટે હજાર સોના મહોરને અને વિષયને માટે સ્વર્ગને હારી જાય છે.

શ્રી ઉત્તરાધ્યયનના સાતમા અધ્યયનમાં કહેલા ત્રણદૃષ્ટાંતો દ્વારા આપેલા ઉપદેશથી ધર્મમાં ઉદ્યમના ઉપદેશવાળી આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે. **'सग्गाई अ त्ति'** જે વિષયને કારણે સ્વર્ગાદિકના સુખ ને હારી જાય છે. તેમાં અવસરથી અનુભવ કરાતા ભવ સંબંધી જ પંચેન્દ્રિયના વિષયરૂપ વિષયો જાણવા, સ્વર્ગ વિ. કલ્પાતીત દેવની અને મોક્ષ વિ. ની સુખરૂપ સંપદાના ફલને હારી જાય છે. કાર્યમાં કારણનો ઉપચાર થતો હોવાથી સ્વર્ગાદિ સુખને આપતો ધર્મ હારી જાય છે. તે આનો ભાવ છે. જેઓ વિષયના સ્વાદની લંપટતાથી અને વિષયના પદાર્થોની આસક્તિથી સ્વર્ગાદિની સુખ ઋધ્ધિના ફલને આપનાર વિષયના કારણે ધર્મને હારી જાય છે. આચરતો નથી. **''अंबकअे''** ઈત્યાદિ તે આમ્રફલને માટે રાજ્યને હારી જાય છે. બિંદુ માટે સમુદ્રને હારી જાય છે. કાકિણી માટે હજાર સોનામહોર હારી જાય છે. આ **ત્રણ દ્રષ્ટાંતો** અનુક્રમે કંઈક વિવરણપૂર્વક કહેવાય છે.

કોઈ એકપુરમાં કોઈક રાજા પ્રજાનું પાલન કરતાં આ સમુદ્ર સુધી શાસન કરે છે. તેને એક વખત આમ્રફલના આસ્વાદની લોલુપતાના અતિરેકથી ક્યારેક મહાવ્યાધિ થયો. વૈદ્યે કોઈપણ રીતે ચિકિત્સા કરીને દૂર કર્યો. પરંતુ રાજાને આમ્રફલ નહિ ખાવાનો નિયમ લેવડાવ્યો. અને કહ્યું જ્યારે ફરી આમ્રફલ ખાશો ત્યારેજ વ્યાધિ ફરીને ઉભો થશે અને તે અસાધ્ય બનશે. પછી ઘણા વર્ષો વ્યતિત થયા બાદ તે રાજાએ એક વખત ગ્રીષ્મઋતુમાં માળીએ આપેલા સારાપાકેલા ઘ્રાણેન્દ્રિયને સંતોષ થાય તેવા સુગંધવાળા,

સારા રુપવાળા આમ્ર ફલને જોઈ રસને જાણનારા, ચંચલ ચિત્તવાળા તેના રસના સ્વાદ માટે તેનું મન તેના ઉપર આકર્ષાયું. તે જાણીને મંત્રીએ ઘણો રોકવા છતાં તે રાજાએ આટલા વર્ષમાં રોગ થયો નથી તેથી હવે તે વ્યાધિ નિશ્ચિત મટી (લુપ્ત થઈ) ગયો છે. "હવે માત્ર એકજ આમ્ર ફલને ખાઈશ..... આ એકથી કોઈપણ અવગુણ નહિ થાય..... એ પ્રમાણે બોલતા એક આમ્રફલ ખાધું તેથી તુરતજ ઉત્પન્ન થયેલા પૂર્વના વ્યાધિથી ઘણો પ્રતિકાર કરવા છતાં પણ અસાધ્ય બનેલા તે રોગથી પીડાયેલા તેણે રાજ્ય અને પ્રાણો બન્ને ગુમાવ્યા. અહીંયાં ઘટના કરતાં કહે છે કે :- રાજ્ય સમ સ્વર્ગાદિ સુખ અને એક આમ્ર ફલ સમ આ લોક સંબંધી વિષય આદિ સુખ એ પ્રમાણે દ્રષ્ટાંત અને તેને ઘટાવવાના દ્રાષ્ટાન્તિકની યોજના સુગમ છે. તેથી વધુ લખ્યું નથી.

તે પ્રમાણે "બિંદુને માટે સમુદ્ર" આગમમાં કહ્યું છે. જેવી રીતે ઘાસના અગ્રભાગ પર રહેલા પાણીના બિંદુ માટે સમુદ્રને છોડે છે. એ પ્રમાણે મનુષ્યપણાના ભોગોને માટે દેવના ભોગોને છોડે છે - હારે છે. આની પણ ભાવના સુગમ જ છે. "કાકિણીને માટે હજાર સોનામહોર" કોઈ ધનનો અર્થી ધનને મેળવવાને માટે બીજા દેશમાં ફરતાં હજાર સોનામહોર પ્રાપ્ત કરી પછી તેણે લઈને સારા સથવારા સાથે ઘર તરફ જતાં કોઈક સ્થાને ગામથી બહાર ભોજનને માટે બેઠો અને વારંવાર પૈસાની જરૂર પડે માટે રૂપિયાની કાકિણી કરી હતી. એક રૂપિયાની એંશી કાકિણી થાય તે પ્રસિધ્ધ છે. કોઈક ઠેકાણે વીસકોડીની એક કાકિણી એ પ્રમાણે પણ કહેલ છે. એ પ્રમાણે એક કાકિણી તેણે ત્યાં કોઈક સ્થાને પાડી (ગુમાવી) દીધી ભોજન કર્યા પછી સાર્થની સાથે ચાલ્યો અને તેને કેટલોક માર્ગ કાપ્યા પછી તે કાકિણી યાદ આવી. ઘણાએ વારવા છતાં પણ તેને શોધવાને માટે પાછો ચાલ્યો. તે ગામના ભોજનના સ્થાને તેને શોધતાં તે મલે તે પહેલાં સૂર્યાસ્ત થતાં સાર્થને મળવાની ઈચ્છાવાળો એકલોજ પાછો ફર્યો તેટલામાં જંગલમાં મળેલા ચોરોએ બધુંજ લૂંટી લીધું. અને દુઃખી થયો આ પ્રમાણે હજાર સોનામહોરની ઉપમા સમાન સ્વર્ગસુખ અને કાકિણીની ઉપમા સમાન મનુષ્યભવસંબંધી વિષયસુખ એ પ્રમાણે ઉપમેય અને ઉપમાની વિચારણા સુગમ છે.

શ્લોકાર્થ :- હે બુધજનો ! આમ્રફલ વિ. ના દ્રષ્ટાંતવડે પ્રમાદીઓની લાભ-હાની વિચારીને વિશેષ પ્રકારે મોહરૂપી શત્રુ પર જયરૂપ લક્ષ્મીની ઈચ્છા હોય તો પ્રમાદને દૂર કરી પુણ્ય કાર્યમાં રત રહો ? ઈતિ.....

॥ મધ્યાધિકારે ૩ અંશે (તરંગ - ૩જો પૂર્ણ....) ॥

મધ્યાધિકારે - ૩ અંશે (તરંગ - ૪)

શ્લોકાર્થ :- ઉત્તમકુલ આદિ ઉદયને પામીને પાપરૂપ શત્રુપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે તેવી રીતે ધર્મમાં ઉજમાળ બનો કે જેથી પરલોકમાં ઉદયને પામો.

(૧) ઉદિતઉદિત (૨) અસ્તમિત ઉદિત (૩) ઉદિત અસ્તમિત, અને (૪) અસ્તમિત અસ્તમિત આ ચાર પ્રકારના પુરુષોમાં

(૧) ભરતચક્રવર્તી (૨) હરિકેશીબલ (૩) બ્રહ્મદત્તચક્રી અને (૪) કાલસૌકરિક દ્રષ્ટાંત રૂપે છે.

વ્યાખ્યા :-ચાર પ્રકારના પુરુષો હોય છે. તે આ પ્રમાણે ઉદિતઉદિત (૨) અસ્તમિત ઉદિત (૩) ઉદિત અસ્તમિત અને (૪) અસ્તમિત અસ્તમિત.

તેમાં ઉદિત આ ભવમાં ઉત્તમકુલ જાતિરુપ લક્ષ્મીનું સુખ, સંતાન, ઐશ્વર્યાદિથી યુક્ત, નિષ્કલંક જિનેશ્વરે કહેલા ધર્મની આરાધનાથી પરભવે પણ મહેન્દ્રાદિની સુખસંપદાને પામશે એ પ્રમાણે પરલોકમાં જે ઉદિત છે. તેઓ ઉદિત ઉદિત કહેવાય છે. શ્રી ભરત ચક્રવર્તિ અને અભયકુમાર મંત્રી આદિની જેમ.... (૧) અથવા દ્રવ્યથી સમ્યગ્ધર્મની આરાધનાવાળા જેઓ છે. તેઓ ઉદિતોદિત સમજવા એ પ્રમાણે આગળ પણ સમજવું.

તેવીરીતે જેઓ આ ભવમાં કુલજાતિ વિ. થી હીન છે. તે અસ્તમિત અને વળી સમ્યગ્ ધર્મમાં ઉદ્યત હોવાથી પરલોકમાં ઈન્દ્રાદિ પદવીને પ્રાપ્ત કરશે. એ પ્રમાણે ઉદિત છે. અસ્તમિતોદિત જેવીરીતે હરિકેશીબલ ઋષિ વિ. એનાથી વિપરિત ઉદિતાસ્મિત જેવીરીતે બ્રહ્મદત્તચક્રી વિ. (ઋધ્ધિવાળો પછી નરકમાં) વળી બંન્ને રીતે અસ્તમિત.... જેવી રીતે કાલસૌકરિક વિગેરે.

॥ મધ્યાધિકારે ૩ અંશે ૪ તરંગ પૂર્ણ ॥

શ્લોકાર્થ :- જય રૂપ લક્ષ્મીના સુખને ઈચ્છતા હોય તો પ્રમાદને છોડી ધર્મમાં ઉજમાળ બનો ઉત્તમ કુલ વિ. મલવા છતાં પણ ધર્મમાં બુધ્ધિ લાગવી દુર્લભ છે. ॥૧॥ ઉચ્ચનીચની ભાવના વડે ચાર પ્રકારે થાય છે. (૧) કુમારપાલ (૨) રાવણ (૩) બલભદ્ર મૃગ અને (૪) તંદુલ મત્સ્ય તે ચાર દ્રષ્ટાંતો છે. ॥૨॥

વ્યાખ્યા :- ઉચ્ચનીચની ભાવના વડે દરેકના બે ભાગ થાય છે. એ પ્રમાણે ચાર પ્રકારે ઘટના થાય છે. તેમાં ઉચ્ચ નવા નવા ધર્મ કરવામાં જે તત્પર છે તે ઉચ્ચ, નીચ પાપ પ્રવૃત્તિમાં જે લાગેલો રહે છે તે નીચ.

''कुमर त्ति'' કુમારપાલ રાજા (૨) દશવદન (રાવણ) (૩) બલભદ્રમુનિની સંગતવાળો મૃગ.... વનમાં રહેલા જેને ગામ નગરમાં નહિ પ્રવેશવાનો અભિગ્રહ કરેલો છે. તે વનમાં રહેલા બલભદ્ર ઋષિને લાકડાગ્રહણ કરવા માટે આવેલા રથકાર વડે અપાતા દાનને જોઈને અનુમોદના કરી અને પાંચમાં બ્રહ્મદેવલોકમાં ગયા. કહ્યું છે કે બળદેવ તપના ભાવથી, સુપાત્રના દાનથી શીઘ્ર રથકાર, અનુમોદના દ્વારા મૃગ (હરણ) બ્રહ્મદેવલોકની સંપદા પામ્યા. વળી (૪) તંદુલમત્સ્ય..... જે મહામત્સ્યની આંખની પાંપણમાં તંદુલ (ચોખા) પ્રમાણ શરીરવાળો અને અંતમુર્હૂતના આયુષ્યવાળો ઉત્પન્ન થાય છે. તે તેવા પ્રકારના ભયંકર પરિણામથી અંતમુર્હૂતમાં તેવા પ્રકારનું આયુષ્ય બાંધીને સાતમી નરકે જાય છે. તેથી કેટલાક જીવો ઉચ્ચ ઉત્તમ જાતિ, કુલ વૈભવ, ઐશ્વર્યાદિ વડે ઉચ્ચ અને નવા નવા ધર્મ કરવાની પ્રવૃત્તિમાં તત્પર એવા મનોરથ વડે કરીને ઉચ્ચ જેમકે કુમારપાલ મહારાજા વળી કેટલાક ઉચ્ચ અને પૂર્વે કહેલા કારણથી નીચ નવી નવી પાપ પ્રવૃત્તિની ઈચ્છા વડે નીચ જેમકે સીતાના રૂપમાં મોહિત થયેલો રાવણ નૃપતિ.

વળી બીજી રીતે નીચ :- નીચ કુલજાતિ વડે અને દરિદ્રપણા વિ. વડે ઉચ્ચ પૂર્વે કહેલા કારણથી જેવીરીતે બલભદ્રઋષિની સોબતથી મૃગ રથકારની જેમ, મને પણ આ પ્રકારે સુપાત્રમાં દાન આપવાનો સંયોગ કયારે મલશે ? ઈત્યાદિ મનોરથવાળો મૃગ.

વળી બંન્ને રીતે પણ નીચજાતિ આદિપણે કરીને અને નીચ કર્મમાં પ્રવૃત્તિના મનોરથ વડે બંન્ને પ્રકારે નીચ જેવીરીતે તંદુલ મત્સ્ય સૂતેલા મહામત્સ્યના ખુલ્લામુખમાં ભરતીના કારણે પ્રવેશતા અને નીકળતા ઘણા મત્સ્યોને જોઈને તેને ખાઈ જવાના અધ્યવસાયવાળો જે છે. તેવો મત્સ્ય.

॥ મધ્યાધિકારે ૩ અંશે.... તરંગ-૫ પૂર્ણ ॥

મધ્યાધિકારે ૩ અંશે (તરંગ-૬)

શ્લોકાર્થ :- આલોકને વિષે તેવા પ્રકારના કર્મના વશથી વિવિધ પ્રકારના પરિણામવાળા જીવો હોય છે. કર્મરૂપ શત્રુપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે સદા ધર્મમાં ઉજમાળ બનો.

મોહવશ જીવોને શુધ્ધધર્મના પરિણામ દુર્લભ છે. જિનધર્મ પામેલા ઘણા લોકોને પણ કુગ્રહ નડ્યા છે. (ઘણા લોકોને પ્રમાદ નડ્યો છે. ઈતિ પાઠ)

(૧) અનુકૂલ (૨) પ્રતિકૂલ પ્રવાહ (૩) અંતે - છેડે (૪) મધ્યમાં (૫) બધી બાજુ ફરનારા માછલા જેવીરીતે છે તેવીરીતે આ શ્રુતધર્મમાં પાંચપ્રકરાના મુનિ અને શ્રાવક જીવો ફરે છે. (ચરે છે.)

વ્યાખ્યા :- અનુ અને પ્રતિની સાથે શ્રોતપદને લગાડવાથી અનુશ્રોત અને પ્રતિશ્રોત થાય અને તેથી નદી આદિની અંદર કેટલાક માછલાઓ અનુશ્રોત (પ્રવાહ) માં ફરે છે. અને કેટલાક પ્રતિશ્રોત (સામાપ્રવાહમાં ફરે છે.) વળી બીજા માછલા પ્રવાહના અંતમાં રહેલા ફરે છે. વળી બીજા કેટલાક શ્રોતના મધ્યમાં રહીને ફરે છે. અને બાકી રહેલા બીજા બધી બાજુ એ ફરે છે. એવીરીતે પાંચ પ્રકારના મત્સ્યો છે. તેવીરીતે શ્રી સ્થાનાંગના પંચસ્થાનકાધિકારમાં કહ્યું છે કે :- **''गच्छा पंचविहा पन्नत्ता''** ગચ્છ પાંચ પ્રકારે છે તે આ રીતે (૧) અનુકૂલ પ્રવાહમાં રહેનારા (૨) પ્રતિકૂલ પ્રવાહમાં રહેનારા (૩) અંતમાં રહેનારા (૪) મધ્યમાં રહેનારા (૫) બધી બાજુએ રહેનારા.

એ રીતે પાંચપ્રકારના શ્રુતધર્મમાં - સર્વજ્ઞ પ્રભુએ કહેલા શ્રેષ્ઠ આગમ રૂપ શ્રુતધર્મમાં મુનિઓ અને શ્રાવકો રહે છે. અથવા સામાન્યથી જીવો રહે છે. એ એનો સારાંશ છે.

તેમાં જેઓ શ્રી સર્વજ્ઞ ભગવાને પ્રરુપેલા આગમમાં કહેલા માર્ગમાં ચાલે છે. તે મુનિઓ, શ્રાવકો અને સામાન્ય જીવો અનુશ્રોતચરા કહેવાય છે. વળી જેઓ સર્વજ્ઞના આગમને પ્રતિકુલ માર્ગે ચાલે છે. તે પ્રતિશ્રોતચરા કહેવાય છે. જેમ નિહ્નવો અથવા જેમ યથાછંન્દો. કહ્યું છે કે ઉત્સૂત્રને આચરતો અને ઉત્સૂત્રની પ્રરુપણા કરતો તે યથાછંદ છે. ઈચ્છા છંદનો પણ એજ અર્થ છે. અને વળી જેઓ મહામોહથી પરાભૂત થયેલા સદ્‌ગુરુમાં આસ્થા વિનાના ગંભીરભાવવાળા શ્રી જિનાગમના વચનોને પોતાની બુધ્ધિથી બતાવતા તથા ખુલ્લી રીતે વિવિધ પ્રકારે કદાગ્રહથી ગ્રસિત ચિત્તવાળા જાતેજ ઉત્સૂત્રનું આચરણ કરે છે. અને બીજાને પ્રરૂપણા દ્વારા તે સમજાવે છે. તે મુનિઓ અને શ્રાવકો પણ પ્રતિશ્રોતચરા જાણવા કલિયુગમાં પ્રાયઃ તેવા પ્રકારના ઘણાજીવો દેખાય છે. તેને માટે દ્રષ્ટાંતની જરૂર નથી. વળી જેઓ જિનેશ્વરના કહેલા માર્ગની નજીકમાં રહે છે. તે અન્તચૂરા કહેવાય છે. જેવીરીતે પાર્શ્વસ્થા મુનિઓ તેઓ ચારિત્રના માર્ગને સ્પર્શતા નથી. પરંતુ તેની નજીકમાં રહે છે. તે પાર્શ્વસ્થા કહેવાય છે. તેવીરીતે સમ્યકૂત્વ અણુવ્રતાદિ શ્રાવક ધર્મથી રહિત નવકારમંત્ર ગણવા, જિનપૂજા વંદનાદિ કરવાના અભિગ્રહવાળા શ્રાવક જેવા આભાસવાળા અહીંયાં પણ ઉદાહરણ રૂપે લેવા કારણ કે તેઓ પણ શ્રાવક ધર્મવાળા પાર્શ્વસ્થા છે. (૩)

અથવા જિનાગમના અંતે રહે છે. તેનો શો અર્થ ? તે અન્તસમાન ગાથાના,તેવા પ્રકારની રુચિથી છ પદોને ભણે છે. પરંતુ જિનાગમને સૂત્રથી સ્પર્શતા પણ નથી. તેવા પ્રકારના પાર્શ્વસ્થાદિની જેમ ॥૩॥

તેવીરીતે કેટલાક મધ્યમાં રહેનારા છે. જેઓ જિનાગમને બધી રીતે (બાજુએથી) સ્પર્શે છે. સૂત્રથી અને અર્થથી તેમાં અવગાહના કરવાના કારણે બંન્ને રીતે સ્પર્શે છે. અહીંયાં માત્ર મધ્યમાં ચરે છે. એટલી જ વિવક્ષા કરી છે. પરંતુ અનુશ્રોત કે પ્રતિશ્રોત ચરવામાં નહિ.

જેઓ ક્રિયામાં શિથિલપણું હોવા છતાં પણ સમ્યક્‌સૂત્ર અર્થમાં ડૂબેલા જિનાગમ રૂપ સમુદ્રના મધ્યે રહેલા છે. પરંતુ તેઓ અનુશ્રોત કે પ્રતિશ્રોતવાળા નથી. સ્વલ્પ ક્રિયાદિ ગુણની અથવા સ્વલ્પ પ્રમાદની વિવક્ષાથી જાણવું. તે આ ભાંગામાં આવે છે. જેમ શ્રીઆર્યમંગુસૂરિ શ્રી આગમના મધ્યભાગે જે ચરે છે. તો પણ તે ખરેખર મહાફલને પામે છે. આગમમાં કહ્યું છે કે :- ચારિત્રથી હીણ શાસનની પ્રભાવના કરનારો જ્ઞાનાધિક શ્રેષ્ઠતર છે. અલ્પજ્ઞાનવાળો દુષ્કર ચારિત્ર પાળતો હોવા છતાં પણ સારો નથી. અને વળી જેવીરીતે દોરાવાળી સોય કચરામાં પડવા છતાં ખોવાતી નથી. તેવી રીતે જીવો સૂત્ર (આગમ) ના જ્ઞાન દ્વારા સંસારમાં પડવા છતાં બચી જાય છે. ॥૧॥

છઠ્ઠ - અઠ્ઠમ, ૧૦-૧૨ ઉપવાસ કરનારા અબહુશ્રુત કરતાં ખાનારા જ્ઞાનીને અનંતશુધ્ધિ છે. એ પ્રમાણે ૪ **થો** ભંગ થયો.

તેવીરીતે કેટલાક મુનિઓ તથા શ્રાવકો શ્રુતધર્મમાં ચારેબાજુ ચરનારા હોય છે. એનો શો અર્થ ? તેઓ આગમને સૂત્રથી અને અર્થથી બધી બાજુથી સ્પર્શે છે. અને તેથી સમ્યક્‌ પ્રકારે ઉત્સર્ગ અપવાદાદિ જાણવા થકી જેવીરીતે દ્રવ્ય-ક્ષેત્ર કાલ-ભાવ આદિ યુક્તિ લાભને ઈચ્છતા ક્યારેક અનુશ્રોતને ચરે છે. સમ્યક્‌રીતે આગમમાં કહેલાં માર્ગે ચરે છે. ચાલે છે. એ તેનો અર્થ છે. ક્યારેક પ્રતિ (ઉલ્ટા) શ્રોતમાં ચરે છે. ચાલે છે. આગમથી પ્રતિકુલ માર્ગે ચરે છે. - ચાલે છે. એ તેનો અર્થ છે.

તવીરીતે 'જીવહિંસા કરવી નહિ' ઔદ્દેશિક પીણ્ડ ન લેવો ઈત્યાદિ યતિ (સાધુઓ)નો અનુશ્રોત માર્ગ છે. ઉત્સર્ગ અને અપવાદની વિધિને જાણવામાં કુશળ વળી કદાચ ક્યારેક જીવ હિંસાદિ પણ કરે છે. ઔદ્દેશિક વિ. અશુધ્ધ પીણ્ડ વડે જીવન નિર્વાહ પણ કરે છે. અથવા બીજી રીતે યથા યોગ્ય સાધુઓનું અથવા શ્રાવકોનું પ્રતિશ્રોતમાં ચાલવાપણું આગમના મર્મને જાણનાર પાસેથી જાણી લેવું.

હવે તે ક્યારેક આગમ પ્રવાહના અન્તે પણ ચાલે છે. રહે છે. જેમ કે શ્રી વિષ્ણુકુમાર, શ્રી કાલિકસૂરિ વિગેરે બીજા પણ યથાયોગ્ય દ્રષ્ટાંતો અત્ર

ઉતારવા-લખવા. જેઓ હોંશિયાર જાણકાર નાવિકની જેમ ભવરૂપ સમુદ્રને જાતે તરે છે. અને બીજાને તારે છે. તે સર્વોત્તમ જાણવા. બીજા પણ ચારનું પોતપોતાની ક્રિયા અનુસારે યથાયોગ્ય ફલાદિ જાતે જ વિચારી લેવું ઈતિ.

શ્લોકાર્થ :- હે જનો ! મોહરૂપ શત્રુપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે મોહકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત કરેલા ધર્મને વિશે વિવિધતા વિચારીને ઉદ્યત - પ્રયત્નશીલ બનો.

॥ મધ્યાધિકારે ૩ અંશે તરંગ છઠ્ઠો (૬) પૂર્ણ..... ॥

મધ્યાધિકારે ૩ અંશે (તરંગ - ૭)

વળીપણ મીન દૃષ્ટાંતથી ચર્તુભંગી કરવાને માટે ફરી કહે છે.

શ્લોકાર્થ :- (૧) અનુકુલશ્રોત (૨) પ્રતિકુલશ્રોત (૩) અંતે (૪) મધ્યે.... જેમ માછલાઓ ફરે છે. - ચરે છે. તેમ શ્રુતધર્મ (આગમ) ને વિષે ચાર પ્રકારના મુનિઓ, શ્રાવકો અને જીવો ચરે છે - રહે છે. હોય છે. **'सव्वओ चरा'** એ પ્રમાણે પાંચમા ભંગનું પદ છોડીને બાકીનાની વ્યાખ્યા બધાની પૂર્વની જેમ જાણવી. તેથી અહિંયા તેનો ફરી વિસ્તાર કરતા નથી. તથા શ્રી સ્થાનાંગના ચોથા સ્થાનનાં અધિકારમાં કહ્યું છે કે..... માછલા ચાર પ્રકારના કહ્યા છે. તે આ રીતે

(૧) અનુકૂલ પ્રવાહમાં ચાલનારા (૨) પ્રતિકૂલ પ્રવાહમાં ચાલનારા (૩) અંતમાં ચાલનારા (૪) મધ્યમાં ફરનારા. ઈતિ.....

॥ મધ્યાધિકારે ૩ અંશે તરંગ ૭ મો પૂર્ણ ॥

(ત્રીજો અંશ સંપૂર્ણ....)

શ્લોકાર્થ :- જયરૂપ લક્ષ્મી માટેનું મંગલ સ્થાન, વિઘ્ન વિનાનો સકલ સુખનો દરિયો એવા જિનેશ્વર ભગવંતે કહેલા ધર્મને શુધ્ધભાવ વડે સેવો.

યતઃ :- અકર્મ ભૂમિમાં કલ્પતરુથી ઉત્પન્ન થયેલા નિધિ, રત્ન વિ. મનવાંછિત સુખ જેમ દેવો, ચક્રવર્તિ, વાસુદેવ આદિ ભોગવે છે. તેમ ધર્મ સુખને આપનારો છે.

અકમ્મત્તિ અકર્મ ભૂમિમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો એટલે કે દેવગુરુ, ઉત્તરકુરુ આદિ ૩૦ (ત્રીસ) ક્ષેત્રમાં જન્મેલા અને ઉપલક્ષણથી પદ્ અન્ત દ્વિપના મનુષ્યો જે રીતે કલ્પતરુથી ઉત્પન્ન થયેલ સુખને ભોગવે છે. તેવીરીતે અંતર્દ્વિપમાં જેટલા મનુષ્યો છે. તે બધા વજ્રઋષભ સંઘયણવાળા અને સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા છે. ત્યાં મનુષ્યો અનુકૂળવાયુની ગતિવાળા, સારીરીતે સ્થાપન થયેલા, કાચબા જેવા સુંદર પગવાળા, સુકુમાર ચીકણા, ઘણા થોડા રોમયુક્ત કુરુવિન્દ નામના ઘરેણાની જેમ ગોળાકાર જંગાયુગલવાળા, ગુપ્ત સારી રીતે જોડાયેલા સાંધાવાળા જાનુપ્રદેશવાળા, હાથીની સૂંઢ જેમ ગોળ સાથળવાળા, સિંહની કમ્મર જેવી કમ્મરવાળા વજ્ર (ઈન્દ્રના શસ્ત્ર) સમાન મધ્યભાગવાળા, જમણીબાજુના આવર્તથી યુક્ત નાભિમંડલવાળા, શ્રી વત્સના ચિન્હથી યુક્ત વિશાલ છાતીવાળા, નગરના દરવાજાની ભૂંગળની સમાન દીર્ઘહાથવાળા, સારી રીતે જોડાયેલા મણિ બંધવાળા, (કાંડાવાળા) રાતાકમળના પાનનું અનુકરણ કરનાર કોમળ અને લાલપગના તળિયાવાળા, ચાર અંગુલ પ્રમાણ શંખ સરખી ગોળ ડોકવાળા, શરદઋતુના ચંદ્ર સમાન સૌમ્યમુખવાળા, છત્રાકારે માથા પર ખીચોખીચ ભરેલા ચીકણા વાળવાળા, કમણ્ડલ, કલશ, યૂપ, સ્તૂપ, વાપી, ધ્વજપતાકા, સ્વસ્તિક, યવ, મત્સ્ય, મગર, રથ, સાપ શ્રેષ્ઠ કાચબો, થાલી, કપડા, અષ્ટાપદ, અંકુશ, મોર, અભિષેક કરાતી લક્ષ્મી, તોરણ, પૃથ્વી, જલધિ, શ્રેષ્ઠ ભવન, આરીસો, પર્વત, ગજ, બળદ, સિંહ, ચામર, રૂપ, પ્રશસ્ત ઉત્તમ બત્રીશ લક્ષણને ધરનારા છે.

સ્ત્રીઓ પણ સારી જાતિવાળી, સુંદર સંપૂર્ણ મહિલાના ગુણથી યુક્ત, સારી રીતે ભેગી થતી આંગળીઓવાળી, ભરાવદાર, કમળની જેમ સુકુમાર,

કાચબાના જેવા ઉપસેલા મનોહર ચરણવાળી, રોમરહિત, પ્રસંશનીય, મંગલકારી લક્ષણથી યુક્ત જાંઘના યુગલવાળી, ગુપ્ત માંસયુક્ત જાનું પ્રદેશવાળી, કેળના ઝાડસમાન સુકોમળ ભરાવદાર સાથળવાળી, મોંઢાની લંબાઈ પ્રમાણ ત્રણગણા માંસલથી વિશાલ યોનિને ધરનારી, સુંવાળી કાન્તિવાળી છૂટીછૂટી ચીકણી રોમરાજીઓવાળી, દક્ષિણાવર્ત તરંગના ભંગ સમાન નાભિમંડળવાળી, પ્રશંસનીય લક્ષણ યુક્ત કુક્ષિવાળી, સરખા પડખાવાળી, સુવર્ણ કમલની ઉપમા સમાન ભેગા થયેલ અતિ ઉન્નત (ઊંચા) ગોળાકાળ, ભરાવદાર સ્તનવાળી, સુકુમાર બાહુલત્તાવાળી, સ્વસ્તિક, શંખ, ચક્રાદિ, આકૃતિ રેખાથી શોભતા હાથ અને પગના તળિયાવાળી, વદનથી ત્રણ ભાગ ઊંચી માંસલ યુક્ત ડોક છે. જેની પ્રશસ્ત (વખાણવા યોગ્ય) લક્ષણ યુક્ત માંસલ હડપચીવાળી, દાડમના પુષ્પનું અનુકરણ કરનાર લાલ ઓષ્ટ (હોઠ) વાળી, રાતા કમળ સમાન તાળવું અને જીભવાળી, ધનુષ્ય પર બાણ ચઢાવી ખેંચેલ પણછના આકારને સુસંગત (મલતી) ભમ્મરરૂપ લત્તાવાળી, પ્રમાણ યુક્ત ભાલવાળી, સુંવાળા કાન્તિ યુક્ત ચીકણા વાળવાળી, પુરુષથી કાંઈક ઓછી ઊંચી, સ્વભાવથી ઉદાર, શૃંગાર અને ચારુ વેષવાળી, પ્રકૃતિથી જ હસતી, બોલતી, વિલાસયુક્ત વિષય ઉપર શ્રેષ્ઠ નિપુણતા ધરનારી, તેવીરીતે મનુષ્યો અને માનુષિઓ સ્વભાવથીજ સુગંધી મુખવાળા, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભવાળા, સંતોષી, જાણવાની ઈચ્છાથી દૂર, કોમળ (નમ્ર) સરળગુણથી સંપન્ન, વૈરના અનુબંધ વગરના હોવા છતાં પણ સુવર્ણાદિમાં મમત્વ કદાગ્રહ રહિત, હાથી, ઘોડા, ગાય ભેંસાદિ હોવા છતાં તેના ઉપયોગ વગરના, પગે ચાલનારા, જ્વરાદિ રોગ, યક્ષ, પિશાચાદિ ગ્રહ મારિ અને વ્યસનના ઉપદ્રવો વગરના, સેવ્ય સેવકભાવ રહિત હોવાથી સ્વતંત્ર, આઠસો ધનુષ્ય પ્રમાણ ઊંચાઈવાળા, પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા, ૬૪ કરંડક (પાંસળી) યુક્ત, સ્ત્રી - પુરુષ યુગલસાથે રહેનારા, ૬ માસ આયુષ્ય બાકી રહે ત્યારે યુગલને જન્મ આપવાના ધર્મવાળા અને દેવલોકમાં જનારા તેઓનું મરણ બગાસુ કે છીંક માત્રથી જ અને તેઓ કલ્પદ્રુમ પાસેથી મેળવેલા આહાર ખાનારા, પ્રાસાદના સંસ્થાન જેવા ગૃહાકારવાળા, કલ્પવૃક્ષમાં સુખ ઉપજે તે રીતે રહેનારા છે. કલ્પ વૃક્ષો દશ પ્રકારના છે. તેનાથી પોતાની ઈચ્છાને પૂરે છે.

તે આ પ્રમાણે..... (૧) મદ્યાંગ (દારૂ) (૨) ભૃગાંગ (૩) ત્રુટિલાંગ (૪) દીપશિખા (૫) જ્યોતિશિખા (૬) ચિત્રાંગ (૭) ચિત્રરસા (૮) મણિકાંગ (૯) ગૃહાકાર અને (૧૦) અનગ્ન આમ... દશ પ્રકારના કલ્પવૃક્ષો છે.

(૧) **મદ્યાંગ :-** પહેલું કલ્પવૃક્ષ વિશેષ પ્રકારે બલ, વીર્ય કાન્તિ સ્વાભાવિક પરિણામ પામેલા સરસ સુગંધી સ્વાદવાળા, મનોહર, વિવિધ પ્રકારના મદિરાથી ભરેલા કૌશિક ફલો વડે શોભતા રહ્યા છે. તેનાથી તે મનુષ્યો ને મદ્ય (દારૂ) ની પ્રાપ્તિ થાય છે.

(૨) **ભૃગાંગ :-** જેવીરીતે અહીંયા મણિ કનકવાળા વિવિધ પ્રકારના વાસણો દેખાય છે. તેવીરીતે સ્વાભાવિક રીતે પરિણામ પામેલા.... થાલી કચોરાદિ વિવિધ પ્રકારના ભાજનરૂપ ફલ વડે શોભતા દેખાય છે. તેમાંથી તેઓને ભાજન (વાસણ) પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે બીજા પણ કલ્પવૃક્ષમાં જે હોય તે પ્રાપ્ત થાય છે.

(૩) **ત્રુટિતાંગા :-** તત વિતત - નગદ છીદ્રવાળા એવા ભિન્ન ભેદવાળા નાના પ્રકારના વાજિંત્ર રૂપ ફલવડે સારી રીતે શોભતા રહ્યા છે. ૩.

(૪) **દીપશિખા :-** જે રીતે અહીંયાં તેલવાળા પ્રકાશને વેરતા સળગતા કનકમણિવાળા દીપકો પ્રકાશને આપતા દેખાય છે. તેની જેમ સ્વાભાવિક પરિણત વિશિષ્ટ ઉદ્યોત થકી બધે ઉદ્યોત કરતા રહેલા છે.

(૫) **જ્યોતિશિખા :-** સૂર્યમંડલની જેમ પોતાના તેજથી બધી જગ્યાએ પ્રકાશતા રહ્યા છે.

(૬) **ચિત્રાંગ :-** જુદાજુદા પ્રકારના સરસ સુગંધયુક્ત પંચવર્ણ પુષ્પની માલાથી મનોહર સદૈવ રહ્યા છે.

(૭) **ચિત્રરસ :-** અહિંયા કલમ, ચોખા, દાલ, પકવાન્ન, શાકભાજી વિ. થી અતીવ, અમાપ, મધુર, સ્વાદુતાઆદિ ગુણયુક્ત, જુદા જુદા ખાદ્ય ભોજન યોગ્ય વસ્તુથી પરિપૂર્ણ ફલરૂપે શોભતા સારી રીતે રહ્યા છે.

(૮) **મણિકાંગ :-** સ્વાભાવિક રીતે પરિણામ પામેલા, અતિ વિમલ, મહામૂલ્યવાળા ભુવન ચમકતા કડા, બાજુબંધ નુપુરાદિ આભૂષણના સમૂહવડે રહ્યા છે.

(૯) **ગૃહાકાર** :- સ્વાભાવિક પરિણામ પામેલા કિલ્લાથી પરિવરેલા (ઘેરાયેલા) પગથિયાની શ્રેણિથી યુક્ત, વિવિધ શાળા, રતિગૃહ, ઝરૂખા, ગુપ્ત અને પ્રગટ અનેક ઓરડા છત અને તલાદિ થી અલંકૃત વિવિધ ભવનને અનુસરતા રહ્યા છે.

(૧૦) **અનગ્ન** :- સ્વાભાવિક રીતે જ અતિતેજસ્વી, અતિસૂક્ષ્મ, સુકોમળ, દેવદૂષ્યસમા ઘણા જુદાજુદા પ્રકારના વસ્ત્રને ધારણ કરનારા રહ્યા છે.

આ પ્રમાણે ૫૬ અન્તર્દ્વિપના મનુષ્યોના સુખનું સ્વરૂપ કહ્યું આનાથી પાંચ હૈમવત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં મનુષ્યનું વધારે બલ, વીર્યાદિક, કલ્પદ્રુમના ફલોનો સ્વાદ, પૃથ્વીનું માધુર્યપણું એ પ્રમાણે બીજા બધાના ભાવો અને પર્યાયોને લઈને અનંત ગુણ જાણવા એ પ્રમાણે હરિવર્ષ રમ્યક્ ક્ષેત્રને વીષે પૂર્વે કહેલથી પણ અનંતગુણ અધિક જાણવા. અને તેનાથી પણ અધિક દેવકુરુ અને ઉત્તરકુરુને વિષે જાણવા ઈતિ.

હૈમવતાદિ ક્ષેત્રના મનુષ્યોના દેહ, આયુનું પ્રમાણ વિ. આ પ્રમાણે છે. એક (૧) ગાઉ ઊંચા, એક પલ્યોપમનું આયુષ્ય, વજ્રઋષભ સંઘયણ, હેમવંત, ઐરણ્યવંત અહમિન્દ્ર અને યુગલપણે રહેનારા મનુષ્યો છે. ચોસઠ પાંસળીવાળા એક આંતરે (ચઉથ ભત્તે) આહાર કરનારા, ૭૯ (ઓગણ્યાસી) દિવસ પુત્રપુત્રીનું પાલન કરનારા મનુષ્યો છે.

હરિવર્ષ અને રમ્યકને વિષે આયુષ્ય બે પલ્યોપમ પ્રમાણ, શરીરની ઊંચાઈ બે કોસ કહી છે. છઠ્ઠને પારણે છઠ્ઠ, ૬૪ (ચઉસઠ) દિન પુત્રપાલન, પાંસળીઓ (૧૨૮) એકસો અઠ્ઠાવીસ જાણવી. દેવકુરુ અને ઉત્તરકુરુમાં ત્રણપલ્યોપમનું આયુષ્ય, ત્રણ કોસ ઊંચા, ૨૫૬ (બસો છપ્પન) પાંસળીયો જાણવી. સુષમસુષમા આરામાં અનુભવ કરતાં ૪૯ દિવસ સંતતિ પાલણ, અઠ્ઠમને પારણે અઠ્ઠમ ત્રણ દિવસે આહાર, એ પ્રમાણે ભરત ઐરવત ક્ષેત્રમાં પણ સુષમ સુષમા આરામાં દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રની જેમ, સુષમા કાલમાં રમ્યક્ હરિવર્ષની જેમ, સુષમદુષમાને વિષે હૈમવત અને ઐરણ્યવતની જેમ મનુષ્યો સુખને ભોગવે છે. તે બધું જ ધર્મના કારણે જ છે. જેવી રીતે સુપાત્રમાં ઘીના દાનના પુણ્યથી ઉત્તરકુરુક્ષેત્રમાં ધનાસાર્થવાહે (પૂર્વભવમાં

ઋષભદેવનો જીવ) સુખ ભોગવ્યું..... **''निहिरयणाइहिं चक्किहरिमाई त्ति ।।''** સાર્વભૌમ (સમસ્ત પૃથ્વીનો ભોક્તા)


''ચક્રીઓ ષટ્‌ખંડના અને વાસુદેવો ત્રિખંડના આધિપત્યને ભોગવે છે. આદિ શબ્દથી બીજા પણ મોટા રાજાઓ પુણ્યના ભંડાર એવા અજાપુત્ર, અઘટ, પૃથ્વીચંદ્ર, હરિચંદ્ર જીમૂતવાહન, યુધિષ્ઠિર, વિક્રમાદિત્ય, સંપ્રતિ મહારાજા, શાલિવાહન રાજા આદિ જેવા. ધન્યકુમાર શાલિભદ્ર સરિખા મોટા શ્રેષ્ઠિઓ, નિધિ, રત્નાદિ સંપત્તિ વડે જે કાંઈ સુખ ભોગવે છે. તે બધુ ધર્મથીજ ભોગવે છે.....


તેમાં ચક્રવર્તિની ઋધ્ધિ આ પ્રમાણે છે. નવ (૯) નિધિ, ચૌદ (૧૪) રત્ન, બત્રીશહજાર દેશ, ૩૨ હજાર રાજા, ૩૨ હજાર નગરો, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ શ્રેષ્ઠરથ, ચોરાશી (૮૪) લાખ નિશાન ડંકા, સોલ હજાર યક્ષ, ચોવીસ હજાર મંડલ, ચોવીસ હજાર કબ્બડ, સોલ હજાર રત્નની ખાણ, સોલ હજાર દીવંતર, સોલ હજાર-ખેડા, અડતાલીસ હજાર દ્રોણમુખ, તથા ૬૪ હજાર કલ્લાણ, ૬૪ હજાર મહા કલ્લાણ કરનારા છે. તેવી રીતે ૬૪ હજાર રમણીયો છે. ક્રમે કરીને સંવાહ ચૌદ હજાર, પિંડગણિયા (૫૬) છપ્પન હજાર, વેલાઉલ ૩૬૦૦૦, નાટ્ય મંડળી (૩૨) બત્રીસ હજાર, એક ક્રોડ ગોકુલ, ત્રણ ક્રોડ હલ, (૧૦) દશ ક્રોડ ધ્વજ પતાકાઓ, છન્નુ (૯૬) ક્રોડ પાયદલ તથા છ ખંડ પૃથ્વી, ૯૯૦૦૦ દેશાંતર, ૯૦૦૦૦ હેમાગાર, ૫૬૦૦૦ અંતર્દ્વિપ, ૭૨૦૦૦ પ્રજ્ઞપ્તિ (પન્નત્તિ) અને વળી ત્રણક્રોડ નોકર ૧૮ ક્રોડ સામાન્ય ઘોડા, ત્રણલાખ ભોજનના સ્થાન પાંચલાખ દીપને ધરનારા, ત્રણ લાખ આયુધો, બત્રીસક્રોડ શરીરને મર્દન કરનારા, છત્રીસક્રોડ આભરણ રાખનારા અને તેટલા રસોયા અને બત્રીસ ક્રોડ સૈન્ય સંવાહગ, આ પ્રમાણેની ઋધ્ધિ ભરતચક્રી, સગરચક્રી આદિ ચક્રવર્તિઓ ભોગવે છે. ઈતિ, વાસુદેવને ત્રણખંડનું અધિપતિપણું, સાતરત્ન, અને સોલહ હજાર મુગુટબધ્ધ રાજાદિ ઋધ્ધિ વિ. હોય છે. દેવાદિની સહાય, કલ્પદ્રુમ, ચિંતામણી રત્નની પ્રાપ્તિ, સ્વર્ણ પુરુષની સિધ્ધિ આદિની પ્રાપ્તિ એમ મહાઋધ્ધિ હોય છે. અને બીજાનું યથાયોગ્ય જાણવું.

"મનવાંછિત જે દેવોને મનવાંછિત સુખ અને પહેલા બતાવેલ દૃષ્ટિમાત્રથી યુગલિકના સુખથી અનંત ગુણ, વચનના વિષયથી બહુદૂર સૌધર્માદિ દેવલોકમાં રહેનારા દેવો ભોગવે છે. તે પણ સર્વ ધર્મથી જ. (કરેલા ધર્મના કારણે જ) ત્રીજી ઘટના કહી.....

શ્લોકાર્થ :- આ પ્રમાણે પ્રત્યક્ષ યુગલિક નરાદિને વિશે ધર્મના મહાફલને સાંભળીને હે પંડીતો ! જો સમસ્ત પ્રકારે જયરૂપ લક્ષ્મીને વિષે સ્પૃહા હો તો આ ધર્મમાં પ્રયત્ન કરો.

પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે તરંગ - ૧ સંપૂર્ણ





શ્લોકાર્થ :- હે ભવિજનો ! બે પ્રકારના (રાગ-દ્વેષ) શત્રુ પર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે શુધ્ધ ધર્મ પામીને પ્રમાદને ન કરો. કારણ કે સંસારમાં શુધ્ધ ધર્મ પામવો દુર્લભ છે. ॥૧॥

યત :- (૧) સર્વજીવો કામ (વિષય)માં (૨) અર્થમાં (૩) કર્મમાં અને (૪) ધર્મમાં જિનેશ્વર ભગવંતે ક્રમે અલ્પ કહ્યા છે. તે ક્રમે કરીને સર્વભવોમાં અલ્પ અલ્પ જાણવા. કેટલાક વિશુધ્ધ મુક્તિની નજીક જાણવા.

વ્યાખ્યા :- આ લોકને વિષે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ કહ્યા છે. તે ચારની અંદરપણ ધર્મ જ સારરૂપ છે. તે મૂળ હોવાથી કહ્યું છે કે ધર્મ સિધ્ધ થતાં સ્વર્ગ અને અપવર્ગ પણ નક્કી સિધ્ધ થાય છે. દૂધ પ્રાપ્ત થતાં દહીં અને ઘી સુલભ બને છે. તેમ ધર્મથી અર્થ, કામ અને મોક્ષ સુલભ બને છે. તેથી જે ધર્મમાં પુરુષાર્થ કરે છે તેજ પુરુષ છે. અને વળી કહ્યું છે કે, જેના ધર્મ વિનાના દિવસો આવે છે. અને જાય છે. તે લોહારની ધમણ જેમ શ્વાસ લેતો હોવા છતાં મરેલો છે.

સંજ્ઞાસ્વરૂપ :- પરંતુ જીવોને તે (ધર્મ) દુર્લભ છે. કારણ કે સર્વ જીવોમાં કામ વિ. ની સંજ્ઞા રહેલી છે. સર્વ પૃથ્વી આદિ એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, નારકી, દેવો યાવત્ સર્વજીવો સ્પર્શાદિ પાંચવિષયના લક્ષણ રૂપ કામને જાણે છે. અને તેઓમાં તે વિષય રૂપ પાંચે સંજ્ઞાઓ હોય છે. તેમાં એકેન્દ્રિય પૃથ્વી આદિને આહાર વિ. સંજ્ઞા હોવાથી વિષયાભિલાષ લક્ષણરૂપ કામ સંગત જ છે.

તેવી રીતે આગમમાં કહ્યું છે કે :- (૧) આહાર (૨) ભય (૩) પરિગ્રહ (૪) મૈથુન (૫) ક્રોધ (૬) માન (૭) માયા (૮) લોભ (૯) લોક અને (૧૦) ઓધ થી આ દશ સંજ્ઞા સઘળા જીવોને હોય છે. પરંતુ તે સંજ્ઞાઓ તે જીવોને સૂક્ષ્મ અસ્પષ્ટ (ચેષ્ટારૂપ) હોવાના કારણે કેવલીઓને જ પ્રત્યક્ષ છે. પ્રાયઃ ચર્મ ચક્ષુ ધારીઓને પ્રત્યક્ષ હોતી નથી. (દેખાતી નથી) વળી કેટલાક એકેન્દ્રિયોની આહારાદિ સંજ્ઞા ચર્મચક્ષુ વાળાને પણ જોવામાં આવે છે.

તે આ પ્રમાણે (૧) ઝાડને જલનો આહાર (૨) સંકોચનચિકા ભયથી સંકોચાય છે. (૩) પોતાના તંતુઓ વડે વેલડીઓ ઝાડને વીંટળાઈ જાય છે. તે પરિગ્રહ સંજ્ઞા (૪) સ્ત્રીના આલિંગનથી કુરુબગતરુઓ ફળે છે. તે મૈથુન સંજ્ઞા તથા (૫) કોનદનો કંદ હુંકાર કરે છે. તે ક્રોધસંજ્ઞા, (૬) માનમાં ઝરતી (રડતી) રુદન્તિવેલ (૭) વેલ્લી ફલાદિને ઢાંકે તે માયા સંજ્ઞા (૮) બિલ્લપલાસ - બિલમાં રહેલા નિધાન ઉપર ઉગે છે. નિધાનને ઢાંકે છે. (૯) રાત્રિએ કમળો સંકોચાય છે. તે લોક સંજ્ઞા છે. (૧૦) માર્ગ છોડી ઝાડ ઉપર વેલડીઓ ચડે છે. તે ઓઘ સંજ્ઞા.

વળી પૃથ્વી આદિ દરેક એકેન્દ્રિયોને ઉપકરણ (આંખ, કાન વિ. બહારની ઈન્દ્રિય) અને નિવૃત્તિ રૂપ દ્રવ્ય ઈન્દ્રિયોના પ્રતિબંધક કર્મના આવરણના અભાવના કારણે પણ સૂક્ષ્મ, અવ્યક્ત, લબ્ધિના ઉપયોગ રુપ શ્રોત્રાદિ ભાવેન્દ્રિયનું જ્ઞાન થાય છે. અને તેથી તે શબ્દાદિ પંચલક્ષણરૂપ કામને જાણે છે. અને તેમાં રમે છે. અને કેટલીક વનસ્પત્યાદિને વિષે તેના લીંગો સ્પષ્ટતયા જણાય છે.

તે આ પ્રમાણે..... કોયલે (મોરે) કાઢેલો મધુર પંચમ સ્વરને સાંભળવાથી વિરહક વિ. વૃક્ષાદિમાં પુષ્પ, પાંદડા વિ. જલ્દી ઉગે છે. તે શ્રવણેન્દ્રિયના જ્ઞાનનું લીંગ પ્રત્યક્ષ જણાય છે. વળી તિલકાદિ તરુને વિષે સુંદર સ્ત્રીના દીર્ઘ કમલદલ સમા શરદઋતુના ચંદ્ર જેવા ધવલ નયનના કટાક્ષથી પુષ્પાદિનો આવિર્ભાવ થાય છે. તે ચક્ષુ ઈન્દ્રિયના જ્ઞાનનું લીંગ છે. ॥૨॥

ચંપકાદિ વૃક્ષને વિષે તો વિવિધ સુગંધી (ગંધવાળી) વસ્તુના સમુહથી મિશ્ર નિર્મલ શીતલ પાણીના સિંચનથી તેનું ઉગવું. તે ઘ્રાણેન્દ્રિયના જ્ઞાનનું લીંગ છે. ॥૩॥

બકુલાદિ વૃક્ષને વિષે રંભાથી પણ વધારે શ્રેષ્ઠ તરુણ સ્ત્રીના મુખદ્વારા અપાયેલું (છંટાયેલું) નિર્મલ સુસ્વાદુ, સુગંધી એવા દારૂના કોગળાના સ્વાદથી બકુલનું ઝાડ પ્રગટ થાય છે. તે રસનેન્દ્રિય જ્ઞાનનું લીંગ છે. ॥૪॥

કુરુબકાદિ વૃક્ષને વિષે હાથીના કુંભ સ્થલનો તિરસ્કાર કરાતા ભરાવદાર ઉન્નત કઠણ અને ઘડાની ભ્રાંતિ કરાવનાર સ્તનો વડે અને રણકતા મણિવલયના

ઝીણા અવાજ કરતા કંકણાદિ આભરણથી શોભતી સ્ત્રીના હાથના આલિંગનના સ્પર્શના સુખથી પુષ્પ પાન વિ. ખીલે છે અને અશોકાદિ વૃક્ષને વિષે રાતાકમલના ચૂર્ણથી લાલ તળીયા વાળા ચરણકમલના અને હાથના પ્રહારથી જલ્દી પુષ્પ, પાન વિ. ઉગે છે. તે સ્પર્શેન્દ્રિયના જ્ઞાનનું સ્પષ્ટ (પ્રત્ય રીતે) લીંગ (લક્ષણ) સારી રીતે જણાય છે. ॥૫॥

તેવીરીતે કુવામાં રહેલ પૃથ્વીકાયરૂપ પારાનું પણ ઘોડાપર બેઠેલી સ્ત્રીના મુખના દર્શનથી તેના પ્રતિ ઉછળીને દોડવું. તે ચક્ષુરિન્દ્રિયનું જ્ઞાન સ્પષ્ટ છે. અને વળી તેનો તે મૈથુનની અભિલાષારૂપ કામ પણ પ્રગટ છે. તિલકતરૂ આદિનું પણ પૂર્વે કહેલા પ્રકાર વડે તે પણ બતાવ્યું જ છે. તેવી રીતે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરેન્દ્રિય બધાય આહારાદિ સંજ્ઞાને ભજનારા હોવાના કારણે પૂર્વે કહેલા કામનું લક્ષણ જણાય છે.

પ્રાયઃ કરીને પોતાની જાતની વિષ્ટામાં વિકલેન્દ્રિયો ઉત્પન્ન થાય છે. વળી પોતાની લાળમાં ચતુરિન્દ્રિયો ઉત્પન્ન થાય છે. મૂર્છા સંજ્ઞાના પ્રભાવથી તે ત્રિ, ચતુરિન્દ્રિઓ પણ ઉત્પન્ન થાય છે. મલ, મૃતકમાં ઉત્પન્ન થયેલા જંતુઓને જંતુઓ સેવે છે. એ પ્રમાણેના વચનથી મૈથુનના અભિલાષ રૂપ પણ કામ તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયમાં હોય છે. વળી અસંજ્ઞી પંચેન્દ્રિયો જલચર, સ્થલચર, ખેચર વિ. ભેદવાળા તિર્યંચોને, મનુષ્યને, દેવને, વેદોદયાદિના કારણે પૂર્વે કહેલા સ્વરૂપે કામ (વિષય) સ્પષ્ટ જ છે. એ પ્રમાણે સાચું કહ્યું છે કે બધા કામને જાણે છે.

''अथंत्ति'' ચોથાપદ ચરણમાં અલ્પ અલ્પ એ વચનથી પૂર્વે કહેલાથી અલ્પજીવો અર્થને જાણે છે. એટલે કે અર્થ (ધન) ને માટે પ્રયત્ન કરે છે. તેમાં કેટલાક એકેન્દ્રિયો પણ અર્થમાં મુંઝાયેલા દેખાય છે. તથા કહ્યું છે કે.... બિલ્લપલાસ લોભને કારણે નિધાન ઉપર મૂળિયા ઢાંકે છે. અર્થમાં લુબ્ધ વિકલેન્દ્રિઓ ભમે છે.

તે આ પ્રમાણે :- કીડી વિ. ધાન્યનો સંગ્રહ કરે છે. મધમાખી વિ. મધપૂડો બનાવે છે. અને તેમાં લુબ્ધ તેઓ તે મધુને લેનારાઓને ડંસે છે. તે ઉડી જતી નથી. તે અગ્નિમાં બળી જાય છે. ભસ્મીભૂત થાય છે.

પંચેન્દ્રિયમાં સર્પો નિધાન ઉપર અધિષ્ઠાયક થઈને રહે છે. તે (ધન) લેનારાને ડંસે છે. ખંજરીટા (પક્ષી) નિધિ જોતાં નાચે છે. અને ગોધરક, શિયાળ વિ. અવાજ કરે છે. ઉંદર વિ. પણ નિધાનાદિમાં લોભાય છે. તેના પરિગ્રહ કરેલા નિધાનાદિને ગ્રહણ કરતાં હૃદય (માથા) ને પછાડવાદિના કારણે મૃત્યુ પામે છે. અને સંભળાય છે કે કુમારપાલ રાજાએ ઉંદરના અધિષ્ઠિત નિધાનને લઈ લેતાં તે ઉંદરનું મૃત્યુ જોઈ ખેદપામવાથી તેના નામનો મૂષક વિહાર એ નામથી પ્રસિધ્ધ જૈન ચૈત્ય કરાવ્યું ઉન્દિરા (ઉંદરા) નામના ગામની સ્થાપના વિ. પણ કરાવી. દેવોમાં ઘણાય વ્યંતરાદિ નિધાનના અધિષ્ઠાતા થઈને રહે છે. કેટલાક ગૃહાદિના પણ અધિષ્ઠાતા થઈને રહે છે. મનુષ્યમાં પણ ધનનો લોભ સ્પષ્ટ જ છે. આ બધા અર્થના અભિલાષીઓ પહેલા કહેલા કામના ઈચ્છુકો કરતાં પણ થોડા જ છે. ઈતિ.

''कम्मं ति'' અર્થના ઈચ્છુકો કરતાં પણ થોડા ખેતી વેપારાદિ અને ગીત, નૃત્ય, યુધ્ધાદિ કર્મને જાણનારા છે. અને તેમાં તિર્યંચ કરોળિયામાં જાલરચનાદિનું શ્રેષ્ઠ વિજ્ઞાન છે. મધમાખીમાં મધપુડો બનાવવાનું કૌશલ છે. કીડી, ઉધઈ વિ. માં રાફડો બનાવવાનું, ભ્રમરાદિમાં ઘરની રચનાદિની શક્તિ છે. પંચેન્દ્રિયમાં સુગ્રીવપક્ષીમાં ઘર (માળો) બનાવવાની ચતુરાઈ આશ્ચર્ય કરનારી છે. મોરમાં નૃત્યકલા છે. કોયલમાં ગાવાની રીત સુંદર છે. પોપટાદિને વિષે કાવ્યાદિ પાઠનું કૌશલપણું છે. કુકડામાં યુધ્ધ, હંસમાં દૂધ અને પાણીને જુદા કરવાની આવડત, બિલાડીમાં દંભ (માયાનું) ચાતુર્ય, ગરોળીમાં શિકાર, કાગડો, સસલું, શિયાળાદિમાં કપટબુધ્ધિ, સર્પાદિને વિષે વેરલેવા વિ. ની બુધ્ધિ, આદત વિ. કેટલું કહી શકાય ? મનુષ્યમાં તો ખેતી વિ. કર્મના બહુતર પ્રકાર, લેખન વિ. કલાના વિવિધ પ્રકારના જ્ઞાન વિ. સુપ્રસિધ્ધ છે. ઈતિ એ પ્રમાણે દેવનારકમાં પણ સમજી લેવું. પરંતુ એ બધાના કાર્યને જાણનારા પહેલાં કહેલાં કરતાં (એક પછી એક) સ્વલ્પજ જાણવા. **"धम्मं ति"**કાર્યને જાણનારા કરતાં ધર્મને જાણનારા ઓછા છે. કારણ કે અનંતજીવ હોવા છતાં પણ મનુષ્યને છોડીને બીજા જીવો પ્રાયઃ ધર્મને જાણતા નથી. તિર્યંચો વિવેક રહિત હોવાથી, વળી દેવ વિષયાસક્ત હોવાથી અને નારકો વેદનાથી આકુલ-વ્યાકુલ હોવાથી ધર્મ વિનાના છે. મનુષ્યો પણ

કર્મભૂમિમાં જન્મેલા જ. તેમાં પણ ઘણા અનાર્ય દેશોમાં જન્મવાને કારણે, આર્યદેશમાં જન્મેલા પણ ઘણા અજ્ઞાનને કારણે, કુટુંબધનાદિમાં લાગેલા મોહને કારણે, ધન અર્જન માટે મોટા (રાજ) વ્યાપાર વિ. માં વ્યગ્રપણાને લીધે, વિષયાદિમાં લંપટપણાને કારણે, જુગારાદિની લતને કારણે અને ધર્મ સામગ્રીના અભાવને કારણે અને પરવશતાને કારણે વળી ધર્મ એ પ્રમાણે અક્ષરરૂપ સળી વડે પણ કર્ણ નહિં વીંધાવાના (ધર્મ શબ્દ નહિ સાંભળવાના) કારણે, ધર્મને જાણતા નથી. એટલે કરતા નથી. અતિ અલ્પ એવા કેટલાક જેમતેમ કરીને ધર્મને જાણે છે. તેમાં પણ શ્રધ્ધા ધરનારા સ્વલ્પ અને આચરનારા એથી પણ થોડા (સ્વલ્પતર) એ પ્રમાણે પહેલા કહેલા જીવોથી ધર્મને જાણનારા અત્યંત થોડા (સ્વલ્પતર) છે.

''जिणिंद भणिअं चेति'' વળી જિનેન્દ્ર ભગવાને કહેલો ધર્મ પહેલા (આપૂર્વે) કહેલા જીવોથી પણ સ્વલ્પતમ (અધિકાધિક ઓછા) લોકો જાણે છે. કારણ કે મનુષ્ય આર્યકુલાદિ સામગ્રી પામવા છતાં પણ નજીકમાં મોક્ષ નહિ હોવાના કારણે અને મિથ્યાત્વ મહોનીય કર્મ દુર્જય હોવા આદિના કારણે અથવા વિષયાદિમાં લુબ્ધપણું હોવાના કારણે વિષયાસકત એવા દેવગુરુ (મિથ્યાત્વી)માં આસ્થા (શ્રધ્ધા)વાળા જીવો પ્રાયઃ કુપંથમાંજ ભમે છે.

કહ્યું છે કે :- વિષયસુખના લોભને કારણે મનુષ્યપણાના ભાવને પામવા છતાં પણ જિનધર્મ દુર્લભ છે. ઘણા કુપંથ બૌધાદિ ષટ્દર્શનીઓએ અને ૩૬૩ પાખંડીઓએ બતાવેલો કલ્પિત ધર્મ તે ધર્મ પર ચાલનારા કુપંથી જાણવા તે સર્વે મોક્ષનગરમાં જવાની ઈચ્છાવાળા હોવા છતાં પણ તે ધર્મ પ્રતિકુળ હોવાથી.... કુપંથ કહેવાય છે. (તે ધર્મ મોક્ષ નહિ આપતો હોવાથી) વળી કેટલાક નજીકમાં જ પરમપદને પામનારાઓ લઘુ કર્મી જીવો જિનપ્રણીત ધર્મને જાણે છે. કહ્યું છે કે :- સર્વ કલ્યાણકર પરમપદ નજીક થતાં જીવ જિનેશ્વરે કહેલો ધર્મભાવથી સ્વીકારે છે. અને તેમાં પણ મિથ્યાત્વ મોહનીય કર્મના બળને કારણે પાર્શ્વસ્થાદિની કુસંગતિથી નબળાઈના કારણે આલોકના સુખ, ધન, સંપત્તિ આદિની ઈચ્છાથી વિમોહી (મુંઝાયેલા) બનવાના કારણે અને વળી લૌકિક લોકોત્તર ચમત્કારી દેવગુરુ આદિની પૂજા યાત્રા, બલિ,

બાધા, આખડીની માનતા કરવા થકી અને શ્રધ્ધા વગેરે પિતૃકાર્યને અનુસરવા થકી, મિથ્યાત્વ, ઈર્ષા, કદાગ્રહ વિ. થકી અને નિદ્રા, વિકથા, વિષય કષાયાદિ પ્રમાદ વડે કરીને દુર્લભ એવા જિનધર્મને પામીને પણ (આત્માને) કલુષિત કરે છે. અને ભવને (સંસારને) વધારે છે.

કહ્યું છે કે : જેવી રીતે (૧) દોષ અને ગુણ કરનાર અને (૨) દોષ કે ગુણ નહિ કરનારા (૩) ગુણ કરનાર અને (૪) દોષ કરનાર એમ ચાર પ્રકારે ઔષધ છે. તેવી રીતે (૧) મિથ્યાત્વ (૨) સમ્યક્ત્વ (૩) તે બન્નેથી મિશ્ર અને (૪) ભાવશૂન્ય એમ ચાર પ્રકારે ધર્મ છે.

વળી કહ્યું છે કે..... લૌકિક મિથ્યાત્વનો ત્યાગ કરીને જેઓ લોકોત્તર મિથ્યાત્વમાં મુંઝાય છે. તે વનના દાવાનલથી નાસીને ઘરમાં લાગેલી આગથી બળે છે. વળી પુણ્યકાર્ય (સુકૃત) માં શિથિલતા, ઈર્ષ્યા, કદાગ્રહ, ક્રોધ, પશ્ચાતાપ, માયા, અવિધિ અને રસાદિ ગારવ, પ્રમાદવાળા, કુગુરૂ, કુસંગતી અને પ્રશંસાની ઈચ્છા વિ. ધર્મને દુષિત કરનારા કહ્યા છે. ॥૧॥ તેથી શુધ્ધ ધર્મ દુર્લભતમ છે. નજીકમાં મોક્ષે જનારા કેટલાક જ તે શુધ્ધ ધર્મને પામે છે.

તેવીરીતે કહે છે કે..... **''के वि विसुध्धा अदूर सिवा''** ઈતિ દેવગુરુ આદિની શુધ્ધિથી શુધ્ધધર્મ થાય છે. કહ્યું છે કે :- બધા તત્ત્વમાં ગુરુતત્વ પ્રધાન છે. હિતની ઈચ્છાવાળાઓએ તેમનો આશ્રય કરીને તેમણે કહેલું કરવું. હે મુઢ ! એ પ્રમાણે ધર્મની પરીક્ષા કર્યા વિના ધર્મમાં ફોગટ પ્રયત્નને કરે છે. ॥૧॥

જે જ્યાં ગુરુ શુધ્ધ નથી તેવા ગુરુથી અવિધિ વાળા કહેલા ધર્મથી તમે મોક્ષને પામી નહિ શકો. "સત્ય ઔષધ નહિ જાણનારા એવા વૈદ્યે કહેલા રસાયણથી રોગી નિરોગી થતો નથી."

હે ભદ્ર ! જેવી રીતે સદ્‌ગુણવાળા (સારા) ગજ, અશ્વ, વહાણ, બળદ પોતાના કે બીજાના રથોને ઈષ્ટ પદને માટે પંડીત - હોંશિયાર લોકો સેવે છે. એ પ્રમાણે મુક્તિને માટે સદ્‌ગુણવાળા શુધ્ધ દેવ, ગુરુ અને ધર્મને સેવો. ॥૨॥ ઈત્યાદિ શિવસુખની ઈચ્છાવાળાએ શુધ્ધધર્મજ સેવવા યોગ્ય છે.

જેમકે મંત્ર, પ્રભા, રત્ન, રસાયણ (ઔષધ) આદિ દૃષ્ટાંતથી આ લોકને વિષે અલ્પ પણ શુધ્ધ દાન, પૂજા, આવશ્યક (બે ટાઈમ પ્રતિક્રમણ), પૌષધાદિ પુણ્ય મહાફલને આપનાર છે. આથી બીજો કોઈ ધર્મ ફાયદાકારક નથી ઈતિ.

શ્લોકાર્થ :- આથી બે પ્રકારના શત્રુપર જયરૂપ લક્ષ્મીને મેળવવા માટે હે ભવ્યજનો ! સુવિશુદ્ધ ધર્મને દુર્લભ જાણીને તે સુવિશુધ્ધ ધર્મમાં અપ્રમત્ત ભાવને ધરો. ઈતિ.

॥ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (બીજો તંરગ પૂર્ણ) ॥

પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (તરંગ-૩)

હે ભવ્યો ! જયરૂપ લક્ષ્મી, વાંછિત સુખ, અનિષ્ટ દૂર કરવા અને આલોક અને પરલોકના હિતને માટે ત્રણવર્ગ (ધર્મ અર્થ કામ) માં સારભૂત જિનધર્મમાં ઉદ્યમવાળા થાઓ ॥૧॥

તે વળી મોદકના દૃષ્ટાંતથી સમ્યક્ત્વાદિ ચાર ગુણથી વિભૂષિત (યુક્ત) અને આલોકને પરલોક એમ બન્ને રીતે સંપૂર્ણ સુખરૂપ ફલવાળો ધર્મ કહ્યો છે. ॥૨॥

તે આ પ્રમાણે (૧) દલ (લોટ) (૨) ઘી (૩) ગોળ-ખાંડ (૪) દ્રાક્ષાદિ મસાલાથી યુક્ત.... જેમ મોદક સંપૂર્ણ ફલને આપનારો છે. તેમ (૧) સમ્યક્ત્વ (૨) પરિણામ (૩) વિધિ (૪) નિજોચિત આવા ગુણથી યુક્ત ધર્મ સંપૂર્ણ ફલને આપનારો છે.

વ્યાખ્યા :- દલ એટલે લોટની શુધ્ધિરૂપ, સ્નેહ (ઘી), ગુલ્ય (ગોળ-ખાંડ રૂપ) વેગર એટલે દ્રાક્ષ, લવિંગ, ઈલાયચી, કપૂર, ચારોળી, બદામ, ખારેક, ટોપરાના ટુકડા વિ. આવા શુધ્ધ સુંદર, નિર્દોષ દ્રવ્ય જેમાં પડ્યા હોય તે લાડુ સંપૂર્ણ ફલને આપનારો છે. પંચેન્દ્રિયને આહ્લાદ દાયક, શરીરને પુષ્ટિદાયક, બળ કાન્તિ રુપની વૃધ્ધિ વિ. કરનાર થાય છે. તેથી સંપૂર્ણ ફલવાળો છે. તેવી

રીતે ધર્મ પણ (૧) સમ્યક્ત્વ (૨) ભાવ (૩) વિધિ અને (૪) નિજોચિત ગુણથી યુકત સંપૂર્ણ ફલ આપનારો થાય છે.

ધર્મનું સંપૂર્ણ ફલ યથાયોગ્ય આ ભવને વિષે સર્વ જનમાં પ્રશંસાપણું, રાજા વિ. માં માન્યપણું તેવા પ્રકારે અસાધારણ કીર્તિ, પ્રતિષ્ઠા, દેવતાનું સાનિધ્ય, મનવાંછિત સર્વસિધ્ધિ, સંપૂર્ણસમૃધ્ધિ, જય, વિજય રાજ્યાદિ છે. વળી પરલોક ને વિષે સ્વર્ગ, અપવર્ગ (મોક્ષ) રૂપ સંપૂર્ણ ફલ જાણવું, ધર્મારાધક ઘણા હોવાથી (ધર્મી અને ધર્મની) અભેદ વિવિક્ષાથી ધર્માઃ (ધર્મવાળાઓ) એ પ્રમાણે બહુવચન છે.

(૧) **સમ્યક્ત્વ** :- તેમાં સર્વજ્ઞએ કહેલા તત્વપર અતૂટ શ્રધ્ધા શુધ્ધ દેવ, ગુરૂ, ધર્મને વિષે શ્રધ્ધા તે સમ્યક્ત્વ

(૨) **ભાવ** :- મનના શુધ્ધ પરિણામ વિશેષ, દેવગુરૂ, ધર્મ, સાધર્મિકાદિ ને વિષે તેવા પ્રકારની આસ્થા (શ્રધ્ધા) ભક્તિ બહુમાનાદિ તે ભાવ.

(૩) **વિધિ** :- જે ધર્મ વિશેષે અર્હત્પૂજા, જ્ઞાન, દાન, આવશ્યક, પચ્ચક્ખાણ વિ. આગમમાં પ્રસિધ્ધ આચાર તે પૂર્વક અર્હત્પૂજા, સામાયિક, પ્રતિક્રમણ અને દાનાદિ અનુષ્ઠાન તે વિધિ.

(૪) **નિજોચિત્ત** :- પોતાને ઉચિત શ્રાવકાદિ અથવા સાધુ વિ. દેવ, ગુરુ, માતા, પિતાને વિષે વિનય, બહુમાન, દાન, સત્કાર, ચિત્તને આકર્ષક વચનાદિ ગુણો અને તેનાથી યુક્ત ઈતિ.

દષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકની વિચારણા આ પ્રમાણે.... જેવી રીતે મોદકનો આધાર દલ જ છે. તે (દલ) વિના મોદકની પ્રાપ્તિ થતી નથી. દલ (લોટ) ની જેમ જેમ અધિકાધિક શુધ્ધિ તેમ તેમ ઘી વિ. ના યોગ (મિશ્રણ) થી અથવા તેવા પ્રકારના સંસ્કારના કારણે અધિકાધિક તેવા પ્રકારના રસ, સ્પર્શ, રૂપ, સુગંધ, સૌંદર્યાદિ ગુણવડે દેવો પણ ઈચ્છે એવા પ્રકારના લાડુ બને છે. અને શુધ્ધ દલ (લોટ) માં ઘી, ગોળ, મશાલો પણ શુધ્ધ ઉત્તમ જ નાખવા અને તેમાં તે યુક્ત થવાથી સારી રીતે શોભે છે. તે લાડવા તેવા પ્રકારના રસાદિ ગુણ (સ્વાદ) વડે સુંદરતાને સારી રીતે પામે છે. તથા તે

લાડુઓ દર્શનમાત્રથી પણ મંગલ છે. અને અશુધ્ધ, ચાર્યા વગરનો કચરાદિથી યુક્ત મુંગાદિના લોટવાળા એ તલના તથા સરસવતેલના યોગવાળા ગોળવાળા પણ લાડુઓ અશુધ્ધ જ છે. વળી તેમાં દ્રાક્ષાદિ મસાલાનો અસંભવ જ છે. કદાચ ઘી, ખાંડ વિ. નો યોગ હોય તો પણ તે તેવા પ્રકારના રસાદિ ગુણવાળા નથી. અને તેવા દલથી બનેલા લાડુનો આકાર ધારવાના કારણે જ લાડુ કહેવાય છે. પરંતુ તેવા પ્રકારે અતિથિ માત્રમાં અથવા વિવાહ સમય વિ. માં પણ તેવા લાડવાઓ કાર્યને સાધતા નથી તત્વથી તે લાડવા નથી. એ પ્રમાણે દૃષ્ટાંતની વિચારણા થઈ. હવે જેના પર દૃષ્ટાંત ઘટાવેલ છે તેની વિચારણા :- તેવી રીતે ધર્મનો આધાર સમ્યક્ત્વ જ છે. સમ્યક્ત્વ વિના ઘણા પ્રયત્નથી સેવેલો, ઘણા પણ દાનાદિ યુક્ત અનુષ્ઠાનરૂપ ધર્મ ધર્મ રૂપે થતો નથી. કારણ કે ધર્મની સિધ્ધિ થતી નથી. અને તેથી પૂર્વભવમાં લાખ બ્રાહ્મણને જમાડનાર બ્રાહ્મણ શ્રેણીક મહારાજાનો સેચનક હાથી થયો. હર હંમેશ લાખસુવર્ણનું દાન કરનાર શ્રેષ્ઠિ રાજાનો પટ્ટ હસ્તિ થયો. હંમેશા માસખમણાદિ ઉગ્રતપને કરવાવાળો ગૈરિકતાપસ, કાર્તિક શેઠનો જીવ જે સૌધર્મેન્દ્ર થયેલ છે તેના ઐરાવણ હાથીરૂપે તે ગૈરિક તાપસ થયો ઈત્યાદિ.

કહ્યું છે કે... જેમ પક્ષીને ઝાડનો, નદીને સમુદ્રનો, સુવર્ણાદિ ને ભંડારનો, તારાઓને આકાશનો આધાર છે. તેમ ગુણોનો આધાર સમ્યક્ત્વ છે. જેમ અંધની સામે નાચ અને મૃત્યુ પામેલ શબને જેમ માલિશ નકામું છે. તેવી રીતે સમ્યક્ત્વ વિનાના બધા અનુષ્ઠાન (ક્રિયા) નકામા છે. ॥૨॥ અને જેમ જેમ સમ્યક્ત્વની અધિક અધિક શુધ્ધિ તેમ તેમ ભાવાદિ સાથે કરેલો બધોય ધર્મ દેવાદિઓને પણ પ્રશંસાનું સ્થાન બને છે. જેમ શ્રી શ્રેણિકરાજાનો, સુલસા શ્રાવિકાદિનો ધર્મ પ્રશંસાને પામ્યો. શુધ્ધ સમ્યક્ત્વમાં ભાવો વિ. પણ શુધ્ધ ઉત્પન્ન થાય છે. સૌભાગ્ય નામકર્મ સારી રીતે બાંધે છે. અને ધર્મનો મહિમા ઉત્કૃષ્ટપણે વધારે છે. તેથી શુધ્ધ સમ્યક્ત્વ સાથે કરેલા દાનાદિ અનુષ્ઠાનો પણ મહાફલવાળા બને છે. જેવી રીતે શ્રી શ્રેણિક રાજાને જિનપૂજા વિ. તીર્થંકરપણા સુધીના શુભ ફલને આપનારા બન્યા.

તથા કહ્યું છે કે :- દાન, શીલ, તપ, પૂજા, શ્રેષ્ઠતીર્થયાત્રા અને શ્રેષ્ઠદયા, સુશ્રાવકપણું અને વ્રતનું પાલન સમ્યક્ત્વ સાથેના મહાફલદાયી બને છે. ॥૧॥

વળી અશુધ્ધ સમ્યક્ત્વ અથવા સમ્યક્ત્વ રહિત પણામાં પ્રાયઃ ભાવ વિ. પણ કદાગ્રહાદિથી યુક્ત અશુધ્ધજ થાય છે. - સ્ફૂરે છે. જમાલી, ગોષ્ઠામાહિલાદિની જેમ અને પૂર્વભવનો તપસ્વી ગૈરિક તાપસ તથા કોણિક રાજા વિ. ની જેમ, વળી અશુધ્ધ સમ્યક્ત્વ દેવગુરૂ ધર્મને વિષે મિથ્યાત્વની ક્રિયા વિ. વડે, અથવા કષાયાદિ વડે કલુષિત કરવાથી અશુધ્ધ સમ્યક્ત્વ, તેવા પ્રકારનું તે હોવે છતે શ્રાવકોના દાનાદિ પૌષધ અને આવશ્યકાદિ ધર્મપણ અલ્પ ફલને જ આપનાર છે. પોતે બનાવેલી વાવમાં દેડકા રૂપે થયેલા નંદમણિકારાદિની જેમ અને સર્વવિરતિ ધર્મ સ્વીકાર્યો હોવા છતાં પણ કિલ્બિષિક દેવપણું પામેલા જમાલિ વિ. ની જેમ. તેથી કદાગ્રહ વિ. વડે મોટાપ્રમાદ થકી અથવા મિથ્યાત્વપણાની ક્રિયા વડે કલુષિત કરેલા સમ્યકત્વ વડે અથવા મિથ્યા દૃષ્ટિ વડે કરેલા દાનાદિ અનુષ્ઠાનો ધર્મરૂપે કરાતા હોવા છતાં પણ ધર્મના ફલને નહિ આપનાર હોવાથી માત્ર ધર્મનોજ આભાસ જ છે. એ પ્રમાણે શુધ્ધ સમ્યક્ત્વ સહિતનો ધર્મ જ મહાફલને આપનાર છે. અને મોદકની જેમ શ્રેષ્ઠ મંગલ રૂપ છે. જેમ શુધ્ધ દલમાં જેમ જેમ ઘી સારૂં તેમતેમ મોદકમાં રસવૃધ્ધિ વધારે. એ પ્રમાણે શુધ્ધ સમ્યક્ત્વમાં પણ જેમ જેમ ભાવ સારા તેમ તેમ ધર્મ મહાફલવાળો થાય છે. વળી જેમ દલ (લોટ), ઘી સારુ હોવા છતાંપણ લાડવા ગળપણથી જ સ્વાદિષ્ટપણાને પામે છે. અને વિશેષ પ્રકારે પુષ્ટિ વિ. નું કારણ થાય છે. એ પ્રમાણે સમ્યક્ત્વ અને ભાવ હોવા છતાં પણ ધર્મ જે પ્રમાણે કહ્યો છે. તે પ્રમાણેની વિધિ સહિત કરાય તોજ કરનારને અહીંયાં પણ મોટા ફલનું કારણ બને છે. અને પરલોકમાં સંપૂર્ણ સુખની સંપદારૂપ અને કર્મના ક્ષય વિ. વિશેષ ફલને માટે થાય છે....

કહ્યું છે કે..... શિલ્પ અને શસ્ત્રને જાણતો હોવા છતાં જો તેનો ઉપયોગ કરતો નથી. તે ફલને પામતો નથી. તેમ જે જ્ઞાની હોવા છતાં જયણાને પાળતો નથી તે જ્ઞાનના ફલને પામતો નથી. ॥૧॥ જેઓ કેટલાક વળી મરુદેવાદિના દૃષ્ટાન્તો આગળ કરીને ક્રિયાવિના પણ કેવળભાવનેજ મોક્ષનું કારણ કહે છે. તેઓ વાસ્તવિક જિનવચનના તત્ત્વને જાણતા જ નથી. તેવી રીતે ધર્મદાસ ગણિએ કહ્યું છે કે.... કેટલાક આલંબન કરીને ત્રણભુવનમાં અચ્છેરા રૂપ જેવી રીતે કર્મખપાવીને મરૂદેવી માતા સિધ્ધ થયા. ॥૧॥

કોઈકે, ક્યારેક, ક્યાંક એકાદ જને કોઈક બ્હાનાથી પ્રત્યેક બુધ્ધના લાભ મેળવ્યા હોય તે અચ્છેરા (આશ્ચર્ય) રૂપ જાણવા ॥૨॥

વળી જેવીરીતે લાડવાઓ દલાદિ ત્રણથી સારા હોવા છતાં પણ દ્રાક્ષાદિ મસાલાના યોગથી વિશિષ્ટતમ સૌભાગ્યને પામે છે. તેવી રીતે ધર્મીઓ પણ સમ્યક્ત્વાદિનો યોગ થવા છતાં પણ ઔચિત્ય ગુણવડે સૌભાગ્ય અને સુંદરતાને પામે છે. તેથી કહ્યું છે કે.... મનુષ્યપણું સમાન હોવા છતાંપણ જે કોઈ કીર્તિને પામે છે. તે નિર્વિકલ્પ પણે ઉચિત આચારણનું માહત્મ્ય - મહિમા જાણવો ॥૧॥

વળી પણ.... ઔચિત્યપૂર્વક આંખમાં આંજેલ અંજન પણ શોભાને માટે થાય છે. ઔચિત્ય વિના પગમાં પહેરેલું (રહેલું) કુંડલ પણ શોભાને માટે બનતું નથી. ॥૨॥

તેવી રીતે ઔચિત્ય જાળવવાથી આદેયપણું પ્રશંસા-સ્તુતિ નહિ કરવા છતાંપણ લોકોમાં શીઘ્ર વિસ્તરી જાય છે. પ્રાયઃ પીડાથી દુઃખી થયેલા દુશ્ચિત્તવાળાને રાજા સાત્વન આપે છે. તેને અહીંયા પણ ત્રિવર્ગ (ધર્મ, અર્થ-કામ) પ્રાપ્ત થાય છે. જેથી આ લોક અને પરલોકમાં પણ શુભ કલ્યાણ થાય છે. અથવા પંડીતોને ઔચિત્ય ચિંતામણી શું નથી આપતું ? વળી તે ઔચિત્ય દેવ, ગુરૂ અને સાધર્મિકાદિના વિષયમાં પિતા, માતા, પત્નિ, પુત્ર, ભાઈ, સ્વજન, પરિજનાદિના વિષયમાં, રાજા મંત્રી, શ્રેષ્ઠિ, નગરજન અને પરધર્મી વિ. ના વિષયમાં ઔચિત્યના ઘણા ભેદ છે. તેથી તે સ્વયં બીજા ગ્રંથીથી જાણી લેવું.

સમ્યક્ત્વાદિ ચારના યોગથી સુંદર આરાધના કરનાર શ્રી અભયકુમાર મંત્રી, શ્રી કુમારપાલ રાજા, શ્રીવસ્તુપાલ મંત્રી, શ્રી પૃથ્વીધર (પેથડશાહ), જગસિંહ, મુહણસિંહ આદિ સજ્જનોના દૃષ્ટાંતો જાણવા.

શ્લોકાર્થ :- વિમોહ (વ્યામોહ) પર વિજયરૂપ લક્ષ્મી મેળવવા માટેની ઈચ્છાવાળા હે ભવિઓ ! લાડુના દૃષ્ટાંતથી સમ્યક્ત્વાદિ ચાર અંગથી યુક્ત ધર્મને પામીને સંપૂર્ણ આદર પૂર્વક તેમાં પ્રયત્ન કરો. અથવા તેને સેવો.

॥ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે - તરંગ ત્રીજો (૩) પૂર્ણ ॥

હવે પૂર્વનીજ ગાથાને પાંચમાં અતિશય રૂપભેદને દૃષ્ટાંત સાથે જોડીને ઉપદેશ રૂપે કહે છે. (૧) દલ (૨) ઘી (૩) ગળપણ (૪) દ્રાક્ષાદિ (૫) રૂપ્ય (ચાંદી - સોનાના વરખ) યુક્ત લાડવા જેમ ઈષ્ટ ફલને આપે છે. તેમ....

(૧) સમ્યક્ત્વ (૨) ભાવ (૩) વિધિ (૪) ઔચિત્ય અને (૫) અતિશય યુક્ત ધર્મ ઈષ્ટ ફલને આપે છે. ॥૧॥

વ્યાખ્યા :- લોટઆદિ ચાર પહેલા કહેલા સ્વરૂપવાળા અને સાથે પાંચમું રૂપા-ચાંદી ઉપલક્ષણથી (બીજી રીતે) સુવર્ણાદિથી યુક્ત લાડુ ઈષ્ટફલને આપે છે. ઈષ્ટ એટલે ઈચ્છિત ગ્રાહકને આહ્લાદ વિ. રૂપ શ્રેષ્ઠફલને જે આપે છે. તે ઈષ્ટ ફલ કહેવાય છે. તેવી રીતે સમ્યક્ત્વાદિ ચાર પૂર્વે કહેલા સ્વરૂપ સાથે પાંચમાઅતિશયથી યુક્તધર્મ ઈષ્ટફલ આપનાર થાય છે. ઈષ્ટફલ એટલે અતિશય, સુખ, ઋધ્ધિ, મહાઐશ્વર્ય વગેરે ચક્રીપણું, ઈન્દ્રપણું, તીર્થંકરપણું જે પ્રાપ્ત કરાવે છે તે ઈષ્ટફલ તેમાં અતિશય એટલે અવધિજ્ઞાનાદિ જેમકે શ્રી આનંદ કામદેવાદિ શ્રાવકોનું અને શીલવતી વિગેરે શ્રાવિકાનો શીલ અતિશય જાણવો. અથવા અતિશય એટલે ઉત્કર્ષ શીલાદિ ગુણવિષય જેમકે સુદર્શન શ્રેષ્ઠી વિ. શ્રાવકોનું શીલ અને સીતા દ્રૌપદી આદિશ્રાવિકાઓનું શીલવ્રત રૂપ અતિશય, શ્રી શ્રેણીક રાજા વિ. નો અને સુલસાદિ શ્રાવિકાઓનો સમ્યક્ત્વ રૂપ અતિશય, પ્રભાવતીરાણી વિ. નો દેવભક્તિ રૂપ અતિશય, દંડવીર્ય રાજાનો સાધર્મિક ભક્તિરૂપ અતિશય, જગડુશા શેઠ વિ. નો દાનરૂપ અતિશય, નાગકેતુ શ્રેષ્ઠિ વિ. નો તપરૂપ અતિશય, અચંકારી ભટ્ટા વિ. નો ક્ષમારૂપ અતિશય, જીર્ણશ્રેષ્ઠિ વિ. નો ભાવરૂપ અતિશય, શ્રી કુમારપાલ રાજાનો દેવભક્તિ, ગુરુભક્તિ, શ્રી સમ્યક્ત્વ, અણુ વ્રતાદિ, સર્વધર્મના ભેદ (વિષય) રૂપ અતિશય, શ્રી વસ્તુપાલ તેજપાલ અને અનુપમાનો વિવેક રૂપ અતિશય, ઈત્યાદિ.

તેમાં **અનુપમા દેવીના વિવેકરૂપ અતિશયનું** કંઈક લેશમાત્ર દૃષ્ટાંત કહે છે. શ્રી આબુપર્વત પર પૂર્ણથયેલ શ્રી લુણિકવસઈના ગર્ભગૃહમાં શ્રી નેમિનાથ

ભગવાનની પ્રતિમા સ્થાપિત થયે છતે શ્રી તેજપાલ મંત્રી અનુપમાની સાથે ઘણા પરિવારે અર્બુદગિરિ આવ્યા. પ્રાયઃ નિષ્પન્ન પ્રાસાદ (મંદિર) ને જોયો. અને સંતોષ પામ્યા. સ્નાન કરીને સુંદર વસ્ત્ર પહેરી ને પત્નીની સાથે મંત્રીએ નેમીનાથ ભ. ની પૂજા કરી પછી લાંબા કાળથી ધ્યાન સાથે ઊભા રહેલા પોતાના પતિને તેવી રીતે ઊભા રહેલા મૂકીને અનુપમા ક્ષણવારમાં જ પ્રાસાદની નિષ્પત્તિના કુતુહલથી (આશ્ચર્ય) થી બહાર આવી. ત્યાં સૂત્રધાર (કારીગર) શોભનદેવ ત્યારે ચાર થાંભલા વાળા મંડપને ઊંચો કરતો હતો. ત્યારે મંત્રીણી (અનુપમા) એ કહ્યું ! હે કારીગર ! મને જોતાં ઘણો ટાઈમ થયો. તેં હજુ સુધી સ્તંભો રોપ્યા (નાંખ્યા) નથી ? શોભનદેવે કહ્યું :- હે સ્વામિની ! ઠંડી સખત છે. સવારના પહોરમાં સ્થંભ ઘડવો દુષ્કર - દુઃખકર છે. કઠીન છે. મધ્યાહ્ન સમયે ઘેર જઈએ છીએ, સ્નાન કરીએ, જમીએ એથી વિલંબ થાય છે. અથવા વિલંબ થાય તેમાં શું ? રાજ્યને ભોગવતા મંત્રીનું સ્થાન લાંબાસમય સુધી રહેવાનું છે. તેટલામાં થઈ જશે.

પછી અનુપમા બોલી :- હે શિલ્પી ! આતો માત્ર ખુશામત જ છે. કઈ ક્ષણે શું થશે તે કોણ જાણે છે. સુત્રધાર મૌન થઈ ઊભો રહ્યો. પત્નીના (અનુપમાના) વચન સાંભળીને મંત્રીએ બહાર આવીને કારીગરને કહ્યું - અનુપમા શું વાદ (ચર્ચા) કરે છે ?

સૂત્રધાર બોલ્યો :- દેવે (મંત્રી એવા તમે) જે ધાર્યું (સમજ્યા) છે તે, મંત્રી, પત્ની (અનુપમા) ને કહે છે. અથવા પૂછે છે :- તેં શું કહ્યું ?

અનુપમા બોલી :- દેવ ! હું બોલી કે કાલનો શો વિશ્વાસ ? ક્યારે કાલવેલા કેવી થાય ! પુરુષોનું નસીબ સદાકાલ એક સરખું રહેતું નથી. તથા લક્ષ્મીનો અથવા પોતાનો નાશ કાલવડે અવશ્ય થાય છે. લક્ષ્મીને વિષે પંડિતજનો સ્થિર બુધ્ધિને રાખેશું ? ॥૧॥

વૃધ્ધોને આરાધના કરતા, પૂર્વજોને તર્પણ કરતાં જોતાં હોવા છતાં પણ તેઓની લક્ષ્મી ચાલી ગઈ છતાં અહો જીવો તેમાં મુંઝાય છે. ॥૨॥

નિરાલંબા એવી રાજાની ભ્રમરના છેડાનું આલંબન કરનારી પોતાની લક્ષ્મીને પણ સેવકો સ્થિર માને છે એ આશ્ચર્ય છે. ॥૩॥

એકબાજુ વિપદા, એકબાજુ મૃત્યુ, એકબાજુ વ્યાધિ અને એક બાજુ જરા આ ચારવડે જંતુઓ (પ્રાણીઓ) સતત પીડાય છે. હા તે ખેદની વાત છે. ॥૪॥

આ તત્ત્વવચન સાંભળીને મંત્રીશ્વર બોલ્યા હે કમલદલ જેવા દીર્ઘ લોચનવાળી ! તારા વિના આવું કહેવાનું બીજું કોણ જાણે છે. (કોણ કહી શકે ?)

તામ્રપર્ણી નદીના કિનારે શુક્તિ (છીપ)માંથી ઉત્પન્ન થયેલા મૌક્તિ (મોતિ) જેવા અને સારી રીતે સ્પર્શ થઈ શકે તેવા પ્રસન્ન કરનારા સ્વાદભર્યા તારા શબ્દો છે. ઘરની ચિંતાના ભયને હરનાર, મતિનો વિસ્તાર કરનાર, સમસ્ત પાત્રનું સત્કાર કરનાર આવી ઘરની કલ્પવલ્લી સમાન નારીથી પુણ્યશાલીને - પંડિતોને શું શું નથી ફલતું ?

હે રાજ્યસ્વામિની ! કહે કયા ઉપાયવડે પ્રાસાદ (મંદિર) શીઘ્ર બને ?

દેવી અનુપમા બોલી :- રાત્રીના કારીગરો જુદા અને દિવસના કારીગરો જુદા રાખવા. ઠંડીમાં ઓઢવાનું અને તાપણું આપવું., સારા ભોજન ખવડાવવા, સૂત્રધારોને વિશ્રામ મલવાથી રોગ નહિ થાય. આથી ચૈત્યની સિધ્ધિ શીઘ્ર થશે. આયુષ્ય ઘટતું જાય છે. લક્ષ્મી અસ્થિર છે. મૃત્યુ એ જાણે મારા વાળ (ચોટલી) પકડયા છે એમ માની ધર્મનું આચરણ કરો. બુધ્ધિશાળી હું અજર છું. અમર છું એમ વિચારીને વિદ્યા અને અર્થને ચિંતવે. ઈત્યાદિ સરસ્વતીની વીણામાંથી ઝરતી કોમલ વાણી કહીને તેણી પાછી ફરી.

પછી મંત્રીએ બધી જગ્યાએ રહેલા કારીગરોને વિષે તેજ રીતિએ શરૂઆત કરાવી. થોડા જ દિવસોમાં બધું પૂર્ણ થયું. આ પ્રમાણે અનુપમાનું દૃષ્ટાંત અલ્પ (લેશ) માત્ર કહ્યું.

અતિશય એટલે તેવા પ્રકારનું પ્રભુત્વ અને ઐશ્વર્યાદિ, મોટામોટા તીર્થની યાત્રા, આચાર્યાદિ પદની સ્થાપના, પ્રાસાદ, પ્રતિમાની પ્રતિષ્ઠા, દીનોધ્ધારાદિ વિ. મોટા પુણ્ય કાર્યો કરવા વિ. જાણવું. શ્રી આનંદાદિનો સંબંધ કંઈક પૂર્વે લખેલ હોવાથી અને કંઈક પ્રસિધ્ધ હોવાથી ગ્રંથના વિસ્તારના ભયથી અહીંયા લખ્યો નથી.

ઉપર કહેલા પાંચગુણથી અલંકૃત એવો ધર્મ અહીંયા પણ સર્વરીતે પ્રશંસનીય, રાજાદિ પુજ્યપણું (રાજા વિ. થી માન) સુર (દેવ) ની સહાય આદિ કારણ બને છે. કેટલાકને કેવળજ્ઞાનની પ્રાપ્તિને માટે અને પરલોકમાં તીર્થંકરપણાસુધીની સમૃધ્ધિને માટે પણ થાય છે.

શ્લોકાર્થ :- આ પ્રમાણે આ દૃષ્ટાંતથી ઊંચા ચક્રીપણાના, તીર્થંકરાદિના મોટા ફલને જાણીને પંચાંગરૂપ સારા સુકૃત (ધર્મ) ને હૃદયસ્થ કરો. અથવા આરાધો.જેથી કરીને મોહ રૂપ શત્રુ પર જયરૂપ લક્ષ્મી શીઘ્ર પ્રાપ્ત થાય - મેળવાય.

॥ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે ૪ થો તરંગ પૂર્ણ ॥

પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (તરંગ-૫)

શ્લોકાર્થ :- ભાવરોગ ઉપર જયરૂપ લક્ષ્મીની અને આરોગ્યરૂપ પરમાર્થની જો ઈચ્છા હોય તો વૃષભ સમાન સમ્યક્ત્વને વિધિ યુક્ત ભજો - સેવો.

યતઃ (૧) ઔષધ (૨) પ્રતિવાસ (૩) પથ્ય (૪) સમુખવાસ (૫) બાહ્યક્રિયા. શિવને આપે છે. (કલ્યાણ કરે છે.) તેમ (૧) સમ્યક્ત્વ (૨) વ્રતો (૩) આવશ્યક (૪) દાન (૫) ઉચિત કર્મરોગને હરનારા છે.

વ્યાખ્યા :- અહીંયા જેમ અને તેમ એ પ્રમાણેનું પદ અધ્યાહાર છે. તેથી બાહ્યરોગના પ્રતિકારમાં રોગીઓ જેવી રીતે ઔષધ, પ્રતિવાસ, પથ્ય, મુખવાસ સહિત બહારની ક્રિયા કલ્યાણ કરનાર છે. એટલે કે રોગને દૂર કરનાર છે. આરોગ્યને અને રૂપને આપે છે. તેમાં અગડ એટલે ઔષધ, પ્રતિવાસ, પથ્ય, મુખવાસ તે પ્રસિધ્ધ છે. બાહ્યક્રિયા - શરીરને વિષે, ઉદરાદિ ને વિષે, પાંદડાદિને બાંધવા, અજમાનો લેપ, લક્ષપાક તેલ વડે અંગને માલિશ આદિ. જવીરીતે ક્ષીણતા, જીર્ણતાવ, અતિસારમાં નાગરાદિ કવાથ ઔષધ છે. તેમાં અજમો, આમોચરસ, ધાતકી પુષ્પ, નાગરાદિ ચૂર્ણ તે પ્રતિવાસ છે. ગરમાણું તે પથ્ય છે. મુખને વિષે સોજા વિ. ના ઉપશમનને માટે અપાતા દાડમ, સારક, કોળા વિ. ની ગોળીરૂપ મુખવાસ, અન્તર્દાહને ઉપશમાવવા માટે અર્ધસૌવીર, પાણી વિ. થી ભીંજાયેલા કપડાને શરીર પર વીંટવું, સૌવીરથી ધોયેલા એરંડાના પાન વિ. ને બાંધવા વિ. બાહ્યક્રિયા જાણવી.

હવે દાર્ષ્ટાન્તિક યોજના ક્રમ પ્રમાણે કહે છે. **''सम्मत्तेत्यादि''** તેવી રીતે સમ્યક્ત્વ, વ્રત, આવશ્યક, દાન અને ઔચિત્ય કર્મરોગને હરનાર બને

છે. સમ્યક્ત્વ - સમ્યક્દેવ, ગુરુ અને ધર્મ ત્રણ તત્ત્વ ઉપર શ્રધ્ધા તે સમ્યક્ત્વ, **વ્રતો** :- અહિંસાદિ નિયમ વિશેષ કરવો તે વ્રત. **આવશ્યક** :-સામાયિકાદિ છ આવશ્યક, **દાન** :- સાત ક્ષેત્રમાં ધનવાવવા આદિ રૂપ તે દાન. **ઉચિત** :- દેવ ગુર્વાદિને - વિષે યથા ઉચિત સત્કાર કરવા આદિ રૂપ તે ઉચિત. **પ્રતિવાસાદિ** :- એટલે પ્રાયઃ કરીને કવાથ ઔષધના આધાર રૂપ દ્રવ્ય કારણ કહ્યું છે કે જેના વિના શ્રેષ્ઠ ચારિત્ર, દાન, શીલ, તપ, શ્રુત (જ્ઞાન) બધું જ કાસકુસુમ (આકાશપુષ્પ) ની જેમ વિફલ છે. તેથી તત્ત્વરૂપ તે સમ્યક્ત્વ ને ભજો વળી ફરીથી કહે છે. "ઔષધ વિના રોગ પથ્યથીજ દૂર થાય છે." ઈત્યાદિ તે પથ્યનો મહિમા બતાવવા માટે કહ્યું છે.... સ્વલ્પ (નાના) રોગના વિષયમાં આ પ્રમાણે કહ્યું છે. તેમાં કાંઈ ખોટું નથી.

વળી જેમ ઔષધ પણ પ્રતિવાસ પથ્યાદિવગર રોગને દૂર કરવામાં સમર્થબનતું નથી. તેમ સમ્યક્ત્વ પણ વ્રત આવશ્યકાદિ વિના કર્મરૂપ રોગને દૂર કરવા માટે સમર્થ થતું જ નથી.

આગમમાં કહ્યું છે કે :- કૃષ્ણ અને શ્રેણિક, પેઢાલ પુત્ર અને સત્યકી અનુત્તર સમ્યક્ત્વરૂપ સંપદાને ધારતા હોવા છતાં પણ ચારિત્ર વિના નરક ગતિને પામ્યા. વળી અવિરાધિત જ્ઞાન દર્શનને ધરનારા છતાંપણ ચારિત્ર રહિત જ્ઞાનવડે દુર્ગતિને પામ્યા માટે પ્રમાદ કરશો નહિ.

તરવાનું જાણતો હોવાછતાં જો કાયાના યોગનો ઉપયોગ કરતો નથી. એટલે કે કાયાને હાથ હલાવવા આદિમાં જોડતો નથી. તે પાણીમાં ડૂબે છે. એ પ્રમાણે ચારિત્રથી રહિત જ્ઞાની સંસારમાં ડૂબે છે. એ પ્રમાણે ઔષધ અને સમ્યક્ત્વની લેશમાત્ર ઉપમા ઉપમેયપણાના હેતુની વિચારણા કરી. તેવી રીતે પ્રતિવાસ વ્રતાદિની પણ ઉપમા ઉપમેયપણાના કારણ વિ. ની વિચારણા પંડિતજનો એ જાતેજ કરવી.

શ્લોકાર્થ :- બાહ્ય ચિકિત્સાની ઉપમાવડે કરીને ભવરૂપ રોગ ઉપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે આ ઉપાય જાણીને સમ્યક્ત્વાદિમાં અત્યંત આદરવાળા થાવ.

॥ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (૫ મો તરંગ પૂર્ણ) ॥

પકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (તરંગ-૬)

પહેલાં કહેલાં અર્થને પાંચમા (અતિશય) પદથી રહિત સુખપૂર્વક જાણી શકાય તે માટે ઉપદેશે છે - કહે છે.

શ્લોકાર્થ :- ભવરૂપ રોગને હરવા માટે ઔષધ, પ્રતિવાસ, પથ્ય અને મુખવાસ છે. તેમ સમ્યકૃત્વ, વ્રત, આવશ્યક, દાન વિ. શિવસુખને આપે છે. ॥૧॥

વ્યાખ્યા :- અર્થ સ્પષ્ટ છે. પરંતુ દાન વિ. એકજ ૪ (ચોથું) પદ છે. તેમાં આદિ શબ્દથી તપ, વિનય, વૈયાવૃત્યાદિ લેવું શિવસુખજ એટલે મોક્ષ સુખ જ લેવું. શિવસુખ એટલે શિવ કલ્યાણઃ આરોગ્ય રૂપ કલ્યાણ તેના હેતુ ભૂત સુખને આપે છે. વિચારણા પૂર્વની ગાથાની જેમ કરવી. માત્ર પાંચમું પદ કહેવું નહિ. ઈતિ.

॥ "પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે - ૬ઠ્ઠો તરંગ પૂર્ણ" ॥

પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે-તરંગ-૭

શ્લોકાર્થ :- મોહ ઉપર જયરૂપ લક્ષ્મીને મેળવીને જો શ્રેષ્ઠ એવા સિધ્ધપુરે જવાની ઈચ્છા હોય તો અક્ષય સુખ અનુભવવા માટે ક્ષેષ્ઠ દર્શનરૂપ રથને ભજો ॥૧॥

શ્રુત અને ચારિત્રરૂપ વૃષભથી યુક્ત, આવશ્યક દાનાદિ પથ્ય યુક્ત નિશ્ચય અને વ્યવહારરૂપ બે ચક્રથી યુક્ત દર્શન (સમ્યકૃદર્શન) રૂપ રથ ઋધ્ધિને આપે છે. ॥૨॥

વ્યાખ્યા :- દર્શન - સમ્યકૃત્વ તેજ રથ પોતાને (રથને) આશ્રિત થઈને રહેલા કેટલાક લોકોને સિધ્ધિમાં લઈ જાય છે. એ પ્રમાણે સંબંધ જાણવો.

દર્શનરથને જ વિશેષ રીતે ખુલ્લો કરી કહે છે.

''**सुअचरण वसह जुत्तो त्ति**'' શ્રુત - શ્રુતજ્ઞાન, વળી ચરણ મૂલગુણ ઉત્તરગુણની સારી આચરણારૂપ, સમ્યક્ ક્રિયારૂપ તેજ જ્ઞાન -ક્રિયા બે વૃષભ તે વડે યુક્ત થયેલ રથ. કહ્યું છે કે :- ક્રિયા વિનાનું જ્ઞાન નકામું છે. જ્ઞાન વિનાની ક્રિયા પણ નકામી છે. દેખતો એવો પાંગળો (લૂલો) બળી ગયો..... દોડતો એવો અંધ પણ બળ્યો. બંન્નેનો સંયોગ થાય તો ફલ પ્રાપ્ત થાય છે.

''**आवस्सगत्ति**'' વળી તેને જ વિશેષ પ્રકારે કહે છે..... ''**आवस्सगत्ति**'' આવશ્યક = સામાયિકાદિ છ પ્રકારે, દાન = સાત ક્ષેત્રને વિષે ધનવાવવું વિ. આદિ શબ્દથી, તપ વિ. ગ્રહણ કરવું. તેજ પથ્ય (ભાથું) છે. ભૂખ, તરસની વેદના રૂપ પીડાના ઉપશમન માટે અતિચાર વગરનું આવશ્યક અને સર્વાંગ ભોગાદિ ફલની પ્રાપ્તિ કરાવનાર દાન છે.

''**तवसा उ निकाईयाणं पि**'' ઈત્યાદિ વચનથી નિકાચિતાદિ રૂપ પૂર્વ જન્મમાં બાંધેલા ક્રોડો દુષ્ટ કર્મ રુપ ચોરાદિના ઉપદ્રવ નિવારનાર હોવાથી તપ વિ. ને પથ્ય વિ. ની ઉપમા આપવા રૂપક રૂપે કહ્યું છે.

વળી તેને સ્પષ્ટ કરતાં કહે છે. કે..... નિશ્ચય અને વ્યવહાર નામના બે નયરૂપ જે સિધ્ધાંતમાં પ્રસિધ્ધ છે. તે બે ચક્ર જેમાં છે. તે (સમ્યક્દર્શન રૂપ રથ) તેમાં અંતર (અભ્યંતર) તત્વ નિરુપણ કરનાર તે નિશ્ચય નય વળી બાહ્ય તત્ત્વ નિરુપણ કરનાર તે વ્યવહાર નય તે મતોનું દિશામાત્ર સૂચન કરીએ છીએ.

તે આ પ્રમાણે નિશ્ચયનયનો મત આ પ્રમાણે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણેયનો સાથે મેળાપ થાય ત્યારે જ મોક્ષમાર્ગ થાય છે વળી તે પરસ્પર રહિત હોય તો મોક્ષમાર્ગ થતો નથી. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રમાંથી એક ન હોય તો બાકી રહેલા બે પણ નકામા થાય છે. વ્યવહાર નયના મતે.... ચારિત્ર ન હોવા છતાં પણ સમ્યક્દર્શન, જ્ઞાન પણ હોય. આગમમાં કહ્યું છે કે નિશ્ચયનય ચારિત્રનો ઘાત થતાં જ્ઞાન અને દર્શનનો પણ ઘાત થાય છે. વ્યવહારમાં ચારિત્ર ન હોવે છતે બીજા બે (જ્ઞાન દર્શન) ની ભજના (હોય ખરું ન પણ હોય) જાણવી.

નિશ્ચયનય એટલે અભ્યંતર તત્ત્વની જ એક માત્ર પ્રધાનતાનો જ આ મત છે ચારિત્રનો ઉપઘાત થતાં જ્ઞાન દર્શનનો પણ ઉપઘાત જ હોય. તે બે સાથે હોય તો જ તાત્વિક સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. (મોક્ષની) તે બેમાંથી એકનો અભાવ હોવે છતે તત્ત્વ (પરમાર્થ) થી ક્રિયાનો અભાવ અને તેથી પરમાર્થની અસત્પણાની આપત્તિ રહે છે.

વ્યવહારનયમાં તો બાહ્યતત્વનું પ્રધાનપણું હોય છે. આ મત પ્રમાણે ચારિત્ર ન હોવા છતાં પણ જ્ઞાનદર્શન હોય અને ન પણ હોય કાર્યરહિત પણ કારણ હોય છે. કોઠાગારમાં રહેલું અંકુર વિનાનું બીજ, ધૂમાડા વિનાના અગ્નિની જેમ દર્શનાદિ સમજવું. આ તો નિશ્ચયનય અને વ્યવહારનયનું દિશા માત્ર જ સૂચન કહ્યું છે. એ પ્રમાણે બધેજ આ બન્ને મતના વિચારો જાણવા. બન્ને નય ભેગા થાય ત્યારે પ્રમાણ થાય છે. આવશ્યક નિર્યુક્તિની સમાચારીમાં કહ્યું છે કે :- આ પ્રમાણે વ્રત પ્રમાણ નથી. પર્યાય પ્રમાણ નથી. એકલો વ્યવહાર પ્રમાણ નથી. બન્ને નય યુક્ત પ્રમાણ છે ઈત્યાદિ માન્ય છે. ॥૧॥

વન્દન નિર્યુક્તિમાં પણ કહ્યું છે કે.... ચાંદીનો સિક્કો વિષમ અક્ષરવાળો રૂપિયા તરીકે ચાલતો નથી બન્ને સાચા એટલે કે ચાંદી અને અક્ષર બન્ને વિષમ નહિ પણ સાચા હોય તો વ્યવહારમાં ચાલે છે. ॥૧॥

વ્યવહારથી દ્રવ્ય લીંગને નમસ્કાર કરાય છે. પરંતુ નિશ્ચયથી તો ભાવલીંગને.... તેમાં પ્રમાણ શું ? એ સંશય ને દૂર કરવા કહે છે. દ્રવ્યલિંગ માત્ર વંદનીય નથી. દ્રવ્યલિંગથી રહિત ભાવલિંગ પણ વંદનીય નથી. ભાવલિંગથી યુક્ત દ્રવ્યલિંગ નમસ્કાર યોગ્ય છે. અર્થાત નમસ્કરણીય છે. કારણ કે તેના વડે ઈચ્છિત અર્થ ક્રિયાની સિધ્ધિ થાય છે.

રૂપિયાના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. (૧) ચાંદી અશુધ્ધ.... છાપ પણ ખોટી (૨) ચાંદી અશુધ્ધ છાપ બરાબર (૩) ચાંદી શુધ્ધ છાપ ખોટી અને (૪) ચાંદી શુધ્ધ છાપ બરાબર..... આ પ્રમાણે ચતુર્ભંગી. અહીંયા ચાંદીસમાન ભાવલિંગ અને છાપ સમાન દ્રવ્યલિંગ..... આમાં પહેલા ભાંગા સમાન ચરકાદિ જાણવા બન્ને અશુધ્ધ હોવાથી (ભાવલિંગ અને દ્રવ્યલિંગ બંન્નેથી

અશુધ્ધ છે.) બીજા ભંગ સમાન પાર્શ્વસ્થાદિ. ત્રીજા ભંગ સમાન પ્રત્યેક બુધ્ધ અંતમૂર્હુર્તકાલ માત્ર દ્રવ્યલિંગ નહિ ગ્રહણ કરનારા (દ્રવ્યલિંગ વગરના), અર્થાત્ દ્રવ્યલિંગ ગ્રહણ ન કરે ત્યાં સુધી ચોથાભંગ સમાન શીલયુક્ત ગચ્છમાં રહેલા સાધુઓ જેવી રીતે ચાંદીનો રૂપીયો - ત્રણ ભંગમાં આવેલો ચાંદીનો રૂપીયો ચાલતો નથી... એ પ્રમાણે અવિકલ ક્રિયાના ઈચ્છુકોએ તે સેવવા યોગ્ય નથી. ચોથા ભંગમાં કહેલા જ સેવવા યોગ્ય છે.


એ પ્રમાણે ત્રણ ભંગમાં બતાવેલા પુરુષો પણ પરલોકના અર્થિઓને નમસ્કરણીય નથી. ચોથાભંગમાં આવેલા (કહેલા) જ નમસ્કરણીય છે. એ પ્રમાણે વિચારણા થઈ.

વળી એ પ્રમાણે સમ્યક્ત્વને આશ્રયીને નયમતનો વિચાર કરે છે:....

નિશ્ચય નયમતથી સર્વજ્ઞ ભ. ને કહેલા તત્ત્વમાં શુધ્ધ શ્રધ્ધા તે સમ્યક્ત્વ અને તેનાથી યુક્ત તે સમ્યક્ દૃષ્ટિ. વ્યવહાર મતથી તો મિથ્યાત્વના કારણોના પચ્ચક્ખાણ કરનાર અને સમ્યક્ત્વના કારણોનું સેવન કરનાર તે સમ્યક્દૃષ્ટિ કહેવાય છે. લૌકિક અને લોકોત્તર દેવગુરુએ કહેલા ધર્મના ભેદોથી મિથ્યાત્વના કારણો ઘણાં છે. જિનપૂજા અને તીર્થસેવા વિ. સમ્યકત્વના કારણો છે તે બીજા ગ્રંથોથી જાણવા.... વળી બંન્ને નયનો વિચાર પ્રમાણ છે. એ પ્રમાણે બીજે બધે બન્ને નયની સાથે વિચારણા કરવી. બે નયની ચક્રની ઉપમા વડે ઘટના કરી. આના ઉત્તરાર્ધમાં એક માત્રા વધારે છે. તેમાં દોષ નથી. (ગાથા નામનો છંદ અનેક પ્રકારે હોવાથી)

શ્લોકાર્થ :- હે પંડીતો ! સંસારરૂપ શત્રુ પર જયરૂપ લક્ષ્મી માટે આ પ્રમાણે અનેક પ્રકારના પ્રગટ સધ્ધર્મના મૂલરૂપ સમ્યકત્વના ગુણને સાંભળીને સમ્યક્ત્વપૂર્વક વ્રત પાલનાદિમાં પ્રયત્ન કરો.

॥ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે - તરંગ-૭ મો પૂર્ણ ॥



પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (તરંગ-૮)

શ્લોકાર્થ :- દુર્જેય ભયશત્રુ (રાગદ્વેષ) ઉપર જયરૂપ લક્ષ્મી માટે તાકાતને અવગણીને સુંદર રમ્ય એવા ભાવરૂપ ધર્મમાં સારી રીતે ઉજમાળ - ઉદ્યમશીલ બનો ॥૧॥

જેવી રીતે સાટોપ (આડંબર સહિત) અનાટોપ (આડંબર રહિત) ઔષધ અલ્પગુણ અને બહુગુણે કરી ચાર પ્રકારના થાય છે. તેવી રીતે સાવદ્ય અને અનવદ્ય રૂપે કરીને ધર્મ પણ ચાર ભેદે (પ્રકારે) થાય છે.

વ્યાખ્યા :- જેમ કેટલાક ઔષધ સાટોપ એટલે કે દુઃખે કરીને તૈયાર થઈ શકે તેવું બહુમૂલ્યવાળું અને અલ્પગુણવાળું હોય છે. કારણ કે દ્રવ્યના લોભથી વૈદ્યે અસાર અને અજ્ઞાનતાથી અન્ય અન્ય પાસે બનાવેલ હોવાથી તે ઔષધ તેવું બને છે. એ પ્રમાણે પ્રથમ ભેદ થયો.

વળી કેટલાક ઔષધ સાટોપ ઉપર બતાવેલા કારણથી સારા ઔષધવાળું હોવાથી બહુમૂલ્યવાળું અને બહુગુણવાળું હોય છે.

દ્રષ્ટાંત :-સંભળાય છે કે :- પૂર્વે ધારાનગરીમાં શ્રીભોજરાજાનો વાગ્ભટ નામનો વૈદ્ય હતો. જેણે વાગ્ભટ નામનો ચિકિત્સાગ્રંથ લખ્યો છે. તેનો જમાઈ લઘુ વાગ્ભટ નામે પ્રસિધ્ધ હતો. એક વખત તે સસરાની સાથે રાજમહેલે ગયો. પ્રભાતના સમયે (ઉષાકાલે) શ્રી ભોજરાજાના શરીરની ચેષ્ટા જોઈને વૃધ્ધ વાગ્ભટે આજ તમે નિરોગી છો એ પ્રમાણે કહ્યું ત્યારે લઘુ વાગ્ભટે મુખ ફેરવી નાખ્યું તે જોઈને શ્રી ભોજરાજાએ હેતુ પૂછ્યો.... ત્યારે તેણે કહ્યું સ્વામિના શરીરમાં આજ શેષ રાત્રિ બાકી રહે છતે કૃષ્ણ છાયાના પ્રવેશ સૂચિત સ્વપ્નથી ક્ષયરોગનો પ્રવેશ થયો છે. એ પ્રમાણે દેવના આદેશથી જાણ્યું છે. ઈન્દ્રિયોના અગોચર એવા ભાવને કહેતાં તે કલાના કૌશલ્યથી ચમત્કાર (આશ્ચર્ય) પામેલા રાજાએ તે વ્યાધિનો પ્રતિકાર કરવાનું વિચાર્યું. પછી તેણે ત્રણલાખ રૂા. ના ઔષધથી તે વ્યાધિને દૂર કરવાનું કહેતાં તૂર્તજ રાજાના આદેશથી તેટલા ખર્ચ દ્વારા છ મહિને તે ઔષધ તૈયાર કર્યું પછી તે

ઔષધને સંધ્યા સમયે કાચના કુંભ (ઘડા)માં નાખીને રાજાના પલંગ નીચે મૂક્યું. સવારે દેવપૂજા કર્યા પછી તે ઔષધને લેવાની ઈચ્છાવાળા રાજાએ તે ઔષધની પૂજા અને વધામણી કરીને સર્વસામગ્રી તૈયાર કર્યે છતે લઘુ વાગ્ભટે કોઈપણ કારણથી તે કાચના કુંભને ભૂમિપર પછાડીને (ફેંકીને) ભાંગી નાખ્યો. આહ ! આ શું એ પ્રમાણે રાજાએ બોલતાં તેણે પ્રત્યુત્તર આપ્યો. રસાયણની સુગંધથી જ વ્યાધિના જતા રહેવાથી, (વ્યાધિ ન હોવાથી) ફોગટ ધાતુના ક્ષયના કારણ રૂપ તેને રાખવાથી સર્યું હે રાજન્ ! આજ રાત્રિપૂર્ણ થતાં પૂર્વે કહેલી તે કૃષ્ણ છાયા સ્વામિના (તમારા) શરીરને છોડીને દૂર જતી રહી છે. એ તમે જોયું છે. તે માટે તમેજ સાક્ષી છો પછી તેણે કહેલી વાતની ખાતરી (સત્યતા) થી સંતોષ પામવાથી દરિદ્રતાને હરનારું એવું ઈનામ (સારી ભેટ) તેને આપ્યું. પ્રસાદી રૂપે આપ્યું. આ પ્રમાણે આ ઔષધનો બીજો પ્રકાર થયો -૨

વળી કેટલાક ઔષધ અનાટોપ એટલે કે અલ્પમૂલ્યવાળા અને બહુ ગુણવાળા હોય છે. જેમકે મંદ અગ્નિવાળાને ગોળ અને સુંઠનું ઔષધ પથ્ય બને છે. તૂર્તજ તેનાથી અગ્નિ (જઠરાગ્નિ) જલ્દી પ્રદિપ્ત થાય છે. અને શરીરને પુષ્ટિ કરનારું હોવાથી તે ઔષધ અલ્પમૂલ્યવાળું અને બહુગુણવાળું છે. ઉજો પ્રકાર થયો.

વળી બીજા કેટલાક ઔષધ અનાટોપ એટલે કે પૂર્વે કહેલા હેતુવાળા અને અલ્પગુણવાળા હોય છે. જેમકે નવા તાવમાં ગડૂચી ક્વાથ વિ. તે સ્વલ્પ મૂલ્યવાળું સુલભ હોવાના કારણે અનાટોપ કહેવાય છે. નવા તાવના કારણે ઔષધને યોગ્ય ન હોવાથી. કંઈક દાહ, તૃષા વિ. ના ઉપશમરૂપ સ્વલ્પજ ગુણને કરે છે. એ પ્રમાણે ચોથા ઔષધના દૃષ્ટાંતની વિચારણા કરી - ૪.

હવે જે ઘટાવવાનું છે. તે કહે છે. સાવદ્ય અને નિરવદ્યાદિ ભેદો વડે કરીને ધર્મ પણ તેવી જ રીતે પૂર્વે જે રીતે કહ્યું છે. તેમ સાટોપ, અનાટોપ, અલ્પગુણ, બહુગુણ રૂપથી ચાર પ્રકારે છે. તેમાં અવદ્ય સાથે છ કાયાની હિંસાદિરૂપથી જે છે તે સાવદ્ય, દ્રવ્યસ્તવ રૂપ, શ્રી જિનપ્રાસાદ કરાવવો, જીર્ણોધ્ધાર કરાવવો, તીર્થયાત્રા, દેવપૂજા, ગુરુભક્તિ, પદ, પ્રતિષ્ઠા સાધર્મિક

વાત્સલ્યાદિ ધર્મ તે સાવદ્ય, તેનાથી વિપરિત તે અનવદ્ય, ભાવસ્તવાત્મા સામાયિક, પૌષધાદિ ગૃહસ્થ ધર્મ આદિ શબ્દથી અતિશય સહિત આચાર્યાદિમાં રહેલો અને સાધુમાત્રમાં રહેલો શ્રમણ ધર્મ પણ ગ્રહણ કરવો. તેમાં રાજ્ય સન્માન, પૂજા આદિ કરીને સાટોપ એનાથી ઉલ્ટું અનાટોપ. તેવીરીતે આદિ શબ્દથી મિથ્યાત્વ, અને સમ્યક્ત્વપણા વિ. ના ભેદોપણ જાણવા.

હવે તેની વિચારણા કરે છે. પહેલા ઔષધની જેમ સાવદ્ય જિનપૂજાદિ કોઈક ધર્મ સાટોપ જાણવો. સારા એવા દ્રવ્યના ખર્ચથી સાધ્ય થતો હોવાથી અને લોકો (જન) માં પ્રસિધ્ધ અને મહિમાની વૃધ્ધિનું કારણ હોવાથી સાટોપ જાણવો. અને ઈર્ષ્યા, સ્પર્ધાદિ થકી હીનફલ પણાનું કારણ હોવાથી અલ્પગુણ વાળો જાણવો. કહ્યું છે કે.... ઈર્ષ્યા, શિથિલતા, કદાગ્રહ, ક્રોધ, સંતાપ, પશ્ચાતાપ, દંભ, અવિધિ, ત્રણગારવ, પ્રમાદ, માન, કુગુરુ, કુસંગતિ, પ્રશંસાની ઈચ્છા આ પુણ્યકાર્યમાં દોષ (મલ) છે. આવા પ્રકારના મલ (દોષ) વડે કરીને જ મલિન કરેલ પુણ્ય કાર્ય મહાન હોવા છતાં પણ હીનફલને આપનારું થાય છે. જેવી રીતે કુન્તલારાણીનું જિનપ્રાસાદિ બનાવવાનું પુણ્ય ઈર્ષ્યાના કારણે ભવાન્તરમાં કુતરીપણું આપનારું બન્યું ઈતિ **પહેલો ભેદ.....૧.**

બીજા ઔષધરૂપ બીજોધર્મ પૂર્વે કહેલા કારણથી સાવદ્ય તીર્થયાત્રાદિ કંઈક સાટોપ અને બહુગુણવાળો જાણવો ઈર્ષ્યાદિથી રહિત અને વિધિપૂર્વક કરેલો ધર્મ તીર્થંકર પણા સુધી, શિવ (મોક્ષ) પદના ઐશ્વર્ય સુધી અથવા સંપૂર્ણસુખના ફલને આપનાર હોવાથી બહુગુણવાળો જાણવો. જેવીરીતે નિત્ય નૂતન ૧૦૮ સુવર્ણના જવ વડે સ્વસ્તિક રચવા આદિ વિધિ વડે કરેલ શ્રેણિક રાજાનો શ્રી જિનપૂજા રૂપ ધર્મ, શ્રી કૃષ્ણરાજાનો દીક્ષાની ઈચ્છાવાળાનો દીક્ષા મહોત્સવ કરવા વિ. રૂપ ધર્મ, શ્રી દર્શાર્ણભદ્રનો શ્રી વીરપ્રભુને વંદન કરવા રૂપ ધર્મ, શ્રી ભરતચક્રવર્તિ, શ્રી દંડવીર્યરાજા વિ. નો શ્રી તીર્થયાત્રા જિનપ્રાસાદ અને સાધર્મિક ભક્તિ વિ. કરવા રૂપ ધર્મ બહુ ગુણવાળો જાણવો. ઈતિ **બીજોભેદ ૨.**

વળી ત્રીજા ઔષધની જેમ નિરવદ્ય સામાયિક, પૌષધાદિ ધર્મ અનાટોપ

જાણવો. કારણ કે બહારના લોકોમાં તેવા પ્રકારની પ્રસિધ્ધિનું કારણ ન હોવાથી અનાટોપ ધર્મ જાણવો. તેમાં પણ કોઈક ધર્મ પ્રમાદાદિ દોષથી કલુષિત પણાના કારણે, અલ્પફલને આપવાના કારણે, અલ્પગુણવાળો ધર્મ છે. જેમ વિસઢ શ્રાવકનો વિકથા પ્રમાદથી કલુષિત સામાયિક ધર્મ, માર્દંગિકાનો ધર્મ અલ્પઋધ્ધિવાળું દેવપણું આપવાથી અલ્પફળવાલો ધર્મ કહ્યો છે. ઈતિ **૩ જો (ત્રીજો) ભેદ થયો.**

વળી બીજો બહુગુણવાલો ધર્મ પ્રમાદ વિ. થી કલંક રહિત હોવાથી બહુગુણ... જેમકે વિકથાદિ પ્રમાદ વગરનો સામાયિક ધર્મ નિસઢ શ્રાવકને દેવેન્દ્રપણું અને મહાઋધ્ધિને આપનાર બન્યો હોવાથી બહુગુણ ધર્મ થયો ઈતિ **૪થો (ચોથો) ભેદ થયો.**

હવે યતિધર્મને આશ્રયીને એજ ચતુર્ભંગીને વિચારે છે. યતિધર્મ સાટોપ છે. તીવ્રતપ, અનુષ્ઠાનાદિ યુક્ત, તુર્તજ મહાઋધ્ધિ, ત્યાગાદિ લક્ષણરૂપ મહાસત્વશાલી પણાના સ્વીકારથી, દેવોને પણ આશ્ચર્યકારી બનવાથી સાટોપ, પરંતુ ક્રોધ, ઈર્ષા, અવિધિ, ગુરૂ, દેવની આજ્ઞાની વિરાધના કરવાથી કલુષિત થવાના કારણે અલ્પગુણ કરનારો બને છે. જેમકે નદીને કાંઠે તીવ્ર તપ કરતાં કુલવાલક મુનિનો તપધર્મ, અલ્પગુણવાલો થયો. ખરેખર તેનો તેવા પ્રકારનો પણ તપ ગુર્વાજ્ઞાની વિરાધનાને કારણે નિષ્ફળ થયો-ગયો.

કહ્યું છે કે છઠ્ઠ, અઠ્ઠમ, ચાર, પાંચ, પંદર, માસક્ષમણ, કરનાર પણ ગુરૂના વચનને નહીં સ્વીકારનાર અનંત સંસારી થાય છે. ॥૧॥

વળી કોઈક યતિધર્મ પૂર્વે કહેલ હેતુથી સાટોપ અને પ્રમાદાદિ દોષ (મલ) થી રહિત હોવાથી બહુફલને આપનારો બને છે. જેમકે સનત્કુમાર ચક્રી, ધન્યકુમાર, શાલિભદ્રાદિ મહર્ષિઓનો ધર્મ બહુફલને આપનારો થયો.

કોઈક યતિધર્મ તેવા પ્રકારના તપ-કષ્ટાદિથી રહિત હોવાથી અનાટોપ અને અલ્પ ફલદાયક છે. દા.ત. સંપ્રતિ રાજાના પૂર્વભવ દ્રમકઋષિની જેમ વળી અપર (બીજો) અનાટોપવાળો હોવા છતાં પણ મહાફલને આપનારો હોય છે. કૂરગડૂક મુનિની જેમ અથવા વિદ્યા મંત્રાદિની સિધ્ધિ, વિવિધ લબ્ધિ, સૂર નરેન્દ્રથી સેવ્ય, રાજપૂજ્યતાદિથી યતિધર્મની સાટોપના અને

પ્રમાદાદિએ કરી તે યતિ ધર્મને કલુષિત કરવાના કારણે અલ્પગુણપણું જાણવું દૃષ્ટાંત તરીકે મથુરાવાસિ મંગુઆચાર્ય પહેલા ભંગમાં, શ્રી વજ્રસ્વામિ વિ. બીજાભંગે, આગળ બે ભંગના દૃષ્ટાંતો સ્પષ્ટ કહ્યા છે. અથવા મિથ્યાત્વ યુક્ત તીર્થયાત્રાદિ. ધર્મ સાટોપ અને અલ્પગુણવાળો થાય છે. જેમકે સેચનક હાથી પૂર્વભવના બ્રાહ્મણનો લાખ બ્રાહ્મણને ભોજન કરાવવા વિ. રૂપધર્મ, જૈનતીર્થ યાત્રાદિ ધર્મ સાટોપ અને બહુગુણવાળો છે. જેમ શ્રી ભરતાદિનો ધર્મ.

સંધ્યા, વંદનાદિ વડે મિથ્યાદૃષ્ટિને ગમતો (માન્ય) ધર્મ અનાટોપ અને અલ્પફલવાળો જાણવો. જૈનોનો સામાયિકાદિ ધર્મ તો અનાટોપ અને મહાફલને આપનારો છે. અને પૂર્વના દૃષ્ટાંતો અહીંયાં જાતેજ યોજવા-કહેવા.

શ્લોકાર્થ :- હે ભવ્યો ! ભવ ઉપર જયરૂપ લક્ષ્મીને માટે ચારપ્રકારના ઔષધવાળા દૃષ્ટાંતથી ધર્મને જાણીને શુધ્ધ એવા ધર્મમાં પ્રયત્ન કરો..... ઉલ્લસિત બનો ॥૧॥

॥ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે ૮ મો તરંગ પૂર્ણ ॥

પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (તરંગ-૯)

શ્લોકાર્થ :- જેવીરીતે ઔષધને વિષે શક્તિ - (વીર્ય) હોય છે. તેવીરીતે ધર્મને વિષે ભાવ વિશુધ્ધિ જરૂરી છે. મોહ ઉપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે ભાવની વિશુધ્ધિપૂર્વક ધર્મને કરો ॥૧॥

યતઃ :- અલ્પ, બહુ અને અલ્પ બહુગુણરૂપે જેવીરીતે ઔષધ ચાર પ્રકારે થાય છે. તે પ્રમાણે પાપના ત્યાગવાળો વિશુધ્ધ ભેદવાળો ધર્મ ચાર પ્રકારે થાય છે ॥૨॥

વ્યાખ્યા :- અર્થસ્પષ્ટ છે. પરંતુ વિપરિત પણાથી અને અવિશુધ્ધિ ભેદથી પાપ પણ ચાર પ્રકારે થાય છે.

હવે તેની વિચારણા કરે છે :- જેવી રીતે કોઈક ગોળ સૂંઠ આદિ ઔષધ અલ્પમાત્રા સાથે મરી વિ. થી યુક્ત થોડા દિવસના સેવનથી અને અલ્પ માત્રાના પ્રમાણથી ગુણ કરવામાં સમર્થ હોવાથી અલ્પ ગુણવાળું જાણવું ॥૧॥

વળી બીજું ઔષધ રસાયણાદિરુપ માત્રા સાથે અલ્પ મરી વિ. થી યુક્ત અલ્પ જ અને અલ્પ દિન સેવવાના કારણથી અલ્પ પરંતુ મહાશક્તિવાળું હોવાથી સ્વલ્પ હોવા છતાં પણ બહુગુણ કરવામાં સમર્થ હોવાથી બહુ ગુણવાળું છે..... (૨)

ત્રીજુ ઔષધ ગોળ અને સૂંઠ વિ. ઘણા ટંક પ્રમાણ (સુધી) સેવ્યમાન હોવાથી અથવા ઘણા દિવસ સુધી સેવી (લઈ) શકાતું હોવાથી અને તેવા પ્રકારની વિધિથી રહિત હોવાથી અને અશુધ્ધપણાને કારણે ઔષધનું અલ્પગુણ સમજવું.

ચોથું ઔષધ તો પૂર્વની જેમ ઘણું શુધ્ધ અને વિધિપૂર્વક સેવવાના કારણે બહુગુણવાળું છે. ઈતિ દૃષ્ટાંતની વિચારણા થઈ.

હવે જેના પર ઘટાવવાનું છે તે કહે છે. કોઈક ધર્મ પણ નવકારમંત્રને ગણવાથી, શ્રવણ કરવાથી, શ્રી જિનને નમસ્કારાદિ કરવા માત્રથી સ્વલ્પ ધર્મ હોય છે. અથવા ધનાદિ વિના પણ સુખપૂર્વક સાધ્ય હોવાથી સ્વલ્પ સમજવો. સ્વલ્પ ભાવપણાના કારણે સ્વલ્પગુણવાળો સમજવો. જેવી રીતે સમડીનું નમસ્કાર મહામંત્રનું સ્મરણમાત્ર, ઘરડી ડોશીનો સામાયિક ધર્મ, શ્રી સંપ્રતિ મહારાજાનું પૂર્વભવના દ્રમક (ભીખારી) નું અવ્યક્ત (ભાવવિનાનું) દ્રવ્ય સામાયિક, શ્રી સાતવાહન રાજાએ મૂલિકાવાહક નામના પૂર્વ ભવમાં કરેલું લોટનું દાન, સુંદરશ્રેષ્ઠિનું અન્યની પ્રેરણાથી અપાયેલું દાન, ક્ષત્રીયનો પાંચજીવોના રક્ષણ રૂપ ધર્મ ઈત્યાદિ.

જિન નમસ્કાર, દાન, સામાયિકાદિ સ્વલ્પ જ ધર્મ ક્યારેક વિશેષ ભાવ શુધ્ધિના કારણે બહુગુણવાળો થાય છે. સ્વર્ગ, મોક્ષાદિ ફલ આપતો હોવાથી, જેમ ઘરડી ડોશીનો સિન્દુવાર (પારિજાત) પુષ્પવડે શ્રી વીરજિનની પૂજાનો પરિણામ, જીર્ણશ્રેષ્ઠિનો દાન પરિણામ, મૂલદેવનું અને ચંદનાનું અડદના બાકુલાનું દાન, સંગમનું એકવારનું ખીરનું દાન, શ્રી પુણ્યાઢ્ય રાજાનું પૂર્વભવે મુનિના નેત્રમાંથી કંટક (શલ્ય)નું ઉધ્ધરણ, કેશરી ચોરનું સામાયિક, શ્રી

શીતલાચાર્યનું વંદનનું અનુષ્ઠાન ઈત્યાદિ સંગમ અને મુલદેવને અંતર વિના (બીજે જ ભવે) તેવા પ્રકારની સમૃધ્ધિ, રાજ્યાદિ મલવા છતાં પણ સિધ્ધિસુખના ફલને આપનાર હોવાથી મહાફલપણું જાણવું ॥૨॥

વળી કોઈક ધર્મ અત્યંત દ્રવ્યના વ્યયથી સાધ્ય હોવાથી ઘણા દિવસ સુધી સાધવા વડે અથવા ઘણા કષ્ટમય હોવાના કારણે ભાવની શુધ્ધિ રહિતપણાના કારણે અલ્પ - ભોગ સુખાદિ ફલ આપતો હોવાથી અલ્પ ગુણયુક્ત સમજવો. હંમેશા લાખ સુવર્ણને આપનાર શ્રેષ્ઠિ, લાખોને ભોજન કરાવનાર બ્રાહ્મણ વિ., તામલીતાપસ અને કોણિકરાજાનો પૂર્વભવ, તાપસ વિ. નો ધર્મ અલ્પગુણ કારક સમજવો. અહીંયા તે ઉદાહરણ આપવા (યોજવા) તેઓની ભાવશુધ્ધિ રહિતપણું અને સમ્યક્ ધર્મ, અધર્મ, પાત્ર - અપાત્ર જીવાદિ તત્ત્વનું જ્ઞાન ન હોવાથી અલ્પગુણ વાળો ધર્મ સમજવો. (જાણવો) ॥૩॥

ચોથો ધર્મ શ્રી જૈન તીર્થયાત્રા, પ્રાસાદ બનાવવા વિ. તેવા પ્રકારના તપ-કષ્ટ અનુષ્ઠાનાદિ પૂર્વના હેતુથી બહુ સમજવો. ભાવશુધ્ધિ પૂર્વક કરાતો ધર્મ સ્વર્ગ અને મોક્ષાદિ સુધીના ફલને આપતો હોવાથી બહુફલ ગુણવાળો સમજવો જેમકે ભરતચક્રવર્તિ આદિનો ધર્મ, શ્રી કુમારપાલ, વસ્તુપાલ મંત્રી વિ. નો ધર્મ, અને શ્રી વીર-પરમાત્માનો પૂર્વભવ લાખવર્ષ સુધી નિરંતર માસક્ષમણ કરનાર નંદન મહાઋષિ વિ. નો ધર્મ. બહુગુણ જાણવો.

હવે એજ ચતુર્ભંગી પાપને આશ્રયીને વિચારે છે. કોઈક પાપ સ્વલ્પ હોય છે. માત્રદુર્વચનાદિના કારણે ઉત્પન્ન થવાથી અથવા સ્વલ્પજીવહિંસાદિ થવાથી થતું પાપ તે સ્વલ્પ પાપ અને સ્વલ્પ ફળ આપનારૂં થાય છે. સ્વલ્પ જ અવિશુધ્ધિ ક્રોધાદિ કરવા થકી અલ્પ જ અશુભ ફળ આપતું હોવાથી સ્વલ્પફળવાળું કહેવાય છે.

જેવી રીતે તને શું શૂળી પર ચઢાવી હતી ? તારા હાથ શું કપાઈ ગયા હતા ? માતા અને પુત્રના આવા વચનોથી તેમને થોડું પાપ અને થોડું ફલ પ્રાપ્ત થયું.

બીજાના ક્ષેત્રમાં પ્રવેશતાં મુસાફરોને જોઈને મારા ક્ષેત્રમાં જો આ પ્રવેશ

કરશે તો હું આ વડના વક્ષપર લટકાવીશ. મિત્રોના આવા વચનો હતા. નાના સાધુ પ્રત્યે દેડકી મારનાર સાધુનો ક્રોધ, વામનસ્થલી શ્રાવકનો પુત્રો પ્રત્યેનો ક્રોધ, મેતાર્યાદિનો જાતિનો મદ ઈત્યાદિ આવા પ્રકારના વચનો વિ. નું પરલોકમાં શૂળીપર ચઢવાનું (ફાંસીનીસજા) અને હાથ કપાવવા વિ. ફલ સ્વલ્પ જ જાણવું.

કહ્યું છે કે વધ, મરણ, આળ (કલંક) આપવું વિ. બીજાના ધનને લૂંટી લેવું. એક વખત કરેલાનું દશગણું ફલ મલે છે. ઈત્યાદિ પ્રથમો **ભંગ.....૧**

કોઈક પાપ સ્વલ્પ હોય છે. અને બહુદોષવાળું હોય છે. તીવ્ર અશુભ અધ્યવસાય વડે કરવાથી, બીજાને બહુપીડા આદિનું કારણ હોવાથી ઘણાંઓને પાપપ્રવૃત્તિનું કારણ હોવાથી અથવા જિનાજ્ઞાનું ઉલ્લંઘન આદિ કરવાથી બહુ દોષવાળું પાપ જાણવું.

દા.ત. તંદુલ મત્સ્યનો અંતર્મુહૂર્ત માત્ર હિંસાનો પરિણામ, "કુણાલામાં હે મેઘ તું વરસ" ઈત્યાદિ કરી કરટઉત્કરટ મુનિના વચનો, કપીલ ! અહીંયા અને ત્યાં પણ ધર્મ છે એવા મરીચિના વચનો, પ્રાસુક પાણીથી મારુ શરીર નાશ પામ્યું છે. ઈતિ એકવારનું વચન, પૂર્વ કર્મના કારણે ઉત્પન્ન થયેલ કોઢ રોગવાલી રજ્જા આર્યાનું વચન, અજ શબ્દના અર્થના વિષયમાં વસુરાજાની જુઠી સાક્ષી, (જુઠું બોલવું) રાવણ રાજા અને ગર્દભિલ્લ રાજા વિ. નો પર સ્ત્રી પરનો રાગ, લક્ષ્મણા સાધ્વીનું માનસિક સુક્ષ્મરાગનું પાપ અને સાગર અને સંકાશ શ્રેષ્ઠિ વિ. નું જિનદ્રવ્યના લેશ માત્ર સ્પર્શનું પાપ તેમાં રજ્જા સાધ્વીનો સંબંધ મહાનિશીથમાં કહેલો છે તે સંક્ષેપથી કહીએ છીએ.

રજ્જા સાધ્વીનું દ્રષ્ટાંત

અગીતાર્થપણાના દોષથી સારાસારને નહિ જાણતી રજ્જા સાધ્વીએ વચનદ્વારા જે પાપ ઉત્પન્ન કર્યું ॥૧॥

તેનાથી તે અધન્યાએ નારક - તીર્યંચ, હીનજાતિ (મનુષ્ય) માં જે જે પીડા સહી તે સાંભળીને કોણ ધીરજ ધરે ?

હે ભગવન્ તે રજ્જા સાધ્વી કોણ છે. ? વચન માત્રથી તેણે કયું પાપ મેળવ્યું. જેનો વિપાક આ પ્રમાણે વર્ણવાય છે ? એ પ્રમાણે કહેતાં (પૂછતાં) ભગવાને કહ્યું.... હે ગૌતમ ! આજ ભરતક્ષેત્રમાં ભદ્રનામના આચાર્ય થયા હતા. તેને પાંચસો સાધુઓ અને બારસો સાધ્વીઓ હતી. તેના ગણ (સમુદાય)માં ત્રણ પ્રકારનું પાણી હતું. ત્રણ ઉકાળાવાળું, ખટાશયુક્ત અને ધોવણનું પાણી ચોથા પ્રકારના પાણીનો ઉપયોગ ન હતો. એક વખત રજ્જા નામની સાધ્વીનું શરીર પૂર્વકર્મના પ્રભાવથી થયેલા કોઢ રોગના કારણે બગડી ગયું. (બગડ્યું) તે જોઈને બીજી બધી સાધ્વીઓએ કહ્યું, 'હે દુષ્કર તપ વિગેરે કરનારી ! આ શું થયું છે. પછી તેણે (રજ્જાસાધ્વીએ) પાપના ડર વિના કહ્યું કે આ પ્રાસુક જલ પીવાથી આ રોગ થયો છે તે સાંભળીને બધી સાધ્વીને ક્ષોભ થયો અને તેઓએ પ્રાસુક જલ છોડી દીધું. તેમાં એક સાધ્વીએ ચિંતવ્યું જો મારું શરીર હમણાં જ નાશ પામે તો પણ આ પ્રાસુક જલ હું નહિ છોડું. વળી આ સત્ય નથી કે આનું શરીર પ્રાસુક જલથી નાશ પામ્યું (બગડ્યું) હોય. કારણ પૂર્વે કરેલા કર્મોદયના કારણે કુષ્ટાદિ રોગ થાય છે. તેથી અહો ! અજ્ઞાન દોષથી હણાયેલી લજ્જા વિનાની આને મહાપાપરૂપ કર્મ વડે ઘોર દુઃખને આપનાર આવા પ્રકારના દુષ્ટવચન કહ્યા-બોલી ઈત્યાદિ ચિંતવન કરતી એવી તેણે વિશેષ પ્રકારની વિશુધ્ધિથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું દેવોએ કેવલજ્ઞાનનો મહિમા કર્યો..... પછી દેશના પૂર્ણ થયે નમસ્કાર કરીને રજ્જાસાધ્વીએ કેવલી ભગવાનને પૂછ્યું. હે.... ભગવન્ કયા કર્મના કારણે હું કોઢાદિ રોગનું ભાજન બની છું.

કેવલી ભગવંતે કહ્યું..... સાંભળ તેં રક્તપિત્તથી દુષિત સ્નિગ્ધ આહાર આ કંઠ સુધી ખાધો હતો અને તે વળી કરોળીયાથી મિશ્રિત હતો. તે કારણે આ થયેલ છે વળી બીજું તેં મોહ વશના કારણે નાકનો મેલ અને મુખની લાળથી ખરડાયેલા શ્રાવકના પુત્રના મુખને સચિત્ત પાણીથી ધોયું હતું તે શાસન દેવતાથી સહન ન થયું. તેથી બીજાને પણ તેવા પ્રસંગથી પાછા

પાડવા માટે તારા તે કર્મના ફલને કોઢાદિ રોગ કરવા થકી બતાવ્યું. તેથી તારૂં શરીર નાશ પામ્યું (બગડ્યું) છે. પરંતુ પ્રાસુક જલથી નહિ.

પછી આ સાચું જ છે ખોટું નથી એ પ્રમાણે ચિંતવીને તેણે કહ્યું. 'હે ભગવન્ ! જો હું જેવું કહું છું. તેવું પ્રાયશ્ચિત કરું તો મારું શરીર સારું થશે ? ત્યારે કેવલી ભગવંતે કહ્યું હે દુષ્કર કરનારી ! હું તને પ્રાયશ્ચિત આપું છું. પરંતુ તેનું પ્રાયશ્ચિત જ નથી જેથી તારી શુધ્ધિ થાય. કારણ કે તેં સાધ્વીઓની આગળ પ્રાસુક પાણીથી મારું શરીર નાશ પામ્યું છે. એ પ્રમાણે કહ્યું હતું અને આ મહાપાપકારી તારું વચન સાંભળીને બધી સાધ્વીઓ ક્ષુબ્ધ થઈ ગઈ હતી (ચોંકી ઊઠી હતી) આ વચનના દોષથી (કારણે) તેં જે કાંઈ કટુ વિપાક આપનારું પાપ કર્યું છે તે તારે કોઢ, ભગંદર, જલોદર, વાયુપ્રકોપ, ગુલ્મ, દમ, મસા, ગણ્ડમાલાદિ અનેક વ્યાધિ વેદનાથી યુક્ત શરીરથી, દારિદ્રય, દુઃખ, દૌર્ભાગ્ય, દુર્ગતિ, અપયશ, આળ (કલંક) સંતાપ, ઉદ્વેગ, દાહ, દીર્ઘકાલે કરી, અનંતભવ સુધી દરરોજ ભોગવવું પડશે. આ પ્રમાણે દુર્વચનના વિપાકમાં રજ્જાસાધ્વીનો સંબંધ જાણવો.

આ બીજા ભંગના પાપનું બહુદોષપણું અને વારંવાર ઘણીવાર સાતમી નરકસુધીનું ગમનાદિ અનંત ભવ સુધી દુઃખ આપવા પણા વિ. નો **બીજોભંગ થયો ॥૨॥**

વળી કોઈ પાપ બહુ જન્તુને મારવાથી ઉત્પન્ન થતું હોવાથી અનલ્પ પાપ હોય છે. અલ્પઅવિશુધ્ધિથી ઉત્પન્ન થતું હોવાથી અલ્પદોષવાળું હોય છે.

દા.ત. જેમકે કાલિકાચાર્યનું સરસ્વતીને વાળવા માટે તેવા પ્રકારનું આરંભ આદિનું પાપ અને અલ્પદોષવાળું પાપ તે ઈરિયાવહી રૂપ પ્રતિક્રમણ માત્રથી શુધ્ધ થતું હોવાથી અલ્પદોષવાળું સમજવું ઈતિ **ત્રીજો ભંગ.**

વળી કોઈપાપ બહુ ઘણા, અતિ ઘણા જીવોની વિરાધના (હિંસા)થી ઉત્પન્ન થતું હોવાથી અને બહુ દોષ કરનારું છે. જેમકે કાલસૌકરિકનું બ્રહ્મદત્ત ચક્રવર્તી વિ. નું પાપ **ચોથો ભેદ થયો ॥૪॥**

શ્લોકાર્થ :- એ પ્રમાણે સમસ્ત આપત્તિ ઉપર જય રૂપ લક્ષ્મીની ઈચ્છા હોય તો પુણ્ય-પાપના ભાવથી ઊંચા ફલ વિશેષ જાણીને શિઘ્ર શુધ્ધ ભાવને ભજ (ધર) ॥૧॥

॥ ઈતિ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ થા અંશે ॥

॥ ૯ મો તરંગપૂર્ણ ॥

પકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (તરંગ-૧૦)

શ્લોકાર્થ :- પાપરૂપ શત્રુપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે અને અખંડ સુખની જો ઈચ્છા હોય તો સત્વશાલી (સત્વયુક્ત) શુધ્ધ ભાવધર્મને સારી રીતે આદરો. (આચરો) ॥૧॥

યતઃ (૧) વિદ્યા (૨) ચક્રી (૩) રસ અને તેનાથી (૩) વિરુધ્ધ (૧) આમ્રતરુ (૨) ડાંગર અને (૩) વૈદ્ય.... જેવી રીતે શીઘ્ર અને અશીઘ્ર ફલને આપે છે. તેવી રીતે નિયમાદિથી યુક્ત અને અયુક્ત ધર્મ ફલને આપે છે. ॥૨॥

વ્યાખ્યા :- વિદ્યા, ચક્રી, રસ અને વિરુધ્ધ એ પ્રમાણે છ ભેદો છે. તેના સંબંધથી યુક્ત આમ્રતરુ, શાલી (ડાંગર) વૈદ્ય જેવી રીતે ક્રમિક શીઘ્ર - અશીઘ્ર ફલવાળા થાય છે. તેવી રીતે નિયમાદિથી યુક્ત કે અયુક્ત ધર્મો પણ શીઘ્ર કે અશીઘ્ર ફલને આપે છે. ઈતિ સંબંધ.

તેમાં વિદ્યા અને આમ્રતરુ (આંબાનું ઝાડ), મંત્રવાદિ વડે કોઈક રાજસભા વિ. માં માટીના ઢગલામાં આમ્રબીજને રોપી જલસિંચવા થકી વિદ્યાના કારણે જલ્દી આમ્રતરુ મોટાપણાને પામ્યું ॥૧॥

ચક્રી અને શાલી :- ચક્રવર્તિ સંબંધી કાશ્યપ રત્નદ્વારા, હાથનો સ્પર્શ ૧૨ યોજન વિસ્તારવાળા થયેલા ચર્મરત્ન વડે પ્રભાતે વાવેલ ડાંગર મધ્યાહ્ન સમયે લણે છે. રસ અને વૈદ્ય એટલે રસાયણથી થતી ચિકિત્સા જેવી રીતે આ

ત્રણે શીઘ્ર પોત પોતાના ફલને આપનારા છે. તેવી રીતે નિયમ વડે અને આદિ શબ્દથી સત્વ વડે યુક્ત ધર્મ ઈચ્છિત ફલને આપનાર બને છે.

દા. ત. જેવી રીતે દેવપાલ, કપર્દિક, ચનક શ્રેષ્ઠિ વિ. નો દેવપૂજારૂપ ધર્મ શીઘ્ર રાજ્યાદિ ફલ આપનાર થયો. મૂલદેવ, ભદ્રશ્રેષ્ઠિ વિ. નો દાનધર્મ, સુદર્શન શ્રેષ્ઠિનો શીલ ધર્મ, ગજસુકુમાલ, ઢંઢણકુમાર અને નાગકેતુ શ્રેષ્ઠિ વિ. નો તપ ધર્મ સ્વર્ગ, મોક્ષાદિ ફલને આપનાર થયો. ઈત્યાદિ ॥

શ્લોકાર્થ :- હે પંડીતો ! કર્મરૂપ શત્રુપર જયરૂપ લક્ષ્મી માટે આ પ્રમાણે (આવા) નિયમથી યુક્ત ધર્મના આવા શીઘ્ર ફલ રૂપવૈભવને સાંભળીને તેમાં નિત્ય આદરવાળા થાઓ ॥૧॥

: પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે :
॥ ૧૦ મો તરંગ પૂર્ણ ॥

પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે (તરંગ-૧૧)

પૂર્વ ગાથામાં કહેલા અર્થને જ શંકા દૂર કરતાં એક દૃષ્ટાંત વડે કહે છે :- જેવી રીતે ચકીના ચર્મ ઉપર ડાંગર તત્કાલ ફળે છે. તેવી રીતે સાત્વિક ભાવથી શુધ્ધ એવો ધર્મ તત્કાલ અક્ષયસુખને આપનારો બને છે. વ્યાખ્યા સ્પષ્ટ છે. દૃષ્ટાંત વિ. પૂર્વની જેમ સમજવા.

: ઈતિ પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ અંશે :
॥ તરંગ ૧૧ પૂર્ણ ॥

શ્લોકાર્થ :- પ્રભુત્વ અથવા પ્રભુબલ અથવા સંપદા આદિ સામર્થ્યને પામીને શત્રુ ઉપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે જિનધર્મમાં ઉજમાળ બનો ॥૧૫॥

યત :– જિનતીર્થ, ને જિનભક્ત રાજા, મંત્રી, બલવાન શ્રાવક અને સાતિશય ચારિત્રી એ પાંચ જિનશાસનનો ઉદ્યોત કરનારા છે.

વ્યાખ્યા :- સ્પષ્ટ છે. પરંતુ જિનનું તીર્થ સામાન્યથી પ્રાસાદ, પ્રતિમા, કલ્યાણક ભૂમિ આદિ રૂપ અથવા પ્રભાવશાલી સ્થાન રૂપ શ્રી શત્રુંજયાદિ ચતુર્વિધિ સંઘ તેમાંજ પ્રભાવશાલી અનેક ભવ્ય પ્રાણિઓના દર્શનથી પણ દુષમ (ઘોર) મિથ્યાત્વ રૂપ અંધકારને દૂર કરવા થકી બોધિ (સમ્યક્ત્વ) ના પ્રકાશનું કારણ છે.

''જિનભક્તરાજા'' સંપ્રતિરાજા, કુમારપાલ વિ. જિનભક્ત મંત્રી ઉદયન, અંબડ, બાહડ, વાહડ, શ્રી વસ્તુપાલ, શ્રી પૃથ્વીધરાદિ, જિનભક્ત બલવાન શ્રાવક સા. જગડૂશા, સંઘવી આભૂ, સા જગસી, સા મુહણસિંહ, શા. ભીમ, શા. સમર, સા સારંગ, સા. સાચા, સા. ભીમ, સા. ગુણરાજ સંઘવી. પ્રથમા, સા. ગોવિંદાદિ અને સાતિશય ચારિત્રી શ્રી ભદ્રબાહુ, સ્થૂલભદ્ર, શ્રી આર્યસુહસ્તિ, શ્રી વજ્રસ્વામિ, શ્રી આર્યખપુટ, શ્રી વૃધ્ધવાદિ, શ્રી સિધ્ધસેન દિવાકર, શ્રી પાદલિપ્તસૂરિ, શ્રી બપ્પભટ્ટસૂરિ, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી માનતુંગસૂરિ, શ્રી માનદેવસૂરિ, શ્રી વાદિદેવસૂરિ, શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી અભયદેવસૂરિ, શ્રી જીવદેવસૂરિ, શ્રી યશોભદ્રસૂરિ, જગતચંદ્રસૂરિ, ધર્મઘોષસૂરિ, જિનપ્રભુસૂરિ વિ. ના સંબંધો (જીવન ચરિત્રો) પ્રાયઃ પ્રસિધ્ધ છે. તેથી અહીંયા લખ્યા નથી. યથા યોગ્ય સ્વયં જાણી લેવા... વાદિવેતાલ, શાન્તિસૂરિ, શ્રી સૂરાચાર્ય, શ્રી વીરાચાર્યાદિ બીજા પણ પ્રભાવકોના (ચરિત્રો) દૃષ્ટાંત રૂપે કહેવા.

શ્રી વીરાચાર્યનું દૃષ્ટાંત

કંઈક વિસ્તારિત કરે છે. શ્રી અણહિલપુર પાટણમાં શ્રી કર્ણરાજા રાજ્યને કરે છે. એક વખત વાદિ સિંહ નામનો સાંખ્યવાદિ ત્યાં આવ્યો. પત્રમાં તેનો આ પ્રમાણે શ્લોક હતો ઊંચા હાથ કરીને રાડ પાડે છે. કે જેની શક્તિ હોય તે આવો. મારા જેવો વાદિ વાદિસિંહ હોવે છતે મહાદેવ પણ એક અક્ષરને જાણતો નથી. એટલે કે મહાદેવ પણ મારી સામે બોલી શકે તેમ નથી. શ્રી કર્ણના બાલમિત્ર શ્રી વીરાચાર્ય, અને કલાગૂરૂ ગોવિંદાચાર્ય છે. તેઓની પાસે ગુપ્તવેશે આવીને રાજાએ પૂછયું. હે ભગવન્ ! વાદિસિંહની સાથે વાદ કરશો ? ત્યારે ગોવિંદાચાર્યે કહ્યું સભાની અંદર સવારે વીર તેને જીતશે. સવારે રાજાએ વાદિસંહને બોલાવ્યો ત્યારે તે વાદિએ વિચાર્યું અને બોલ્યો નિસ્પૃહપણાના દંભથી અમે ત્યાં નિઃસંગ કેવી રીતે જઈએ ? જો રાજા ને કૌતુક (જોવાની ઈચ્છા) હોય તો ચાલીને અહીંયા આવશે રાજાએ કોતુકથી તેમજ કર્યું. સભ્યતાથી બોલાવેલા ગોવિંદાચાર્ય આવ્યા અને બીજા પણ વીરાચાર્ય વિગેરે વિદ્વાનો આવ્યા.

રાજાએ કહ્યું કે અત્યારે વક્તા કોણ છે ? વાદ કરનાર કોણ છે ? શ્રી ગોવિંદાચાર્યે કહ્યું..... શ્રી વીરાચાર્ય.

સાંખ્ય બોલ્યો :- આ દૂધની ગંધના મુખવાળો (બાલક) મારી સાથે શું બોલશે અર્થાત્ શું વાત કરશે ?

રાજા બોલ્યો :- તારા આ ધતુરાથી ચઢેલા મદને આ દૂધથી જ દૂર કરાશે (થશે)

એ પ્રમાણે સાંભળીને માથા ઉપર ઊંચા હાથ કરી સૂતેલાની જેમ મૂકી અવહેલના કરી. તે પછી વીરાચાર્ય બોલ્યા - ગદ્યથી કે પદ્યથી હું બોલું ? છન્દ અલંકાર પણ કહે.

સાંખ્ય બોલ્યો :- હે બાલક ! ગુજરાતનો આડંબર મારી પાસે ન કર.

જો તારી પાસે શક્તિ જ છે. તો મત્તમયૂર છંદથી અને નિહ્નવ અલંકારથી બોલ.

વીરાચાર્ય બોલ્યા :- વાણીરૂપી દેવીની (સરસ્વતી) તારાથી કે મારાથી આશાતના ન કરાય (થાય) એ પ્રમાણે કહીને કોઈપણ જાતનો વાદ કરતાં પહેલાં ઊભા થઈને સામો ઉપન્યાસ કર્યો. સાંખ્યતો તે આસન પર બેસી રહ્યો. શ્રી વીરાચાર્ય મત્તમયૂર છંદે અને નિહ્નવ અલંકારે કરીને અટક્યા ત્યારે સર્વાનુવાદ કરવામાં અશક્ત સાંખ્ય બોલ્યો :

હું સર્વાનુવાદના ઉપન્યાસમાં શક્તિશાળી નથી પછી રાજાએ હાથ પકડીને તેને જમીન પર પાડ્યો જો બોલવામાં શક્તિ નથી તો આસન પર બેસીને કેમ બોલે છે. ? ત્યારે કવિરાજ શ્રીપાલ બોલ્યો ગુણો વડે કરીને ઉત્તમપણું આવે છે. ઊંચા આસન પર બેસવાથી નહિ. પ્રાસાદના શિખર પર બેઠેલો હોવા છતાં શું કાગડો ગરૂડનું આચરણ કરી શકે ખરો ? વિડંબના કરાતો તે વીરાચાર્યથી પાછો વળાયો (વિડંબના પામતા એવા તેને વીરાચાર્યે બચાવ્યો) રાજાએ સાંખ્યને દેશથી બહાર કાઢ્યો અને શ્રી વીરાચાર્યને જયપતાકા પત્ર આપ્યો.

એક વખત જય (મેળવવા માટેની) યાત્રાએ જતાં ચતુરંગ સેનાથી પરિવરેલો ગુર્જરાધીશ (ગુજરાતનો રાજા) શ્રી વીરાચાર્યના ચૈત્યઆગળથી જવાની ઈચ્છાવાળા રાજાને જોઈને કોઈક કવિએ સમસ્યાપદ કહ્યું તેને ઉદ્દેશીને રાજાએ વીરાચાર્ય સામે દૃષ્ટિ નાખી તેમણે લીલામાત્રમાં (તે સમસ્યા) પૂર્ણ કરી.

તે આ પ્રમાણે..... હે કાલિન્દ્રિ ! (યમુના) કહે કુંભમાં ઉદ્ભવેલ સમુદ્ર તું કેવી રીતે ગ્રહણ કરીશ ? શત્રુથી નમ્ર હું, તું પણ મારૂં અને મારી સપત્નિનું નામ ગ્રહણ કરે છે.

રાજાએ કહ્યું :- ઝરુખામાં રહેલા તમે મારા શત્રુઓનો નિગ્રહ કહ્યો હતો. તે આ તમારા સિધ્ધ વચનથી માલવ ગ્રહણ કરીશ જ. તેથી આ વિજયની પતાકા છે. તે ત્યાં દૃઢ થાઓ. પછી તે પતાકા તેઓએ ત્યાં બાંધી.

એક વખત કમલકીર્તિ નામના દિગંબરવાદી શ્રી સિધ્ધરાજની સભામાં આવીને વાદને માટે વીરાચાર્યને બોલાવ્યા. વીરાચાર્ય પણ પાંચ વર્ષની બાલાને સાથે લઈને ત્યાં આવ્યા. તિરસ્કાર (અવજ્ઞા) પૂર્વક તે દિગંબરવાદિને જોઈને આસન પર બેઠા, ત્યારે વાદિ બોલ્યો. હે રાજન્ ! બાલિકાથી ખરડાયેલી તારી સભા વિદ્વાનોને અયોગ્ય છે. રાજાએ કહ્યું આ પંડીત ! પોતાના પ્રમાણ વડે વાત કરશે. એ પ્રમાણે કહીને વીરાચાર્યને જોયા ત્યારે વીરાચાર્ય બોલ્યા :- હે રાજન્ ! સમાન વય વાળાની સાથે વાદ થાય છે. એ પ્રમાણે વિચારીને આ બાલાને નગ્ન લાવ્યો છું આ પણ નગ્ન હોવાથી બાલકની જેમજ દેખાય છે. તેથી સ્ત્રીમુક્તિના નિષેધથી જ કુપિત થયેલી એવી આ બાલા આની સાથે વાદમાં જીતશે. પછી હાથને તેના માથા પર મૂકીને વીર બોલ્યા હે બાલા ! આની સાથે બોલ અને સ્ત્રીની મુક્તિનું સ્થાપન કર પછી તે બાલાએ ગંગાપુરની જેમ ઉતરવાનું મુશ્કેલ એવો (દુરુત્તર) ખુલ્લો ઉપન્યાસ મેઘ સમાન ગંભીરવાણી દ્વારા સ્ત્રી મુક્તિનું સ્થાપન કર્યું તે સાંભળીને વાદી મૂંગાની જેવોજ થઈ ગયો અને જૈન ધર્મનો જયજયકાર થયો.

રાજા બોલ્યો :- જેના હાથ સ્પર્શમાત્રથી જ્યાં ત્યાં સંક્રાન્ત થયેલી સરસ્વતી દેવી બોલે છે. તે એકજ વીરાચાર્યજ જગતમાં અજય છે. અહીંયા જિનમતમાં આઠ પ્રભાવકો છે. અને કહ્યું છે કે પ્રાવચનીક, ધર્મકથક, વાદિ, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યા, સિધ્ધ પુરુષ અને કવિ આ આઠ પ્રભાવક કહ્યા છે. તેમાં આ વીરાચાર્યે વાદ લબ્ધિ, કવિત્વ શક્તિ વિ. થી શ્રી જિનમતને પ્રભાવશાળી બનાવ્યું છે. આ પાંચેય શ્રી જિનધર્મના દુશમન વિ. રૂપ અંધકારને દૂર કરવા વડે મહાઉદ્યોત કરનારા હોવાથી ઉદ્યોતવાળા છે. અને તેઓ શાસન પ્રભાવકપણાને કારણે અહીંયા પણ મોટી સમૃધ્ધિને અને પૂજ્યતાને પ્રાપ્ત કરે છે. પામે છે. ક્રમે કરીને ચક્રીપણું, ઈન્દ્રપદ, તીર્થંકરાદિની સમૃદ્ધિ, સિધ્ધિપદ, અનંત વૈભવ અને સામ્રાજ્ય મેળવે છે. ઈતિ.

શ્લોકાર્થ :- સેંકડો દૃષ્ટાંતો વડે ઘણા પ્રકારે સારી રીતે બતાવેલા ધર્મપદને સાંભળીને (જાણીને) શુધ્ધ એવા ભવના શત્રુપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે પ્રયત્ન કરો ॥૧॥

આ પ્રમાણે યુગપ્રધાન શ્રી તપાગચ્છનાયક શ્રી દેવેન્દ્રસૂરિ, શ્રી જ્ઞાનસાગરસૂરિ, શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય શ્રી મુનિસુંદરસૂરિએ રચેલ જય શ્રી અંકે ઉપદેશ રત્નાકરના મધ્યાધિકારે પ્રકીર્ણ ઉપદેશ નામના ૪ (ચોથા) અંશે **બારમો તરંગ** ॥ મધ્યાધિકાર સંપૂર્ણ અને તેની સમાપ્તિમાં વિષમ ગાથાનું વિવરણ સમાપ્ત.

હવે આગળ બીજા તટ સુગમ હોવાથી તેનું વિવરણ કરતાં નથી - કર્યું નથી ઈતિ.


શ્લોકાર્થ :- અનેક પ્રકારના ઉછળતા (રંગ) તરંગના સમુહવાલો જાતે રચેલ આ ઉપદેશ રત્નાકર વિલાસ કરતી જયરૂપ લક્ષ્મીવાળો વિજયને પામો. (જય લક્ષ્મી વિલાસ પામો)

વિશ્વ ઉપર ઉપકાર કરવામાં નિરંતર તત્પર (રત) વિદ્વાન રૂપી વાદળાઓ ચારે બાજુ વરસો. વિદ્વાન· વડે વંચાતો આ ગ્રંથ લાંબા કાળસુધી રહો. અક્ષરની ગણના વડે અનુષ્ટુભમાં ગ્રંથનું પ્રમાણ સ્પષ્ટ છે. ૨૦૫૫ પોષ વદ ॥૦॥

- સાત હજાર છસોને પંચોત્તેર (૭૬૭૫) આ પૂરાગ્રંથની શ્લોક સંખ્યા કહી શ્રી રસ્તુ - શુભંભવતુ ભદ્રંભવતુ ભગવતઃ શ્રી શ્રમણ સંઘસ્ય ॥ શ્રી મુનિસુંદરસૂરિ રચિત આ ઉપદેશ રત્નાકર ગ્રંથનો

॥ ગુર્જર ભાવાનુવાદ સંપૂર્ણ ॥ ૨૦૫૫ પોષ વદ ॥૦॥

શ્રી ઉપદેશ રત્નાકર
ઉપર તટ
મૂળ તથા ભાવાર્થ



: ભાષાન્તર કર્તા :

લબ્ધિ-વિક્રમ-સ્થૂલભદ્ર-પટ્ટાલંકાર કવિરત્ન

આચાર્ય ભ. **શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા.**

લબ્ધિ-વિક્રમ-સ્થૂલભદ્ર પટ્ટાલંકાર કવિરત્ન

આચાર્ય **શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા.**

શ્રી મુનિસુંદરસૂરિવિરચિત

શ્રી ઉપદેશરત્નાકર

અપર તટ

મૂળ તથા ભાવાર્થ

ધર્મના ફળને દેખાડવા દ્વારા ઉપદેશ નામનો

પ્રથમ અંશ

जयश्रियो १ ऽनर्गलमंगलावलीः २,
ससौख्यसौभाग्यसुदीर्घजीविताः ३।
अभीष्टसिद्धिः ४ सुधियश्च५ संपदो६,
ददाति धर्म्मो भविनां जिनोदितः ।।१।। फलषट्कं)

ભાવાર્થ :- જિનેશ્વર ભગવંત દ્વારા ભાષિત ધર્મ ભવ્યજીવોને જયરૂપ લક્ષ્મી(મુક્તિ) અનર્ગલ (ઘણી) મંગલની શ્રેણીઓ સુખ શાન્તિ અને સમાધિથી યુક્ત અને સૌભાગ્ય (સદા જયવંત) અતિ દીર્ઘાયુષ્ય મનવાંછિત અનેક પ્રકારની સિધ્ધિઓ આઠ પ્રકારની ઉત્તમ શ્રેષ્ઠ બુધ્ધિઓ અને અનેક પ્રકારની સંપત્તિ (ધન-દોલત પરિવાર વિ.) આપવા સમર્થ છે યાને આપે છે.

વિશેષાર્થ :- સર્વજ્ઞ ભ.બતાવેલો દાન-શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો અથવા સર્વ વિરતિ અને દેશ વિરતિ રૂપ ધર્મ વિઘ્ન વિનાના કાર્યોની મંગલ શ્રેણીઓ બાહ્ય અને આંતરિક ઉભયરીતે આધિ વ્યાધિ અને ઉપાધિ દૂર કરીને સુખ શાન્તિ અને સમાધિ સદા જયવંત યશ રૂપ સૌભાગ્ય યુક્ત ઘણુંજ લાંબુ આયુષ્ય જે જે પ્રકારની ઈચ્છા કરીએ તે તે પ્રકારની ઈચ્છાઓની પૂર્તિ કરતી સિધ્ધિઓ શ્રેષ્ઠ એવી આઠ પ્રકારની બુધ્ધિઓ અને ધન દોલત પદ-પ્રતિષ્ઠા પરિવાર રૂપ વિવિધ અનેક પ્રકારની સંપત્તિ આપવા સમર્થ છે યાને આપે છે.

स्फुरन्ति वेश्मन्यभितः श्रियोऽर्थिता १,
मुखे गिरः २ श्लाघ्यतमा धियो हृदि ३ ।

तनौ च सौभाग्यरमां ४ ऽसयोर्बलं ५,
यशांसि दिक्ष्वा ६ ऽऽर्हतधर्मतः सताम् ।।२।। (५)

ભાવાર્થ :- અરિહંત ભગવાને કહેલા ધર્મના આચરણથી શું શું પ્રાપ્ત નથી થતું અર્થાત્ બધું પ્રાપ્ત થાય છે. સજ્જન પુરૂષોના ઘરને વિષે (૧) ચારે તરફથી ઈચ્છા મુજબની લક્ષ્મી (૨) મુખમાં અત્યંત પ્રશંસનીય વાણી (૩) હૃદયમાં નિર્મળ બુધ્ધિ (૪) શરીરને વિષે સદૈવ નિરોગિતા, સૌભાગ્ય રૂપ લક્ષ્મી (૫) બન્ને ખભાઓમાં અપૂર્વ બલ અને (૬) સર્વ દિશાઓમાં નિર્મલ યશ પ્રાપ્ત થાય છે... ।।૨।।

सकलमंजुलमंगलमालिकं, वितनुते १ चिनुते सुखसंपदः २।
हरति विघ्नचयं३ कुरुते शिवं४,मतिमतां जिनधर्मसुरद्रुमः ।।३।। (४)

ભાવાર્થ :- જિન ધર્મરૂપી કલ્પવૃક્ષ બુધ્ધિશાળીઓને સંપૂર્ણ રીતે (૧) રમણીય મંગલ (આત્મ હિતકર) શ્રેણિને વિસ્તરીત કરે છે. (૨) સુખકર સર્વ શ્રેષ્ઠ સામગ્રી (સંપત્તિ) ઓનો સંચય કરી આપે છે. (૩) દુઃખકર બાધક વિઘ્નકારક આપત્તિઓના કારણોને દૂર કરે છે અને (૪) કલ્યાણકારક બને છે.

લક્ષ્મી :- ધન ધાન્ય સંપત્તિ વૈભવ, ગૃહલક્ષ્મી, જય, યશ રૂપ લક્ષ્મી, આધ્યાત્મિક દૃષ્ટિએ સંયમ જ્ઞાન અને મોક્ષ રૂપ આઠ પ્રકારની લક્ષ્મી બુધ્ધિ આઠ પ્રકારની છે શુશ્રુષા - શ્રવણ અણિમા-ગરિમા-લઘિમા વિ. ...।।૩।।

मंगलानि १ श्रियोऽभीष्टा २ रूप ३ मायु ४ र्बलं ५ यशः ६ ।
प्रभुत्व ७ मिष्टसिद्धिश्च ८, धर्मकल्पतरोः फलम् ।।४।। (८)

ભાવાર્થ :- ધર્મરૂપી કલ્પવૃક્ષથી (૧) વિઘ્ન જય, મંગલો (૨) મનવાંછિત લક્ષ્મી યાને સંપત્તિઓ (૩) સુંદર રૂપ (૪) દીર્ધાયુ (૫) બલ (૬) નિર્મલ યશ કિર્તી (૭) પ્રભુપણું યાને મોટાઈ સત્તાધીશ પણું (૮) શ્રેષ્ઠ સિધ્ધિ રૂપ ફળ પ્રાપ્ત થાય છે... ।।૪।।

चिरायुः १ शिव २ मारोग्यं ३, संपदो ४ ऽभीष्टसिद्धयः ६ ।
जयः सविजयानंदो ६, भवति जिनधर्मतः ।।५।। (६)

ભાવાર્થ :- જિનધર્મથી (૧) નિરોગી દીર્ઘ આયુષ્ય યાને જીવન (૨) કલ્યાણ

(૩) શરીરે નિરોગીપણું (૪) સુવિશુધ્ધ સામગ્રી (૫) અનેક પ્રકારની મનચિંતિત સિધ્ધીઓ અને (૬) સર્વત્ર વિજય અને આનંદ સહિત જય પ્રાપ્ત થાય છે...॥૫॥

પ્રવર્ધમાનોત્તમમંગલાવલી: ૧,
શ્રિય: સદાનન્દરસોર્મિવર્મિતા: ૨।
સુખાનિ ૩ વિશ્વાશયવિશ્રમાસ્પદં,
ધર્મો વશત્વં ૪ નયતે જિનોદિત: ॥૬॥ (૪)

ભાવાર્થ :- અહા ! જિનેશ્વર પરમાત્માએ ઉપદેશેલો ધર્મ કેટલો ઉત્તમ છે કે જે ધર્મ જગતના સર્વ સંશયોને છેદનાર સર્વજીવોને આશ્રયરૂપ અત્યંત ઉત્તરોત્તર વૃધ્ધિ ગત બનતી કલ્યાણની શ્રેણીને અર્પનાર સદૈવ આનંદરસની ઉર્મીરૂપી કવચને ધારણ કરતી લક્ષ્મીને ધરનાર અનેક પ્રકારના સુખ વૈભવને અને પ્રીતિને જગાડનાર છે... ॥૬॥

ત્રિવર્ગસાર: ૧સુજનૈ: સ તત્ત્વતો,
નિધિ: સુખાનાં ૨ સકલેષ્ટસાધક: ૩।
અનિષ્ટહ ૪ ર્લોક્યુગે હિતાવહો ૫,
ધર્મો નિષેવ્ય: સુરસેવિતોઽર્હત: ॥૭॥ (૫)

ભાવાર્થ :- સજ્જન પુરૂષોએ અર્થ, કામ અને મોક્ષ રૂપ ત્રણ વર્ગમાં સાર રૂપ, સુખ, શાંતિ અને સમાધિના ખજાના રૂપ, તમામ ઈચ્છિત ઈષ્ટ વસ્તુને સાધનાર, પસંદ નહિ એવા તમામ અનિષ્ટને દૂર કરનાર, આ લોકમાં અને પરલોકમાં અને દેવદેવેન્દ્રોથી સેવાયેલો યાને આચરાયેલો જિનેશ્વર ભગવંતોનો ધર્મ જ સેવનીય આરાધવા યોગ્ય છે... ॥૭॥

ત્રૈધદુ:ખનિચયોઽપચીયતે ૧, ચીયતે ચ સુખસંચયસ્ત્રિધા ૨।
પૂર્યતે ત્રિવિધમર્થિતં ૩ યતસ્તં, ત્રિધા ભજત ધર્મમાર્હતમ્ ॥૮॥ (૩)

ભાવાર્થ :- (૧) આધ્યાત્મિક (૨) દૈવિક અને (૩) ભૌતિક એ ત્રણ ભેદરૂપ દુ:ખ અથવા મન વચન અને કાયાથી ઉત્પન્ન થયેલું દુ:ખ, નરક, તીર્યંચ અને મનુષ્ય ભવમાં ઉત્પન્ન થયેલું દુ:ખ દૂર કરનાર (૧) મનુષ્ય પણાનું સુખ (૨) દેવનું સુખ અને (૩) મોક્ષનુંસુખ એમ ત્રણ પ્રકારે સુખને અર્પનાર અને મન વચન અને કાયાથી ઈચ્છેલું પૂર્ણ કરે છે તેવો અરિહંત પ્રભુએ કહેલો ધર્મ મન વચન અને કાયા એમ ત્રણ પ્રકારે આરાધો... ॥૮॥

सुपर्वराजिप्रथितप्रभावः १ स्वजातिसीमेष्टफलो २ ऽनपायः ३ ।
प्रयत्नलभ्यः ४ कुशलैर्जिनोऽस्य धर्मश्च कल्पद्रुसमः शिवाय ।।९।।

ભાવાર્થ :- દેવોના સમુહે જેનો પ્રભાવ ફેલાયો છે પોતાની જાતિમાંજે સર્વ શ્રેષ્ઠ છે. રાજાઆદિ આલોકનું, ઈન્દ્રપણુંઆદિ પરલોકનું અને મોક્ષરૂપ વિ. ઈચ્છિત ફળને આપનાર જેની આરાધના કરવાથી વિઘ્નો નાશ પામે છે. અને વિવેકી સજ્જનોને પ્રયત્નથી પણ પ્રાપ્ત કરવા યોગ્ય એવા સુરતરૂ સરીખા જિનેશ્વર અને તેમને બતાવેલો ધર્મ કલ્યાણ કરવા માટે સમર્થ છે... ।।૯।।

जयविजयविधाता १ विश्वविश्वेष्टदाता २,
भवजलनिधिसेतु ३ र्विश्व निर्वाह हेतुः ४ ।
अखिलगुणनिधानं ६ सर्वधर्मप्रधानं ६,
वितरतु जिनधर्मः सततं सर्वशर्म ।।१०।। (६)

ભાવાર્થ :- (૧) જય અને વિજયના કર્તા (૨) જગતમાં રાજ્યાદિ વિ. રૂપે સર્વ ઈષ્ટને આપનારા (૩) ભવરૂપ સમુદ્રને તરવા માટે પૂલ સરિખા (૪) જગતના પાલન પોષણનું કારણ (૫) સકલ ગુણની ખાણ અને (૬) સર્વ ધર્મોમાં ઉત્તમોત્તમ - શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ એવો શ્રી જિન ધર્મ હરપલ સકલ સુખને યાને સંપૂર્ણ સુખરૂપ મુક્તિને આપનાર બનો... ।।૧૦।।

देवो जिनेन्द्रो १ गुरवश्चरित्रिणो २,
धर्मस्तदुक्तश्च दयादिपावनः ३ ।
सुता विनीताः ४ प्रणयी परिच्छदो ५,
मनोऽनुगाः स्युर्ललनाश्च ६ पुण्यतः ।।११।। (६)

ભાવાર્થ :- રાગદ્વેષ રહિત, અઢારે દોષથી રહિત વીતરાગ પરમાત્મા (૨) પંચાચારને પાળનારા સચ્ચારિત્ર ધરનારા ગુરૂઓ (૩) તેઓએ ઉપદેશેલો મૈત્રી પ્રમોદ કરૂણા અને માધ્યસ્થાદિ ભાવનાથી અને દયા દાનાદિથી યુક્ત એવો ધર્મ વિનયવાન પુત્રો, પ્રેમી પરિવાર અને મનને (પોતાના વિચાર રહેણી કરણી વિ.ને) અનુકૂળ સ્ત્રી (પત્નીઓ) આદિ પૂણ્યથી મળે છે... ।।૧૧।।

सुखानि दत्ते १ हरते विपत्तती२.
स्तनोति भद्राण्य ३ शिवानि नाशयन् ३।

सहाधिभिर्व्याधिगणान्निहन्ति यो,
धर्मं भजन्त्वार्हतमेव तं बुधाः ।।१२।। (५)

भावार्थ :- (१) જે આલોક અને પરલોકમાં રાજ્યાદિ-ઇન્દ્રાદિ સુખને આપે છે (૨) વિપત્તીના સમુહનો નાશ કરે છે. (૩) કલ્યાણોને સર્વ દિશામાં ફેલાવે છે (૪) અશિવ-અકલ્યાણનો નાશ કરે છે. અને (૫) મનની ચિંતા સહિત વ્યાધિઓને દૂર કરે છે તે શ્રી અરિહંત ભ.ના જ ધર્મને આરાધો... ।।૧૨।।

मंगलानि ससुखानि १ जयश्रीः २ संपदोऽप्यभिमता ३ श्चिरमायुः ४ ।
सद्धियः ५ सुभगता ६ प्रभुता ७ च स्युर्यतो भजत तं जिनधर्मम् ।।१३।।(७)

भावार्थ :- જે થકી (૧) સુખપૂર્વક મંગલ (૨) જય રૂપી લક્ષ્મી (૩) ઈચ્છિત સંપદા (૪) ચિરકાલીન આયુષ્ય (૫) શ્રેષ્ઠ બુધ્ધિ (૬) ભાગ્યશાલીત્વ (૭) રાજાદિ સ્વામિત્વ પ્રાપ્ત થાય છે તેવો જિનેશ્વરે પ્રરૂપેલો ધર્મ તમે આરાધો...।।૧૩।।

वसूनि पृथ्व्यः खनयो मणीन् द्रुमाः,
फलानि मुक्ताः किल ताम्रपर्णिका ।
लता : प्रसूनानि गजांश्च विंध्यभूः,
पुण्यात्मनां बिभ्रति भुक्तयेऽङ्गीनाम् ।।१४।।

भावार्थ :- મહાભાગ્યવંત પ્રાણીઓના ભોગ ઉપભોગને માટે ધરા, ધન, ખાણ, મણીઓ, ઝાડો ફળો, તામ્રપર્ણિકા નામની નદી, મોતીઓ - વેલડીઓ - પુષ્પો ને ઉત્પન્ન કરે છે અને વિંધ્યાચળની ભૂમિ હાથીઓને ધારણ કરે છે...।।૧૪।।

भवन्ति शिल्पानि कृतानि शिल्पिनां १,
विशिष्टकर्माण्यपि कर्मकारिणाम् २ ।
सुशिक्षिताश्चापि कलाः कलावतां ३,
श्रेयोभृतामेव सुखोपभुक्तये ।।१५।। (३)

भावार्थ :- (૧) મૂર્તિ આદિ કંડારનારા શીલ્પીએ બનાવેલા શીલ્પો (૨) સેવક દ્વારા થતા વિશિષ્ટ કાર્યો અને (૩) સારી રીતે શીખેલી કલાવાનની કલાઓ શ્રેયને કરવાની ઈચ્છાવાળાના સુખના ઉપભોગ માટે જ છે... ।।૧૫।।

मितप्रमाणास्तनुभूजलादयो १,
मितप्रभावा ऋभुतद्द्रुमादयः २ ।
फलन्ति वृक्षा नियतैः फलैः ३ पुन -
र्मितिस्त्रिघाऽप्यस्ति न धर्मवस्तुनः ।।१६।। (३)

ભાવાર્થ :- દેહ, પૃથ્વી, પાણી આદિ પરિમિત પ્રમાણવાળા છે. સ્વર્ગવાસિ દેવો અને તેઓના વૃક્ષો યાને કલ્પવૃક્ષો વિ. પ્રમાણયુત પ્રભાવ (અતિશય) વાળા છે વૃક્ષો સમય પ્રમાણે ફલો વડે ફળે છે પરંતુ ધર્મરૂપ વસ્તુ ત્રણ રીતે (પ્રમાણ, પ્રભાવ અને સમયથી) અપરિમિત છે... ।।૧૬।।

जलायतेऽग्नि १ र्जलधिः स्थलायते २,
पुरायतेऽरण्य ३ नगरः समायते ४ ।
सुहृद्यतेऽरि ५ र्जनकायते नृपः ६,
सतां नितान्तं सुकृतानुभावतः ।।१७।। (६)

ભાવાર્થ :- નિતાંત (અત્યંત) પૂણ્યના અનુભાવથી (પ્રભાવથી) સજ્જન પુરૂષોને માટે અગ્નિપાણી રૂપે, સમુદ્ર જમીન રૂપે, જંગલ નગર રૂપે, પર્વત સમતલ ભૂમિ રૂપે, શત્રુમિત્ર રૂપે રાજાપિતા રૂપે બની જાય છે. એટલે કે આચરણ કરે છે ...।।૧૭।।

भवन्ति तेषां विपदोऽपि संपदः १,
प्रयत्नसान्निध्यकृतः सुराः सताम् २ ।
जनाश्च सर्वे स्वजना : ३ कृतावना,
लसन्ति येषां सुकृतैकऋद्धयः ।।१८।। (३)

ભાવાર્થ :- જે લોકો પાસે પૂણ્યરૂપ નિધિ ભરેલો છે. અર્થાત્ તેનાથી શોભે છે તે સજ્જનોને આફત-સંપત્તિરૂપે બને છે દેવો સામાન્ય પ્રયત્ન કરવા માત્રથી સાનિધ્ય (સહાય) કરનારા થાય છે અને સર્વ સામાન્ય લોકો સ્વજન બની રક્ષણ કરનારા થાય છે ...।।૧૮।।

आधारभूतो जगतां त्रयस्य यो १,
नियोजकोऽर्केन्दुपयोधिवार्मुचाम् २ ।
तनोति मर्त्यामरमुक्तिसम्पद - ३
स्तमेव धर्मं भजतेष्टशर्मणे ।।१९।। (३)

भावार्थ :- જે ત્રૈલોક્ય માટે આધારભૂત છે. (૨) જે સૂર્ય-ચંદ્ર સમુદ્રની અને મેઘની ગતિની વ્યવસ્થાને જાળવે છે (૩) મનુષ્યની દેવની તથા મોક્ષની ઋધ્ધિને ફેલાવે છે અર્થાત ઋધ્ધિની વૃધ્ધિ કરે છે. તેથી તેજ ધર્મ ઈચ્છિત સુખ માટે સેવો ...।।૧૯।।

अबान्धवानां प्रतिभाति बान्धवः १,
सदा सहायः परमोऽसहायिनाम् २।
परः प्रभुर्निष्प्रभुतार्त्तिसंगिनां ३,
जिनेन्द्रधर्मः सकलेष्टसाधनात् ।।२०।। (३)

भावार्थ :- પ્રભુએ બતાવેલો ધર્મ સકલ ઈષ્ટ પદાર્થો મેળવવા માટેનું સાધન હોવાના કારણે-બંધુ વિનાનાઓ માટે બાંધવરૂપ, નિઃસહાયને સદૈવ મદદ કરનાર, અકિંચન રૂપ દુઃખથી પીડાતા અનાથ જીવોને માટે અત્યુત્તમ, કલ્યાણકારી નાથ રૂપ છે ...।।૨૦।।

यदंबुदाः स्युः खलु कालवर्षिणो १,
न वान्ति वाता यदतिस्थितिक्रमाः २ ।
न वार्धयश्च प्रसरन्ति ३ नाग्नयो,
ज्वलन्ति ४ वा धर्मविजृम्भितं हि तत् ।।२१।। (४)

भावार्थ :- વાદળો એના ક્રમ (સમય) પ્રમાણે વર્ષે છે. પવન પોતાની સ્થિતિ છોડી (વંટોળ) રૂપે વાતો નથી. સમુદ્ર પોતાની મર્યાદા ઓળંગીને બહાર ફેલાતો નથી, અગ્નિ સળગાવતો નથી. તેમાં જો કોઈ મુખ્ય કારણ હોયતો ધર્મનો જ પ્રભાવ છે ...।।૨૧।।

द्रुमैः सुराणां मणिभिश्च किं नृणां,
पर्याप्तमाप्तैः कलशैः सधेनुभिः ।

चिन्त्या अचिन्त्या अपि संपदोऽखिला,
ददाति जैनेश्वरधर्म एव तत् ।।२२।।

ભાવાર્થ :- માનવોને દેવોના કલ્પવૃક્ષો અને મણીઓ (ચિંતામણી રત્નો) થી શું ? કામધેનુ સહિત કામકુંભ (ઈચ્છિત પૂરવાવાળા) મળવા થકી પણ શું ? તે દૂર રહો કારણ કે ઈચ્છેલી સંપત્તિ જિનેશ્વરે કહેલો ધર્મ જ આપવા સમર્થ છે ...।।२२।।

दुराशया न प्रभवन्ति दुर्जना,
न चापि चौरा न च दैवतग्रहाः ।
न शाकिनीसिंहभुजंगमादयो,
न चामयाः प्राणिनि पुण्यपालिते ।।२३।।

ભાવાર્થ :- ધર્માચરણથી પૂણ્યશાળી બનેલા જીવોને દુષ્ટ આશયવાલા દુર્જનો, ચોરો, દેવ અને ગ્રહો, નક્ષત્રો, શાકિની, સિંહ, સર્પ વિ. અને રોગો પરેશાન કરવા સમર્થ બનતા નથી ...।।२३।।

तनोति रक्षामपि गर्भगस्य यः,
शिशोश्च यो वा शयितस्य योङ्गिनः
प्रमादिनो दैवपरस्य चापि यः,
स जैनधर्मः क्रियतां वृतिर्बुधाः ।।२४।।

ભાવાર્થ :- હે પંડિતો ! બુધ્ધજનો ! જે માતાના ગર્ભમાં રહ્યો છે. જે હજુ બાળક છે. જે પ્રાણી સુતેલો છે જે ભાગ્ય ઉપર ભરોસો રાખે છે. એવાનું પણ જે રક્ષણ કરે છે. તે જૈન ધર્મ રૂપી વાડ ને તમે કરનારા થાઓ એટલે કે જૈન ધર્મના આચરણ વડે કરીને પૂણ્ય સંચય કરનારા બનો ...।।२४।।

स्फुरंति यद्द्वारि गजास्तुरङ्गमा,
विमुक्तसंख्याश्च भटा रणोत्कटाः ।
यच्छत्रसिंहासनचामरार्चना,
मृदङ्गवीणादिरवैश्च जागराः ।।२५।।
प्रणम्रशीर्षैश्च निर्देशधारणं,
समग्रलोकैः प्रभुतेष्टकर्मसु ।

यदप्सरःश्रीमदहृत्प्रियातति-
र्नपस्य तद्धर्मसमृद्धिजं फलम् ।।२६।। (युग्मम्)

ભાવાર્થ :- જે રાજાના દરબારમાં હાથીઓ, અશ્વો લડવા માટે સજ્જ થયેલા એવા સૈનિકો તલપાપડ થાય છે (થઈ રહ્યા છે) જે છત્ર સિંહાસન-ચામરથી પૂજાય છે. મૃદંગ - વીણાદિના અવાજોથી જાગૃત કરાય છે. સારીરીતે નત મસ્તક થયેલાઓથી આજ્ઞા હુકમને સારીરીતે શિરસાવંદ્ય કરાય છે. સમસ્ત (પુરજનો) લોકો વડે ઈષ્ટકાર્યમાં આગળ કરાય છે. અને જે દેવીયોના રૂપની શોભાના ગર્વનું હરણ કરનારી સ્ત્રીઓનો સમુહ રહ્યો છે તે ધર્મરૂપ સમૃધ્ધિથી ઉત્પન્ન થયેલુ ફળ છે એટલે કે ધર્મના સેવનથી ઉત્પન્ન થયેલુ ફળ છે... ।।૨૫-૨૬।।

अखण्डिताज्ञा दिविजेश्वरैरपि (१) ।
त्रिखण्ड साम्राज्यरमा स्वयंवरा (२),
अयत्नदैवास्त्रलभाबलं तनौ (३),
भवेद्धुरीणां सुकृतैः पुराकृतैः (४) ।।२७।। (४)

ભાવાર્થ :- ઈન્દ્રો જેની અખંડ આજ્ઞાનુ પાલન કરે છે. દેવતાઈ ઐશ્વર્ય જેના ચરણ પાસે આળોટે છે. ત્રણખંડના અધિપતિરૂપ સામ્રાજ્યની લક્ષ્મી જાતે આવીને વરી છે. અને જે દેહમાં વિના પુરૂષાર્થે દેવતાઈ શસ્ત્ર જેવું બળ આવી વસેલું છે તે વાસુદેવોને પૂર્વે પ્રાપ્ત કરેલા પૂણ્યના કારણે હોય છે ...।।૨૭।।

पराणि रत्नानि १ सुरालिसेव्यता २,
बलं तनौ ३ सन्निधयः ४, सदाऽनुगाः ।
स्त्रियोऽपि रूपप्रहताप्सरः श्रियो ५,
जिनोक्तपुण्यैर्विलसन्ति चक्रिणाम् ।।२८।। (५)

ભાવાર્થ :- ઉત્તમરત્નો (૨) દેવની સેવા (૩) શરીરમાં શક્તિ (વીર્ય-બલ) (૪) નિરંતર પાછળ પાછળ ફરનારી ઉત્તમ પ્રકારની નિધિઓ અને રૂપથી અપ્સરાની શોભાને હરનારી એવી સ્ત્રીઓ પણ ચક્રવર્તીઓને જિનેશ્વર ભગવન્તો એ ઉપદેશેલા ધર્મથી ઉત્પન્ન થયેલા પૂણ્યથી પ્રાપ્ત થાય છે ...।।૨૮।।

जगत्त्रयानन्दकरी जनि १ मेरौ
नगेऽभिषेकादिविधिः २ सुधाशनम् ३ ।
अनुत्तरौजः ४ सुमनत्वसंपदो ५
ऽखिलास्ववस्थासु सुरेश्वरार्चना ६ ॥२९॥
तद्देशनासद्म ७ गुणोत्तरा गिरः ८,
सत्प्रातिहार्यातिशयर्द्धयोऽद्भुताः ९ ।
चिदाद्यनन्तत्व १० मशेषविष्टपो-
पकारितादीनि ११ च पुण्यतोऽर्हताम् ॥३०॥
युग्मम्, (११)

भावार्थ :- ઉર્ધ્વ, અધો અને તીચ્છા એમ ત્રણે લોકને આનંદિત કરનારો જન્મ (૨) મેરૂ પર્વત પર અભિષેક વિ. ની વિધિ (૩) અમૃતનો આહાર (૪) અપૂર્વ અવર્ણનીય અનુપમ એવુ બળ (૫) દેવતાઈ સંપત્તિઓ (૬) સર્વ અવસ્થાઓમાં ઈન્દ્રોવડે કરાતી પૂજા (૭) દેશના આપવા માટે સમોવસરણની રચના (૮) દેવ મનુષ્ય અને તીર્યંચ સમજી શકે એવી અનુપમ મધુરી દેશના-વાણી (૯) આશ્ચર્યકારી પ્રાતિહાર્યો અને અતિશયોની ઋધ્ધિઓ (૧૦) અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર વિ. અને (૧૧) ત્રણે જગત પર ઉપકાર કરવા પણું વિ. જે છે તે તીર્થંકરોને પૂણ્યથીજ પ્રાપ્ત થાય છે ॥૨૯-૩૦॥

प्रभुत्वमसहायस्य १, श्रियश्चाव्यवसायिनः २ ।
निस्त्राणस्यापि यद् रक्षा ३, धर्मस्तेनावबुध्यताम् ॥३१॥ (३)

भावार्थ :- અનાથ ને નાથ પણું (૨) વ્યાપાર રહિતને જે ધન (લક્ષ્મી) મળે છે અને (૩) અશરણની જે રક્ષા થાય છે અર્થાત્ નિઃસહાયને જે સહાય મળે છે તેનુ કારણ ધર્મ છે... એમ તમે સહુ સમજો - જાણો ...॥૩૧॥

ततश्च-
जनिः कृतार्था १, पितृमातृपालना-
दिकः प्रयास : सफलः २ श्रियेऽभिधा ३ ।
प्रशस्यते दर्शनमप्यमुष्य ४,
मतिर्निविष्टा जिनधर्मकर्मसु ॥३२॥

ભાવાર્થ :- જેની બુધ્ધિ જિનધર્મના કાર્યોમાં પ્રવૃત્ત રહેલી છે તેનો જન્મ કૃતાર્થ છે (૨) તેના માત પિતાનો પાલન કરવાનો પ્રયત્ન સફળ છે. (૩) જેનું નામ કલ્યાણકારી બને છે અને (૪) એમનું દર્શન પણ પ્રશંસાને પામે છે...॥૩૨॥

यस्यैकैकोऽपि भेदस्त्रिदशतरुवनस्येव शाखी समग्रा
- भीष्टार्थानां प्रदाता १ फलमनुपमितं मोक्षसौख्यं तु मुख्यम् २ ।
चक्रित्वादिप्रसंगागतमथ विविधाः संपदश्चैहिकं ३ च,
श्रीमानुद्यज्जयश्रीः स जयति भगवद्भाषितः कोऽपि धर्मः ॥३३॥

ભાવાર્થ :- જેનો એક એક ભેદ (પ્રકાર) કલ્પવૃક્ષ (નંદનવન) ના ઝાડની જેમ સર્વ રીતે ઈચ્છિત ને આપનારો છે. (૨) જેનું પ્રધાનફળ અનુપમ અવર્ણનીય મોક્ષ સુખ છે. (૩) જેનું ઐહિકફળ આનુસંગિક મળેલ ચક્રીપણું આદિ વિવિધ પ્રકારની સંપત્તિઓ છે. તે શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલો શોભા યુક્ત પ્રકાશ ફેલાવતો જય રૂપ લક્ષ્મીવાળો એવો કોઈપણ અદ્વિતીય (અજોડ) ધર્મ જય પામે છે. (જયવંતો વર્તે છે.)

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते
श्रीउपदेशरत्नाकरे ऽपरतटे
धर्मफलोपदर्शनद्वारोपदेशः प्रथमस्तरङ्ग ।

આ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિ મહારાજે ગુંથેલા
શ્રી ઉપદેશ રત્નાકરના અપરતટમાં ધર્મનું ફળ બતાવનાર
દ્વારનો ઉપદેશ રૂપ આ
॥ પ્રથમ અંશ પૂર્ણ ॥



અપર તટ

ધર્મના વિષયમાં પ્રમાદ પરિહરવારૂપ

દ્વિતીય અંશ

स्पृहयालुतया सुखश्रियां, भविनां स्युः सकलाः प्रवृत्तयः ।
परमेतरभेदतो द्विधा, सुखमाद्यं पुनरक्षराश्रितम् ।।१।।

ભાવાર્થ :- ભવ્ય જીવોની બધી આચરણા-પ્રવૃત્તિ-કથા સુખરૂપ લક્ષ્મીની પ્રાપ્તિની ઈચ્છાર્થે હોય છે. અને તે સુખ બે પ્રકારનું છે. પરમ અને અપરમ (શ્રેષ્ઠ અને અશ્રેષ્ઠ, શાશ્વત અને અશાશ્વત) તેમાં પહેલુ સુખ અક્ષર એટલે કે મોક્ષનું સુખ છે જે સર્વોત્તમ અવિનાશી છે. ।।૧।।

तदनंतममिश्रमव्ययं, निरुपाधि व्यपदेशवर्जितम् ।
परिचिन्तितसुन्दरस्फुरद्विषयाद्यौपायिकोद्भवंपरम् ।।२।।

ભાવાર્થ :- તે મુક્તિ-સિધ્ધિનુ સુખ સીમાવિનાનું અનંત કોઈપણ જાતના દુઃખના મિશ્રણ વગરનું અમિશ્ર, નાશ ન પામે તેવુ અવ્યય, કોઈપણ જાતની ચિંતાથી મુક્ત ઉપાધિ વિનાનું અને વચનથી વર્ણન ન થઈ શકે તેવું વચન અગોચર છે. અને બીજું અન્ય સુખ-માત્ર આભાસ રૂપ તથા વિષયોના વિલાસથી પ્રાપ્ત થતું સુખ છે ।।૨।।

अधिगत्य जिनेन्द्रशासनं, प्रथमे स्युः कृतिनः स्पृहा भृतः ।
अविशिष्टधियः परे पुनर्जिनधर्माच्च लभा द्वयोरपि ।।३।।

ભાવાર્થ :- વિશિષ્ટ પૂણ્યવાનો ભાગ્યવાનો વીતરાગ પરમાત્માના શાસનને પામીને પહેલા એટલે કે મુક્તિના સુખને ઈચ્છનારા હોય છે. ને વિશિષ્ટ બુધ્ધિ વિનાના ઈન્દ્રિયોના વિષયના ભોગવટાથી ઉત્પન્ન થતા સુખને ઈચ્છનારા હોય છે પરંતુ જિનધર્મથી તો બંને પ્રકારના સુખ પ્રાપ્ત થાય છે ।।૩।।

तदयं परमांगसाधनं, प्रविधेयो विधिवत् सदा नरैः ।
न सदौपयिकं विना जनैर्यदुपेयं परमप्यवाप्यते ।।४।।

ભાવાર્થ :- તે હેતુથી મોક્ષસુખના પરમ સાધન રૂપ એવો આ ધર્મ માનવોએ નિત્ય વિધિપૂર્વક આરાધવો જોઈએ કારણ કે પ્રાપ્ત કરવા યોગ્ય બીજા નંબરનું સુખ ઉત્તમ ઉપાયો સેવ્યા વિના મલતું નથી ॥૪॥

सुलभो न च मानुषो भवो, न च देवो जिननायकः पुनः ।
न च पुण्यपथो जिनोदितो, विशदाचारधरश्च सद्गुरुः ॥५॥

ભાવાર્થ :- માનવ જન્મ મલવો સહેલો નથી વળી જિનેશ્વર દેવ પણ મળવા સહેલા નથી પરમાત્માએ પ્રરૂપેલો પવિત્ર એવો માર્ગ પણ સુલભ નથી અને સાથે નિર્મલ આચારને ધરનારા-સેવનારા સુગુરૂ પણ સુલભ નથી અથવા ધર્મના સેવન વિના આ બધુ મળવું મહા મુશ્કેલ છે અર્થાત્ મળતા નથી ॥૫॥

तदिमान् समवाप्य दुर्लभान्, स्वहितं पुण्यविधिं समाचर ।
ननु भव्य ! भवाम्बुधाविह, भ्रमणात् खेदमुपागतोऽसि चेत् ॥६॥

ભાવાર્થ :- હે મુમુક્ષુ ! જો તું તારૂં હિત ચાહતો હોય અને સંસાર સમુદ્રમાં ભ્રમણ કરતાં થાકી ગયો હોય તો મહામુશ્કેલીથી પ્રાપ્ત થાય એવા આ તારક ધર્મની પુનિત વિધિને સારી રીતે આરાધ ॥૬॥

अकृतिन्नुपतप्यसेऽधिकाः, परऋद्धीर्विविधा विलोकयन् ।
न तु तत् कुरुषे स्वयं यतस्तव ताभ्योऽभ्यधिका भवन्ति ताः ॥७॥

ભાવાર્થ :- હે પુણ્યહીન ! બીજાની અનેક પ્રકારની ઋધ્ધિ-વૈભવ-ઐશ્વર્ય જોઈને દુઃખી થાય છે પરંતુ તેનાથી પણ અધિકાધિક પ્રાપ્ત થાય તેવું તું તે પ્રકારની ધર્મારાધના કરી પૂણ્ય કેમ સંચય કરતો નથી અર્થાત્ કેમ ધર્મ આચરતો નથી ॥૭॥

पितृमातृमयोऽसि शैशवे, ललनालौल्यमयश्च यौवने ।
कदपत्यमयश्च वार्द्धके न कदाऽप्यात्ममयस्तु रे जड ! ॥८॥

ભાવાર્થ :- હે અબુધ ! તું બચપણમાં (શિશુકાળમાં) માતાને અને પિતાને જોતો હતો, તરૂણવયમાં આવ્યે છતે અંગના (સ્ત્રી)માં લોભાયો હતો વૃધ્ધા વસ્થા આવી ત્યારે તું ન ઈચ્છવા યોગ્ય પુત્ર પરિવારને નિહાળતો હતો. પણ તેં તારા આત્માનું શું થશે તેનો આજ પર્યંત ક્યારે પણ વિચાર કર્યો નથી ॥૮॥

किं विस्मृतं मरणमाधिगणाश्च नष्टाः ?,
किं व्याधयोऽप्यपुनरागमनं निवृत्ताः ? ।
दुःखानि दुर्गतिभवानि न सन्ति किं वा ?,
यन्नो करोषि सुकृतानि कदाऽपि जीव ! ॥९॥

ભાવાર્થ :- હે આત્મા ! મૃત્યુને શું વિસરી ગયો છે ? શું આધિ એટલે માનસિક ચિંતાઓ, શરીર સબંધી વ્યાધિઓ-રોગોનું ફરી આવવાનું શું બંધ (નાશ) થઈ ગયું છે અથવા દુર્ગતિમાં પડતા દુઃખો શું આવવાના નથી ? જેથી કરીને ક્યારે પણ પૂણ્યકાર્યો કરતો નથી ॥૯॥

परिकल्पितसंभवादपि, व्यसनादत्र बिभेषि भव्य ! भोः !
परिचिन्तयसि प्रतिक्रियां, न च तेषां परलोकभाविनाम् ॥१०॥

ભાવાર્થ :- હે ભવ્ય ! જેનો સંભવ કલ્પિત છે એવા દુઃખોથી તું ભય પામે છે પરંતુ પરલોકમાં ઉત્પન્ન થનારા દુઃખોનો સામનો કરવા માટે કેમ કંઈ ધ્યાન આપતો નથી ॥૧૦॥

समवेक्ष्य धनानि विभ्रमोद्भटनारीस्तनयांस्तथाऽऽत्मनः ।
मुदमावहसे न बुध्यसे, निखिलं गत्वरमेव सत्वरम् ॥११॥

ભાવાર્થ :- પોતાના ધનને, અલંકારિત કરેલા શરીરવાળી નારીઓને અને સ્વ સંતાનોને જોઈને તું હર્ષને પામે છે પરંતુ તે બધું જલ્દી જતુ રહેવાવાળું છે તે તું કેમ ભૂલી જાય છે ॥૧૧॥

ननु धावसि धर्मबाधया, विविधोपधिभिरत्र शर्मणे ।
न बिभेषि तु दुर्गतिभ्रमान् मरणे तत्किल भावि किं न ते ? ॥१२॥

ભાવાર્થ :- હે જીવ ! તું આ લોકના સુખ માટે વિવિધ પ્રકારની ઉપાધિઓ લઈને ધર્મને બાધા (અટકાયત) થાય તે રીતે દોડે છે પણ તું ભવિષ્યમાં મૃત્યુ પછી દુર્ગતિમાં જવા પણાથી ભય કેમ પામતો નથી અથવા શું તે મરણ તને આવવાનું નથી ॥૧૨॥

नृपमानधनादिकोन्मदो, विषयानेव समीक्षसे परम् ।
न विचारयसीति मूढ ! मे मरणे कः शरणीभविष्यति ? ।।१३।।

ભાવાર્થ :- હે મૂઢ ! રાજાનું સન્માન અને ધનાદિકથી અભિમાની બનેલો તું વિષયોને (શબ્દાદિને) જ નિહાળી રહ્યો છે પરંતુ અંતિમ શ્વાસ વખતે અશરણ એવા તને શરણભૂત કોણ થશે એ પ્રમાણે તું કેમ વિચારતો નથી ।।૧૩।।

यदधीनमिहांग ! जिवितं, चपलं श्वासमिमं न वेत्सि किम् ? ।
धनपुत्रकलत्रबन्धुषु, स्थिरबुद्धिं यदुपैषि मोहितः ।।१४।।

ભાવાર્થ :- હે આત્મા ! જેના કારણે આ જીવન ચાલી રહ્યું છે તેવા તે શ્વાસ ચપલ-ચંચલ છે તે તું શું નથી જાણતો જેથી મોહી એવો તું ધન, પુત્ર, સ્ત્રી વિ.માં સ્થિર બુધ્ધિને રાખે છે અર્થાત્ નિશ્ચલ ભાવને રાખે છે ।।૧૪।।

पिब खाद ललाङ्गनागणैः, शृणु गीतं परिपश्य नाटकम् ।
कुरु धर्मकथामपीह मा, यदि ते शाश्वतमस्ति जीवितम् ।।१५।।

ભાવાર્થ :- અહીંયા (આ જન્મને વિષે) સ્ત્રીઓના જૂથની સાથે ખા-પી-ગીતોનું શ્રવણ કર નાટકને જો ધર્મની વાર્તાને (કથાને) કરતો નહિ જો તારું જીવિત-જીવન કે આયુષ્ય શાશ્વત હોય તો અર્થાત્ જો આ ભવ આ તારું જીવન શાશ્વત - અવિનાશી છે નહિ માટે બીજી વાતો તજીને ધર્મકથા (ધર્મની વાતો) ને કર ।।૧૫।।

शरदभ्रसमाः श्रियोऽखिलास्तटिनीपूरसमं च जीवितम् ।
नटपेटकवत् कटुम्बकं, ननु किं मुह्यसि धर्मकर्मसु ? ।।१६।।

ભાવાર્થ :- હે જીવ ! તને મળેલી સર્વ પ્રકારની જે સંપત્તિ છે તે શરદ ઋતુના વાદળ સમી છે. ક્યારે વિખરાઈ નષ્ટ થઈ જશે તેની ખબર નથી જીવન-આયુષ્ય નદીમાં આવેલા પૂર-પ્રવાહની જેમ ઝડપી વહી રહ્યું છે... કુટુંબ-પરિવાર-સ્નેહી સ્વજન વિ. નાટકમંડળી માં એકઠા થયેલા લોકોની જેમ છુટા પડી જનારા છે આવું જાણવા છતાં ધર્મ આરાધવામાં કેમ પાછો પડે છે ? ।।૧૬।।

चपलं धनमायुरत्पकं, स्वजनाः स्वार्थपरा वपुः क्षयि ।
ललनाः कुटिलाः कुतः पराभवभीविघ्नभृते भवे सुखम् ? ॥१७॥

भावार्थ :- ધન ચપલ છે, પૂણ્યરૂપી સાંકળથી બંધાયેલું છે. તે પૂર્ણ થતાં ક્યારે દરિદ્રાવસ્થા આવશે તેની જાણ નથી, આયુષ્ય અસ્થિર છે ક્યારે પૂર્ણ થશે તે તું જાણતો નથી વળી સાવ થોડુંક જ છે, સ્વજનો પોતાનો સ્વાર્થ સાધવામાંજ રત છે, સ્વાર્થ સરતા સબંધ તોડતા વાર લગાડતા નથી, શરીર નાશવંત છે રોગોનું ઘર છે ગમે તેટલું ગમે તે ખવડાવવા છતાં તે ટકતું નથી. અંગના-સ્ત્રીઓ કુટીલ છે મુખમાં જુદુ હૈયામાં જુદુ દિવસે કાગથી ડરે રાત્રે નર્મદા ઉતરી જાય માછલીની જેમ ક્યાંથી પેસે ક્યાં નીકળે તે સમજમાં ન આવે તેવી હોય છે. વળી માયાવી, લોભી, ઈર્ષ્યાળુ, કલહપ્રિય, અશુચિથી ભરેલી છે. એવો આ સંસાર ડગલે પગલે પરાભવ - ભય અનેક વિઘ્નોથી ભરેલો છે તો તેવા આ સંસારમાં સુખ કેમ કરી હોય ? ॥૧૭॥

नलिनीदलगाम्बुबिन्दुवच्चपलैस्तुच्छतरैः सुखैर्नृणाम् ।
परिवंचयसि स्वमज्ञ ! ही, सुचिरानन्तसुरादिशर्मतः ॥१८॥

भावार्थ :- કમળના પાન પર રહેલા ઝાકળના બિંદુ જેવા અત્યંત તુચ્છ અને અનિશ્ચિત માનવભવ સબંધીના સુખોમાં લોભાઈ અત્યંત દીર્ઘકાલીન અંત વગરના એવા સુરલોકના અને મુક્તિ સુખોથી તું જાતેજ છેતરાય છે અર્થાત્ તું તે સુખોથી વંચિત રહે છે. ॥૧૮॥

अवोचाम च-
उरभ्रकाकिण्युदबिन्दुकाऽऽम्रवणिक्त्रयीशाकटभिक्षुकाद्यैः ।
निदर्शनैर्हारितमर्त्यजन्मा, दुःखी प्रमादैर्बहु शोचिताऽसि ॥१९॥
(अध्यात्मकल्पद्रमे श्लो. १३७, पृ. ८०)

भावार्थ :- (૧) ઘેટું (૨) કાકિણી (૩) જલબિંદુ (૪) આંબો (૫) ત્રણ વેપારી (૬) ગાડુ ચલાવનારો અને (૭) ભિક્ષુક આદિના દૃષ્ટાંતની જેમ પ્રમાદ વડે મનુષ્ય જન્મને ખોઈ બેઠેલો એવો તું દુઃખી થયેલો બહુ પશ્ચાતાપ કરનારો થઈશ ॥૧૯॥

द्रविणैः किमिहापि गत्वरैः, स्वजनैः स्वार्थपरैर्भिदेलिमैः ।
वपुषाऽपि च जीर्यताऽनिशं, कुरु धर्मं हितमात्मने परम् ।।२०।।

ભાવાર્થ :- અહીંયા પણ એટલે કે આ ભવમાં પણ નહિ ટકવાવાળા દ્રવ્ય - પદાર્થો વડે જુદા થવાવાળા અને સ્વાર્થમાં નિરંતર ઓતપ્રોત બનેલા સ્વજનો વડે અને હર હંમેશા જીર્ણ ક્ષીણ બનતા શરીર વડે પણ શું લાભ છે ? એટલે કે કાંઈ લાભ મળતો નથી માટે આત્મહિતકર અને અત્યંત શ્રેષ્ઠ એવા ધર્મની આરાધનામાં લાગી જા ।।૨૦।।

न धर्मकार्यसमं हि कार्यं,
न धर्मदेष्टुः सममस्ति मित्रम् ।
न बोधिलाभस्य समोऽसि लाभो,
नीरागसौख्यस्य समं न सौख्यम् ।।२१।।

ભાવાર્થ :- હે આત્મલક્ષી ! ધર્મ કરવા સિવાય બીજુ કાંઈ કરવા જેવુ નથી, ધર્મ ઉપદેશક-માર્ગદર્શક જેવો કોઈ મિત્ર નથી, સમ્યગ્ દર્શન યાને બોધિબીજની પ્રાપ્તિ જેવો કોઈ નફો યા લાભ નથી, રાગદ્વેષ યાને કષાયથી મુક્ત બનેલા વીતરાગના જેવું અન્ય કોઈ સુખ નથી ।।૨૧।।

विकटा अट पर्वताटवीस्तर वार्धीन् भज भूपतीनपि ।
अपि साधय मन्त्रदेवता, न तु सौख्यं सुकृतैर्विनाऽस्ति ते ।।२२।।

ભાવાર્થ :- હે વૈરાગી ! ભયંકર અને ભૂલભરેલી વિકટ કેડી ભરેલા પર્વતવાળા વનોમાં તું ગમે તેટલો ભટક, સમુદ્રોને તરીજા, મોટા મોટા રાજાઓની સેવા કર, મહામંત્રોને અને દેવોને સાધ યાને પ્રસન્ન કર તો પણ સુકૃત (પૂણ્ય) વિના તને સાચું સુખ પ્રાપ્ત થશે નહિ ।।૨૨।।

भजते सुखिनोऽपि बुद्धिमान् जिनधर्मं सुखमौलकारणम् ।
अपि दुःखगतिः(तः) स एव यत्, परमं दुःखगदक्षयौषधम् ।।२३।।

ભાવાર્થ :- હે સુખેચ્છુ ! સંસારના સર્વ પદાર્થોથી સર્વ રીતે સુખી એવો

બુધ્ધિશાલી ચક્રવર્તિ પણ સુખનું પ્રધાન કારણ એવા ધર્મને જ સેવે છે. દુઃખરૂપી રોગના ક્ષયના કારણ ભૂત ધર્મ એજ અતિ શ્રેષ્ઠ ઔષધ છે ॥૨૩॥

यत एवाऽमिता रोगा, यत एवाऽबलं वपुः ।
अत्राणा यत एवार्त्ता, धर्मस्तेनैव सेव्यते ॥२४॥

ભાવાર્થ :- જેને લઈને રોગ અપરિમિત છે. શરીર નિર્બલ છે દુઃખાદિથી પંડિત રક્ષણ વિનાના છે તેથી જ ધર્મ સેવવા પૂજવા યોગ્ય છે ॥૨૪॥

दहत्यग्निर्विषं हन्ति, दुर्गन्धं लसुनं यथा ।
तथा प्राणिष्वनित्यत्वे, सतां का परिवेदना ? ॥२५॥

ભાવાર્થ :- હે ભવભીરૂ ! અગ્નિમાં બાળવાપણું રહ્યું છે. વિષમાં મારવાપણું, લસણમાં દુર્ગંધ આપવાપણું રહ્યું છે. તેમ પ્રાણીઓમાં અનિત્યપણું રહ્યું છે. તેમાં સજ્જન પુરૂષોએ દુઃખી શા માટે થવું ? શોક કેમ કરવો ॥૨૫॥

अस्ताऽवसाना उदया, विपत्त्यंताश्च सम्पदः ।
वियोगांताश्च संयोगास्तन्नित्यं धर्ममाचर ॥२६॥

ભાવાર્થ :- હે ગુણનિધિ ! ઉદય અંતે અસ્તમાં પરિણમે છે. સંપત્તિ વિપત્તિને આપનારી છે. સંયોગો વિયોગને કરવાનારા છે તે કારણે નિત્ય સુખને આપનારા ધર્મની આરાધના કર ॥૨૬॥

चलं धनं न स्थिरमीश्वरत्वं, सविघ्नमायुर्वपुरप्यसारम् ।
त्राता न दुःखात् स्वजनः परो वा, धर्मस्ततस्त्राणकरो निषेव्यः ॥

ભાવાર્થ :- ધન ચંચળ છે, ઐશ્વર્યપણું પણ અસ્થિર છે, આયુષ્ય વિઘ્નવાળું છે અને શરીર પણ અસાર છે, તેમજ સ્વજન કે પરજન દુઃખથી રક્ષણ કરનારા નથી. તે કારણથી રક્ષણને કરવાવાળો એવો ધર્મ સેવવા યોગ્ય છે. (૨-૨૭)

स्वप्ने १ न्द्रजाल २ नाटक ३ वृक्षादिगतांगि ४ योगवज्ज्ञात्वा ।
बाह्यं कुटुम्बयोगं धर्मकुटुम्बी भव सदाऽऽत्मन् ! ॥२८॥

ભાવાર્થ :- હે આત્માર્થિ (૧) સ્વપ્ન (૨) ઈન્દ્રજાલ (૩) નાટક (૪) વૃક્ષાદિમાં રહેલા પંખિમિલનની જેમ ઉડી જનારા અથવા નહિ ટકવાવાળા અનિત્ય એવા બાહ્ય કૌટુમ્બિક સબંધો (યોગ)ને અશાશ્વત સમજીને ધર્મના કુટુમ્બ વાળો બન ॥૨૮॥

बिभेषि दुःखाद्यदि जीव ! मा ततो,
ममत्वमर्थेषु सुतेषु वा कृथाः ।
ममत्वजं दुःखमवैहि तत् त्यजन्,
भव द्रुतं श्रीनमिवत् सदा सुखी ॥२९॥

ભાવાર્થ :- હે જીવ ! જો તને દુઃખાદિથી ડર લાગ્યો હોય તો ધનમાં, પુત્રમાં મમતા એટલે કે મારાપણાના ભાવને છોડી દે દુઃખને મમત્વથી ઉત્પન્ન થયેલું સમજ અને તેને શિઘ્ર છોડતો (તજતો) શ્રી નેમિરાજર્ષિની જેમ સદૈવ સુખી બની રહે ॥૨૯॥

यदुपतिर्न सुतैः शकितोऽवितुं,
न शकिताः सगरेण हि सूनवः
न हरयोऽपि बलैरिति चिन्तयन्
भवगतिं भव साम्यधिया सुखी ॥३०॥

ભાવાર્થ :- કૃષ્ણ મહારાજાને પુત્રો બચાવી શક્યા નહિ, સગરચક્રવર્તિ પુત્રોને રક્ષણ આપી શક્યા નહિ. સૈનિકો વાસુદેવોને શરણ (રક્ષણ) આપી શક્યા નહિ એ પ્રમાણે સમબુધ્ધિ વડે સંસારનું ચિંતન કરતાં તું સુખી બની જા ॥૩૦॥

अप्राप्ते नैव यस्मिन् भवति शिवसुखश्रीर्भवत्येव चाप्ते,
प्राप्तिर्यस्यार्कसंख्यैस्त्वतिदुर धिगमैर्मानुषत्वादिकांगैः ।
आलस्याद्येषु चाप्यस्त्र्यधिकदशसु यः काष्ठिकेष्वर्दितेषु,
श्रीमानुद्यज्जयश्रीः स सकलहितकृत् सेव्यतां जैनधर्मः ॥३१॥

ભાવાર્થ :- હે ભાવિક ! જે ધર્મની પ્રાપ્તિ વિના મોક્ષસુખરૂપ લક્ષ્મી પ્રાપ્ત થતી નથી અને જે ધર્મ પ્રાપ્ત થવાથી અત્યંત દુર્લભ એવું મનુષ્યપણું આદિ

બાર અંગોએ કરીને જે પ્રાપ્ત થાય છે અને જે આલસ આદિ તેર કાઠિયાઓ દૂર ગયે છતે પ્રાપ્ત થાય છે. તેથી શ્રીમાન્ જયરૂપ લક્ષ્મીવાળો સકલ હિતને કરનાર એવા જૈન ધર્મનું તું પાલણ કર. ॥૩૧॥

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते
श्रीउपदेशरत्नाकरेऽपरतटे
धर्मविषयप्रमादपरिहारोपदेशनामा
द्वितीयस्तरङ्गः ।

આ રીતે તપાગચ્છાધિરાજ શ્રી મુનિસુંદરસૂરિ મહારાજે રચેલા
શ્રી ઉપદેશરત્નાકરના અપર તટમાં
ધર્મ વિષયમાં પ્રમાદને દૂર કરવાના ઉપદેશ નામનો
॥ બીજો અંશ પૂર્ણ ॥

અનિત્યતાની પ્રબલતા

सव्वप्पणा अणिच्चो नरलोओ ताव चिट्ठउ असारो ।
जीयं देहो लच्छी सुरलोयंमिवि अणिच्चाइ ॥
॥ भ. भा. गा. ११॥

જો કે સર્વથા પ્રકારે અનિત્ય અને અસાર એવો આ મનુષ્ય લોક છે. તેથી તેની તો દરકાર ન કરીએ પણ દેવલોકમાં પણ (લાંબુ એવું) જીવન, (વૈક્રિય એવો) દેહ અને (અત્યંત એવી) લક્ષ્મી પણ અનિત્ય છે. (સ્થિર રહેવાવાળી નથી માટે હે ભવ્ય પ્રાણી ! તેમાં અનિત્યપણાનો વિચાર કર.)

શ્રી ઉપદેશરત્નાકર

અપર તટ

મૂળ તથા ભાવાર્થ

પાપને પરિહરવાના ઉપદેશ નામનો

તૃતીય અંશ

भो भो जना ! यदि भवार्णवपातभीताः
सौख्यानि वांछथ महोदयसंगतानि ।
तद्धर्मपोतमिममार्हतमाश्रयध्वं,
वक्षोगतां कठिनपापशिलां विहाय ॥१॥

ભાવાર્થ :- હે માનવો ! જો તમે સંસારરૂપ સમુદ્રમાં ડુબવાથી ગભરાયા હો અને મહા પૂણ્યોદયે પ્રાપ્ત થનારા એવા સુખોને ઈચ્છતા હો તો હૃદયપર સ્થિત મજબૂત પાપ રૂપી પત્થરને દૂર હટાવીને આ અરિહંત પ્રભુએ પ્રકાશેલ ધર્મરૂપી જહાજ નો સહારો લ્યો ॥૧॥

मुक्त्वाऽपि गर्भवसतिं पुनरेति जीव-
स्तारुण्यमृच्छति च बाल्यमिव व्यपायम् ॥
आसत्तिमेति च जरा मरणं त्ववश्यं,
तद् दुष्कृतानि कुरुषे किमपास्तशङ्कः ? ॥२॥

ભાવાર્થ :- જીવ ગર્ભાવાસ છોડીને ફરી પાછો ગર્ભાવાસને પ્રાપ્ત કરે છે. મુગ્ધ એવું બચપણ છોડીને તરૂણાવસ્થાને પામે છે. ઘડપણ દિવસે દિવસે નજીક આવતું રહે છે અને જે જનમ્યા તેનું મૃત્યુતો નિશ્ચિત જ છે તો પછી અટક્યા વગર વિચાર કર્યા વિના શંકા વગર પાપના પૂંજને કેમ બાંધે છે અર્થાત પાપોને તું શા માટે કરે છે ? ॥૨॥

दुःखानि दूरतरमिच्छसि चेद्विहातुं,
तत् किं करोषि सततं ननु दुष्कृतानि ?

स्नेहाक्तभाजन इवात्र रजांसि दुःखा-
न्यागत्य पातकभृते हि बलाल्लगन्ति ।।३।।

ભાવાર્થ :- હે ધીર ! જો તું પાપોથી આવતા દુઃખોને ઈચ્છતો નથી અર્થાત્ દુઃખને દૂર અતિદૂર કાઢવા ભાવના રાખે છે. તો શા માટે સતત દુઃખને આપનારા, પાપને કરાવનારા દૃષ્કૃત્યોને આચરે છે જેવી રીતે ચીકાશથી ખરડાયેલા પાત્રમાં રેત આવીને ચીટકે છે. તેવી રીતે પાપથી ખરડાયેલા જીવાત્મામાં દુઃખો ન બોલાવ્યા છતાં પરાણે આવીને રહે છે...ચીટકે છે...।।૩।।

पापानि जीव ! कुरुषे विगलद्विवेकः,
सौख्यानि वांछसि नित्यमहो जडोऽसि ।
किंपाकपादपफलैः किमिहोपभुक्तै-
श्चैतन्यजीवितसुखेन्द्रियतुष्टयः स्युः ? ।।४।।

ભાવાર્થ :- હે જીવિત વાંછુ ! તું વિવેકનો દીવડો બુઝવીને એટલે કે વિવેકને દૂર રાખીને પાપોને કરે છે. અને સુખ શાન્તિને ઈચ્છે છે તેથી તું ખરેખર અજ્ઞાની છે. કિંપાક વૃક્ષના ફળોના સ્વાદ થકી શું આ ભવમાં ચેતન, જીવિત સુખ અને ઈન્દ્રિયો ખુશ થાય છે... અર્થાત્ નથી જ થતાં વિવેકને તજીને પાપ કરવા દ્વારા તું સુખ ઈચ્છે છે તે કીંપાકના મીઠા લાગતા ફળોને ખાવા થકી જીવિતને ઈચ્છવા જેવું છે... ।।૪।।

हलाहलं पिबसि वांछसि दीर्घमायु-
र्दावानलं विशसि कांक्षसि शीतिमानम् ।
भुंक्षे कुपथ्यमथ चेच्छसि कल्पतां यत्,
पापं तनोषि सुख संततिमीहसे च ।।५।।

ભાવાર્થ :- હે સુખચાહક ! તું વિષ-ઝેર પીને દીર્ઘ જીવિત (આયુ) ઈચ્છે છે. અગ્નિમાં પ્રવેશીને શીતળતાનો અનુભવ ઈચ્છે છે. અપથ્ય (ન ખાવા યોગ્ય) પદાર્થો ખાઈને નિરોગીતા (તંદુરસ્તી)ને ઈચ્છે છે. તે કદી બનવાનું નથી - બનતું નથી તેમ તું પાપોનું (પાપમાર્ગનું) સેવન કરીને સુખની પરંપરાને ઈચ્છે છે... તે ક્યારે પણ શક્ય બનવાનું નથી ।।૫।।

तोषं नयेन्द्रमपि चक्रधरं भजस्व,
मन्त्रान् प्रसाधय वशीकुरु चेटकादीन् ।

दुर्गानटातिविकटांस्तर वारिराशीन्
पापे रतस्य न तथापि समीहिताप्तिः ।।६।।

भावार्थ :- हे भद्रक ! देवनानाथ ईन्द्रने तुं राजी कर, षटखंडना अधिपति चक्रवर्तीनी सेवा कर, मंत्रोनी सिध्धिकर, मलिन दुष्ट देवोने पोताना कबजामां (ताबे) कर, कठण पर्वतोनी माळाओनो खुंदीवर, अत्यंत भयंकर मोजाओथी उछळता एवा तोफानी समुद्रोने पार कर तो पण पाप करवामां मग्न... (मस्त, रत) एवा तने ईच्छितनी पूर्ति थशे नहि अर्थात् तारी ईच्छाओ पूर्ण थशे नहि... ।।६।।

पापं सुखेऽपि विदधात्यधमः सुभावा-
न्निर्वाहहेतुमथ चापदि मध्यमोंऽगी ।
प्राणानपि त्यजति साधुजनो विपत्सु,
नाकृत्यमाचरति चायतिशर्मकामः ।।७।।

भावार्थ :- हे साधो ! अधम पुरुषो सुखमां पण पापने आचरे छे. आपदा याने विपत्ति आवतां आजीविका (जीवन निर्वाह) माटे मध्यम पुरुषो पापने आचरे छे अने भाविकाळमां सुखने चाहनारा साधु (सज्जन-उत्तम) पुरुषो विपत्तिओ आव्ये छते प्राणोनी पण परवा करता नथी अने न करवा योग्य कृत्यने पण आचरता नथी... ।।७।।

नीचैः कुले जनिरपारदरिद्रभावे १,
दौर्भाग्य २ मामयततिः ३ कुकुटुम्बयोगः ४।
वाग्निष्ठुरा ५ वध ६ पराभव ७ दुर्यशांसि ८,
प्रेष्टैर्वियुक्ति ९ रिति पापतरोः फलानि ।।८।।

भावार्थ :- (१) अतिशय निर्धन एवा नीच कुलमां जन्म (२) दुर्भाग्यता (३) रोगोनी श्रेणी (४) खराब कुटुम्बनो मेळाप (५) कर्कश - कठोरवाणी (६) वध (घात) (७) पराभव (८) अपयश (९) प्रकर्षे करीने ईष्ट (मन-पसंद) नो विरह (वियोग) आ बधुं करेला पाप रुपी वृक्षना फळो छे ।।८।।

द्रारिद्रविप्लुतमनास्तदपोहकांक्षी,
पापं करोष्यनुदिनं द्रविणार्जनाय ।

भो ! साध्यसाधनविभागमवैषि मूढ !,
नापथ्यभोजनकृतो हि गदोपशान्तिः ।।९।।

ભાવાર્થ :- નિર્ધનપણાથી હારેલો, દુઃખી થયેલ મનવાળો એવો તું નિર્ધનતાને દૂર કરવાની ઈચ્છા કરે છે અને ધનને મેળવવા માટે નિત નિરંતર પાપને આચરે છે. પરંતુ હે અજ્ઞ ! સાધ્ય (લક્ષ) સાધનાના વિભાગનો વિચાર કર - ખ્યાલ કર... અપથ્યનું ભોજન કરવાથી ક્યારે પણ રોગનો નાશ થતો નથી ઉલ્ટો વધે છે એટલે કે પાપ કરવાથી ક્યારે પણ સુખ મળતું નથી દુઃખજ પ્રાપ્ત થાય છે... ।।૯।।

दास्यं वरं न च समृद्धिभरोऽप्यधर्मात्,
कंदाशनं वरमघैर्न सुधोपभोगः ।
वासो वरं सह मृगैरघजं न राज्यं,
मृत्युर्वरं सवृजिनं न च दीर्घमायुः ।।१०।।

ભાવાર્થ :- હે સદાચારી ! પાપ કરીને સમૃધ્ધિવાન બનવા કરતા સેવકપણું સારૂં છે. પાપકરીને અમૃતનું ભોજન કરવા કરતાં ઝાડના મૂળ ખાઈને જીવવું ઉત્તમ છે. હરણ વિ. વન પશુઓ સાથે વનમાં વાસ કરવો શ્રેષ્ઠ છે. પરંતુ પાપ થકી પ્રાપ્ત થતું રાજ્ય સારૂં નથી પાપ કરીને લાંબુ જીવવા કરતાં મૃત્યુ ઉત્તમ છે ।।૧૦।।

आत्मन् ! जडोऽसि बधिरः किमनीक्षणोऽसि,
यद्दुष्कृतानि कुरुषेऽप्युदयाभिलाषी ।
जानासि नैतदपि सर्वजनेषु रूढं,
गोपाऽपि क्षयमिह प्रवदन्ति पापात् ।।११।।

ભાવાર્થ :- હે આત્મા ! શું તું નિર્જીવ છે ? શું તું કાને સાંભળતો નથી ? શું તું નેત્ર વિનાનો છે ? કે જે તું ઉત્કર્ષનો ઈચ્છુક છતાં પણ દુષ્કૃતો-પાપોને કરે છે. સકલ જનમાં પ્રસિધ્ધ આ હકિકત ને શું તું જાણતો નથી ? કે અભણ એવો ગોવાળીયો પણ જાણે છે (કહે છે) કે પાપના કારણે ક્ષય થાય છે યાને પાપથી દુઃખ આવે છે... ।।૧૧।।

तरुवत्तटिनीतटोद्गताः प्रमदाहृद्गतगुह्यमन्त्रवत् !
जलवच्च मृदामपात्रगा, न चिरं स्थास्यति पापिषु श्रियः ।।१२।।

ભાવાર્થ :- નદીના કાંઠે ઉગેલા ઝાડની જેમ, સ્ત્રીના હૃદયમાં રહેલ ગુપ્તમંત્રની જેમ, કાચા માટીના પાત્રમાં રહેલા પાણીની જેમ... પાપકારી માનવની પાસે લક્ષ્મી દીર્ઘ સમય ટકતી નથી... રહેતી નથી... ।।૧૨।।

अभ्यधिष्महि च-
दीपवन्न्यायजं द्रव्यं, दीप्यते चिरमण्वपि ।
तृणाग्निवदनीत्युत्थं, भूयोऽप्याशु विनश्यति ।।१३।।

ભાવાર્થ :- વળી પણ કહ્યું છે કે ન્યાય નીતિથી પ્રાપ્ત થયેલું થોડુ પણ દ્રવ્ય દીપકની જેમ લાંબો કાળ સુધી ટકે છે. અને અનીતિથી પ્રાપ્ત થયેલું દ્રવ્ય ઘણું હોવા છતાં પણ ઘાસના અગ્નિની જેમ તૂર્તજ નાશ પામે છે ।।૧૩।।

स्पृहयन् यदघान्यधीः सृजेद् धनभोगादि तदश्नुते न वा ।
यदि वाऽणु चलं च पापजा विपदस्त्वत्र परत्र दुःसहाः ।।१४।।

ભાવાર્થ :- મંદ બુધ્ધિવાળો જીવન, ધન, ભોગાદિને ચાહતો જે પાપો ઉભા કરે છે તેને ધન તો મલે અને ન પણ મલે તે ભોગવે પણ ખરો ન પણ ભોગવે અથવા તે અલ્પ ધન અને જલ્દી નાશ પામનારા ભોગાદિને પામે છે. પાપ કરવાના કારણે આવેલી વિપત્તી (દુઃખો) આલોક અને પરલોક એમ બન્ને રીતે સહી ન શકાય તેવી વેદનાઓ આપે છે ।।૧૪।।

पापानुबन्धिसुकृतस्य लवैः कदाचित्,
केषांचनाप्यघकृतामपि लक्ष्यते श्रीः ।
साऽप्यायतो नरकहेतुतयाऽऽपदेव,
पुष्टिर्यथैव हरितैः सरसैरजस्य ।।१५।।

ભાવાર્થ :- ક્યારેક કોઈ પાપ કરતો હોવા છતાં પણ પાપાનુબંધિ પૂણ્યના કારણે થોડી લક્ષ્મી તેની પાસે દેખાય છે. તે પણ ભવિષ્યમાં તો નરકનું કારણ હોવાથી આપદાની આપત્તિરૂપ જ છે. જેવી રીતે રસવાળા લીલાઘાસ વડે

બકરાની પુષ્ટિ કરાય છે અંતે તેને આગળ જતાં મરવાનું જ આવે છે. તે કારણથી તે દુઃખરૂપ જ છે. તેમ પાપ કરવાવાળાને પૂર્વ પુણ્યથી મળેલ થોડી અને ચંચળ લક્ષ્મી નરકનો હેતુ હેવાથી વિપત્તિરૂપ જ છે.

येषां कृते चरसि पापभरं कलत्र
पुत्रादयः पृथगमी निजकर्मवश्याः ।
यान्तीत्यवेहि ननु तत्फलभोगकाले,
भावी न कोऽपि नरकापदि ते सहायः ॥१६॥

ભાવાર્થ :- હે વિચારક ! જેના કારણે તું પાપોનો સંચય કરે છે. તે સ્ત્રી, પુત્ર વિ. પોતાના કર્મના વશપણાના કારણે અલગ અલગ જવાના છે. જાય છે. એમ તું જરા સમજ ! ભવિષ્યકાલમાં તેં કરેલા પાપના ફળના ભોગના સમયમાં નરક વિ. આપત્તિઓમાં તને કોઈપણ સહાય કરનારા નથી ॥૧૬॥

धिक् पौरुषं सह महत्त्वसमृद्धिभोगै-
र्यातु क्षयं चतुरिमा स सरूपधैर्यः ।
किं तैः सहायनिकरैः सुतबन्धुदारै-
र्येष्वत्र सत्स्वपि भवेन्नरकव्यथाऽघैः ॥१७॥

ભાવાર્થ :- હે ભીરુ ! મોટાઈ, સત્તા, પ્રતિષ્ઠા, સમૃધ્ધિ (વૈભવ) અને ભોગ માટેના તારા પુરૂષાર્થને ધિક્કાર હો ! તે રૂપ, ધીરજ, હોંશિયારી આદિ વિનાશને પામો. સહાય કરનાર એવા પુત્ર બંધુ પત્નિ હોવાથી શું ? તારે પાપ કરીને નરકનું દુઃખ સહેવું પડે.

ते बान्धवाः स च पिता जननी च सैव,
देवः स एव स गुरूः स सुहृच्च सम्यग् ।
यद्वाक्सुधां हि पिबतो वृजिनान्निवृत्तौ,
बुद्धिर्भवेत् किल यया सकलार्त्तिनाशः ॥१८॥

ભાવાર્થ :- તારા તેજ બાંધવ છે તેજ પિતા છે તેજ માતા છે તેજ દેવ છે તેજ ગુરૂ છે અને તેજ મિત્ર સાચા છે કે જેની વાણી રૂપી અમૃતનું પાન કરવાથી

પાપથી છૂટવાની બુધ્ધિપ્રાપ્ત થાય છે. જે બુધ્ધિથી સમસ્ત પાપનો અને તેનાથી આવતા સમસ્ત દુઃખોનો નાશ થાય ॥૧૮॥

मूलं यस्योरुमोहो भववनगहने स्कन्धबन्धः कुबोधः,
शाखा प्रोद्यत्कषाया दलततिरतुलदेहगेहादिचिन्ता ।
दारिद्र्यादीनि पुष्पाण्यघफलदमिमं नित्यतृष्णाम्बुसिक्तं,
छित्त्वा पुण्यैः कुठारैर्नरकफलमयं स्याज्जनः सज्जयश्रीः ॥१९॥

ભાવાર્થ :- હે દાની ! આ ગાઢ એવા ભયંકર ભવવનમાં વિસ્તૃત મોહરૂપી જેનું મૂળ છે અજ્ઞાન (કુબોધ) જેનું થડ છે. ઉત્કૃષ્ટ ક્રોધાદિ ડાળીઓ છે. શરીર ઘર વિ.ની ચિંતાઓ એ બહુ પાંદડાઓ છે. દારિદ્રયાદિ પુષ્પો છે. હંમેશા ઝંખના રૂપી પાણીથી સિંચાયેલ, દુર્ગતિ વિ. ફળને આપનારા એવા પાપરૂપી વૃક્ષને પૂણ્યરૂપી કુહાડીથી કાપીને હાજર એવી જયરૂપી લક્ષ્મીથી યુક્ત આત્મા બને છે. ॥૧૯॥

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते
श्रीउपदेशरत्नाकरे- ऽपरतटे
पापपरिहारोपदेश- स्तृतीयस्तरङ्गः ।

એ રીતે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુંદરસૂરિ એ રચેલા
શ્રી ઉપદેશરત્નાકરના અપર તટમાં પાપને પરિહરવાના
પાપને દૂર કરવાના ઉપાયના ઉપદેશ નામનો
॥ ત્રીજો અંશ પૂર્ણ ॥

અપર તટ

વિશેષ ધર્મ કૃત્યોના ઉપદેશ નામનો

ચતુર્થ અંશ

देवो जिनोऽष्टादशदोषवर्जितः षट्त्रिंशता सूरिगुणैर्युतो गुरुः ।
धर्मो दशद्वादशघा भजन् भिदो, ददाति मुक्तिं न कथंचनापरः।।१।।

ભાવાર્થ :- (૧) અઢાર દોષોથી મુક્ત એવા જીનેશ્વર દેવ (૨) આચાર્યના છત્રીશ ગુણોથી શોભતા એવા ગુરૂ (૩) દશ અને બાર પ્રકાર એમ બે ભેદે ધર્મ મોક્ષપદને આપે છે બીજા કોઈપણ દેવ ગુરૂ ધર્મ મોક્ષને આપવાવાળા નથી... ।।૧।।

અઢાર દોષ :

૩૬ ગુણો :- ૫ ઈન્દ્રિયનો સંવર, ૯ બ્રહ્મચર્યની વાડને ધરનારા, ૪ કષાયથી મુક્ત, ૫ મહાવ્રતથી યુક્ત, ૬ પાંચ પ્રકારનો આચાર, ૫ સમિતિ, ૩ ગુપ્તિ

भक्तिर्जिनेन्दोः सुगुरोश्च सेवा, सम्यक्त्वशुद्धिर्व्रतधारणं च ।
नित्यं षडावश्यकनिर्मितिश्च, दानादिरंगश्च शिवाय धर्मः ।।२।।

ભાવાર્થ :- (૧) જિનેશ્વર દેવની ભક્તિ (૨) સદ્‌ગુરૂની સેવા (૩) સમ્યકત્વમાં શુધ્ધિ (૪) વ્રત અંગીકાર કરવા (૫) નિત્ય આવશ્યક કરવા અને (૬) દાનાદિમાં ઉલ્લાસ થવો આવો ધર્મ મોક્ષને માટે થાય છે. ।।૨।।

देवः शिवश्रीप्रतिभूर्जिनेश्वरो, गुरुः क्रियाढ्योऽखिलतत्त्वदेशकः ।
धर्मश्च ताभ्यां गदितो निराश्रवो, न लभ्यते दूरमहोदयैर्ध्रुवम् ।।३।।

ભાવાર્થ :- મોક્ષરૂપી લક્ષ્મીને પ્રત્યક્ષ ભોગવનાર સાક્ષીભૂત જિનેશ્વરદેવ, ક્રિયા યુત અને સઘળા તત્વને ઉપદેશ દ્વારા બતાવનારા ગુરૂ અને તે બન્નેએ પ્રકાશેલો - કહેલો આશ્રવ વગરનો ધર્મ, જેનો મોક્ષ ઘણો દૂર છે અથવા સંસાર ભ્રમણ હજુ ઘણું બાકી છે તેને નિશ્ચયે કરીને પ્રાપ્ત થતો નથી ।।૩।।

पितेव जैनः समयो दयाप्रसूः सद्भावना चानुचरी गुणाः सुताः ।
सदा सहायाः सुकृतानि कीर्त्तयः, पुत्र्यः कुटुम्बेऽत्र रतः सदा सुखी ।।४।।

ભાવાર્થ :- (૧) શ્રી જૈન આગમરૂપી પિતા (૨) દયા-કરૂણારૂપી માતા (૩) શુભભાવના રૂપી દાસી (૪) ગુણો રૂપી પુત્રો (૫) સદૈવ સહાય કરનારા જ્યાં છે અને (૬) કીર્તિ રૂપી પુત્રીઓ છે. સુકૃત રૂપી બંધુઓ જ્યાં છે તેવા પરિવારમાં રતપ્રાણી હંમેશા સુખને અનુભવનારો થાય છે - સુખમાં રહેલો છે ।।૪।।

संघाधिपत्यं गुरुजैनचैत्यबिम्बप्रतिष्ठापनमागमोद्धृतिः ।
सम्यक्त्वशुद्धिर्यतिधर्मदापनं, धर्मा अमी स्युर्जिननामकर्मणे ।।५।।

ભાવાર્થ :- શ્રી સંઘનુ આધિપત્યપણું (૨) વિસ્તારવાળું મંદિર (૩) મૂર્તિની પ્રતિષ્ઠાઓ કરવી (૪) આગમોનો ઉધ્ધાર (૫) સમ્યકત્વની શુધ્ધિ (૬) સાધુ ધર્મને આપવો-અપાવવો આ બધા ધર્મો જિનનામકર્મને બાંધવા માટે કારણભૂત બને છે ।।૫।।

अचीकरंश्चैत्यमबीभरंस्तथा, बिम्बानि सिद्धान्तमलीलिखंश्च ये ।
अपूपुजन् संघमदीदिद्युतन्मतं, जिनस्य तैः सर्वरमावशीकृताः ।।६।।

ભાવાર્થ :- જેઓ જિનેશ્વર ભગવંતના મંદિરો (ચૈત્ય)નું નિર્માણ કરાવે છે, તથા જિન પ્રતિમાઓને ભરાવે છે, આગમોને લખાવે છે, શ્રી સંઘની પૂજા કરે છે અને જિનેશ્વરના મતને-સિધ્ધાંતને ઉજમાળ કરે છે તેઓને સર્વપ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થાય છે અથવા તેઓએ બધી લક્ષ્મીને વશ કરી છે. ।।૬।।

अचीकरंश्चैत्यमबीभरंस्तथा, बिम्बानि चालीलिखदागमं च यः ।
चारित्रमग्राहयदात्मजादिकान्, वशीकृतास्तैः सकलेष्टसंपदः ।।७।।

ભાવાર્થ :- જે જિન ચૈત્યને કરાવે છે. તથા જિનબિંબોને ભરાવે છે. અને જિન આગમ (સિધ્ધાંત)ને લખાવે છે... તે રીતે પોતાની સંતતિ એટલે કે પુત્ર-પુત્રી વિ.ને ચારિત્ર (દીક્ષા) અપાવે છે. પ્રેરણા કરે છે તેઓ સર્વ ઇચ્છિત (શ્રેષ્ઠ) સંપદાને પ્રાપ્ત કરે છે. અર્થાત્ તેઓએ તે વશ કરી છે. ।।૭।।

स्थालं दर्शनमुज्ज्वलं व्रतगुणाः पक्वान्नखण्डादयः,
शालिः शीलमतिस्तपोविधिरतिर्दालिः सुभावो घृतम् ।
शाकान्यार्षगिरः क्रिया वरदधि ज्ञानं जलं शुद्धये,
श्रेयस्तृप्तिसुखाय भोजनमिदं निघ्नद्भवार्त्तिक्षुधम् ।।८।।

ભાવાર્થ :- જેની પાસે અતિ રમણીય ઉજળો થાળ છે, વ્રત લેવાના ગુણરૂપી મીષ્ટાન અને સમ્યગ્દર્શન રૂપી સાકર છે, શિયળ પાળવાની બુધ્ધિ રૂપી ચાવલ છે, તપશ્ચર્યા આદરવામાં આનંદ-ઉલ્લાસ રૂપી દાળ છે, સદ્ભાવ રૂપી ઘી છે, ઉત્તમ પુરૂષ (જિન)ની વાણી રૂપી શાક છે, ક્રિયા રૂપી શ્રેષ્ઠ દહીં છે અને જ્ઞાન રૂપી જલ છે ભવના દુઃખરૂપી ભૂખને દૂર કરનારૂં (તોડનારૂં) આ ભોજન કલ્યાણરૂપી તૃપ્તિ (સંતોષ) ના સુખ માટે છે અર્થાત્ અવિચલ સુખને માટે છે ।।૮।।

द्वेधा धर्मरथं नयद्वयवृषं ज्ञानक्रियाचक्रभृत्
सम्यक्त्वव्रतपीठशुद्धफलकं ज्ञानादिकोद्धिप्रथम् ।
श्रित्वा सद्गुरुसारथिं गुणगणैर्बद्धं शिवेच्छायुगं,
प्रोल्लंघ्योरुभवाटवीं शिवपुरे भव्योऽश्नुते शं परम् ।।९।।

ભાવાર્થ :- જેને બે નય (વ્હવહારનય અને નિશ્ચયનય) રૂપી બે બેલ જોડેલા છે. જ્ઞાન અને ક્રિયા રૂપ બે પૈડા રહ્યા છે. સમ્યકત્વરૂપી પાટ (બેસવાનું સ્થળ) અને વ્રતરૂપી પીઠ અને લાકડાનું પાટીયું લાગેલું છે. જ્ઞાનાદિક સદ્ગુરૂ જેના ચલાવનાર છે. ગુણ રૂપી દોરડાના સમુહથી બંધાયેલા અને મોક્ષની ભાવનારૂપ ઘૂંસરૂ જેમાં રહ્યું છે. તેવા સર્વ વિરતિ અને દેશવિરતિ રૂપ બે પ્રકારના ધર્મરૂપી રથને આશ્રયીને બેઠેલા મોક્ષાભિલાષી ભવ્ય જીવો દુર્ગમ ભવરૂપી અરણ્યને પાર કરીને મોક્ષનગરમાં પહોંચી પરમ શ્રેષ્ઠ ઉંચા શાશ્વત સુખને ભોગવે છે... પ્રાપ્ત કરે છે ।।૯।।

जिनगुरुसंघे भक्तिं तन्वन्नावश्यकानि भवभीरुः ।
सदयसद्व्यवहारः श्राद्धो लभते श्रियोऽभीष्टाः ।।१०।।

ભાવાર્થ :- દેવ એટલે જિનેશ્વર દેવ વીતરાગ પરમાત્મા, ગુરૂ એટલે પંચમહાવ્રતાદિના ધારક સદ્ગુરૂ સંઘ એટલે પરમાત્માએ સ્થાપેલો પ્રભુ આજ્ઞાના પાલક સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ તેવા સુદેવ સુગુરૂ અને

સુધર્મની ભક્તિ કારક, ષડ્આવશ્યક એટલે ઉભયટંક પ્રતિક્રમણ કરતો, ભવ (સંસાર પરિભ્રમણથી કંટાળેલો)થી ડરનારો, કરૂણા સભર હૃદયવાળો અને નીતિપૂર્વક વેપાર વ્યવહાર કરનારો શ્રાવક સંપૂર્ણ ઈચ્છિત લક્ષ્મીને પામે છે... ॥૧૦॥

पितृवद्देवगुरुन् यः सुतबन्धूनिव सधर्मकान् पश्येत् ।
निधिजीवितमिव धर्मं तस्य वशाः संपदो निखिलाः ॥११॥

ભાવાર્થ :- જેઓ પિતાની સમાન દેવ અને ગુરૂને, સ્વધર્મી (સાધર્મિક) ને પુત્ર અને ભાઈની જેમ અને ધર્મને લક્ષ્મી (નિધિ) અને જીવનની જેમ જુએ છે માને છે. તેને વિશ્વની સમસ્ત શ્રેષ્ઠ લક્ષ્મી વશ થાય છે. એટલે કે તેને આવી મળે છે. ॥૧૧॥

जिनसद्गुरुसंघार्चा व्यवहृतिशुद्धिः परोपकारित्वम् ।
औचित्यं च विभूषणमेतल्लक्ष्मीर्वशीकुरुते ॥१२॥

ભાવાર્થ :- જે ભાગ્યવાન સુદેવ-સુગુરૂ અને શ્રી સંઘનુ પૂજન, વ્યવહારમાં શુધ્ધતા, ન્યાયિપણું, પરાર્થકારી પણું અને ઔચિત્ય (ઉચિતકાર્ય) એવા આ અલંકાર ધારણ કરે છે. તેને લક્ષ્મી આવીને વરે છે અર્થાત્ આ આભૂષણ લક્ષ્મીને વશ કરે છે. ॥૧૨॥

कषायशैथिल्यमुदारचित्तता, कृतज्ञता सर्वजनेष्वनुग्रहः ।
प्रपन्नधर्मे दृढिमाऽर्च्यपूजनं, गुणादृतिर्भाविजिनत्वलक्षणम् ॥१३॥

ભાવાર્થ :- ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયોનું નરમપણું, ઔદાર્યપણું, કૃતજ્ઞતા (ઉપકારીને ન ભૂલવું), સર્વ પ્રાણીપર ઉપકારીતા, સ્વીકારેલા ધર્મકર્મમાં નિશ્ચલતા, પૂજનીયનું પૂજન, ગુણોનો આદર, ગુણાનુરાગિતા આ ભવિષ્યના જિનપણાનું લક્ષણ છે અર્થાત્ આ બધા ગુણો જેમાં રહ્યા છે તે ભાવિમાં તીર્થંકર પણાના ભાગી થવાનું લક્ષણ છે. ॥૧૩॥

श्रुतजिनगुरुसंघानां पूजा सोद्यापनानि च तपांसि ।
पौषधसामायिकमपि सद्यः श्रेयो वशीकुर्युः ॥१४॥

ભાવાર્થ :- જ્ઞાન, જિનદેવ-ગુરૂ અને સંઘની પૂજા, ઉજમણા, સાધુનો તપ અને સમતાભાવ પૂર્વકનું સામાયિક અને પૌષધ પણ શિઘ્રતયા લક્ષ્મી (મોક્ષ) ને આપે છે. કલ્યાણને વશ કરે છે. ॥૧૪॥

पार्श्वस्थादिकुतीर्थसङ्गरहितं सल्लक्षणैर्भूषणै-
र्युक्त दर्शनमुत्तमव्यवहृतिः श्रीदेवसंघार्चनम् ।
पित्रादावुचितज्ञता व्रतरतिः पर्वज्ञताऽऽवश्यका-
ऽक्षेपो धैर्यगभीरते च गृहिणो धर्मो ह्ययं श्रेयसे ।।१५।।

भावार्थ :- चारित्र-व्रतमां शिथिल એવા પાસત્થાદિ અને કુશાસ્ત્રને માનનારા કુ(અન્ય) દર્શનીયોના સંસર્ગ વિનાના શમ-સંવેગ-નિર્વેદ અનુકંપા અને આસ્તિક્યતા રૂપ લક્ષણો અને વીરતા આદિ પાંચભૂષણયુક્ત એવું સમ્યગ્દર્શન ન્યાયયુક્ત વ્યવહાર, શ્રીદેવ અને સંઘનીપૂજા, પિતાદિમાં ઔચિત્યનું જાણપણું, વ્રત નિયમના પાલનમાં આનંદ, પર્વનું જાણવું, આવશ્યક ક્રિયામાં રુચિ, ધીરતા, ગાંભીર્યપણું આ ગૃહસ્થી (સંસારીયો)નો ધર્મ હિતને માટે થાય છે.।।૧૫।।

तपः श्रेयोऽखिलं दत्ते, विशिष्योद्यापनैः सह ।
कृतार्हद्गुरुसंघार्चादिभिः सातिशयं च तत् ।।१६।।

भावार्थ :- અરિહંત પ્રભુની, ગુરૂની અને સંઘની પૂજા અને ઉજમણા સાથે કરેલો તપ બધી રીતે કલ્યાણ કરનારો થાય છે ।।૧૬।।

पूजाऽर्हतां १ सद्गुरुसेवनं २ च, स्वाध्यायसङ्ग ३ श्च तपो ४ दया ५ च ।
दानं च पात्रे ६ गृहिणां शिवाय, कर्माण्यमूनि प्रतिवासरं षट् ।।१७।।

भावार्थ :- (૧) જિનેશ્વરની પૂજા (૨) સુગુરૂની સેવા (૩) સ્વાધ્યાયનો રસ (રંગ) (૪) તપ (૫) કરૂણા (૬) સત્પાત્રમાં દાન આ છ પ્રકારે કરેલો ધર્મ હંમેશા ગૃહસ્થને કલ્યાણકારી બને છે. મોક્ષ માટે થાય છે. ।।૧૭।।

पूजाऽर्हतां १ सद्गुरूसेवनं च, शास्त्रे रतिर्दानदमोपकाराः
सत्कर्मबुद्धिर्व्यवहारशुद्धिर्धर्मः सतां वांछितशर्मदायी ।।१८।।

भावार्थ :- વીતરાગ પરમાત્માની પૂજા, સુગુરૂની ભક્તિ, શાસ્ત્રમાં લીનતા, દાન, ઈન્દ્રિયો પર કાબુ, પરોપકાર, શુભકાર્યમાં બુધ્ધિ, વ્યવહારમાં શુધ્ધિ આ ઉત્તમપુરૂષોનો ધર્મ વાંછિતફળને આપનારો છે. ।।૧૮।।

जिनसंघसदर्चनैर्धनव्ययतः क्षेत्रगणे क्रियागुणैः ।
वरदर्शनसद्व्रतादिभिर्नर-जन्मेष्टफलं कृतिन् ! कुरु ।।१९।।

ભાવાર્થ :- હે પૂણ્યવાન ! સપ્તક્ષેત્રમાં, જિનેશ્વરભગવંતની, શ્રી ચતુર્વિધસંઘની પૂજાઓ કરવામાં ધનનો વ્યય કરવાથી, ક્રિયાનાં ગુણથકી તથા શ્રેષ્ઠ એવું સમ્યગ્દર્શન અને ઉત્તમવ્રતોના પાલન વિ.થી મળેલા ઈષ્ટફલરૂપ માનવજન્મને સફળ કર ॥૧૯॥

जिनेन्द्रभक्त्या गुरुसंघपूजया, तपोभिरुद्यापनदीप्रशासनैः ।
कृतार्चनाद्यैर्विशदक्रियागुणैः, सुधीर्विदध्यात्सकलेष्टकृज्जनुः ॥२०॥

ભાવાર્થ :- હે ઉત્તમ બુધ્ધિધન ! જિનેશ્વર ભ.ની ભક્તિ કરીને, ગુરૂ અને સંઘની પૂજા કરીને, ઉજમણાદિથી દીવ્યતાને પામેલા, શાસનમાં કહેલી તપસ્યાને કરીને, પૂજા વિ. કરીને અને નિર્મલ ક્રિયાના ગુણે કરીને મળેલા માનવ જન્મને સફળ કર... ॥૨૦॥

दयादमार्हन्मुनिसंघपूजया, परोपकारो व्यवहारशुद्धिः ।
शास्त्रप्रणीता विलसन्ति यस्मिन्, धर्मं भजध्वं भवभीरवस्तम् ॥२१॥

ભાવાર્થ :- હે ભવભીરુઓ ! દયા (સ્વ અને પર કરૂણા) ઈન્દ્રિયોનુ દમન, અરિહંત, મુનિ, સંઘનીપૂજા સહ પરોપકાર, વ્યવહારની વિશુધ્ધિ, જે શાસ્ત્રોમાં વર્ણવેલ છે. તેવા ધર્મને તમે આદરો ॥૨૧॥

भवार्त्तिघातं जिनमीहितप्रदं, धर्मे तदुक्तं च दयादिपावनम् ।
गुरुं विशुद्धाचरणं महीयते, यस्तस्य संपत्प्रचयो न हीयते ॥२२॥

ભાવાર્થ :- હે પૂણ્યશાલી ! ભવના દુઃખને દૂર કરનારી અને ઈચ્છિતને આપનારા એવા જિનેશ્વરને અને દયા કરુણા વિ. થી ભરેલા પવિત્ર ધર્મને અને વિશુધ્ધ - નિર્મલ આચારવાળા ગુરુને જે પૂજે છે. તેને સંપત્તિઓનો સમુહ છોડતો નથી ॥૨૨॥

पूजां जिनेन्द्रस्य तपश्च दानमावश्यकाद्यं कुरु नित्यमेव ।
विशेषतः पर्वसु तेषु भावाद्देवर्षिमान्येषु फलं ह्यनन्तम् ॥२३॥

ભાવાર્થ :- હે કરુણાર્દ્ર ! જિનેન્દ્રની પૂજા-ભક્તિને, તપશ્ચર્યાને, દાનને અને આવશ્યક (પ્રતિક્રમણ) આદિને નિત્ય કરનારો થા, અને દેવ, ગુરૂને માન્ય

એવા પર્વના દિવસોમાં વિશેષ પ્રકારે ધર્મ કરનારો બન કારણકે તેનુ ફળ અગણિત અનંતુ છે ॥૨૩॥

जलाहारौषधस्वापविद्योत्सर्गकृषिक्रियाः
सफलाः स्वस्वकाले स्युरेवं धर्मोऽपि पर्वसु ॥२४॥

ભાવાર્થ :- પાણી, આહાર, ઔષધ, નિદ્રા (ઉંઘ) વિદ્યા, ત્યાગ અને ખેતીની ક્રિયા આ સર્વ અનુરૂપ તે તે સમયે ફલને આપનારા બને છે સફલ થાય છે. તે રીતે ધર્મ પણ તે તે પર્વના દિવસોમાં કરવાથી વિશેષ શ્રેષ્ઠ ફળને આપનારો થાય છે ॥૨૪॥

सम्यक्त्वमूलो व्रतदीर्घसालो ज्ञानालवालो गुणपत्रमालः ।
नृपादिसंपत्कुसुमो गृहस्थधर्मद्रुमो मुक्तिफलं प्रसूते ॥२५॥

ભાવાર્થ :- હે વિચારક ! જેને સમ્યકત્વ રૂપી મૂળ છે. વ્રત રૂપી દીર્ઘ શાખા ડાળીઓ છે. જ્ઞાન રૂપી ક્યારો છે. ગુણરૂપી પાંદડાઓ છે રાજા વિ.ની સંપત્તિ (લક્ષ્મી) પુષ્પો છે એવા ગૃહસ્થધર્મરૂપી ઝાડ મુક્તિરૂપી ફળને આપે છે અર્થાત્ પેદા કરે છે ॥૨૫॥

लक्ष्मीः क्षेत्रनियोजनेन सुभगा चक्रे स्वकीर्तिर्जगद्-
वासस्थानसमर्पणेन मुदिता सन्तो मुदोल्लासिनः ।
सद्भूतस्तवनाः कृताश्च कवयोऽर्हच्छासनं द्योतितं
पाणिस्थं शिवशर्म निर्मितमहो पुण्यात्त्वयाऽस्मात्कृतिन् ॥२६॥

ભાવાર્થ :- હે પુણ્યશાલી ! તેં લક્ષ્મીને સાત ક્ષેત્રોમાં વાવીને-વાપરીને તેને સાર્થક કરી છે. જગતમાં પોતાની કીર્તિને સારી રીતે ફેલાવી છે. (રહેવાની જગ્યા આપીને કીર્તિને આનંદિત કરી છે) સજ્જન પુરૂષોને (સંતજનને) ખુશ કરી ઉમંગ ભર્યા કર્યા છે જેવા ગુણો છે તેવા ગુણોના વર્ણન યુક્ત સ્તવના કરી કવિઓએ અરિહંત પરમાત્માના શાસનને જગતમાં દિપ્તિવંત બનાવ્યું છે. તેથી આવા પુણ્યથી તેં મુક્તિપદને હાથવગુ કર્યું છે અર્થાત્ મુક્તિને હાથમાં સ્થાપી છે ॥૨૬॥

विरतिं प्रियप्रियामिव सुरमणिमिव दर्शनं गुणान् सुतवत् ।
जिनधर्म्माश्च निधीनिव चिंतय चेदीहसे श्रेयः ।।२७।।

ભાવાર્થ :- હે ચેતનવંત ! વિરતિને પ્રીયનારીની જેમ, સમ્યગ્દર્શન ને સુરમણિની જેમ, સદ્ગુણોને પુત્રની જેમ, જિનધર્મને નિધાનની જેમ, ચિંતવન કર અથવા હૃદયમાં ધાર જો તને કલ્યાણ સાધવાની ઈચ્છા - ભાવના હો તો ।।૨૭।।

वपुर्धर्मोद्यमैः श्लाघ्यं, स्याच्चित्तं तत्त्वचिन्तया ।
कुटुम्बं धर्मसाहाय्याद्वित्तं च क्षेत्रवापतः ।।२८।।

ભાવાર્થ :- હે ધર્મપ્રિય ! ધર્મમાં પુરુષાર્થ કરવા થકી શરીર, તત્વનું ચિંતન કરવા થકી મન, ધર્મમાં સહાયક બનવા થકી કુટુમ્બ અને સદ્રક્ષેત્રમાં વાવવા (રોપવા) થકી ધન પ્રશંસાને પાત્ર બને છે. થાય છે (તે કારણે ધર્મમાં પુરૂષાર્થ કરવા થકી પૂણ્યોદયે મળેલા શરીર આદિને સાર્થક બનાવ અને પ્રશંસાને પાત્ર બનાવ. ।।૨૮।।

पुण्यक्रियया प्रीतिर्भीतिः पापाद्रतिर्जिनाभिहिते ।
हर्षः प्रभावनायां द्वेषो रोषादिषु च शिवकृत् ।।२९।।

ભાવાર્થ :- હે ચતુર ! ધાર્મિક અનુષ્ઠાનમાં પ્રીતિ, પાપનોડર, જિનવાણીમાં રસ મગ્નતા, શાસન પ્રભાવનામાં ખુશી, ક્રોધાદિ કષાયો પર દ્વેષ આ મોક્ષને આપનાર બને છે અર્થાત્ કલ્યાણ કરનાર છે ।।૨૯।।

अनाचारेष्वसामर्थ्यमचातुर्य च वंचने ।
आलस्यं च महारंभे, श्रेयसे मूकता कलौ ।।३०।।

ભાવાર્થ :- હે પંડિત ! અનાચરણીય માં અસમર્થતા, બીજાને છેતરવામાં ચાલાકીનો અભાવ અને મહારંભ (પાપક્રિયા)માં પ્રમાદીપણું, કલેશમાં મૌન આ કલ્યાણ-સુખને માટે થાય છે ।।૩૦।।

शिवपदसुखेऽभिलाषो निर्वेदो भवसुखेषु धीर्मैत्र्याम् ।।
जगदुपकारे चित्तं लक्षणमासन्नमोक्षस्य ।।३१।।

ભાવાર્થ :- હે ધર્મબંધુ ! મોક્ષસુખની ઈચ્છા, ભવ (સંસાર)ના સુખમાં કંટાળો, સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવની બુધ્ધિ, જગત ઉપર ઉપકાર કરવાની ભાવના આ મોક્ષની નજીક આવનાર ચિન્હો છે ॥૩૧॥

मुह्यति ललनादिषु यः स्निह्यति संपत्सु विश्वसत्यसुषु ।
न सृजति तेन स्वहितं,केवलमाकारतः स पुमान् ॥३२॥

ભાવાર્થ :- હે બંધુ ! જેઓ સ્ત્રી આદિમાં મોહ પામે છે. સંપત્તિ ઉપર સ્નેહ રાખે છે અને પ્રાણોમાં વિશ્વાસ ધરે છે. તે આત્મહિતને સાધી શકતો નથી- અર્થાત્ સાધતો નથી તે કેવલ માત્ર આકારથી મનુષ્ય છે ॥૩૨॥

अशुचिभ्य इव जुगुप्सा विषयेभ्यो भयमघादिव च निधनात् ।
विरति रक्षोभ्य इव क्रोधादिभ्यो लघु शिवाय ॥३३॥

ભાવાર્થ :- ગંદા પદાર્થોની જેમ વિષયો પર દુગંછા, મૃત્યુની જેમ પાપથીં બીક અને દાનવોની જેવા ક્રોધાદિ કષાયથી દૂર ભાગવું આ શિધ્ર મોક્ષ પ્રાપ્તિનું કારણ થાય છે ॥૩૩॥

गलिरिव निन्दाचारे गणिकेव स्वजनबन्धुजायादौ ।
नट इव लोकाचारे भवति श्राद्धोभवे विरक्तः ॥३४॥

ભાવાર્થ :- હે વૈરાગી ! આ ભીમ ભયંકર સંસારથી ઉઠી ગયેલ મનવાળો શ્રાવક નિંદનીય કાર્ય કરવામાં માંદા-લંગડા બેલની જેમ, સગા સ્નેહી સબંધી અને સ્ત્રીઓને વિષે વેશ્યાની જેવો, સંસારી લોક વ્યવહારને વિષે નટ જેવો બને છે ॥૩૪॥

यो भाटकोत्पाटितभारवद्धनं, दुर्गाध्वसंप्रेषकवत् कुटुम्बकम् ।
श्रेयःपुरप्रापकपोतवद्वपुः पश्येत्स शुध्यत्यममो गृहेऽपि सन् ॥३५॥

ભાવાર્થ :- હે ચારુચિત્ત ! જે વેતન (ભાડુ) થી ઉપાડેલા વજનની જેમ ધનને, દુઃખે કરીને પાર ઉતરાય તેવા રાહમાં ભોમીયાની જેમ પરિવારને, મુક્તિપુર યાને શ્રેયપુર મેળવી આપનાર પહોંચાડનાર વહાણની જેમ શરીરને જુએ છે તે

ગૃહસ્થપણામાં ઘરને વિષે હોવા છતાં પણ મમત્વ વગરનો નિર્મલ શુધ્ધ થાય છે ॥૩૫॥

सम्यक्त्वं यस्य मूलं समयपरिचयः स्कन्धबन्धे व्रतानि,
प्रौढाः शाखाः प्रशाखा गुणदलनिचिताः शुद्धशीलांगरूपाः ।
गुच्छाश्चावश्यकाली भवसुखततयः पुष्पलक्ष्म्यः फलानि,
श्रेयः शर्मास्तु धर्मः स सुरतरुनिभोऽभीष्टदः सज्जयश्रीः ॥३६॥

ભાવાર્થ :- હે આત્મન્ ! જેનું મૂળ સમ્યકત્વ છે. થડ આગમનો પરિચય છે. વ્રતો નિયમો ડાળીઓ છે, ગુણરૂપી પાંદડાઓ સાથે શુધ્ધ મોટી શીલાંગ રૂપ પ્રશાખાઓ છે. આવશ્યકાદિની શ્રેણી ગુચ્છા છે, ભવ સુખનીમાલા જેનાં પુષ્પો છે. મોક્ષ સુખ રૂપી જેનાં ફળ છે તેવો કલ્પવૃક્ષ સરિખો જયશ્રીયુત એવો ધર્મ ઈચ્છિત ને આપનાર થાઓ ॥૩૬॥

॥ इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते
श्रीउपदेशरत्नाकरऽपरतटे
विशेषधर्मकृत्योपदेशनामा चतुर्थस्तरङ्गः ॥

એ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિજીએ રચેલા
શ્રી ઉપદેશરત્નાકરના અપર તટમાં
વિશેષ પ્રકારે ધર્મકૃત્યના ઉપદેશ નામનો
॥ ૪ થો અંશ પૂર્ણ ॥

વિવિધ ધર્મકૃત્યોના ઉપદેશ નામનો

પાંચમો અંશ

અક્ખયનિહી સુહાણં સપરેસિં ઇહપરત્થ હિઅકારી ।
મુહપરિણામે રમ્મો જિણધમ્મો જગજણાધારો ।।૧।।

ભાવાર્થ :- સુખનો નાશપામેનહિ તેવો ખજાનો પોતાને અને બીજાને માટે (સ્વ અને પરને) અહીંયા અને બીજે (આલોક અને પરલોકમાં) કલ્યાણકારી, શરૂઆતમાં અને પરિણામમાં રમણીય, જગતના લોકોને માટે સહારારૂપ એક જિનધર્મ છે ।।૧।।

દુલ્લહા સવ્વસામગ્ગી, આઉં જિજ્ઝ (જા)ઇ દિણે દિણે ।
નત્થિ ધમ્મં વિના સુક્ખં, કુજ્જા તં તેણુવક્કમા ।।૨।।

ભાવાર્થ :- મનુષ્ય જન્મ, ધર્મશ્રવણ, શ્રધ્ધા અને સંયમમાં પુરુષાર્થ આદિ સર્વસામગ્રી મળવી મહામુશ્કેલ છે. આયુષ્ય દિનપ્રતિદિન ઘટતું જાય છે. ધર્મ વિના ક્યાંય સુખ પ્રાપ્ત થતું નથી, તેથી તું પુરુષાર્થ (પ્રયત્ન) પૂર્વક ધર્મ કરતો રહે ।।૨।।

ધમ્મં કાઉં તૂરહ જગભક્ખણલોલુએણ કાલેણ ।
સુરનરનારયતિરિઆ એએ સજ્જીકયા કવલા ।।૩।।

ભાવાર્થ :- જગતને ખાવાને માટે તલસી રહેલા કાળે દેવ, મનુષ્ય, નારક અને તીર્યચોરૂપી કોળીયા બનાવ્યા છે. ।।૩।।

દારિદ્રમિંદિઆઇ અ બલહાણી રોગસોગવહબંધા ।
સપરગતા કલિકાલે બુહાબુહે બોહમોહકરા ।।૪।।

ભાવાર્થ :- નિર્ધનતા, શક્તિનો હ્રાસ, રોગ, શોક, વધ અને બંધ આદિ પોતાને માટે અને અન્યને માટે આ કળિયુગમાં જ્ઞાનીને બોધ અને અજ્ઞાનીને માટે મોહનું કારણ બને છે. ।।૪।।

विसमा देसा दुट्ठा निवाइआ भयकुगुरुखलरोगा ।
देहधणाइ अणिच्चं जीवे बोहिंति कलिकाले ।।५।।

ભાવાર્થ :- આ કલિકાલમાં દુઃખકારી દેશો છે. ધર્મહીના કુગુરૂઓ, દુષ્ટએવા દુર્જનો અને રોગરૂપી ભયો રહેલા છે. શરીર ધન વિ.ની નશ્વરતા પ્રાણિયોને બોધિત કરે છે. ।।૫।।

नाऊण भवसरूवं तणुसयणधणएसु विगयरागस्स ।
सुरसिवसुहाणुरागा न दुच्चरो दुच्चरो धम्मो ।।६।।

ભાવાર્થ :- હે ભવ્યપ્રાણી ! ભવ (સંસાર)નું આવું સ્વરૂપ જાણીને શરીરને વિષે, સ્નેહીજનને વિષે અને ધનાદિને વિષે રાગ વગરના જે થયા છે. તેમને દેવલોક અને મોક્ષસુખોનો અનુરાગ હોવાથી દુઃખે કરીને સેવી (કરી) શકાય તેવો આ ધર્મ સુખપૂર્વક આચરી શકાય તેવો બને છે લાગે છે ।।૬।।

आसवमोहकसायाइएहिं चउसुवि गईसु विविहदुहं ।
पावंति जिआ सुहमवि तवभावसुदाणमाइहिं ।।७।।

ભાવાર્થ :- જીવો ચઉ (દેવ, મનુષ્ય, નારક અને તીર્યંચ) ગતિમાં કર્મ (આશ્રવ) મોહ, ક્રોધાદિ કષાય આદિના કારણે અનેક પ્રકારના દુઃખો સહે છે. તે રીતે તપ, સદ્‌ભાવ અને શ્રેષ્ઠ દાનાદિના કારણે વિવિધ પ્રકારે સુખને પ્રાપ્ત કરે છે. ।।૭।।

इहपरलोइयआवयहरणं सिवसीमसयलसुहकरणं ।
इक्कं तिहुअणसरणं भवतां ता कुणह जिणधम्मं ।।८।।

ભાવાર્થ :- હે હિતેચ્છુ ! આલોક અને પરલોકના દુઃખો (વિઘ્ન) ને દૂર કરનાર, મોક્ષ સુધીના સમસ્ત સુખને દેનાર, અજબ, અદ્વિતીય જિનધર્મ ત્રણેલોકને આધારભૂત બનો અર્થાત્ જિનધર્મને સેવો ।।૮।।

सामग्गिअभावेविहु, वसणेवि सुहेवि तह कुसंगेवि
जस्स न हायइ धम्मो निच्छयओ भणसु तं सड्‌ढं ।।९।।

ભાવાર્થ :- હે ઉત્તમવર ! સુખમાં કે દુઃખમાં, કે ખરાબ સોબતમાં કે વળી

વસ્તુઓ ન હોવા છતાં પણ જે ધર્મને છોડતો નથી. તેને નિશ્ચિત સાચો શ્રાવક કહેવો ॥૯॥

सुपरिच्छिअदेवगुरु विसयकसायासवेहिं भवभीरु ।
वयआवस्सयधीरो अइरा सिवसुहपयं लहइ ॥१०॥

ભાવાર્થ :- હે મુક્તિપદરાગી ! દેવગુરૂની જેણે ચકાસણી કરી છે. પાંચે ઈન્દ્રિયોના વિષય ક્રોધાદિ કષાય અને આશ્રવ સેવનમાં જે સંસાર થી ગભરાયેલો છે તેમજ વ્રત નિયમ આવશ્યાનુષ્ઠાન (કરવા યોગ્ય ક્રિયા) માં રૂચિવાળો ધૈર્યશાલી જીવ સત્વરે મોક્ષના અવિચલ સુખ (પદને) પ્રાપ્ત કરે છે ॥૧૦॥

विणु सारहिं रहा इव पोओ निज्जामगं न इट्ठफला ।
नाणकिरिआजुअं तह विणा गुरुं सेविओ धम्मो ॥११॥

ભાવાર્થ :- હે વિચારક ! ચલાવનાર (સારથિ) વિનાનો રથ, ખલાસી વિના નું વહાણ તથા જ્ઞાની અને ક્રિયાવાન્ ગુરૂવિના આરાધેલો ધર્મ ઇચ્છિત ફલને આપનારો બનતો નથી. ॥૧૧॥

निसेसगुणाधारं दुरंतसंसारसायरुत्तारं ।
सिवसुहसच्चंकारं सम्मत्तं भयदुग्गइनिवारं ॥१२॥

ભાવાર્થ :- હે શ્રધ્ધાળુ ! સંપૂર્ણ ગુણનો સ્તંભ, દુઃખે કરીને તરી શકાય તેવા સંસારરૂપી સમુદ્રથી તારનાર, ભય અને દુર્ગતિમાં પડતા બચાવનાર, શાશ્વત સુખના કારણભૂત એવા સમ્યગદર્શન (સમ્યક્ત્વ) ને તમે ધરો ॥૧૨॥

पासंडे पासत्थे कुदेवचरिआणि मिच्छसत्थाणि ।
जाणिउ लग्गंति बुहा मग्गे अबुहा अमग्गंमि ॥१३॥

ભાવાર્થ :- ભગવાનના વચન નહિ માનનારા, પાખંડીઓને, પાસત્થાઓને, અસર્વજ્ઞ એવા કુગુરૂના આચારને અને મિથ્યાત્વીઓના અનુપકારી (મિથ્યા) શાસ્ત્રોને જાણીને બુધ્ધિમાનો સાચા માર્ગ પર ચાલે છે. અને અબુધ એટલે કે અજ્ઞાની સત્ય માર્ગ ઉપર ચાલતા નથી અર્થાત્ ઉલ્ટા માર્ગ પર ચાલે છે.॥૧૩॥

चउविहमिच्छच्चाओ अट्ठविहापूअ तिविहवंदणयं ।
बारस वय छावस्सय गिहिधम्मो सिवफलो एसो ।।१४।।

ભાવાર્થ :- હે જિનપૂજક ! ચાર જાતના મિથ્યાત્વ અભિગ્રહીક, અનાભિગ્રહિક.. અભિનિવેષિક, અને સાંશયિકનો ત્યાગ, અષ્ટપ્રકારી પૂજા, ત્રણ પ્રકારના (ફેટા, થોભ, દ્વાદશાવર્ત) વંદન, બારપ્રકારના વ્રત, અને છઆવશ્યક, આ પ્રકારનો ગૃહસ્થધર્મ મોક્ષરૂપી ફળને આપે છે. ।।૧૪।।

धम्मत्थमत्थस्स नएण अज्जणं
पासंडपासत्थकुमित्तवज्जणं ।
जिणिंदसाहम्मिअसाहुपूअणं
दक्खत्तमन्नत्थवि सड्ढमंडणं ।।१५।।

ભાવાર્થ :- હે ધર્મપ્રિય ! ધર્મને માટે ધનને ન્યાયપૂર્વક મેળવવું, પાખંડીઓ, પાસત્થાઓ અને ખરાબમિત્રોને ત્યજીદેવા, તથા જિનેશ્વરનું સાધર્મિકોનું અને સાધુઓનું પૂજન કરવું વળી અન્ય સ્થાન માં પણ દક્ષપણું (સાવધાન) રાખવું તે શ્રાવકનું આભૂષણ છે. ।।૧૫।।

विसएसु जो न मुज्झइ न छलिज्जइ जो कसायभूएहिं ।
जमनिअमरुई जस्स य करट्ठिअं सिवसुहं तस्स ।।१६।।

ભાવાર્થ :- હે દક્ષ ! વિષયમાં જે મોહપામતો નથી કષાયરૂપ ભૂતથી જે ઠગાતો નથી, યમ અને નિયમમાં જેને રૂચિ (ગમે) છે. તેના હાથમાં મોક્ષ રહેલો છે. ।।૧૬।।

भवदुहभयं न तेसिं जगमित्ताणं विगयममत्ताणं ।
जेसिं पिआणि किरिआतवसंजमखंतिबंभाणि ।।१७।।

ભાવાર્થ :- હે મુક્તિપ્રિય ! જેને પૂર્ણજગત મિત્ર સમાન છે, જેઓ મમતારહિત બન્યા છે. અને જેને ક્રિયા, અનુષ્ઠાન, તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય ગમે છે. તેને ભવદુઃખનો ભય સતાવતો નથી. ।।૧૭।।

विसयकसायविरत्तो रत्तो जमनियमभावणतवेसु ।
संविग्गो अपमाई जई गिही वावि सिज्झिज्जा ।।१८।।

ભાવાર્થ :- હે પરમાનંદી ! જેઓ વિષય અને કષાયોમાં અરૂચિવાળા છે. અર્થાત્ યમ, નિયમ, ભાવના અને તપમાં લાગ્યા છે. સંવિગ્ન તથા આળસ વિનાના સાધુ અથવા ગૃહસ્થ પણ સિધ્ધ બને છે - થાય છે ॥૧૮॥

સુદિટ્ઠિસેવા પરમિટ્ઠિઝાણં ગીઅત્થસજ્ઝાયનિસેવણા ય ।
કુસીલડહાછંદવિવજ્જણા ય, પભાવણા સાસણિ મુક્ખહેઊ ॥૧૯॥

ભાવાર્થ :- હે શીલવંત ! સમ્યગ્દૃષ્ટિ (જિનેશ્વરના વચનમાં અતૂટ શ્રધ્ધાવાળા) ની ભક્તિ, (પંચ) પરમેષ્ઠિનું ધ્યાન, આગમ જ્ઞાતા (ગીતાર્થ) ની સેવા અને સ્વાધ્યાયમાં રમણતા, દુરાચારીઓનો અને યથાછંદિકોનો ત્યાગ, શાસનની પ્રભાવના એ મોક્ષનું કારણ છે. ॥૧૯॥

ઠાણંમિ કુજ્જા સુવિયેય ગેહં ધમ્મોવયારે નિઉણં કુટુંબં ।
ઉજ્ઝિજ્જ ધીમં વિસએ કસાએ સુત્તત્થચારી ન સિવાભિકંખી ॥૨૦॥

ભાવાર્થ :- હે વિવેકી ! વિવેકીજન સારી જગાપર રહેણાંક (ઘર) બનાવે, ધર્મમાર્ગ (આચરણ)માં પરિવારને નિપુણ બનાવે, સૂત્ર અર્થ મુજબ વર્તનાર, મુક્તિસુખનો આશી એવો બુધ્ધિશાળી, વિષયકષાયમાં રમે નહિ-મન લગાવે નહિ. ॥૨૦॥

દઢસમ્મત્તસમિદ્ધી સુદ્ધી ચિત્તસ્સ કરણજયલદ્ધી ।
નાણાઇધમ્મબુદ્ધી જઇ લદ્ધા તા ધુવં સિધ્ધિ ॥૨૧॥

ભાવાર્થ :- મજબુત સમ્યક્ત્વ રૂપી ઋધ્ધિ, મનની નિર્મળતા, સ્પર્શેન્દ્રિય આદિ ઈન્દ્રિયોને જીતનારી લબ્ધિ, અને જ્ઞાનાદિ ધર્મમાં બુધ્ધિ જો પ્રાપ્તથાયતો નિશ્ચિત સિધ્ધિ છે. ॥૨૧॥

જિણસાહુસંઘભત્તી પભાવણા પવયણે વયરુઈ અ ।
આવસ્સએસુ જત્તો ધમ્મો સિવસુહફલો એસો ॥૨૨॥

ભાવાર્થ :- જિનેશ્વર, સાધુસંઘની ભક્તિ, શાસનની પ્રભાવના અને વ્રતોમાં રૂચિ, આવશ્યક ક્રિયામાં લગન, આ ધર્મ મોક્ષ સુખના ફળ ને આપનારો છે. ॥૨૨॥

दाणदयातवसीला दीणुद्धरणं सुदेवगुरुपूआ ।
गेहागयाण उचिअं सव्वेसिं सम्मओ धम्मो ।।२३।।

ભાવાર્થ :- દાન, દયા, તપ, શીલ, દરિદ્રિઓનો ઉધ્ધાર, સુદેવ, સુગુરૂની પૂજા, ઘરઆંગણે આવેલા મહેમાનનું ઔચિત્ય જાળવવું આવો ધર્મ સર્વ સામાન્ય છે. એટલે આ ધર્મ સર્વે સ્વીકારેલ છે. ।।૨૩।।

सत्तसु खित्तेसु धणं मणं सया धम्मतत्तचिंतासु ।
धम्मुज्जमेसु देहं सव्वावारं सिवं देइ ।।२४।।

ભાવાર્થ :- સાતક્ષેત્રોમાં વવાતું ધન, ધર્મતત્વની ચિંતવનમાં રહેલુ મન, અને ધર્મકરવામાં પ્રયત્નશીલ તન (શરીર) એ મોક્ષને આપનાર છે. ।।૨૪।।

जिणभत्ती गुरुसेवा आवस्सयवयरुई भयं भावा ।
दंसणदढया खित्ते धणवावो दिंति सिवसुक्खं ।।२५।।

ભાવાર્થ :- જિનની ભક્તિ, ગુરૂની સેવા, આવશ્યક ક્રિયા અને વ્રતોમાં રૂચિ, સંસારથી ભય, દૃઢ સમ્યગ્દર્શન અને સાતક્ષેત્રોમાં ધન રોપવુ, (વાપરવું) મોક્ષ સુખને આપે છે. ।।૨૫।।

जिणभत्ती गुरुपूआ आगमगहणं पभावणा तित्थे ।
साहम्मिअवच्छल्लं सावयंधम्मो सिवं देइ ।।२६।।

ભાવાર્થ :- જિનેશ્વરની ભક્તિ, ગુરૂની પૂજા, આગમનો અભ્યાસ, શાસનની પ્રભાવના, સાધર્મિક વાત્સલ્ય આવો શ્રાવકનો ધર્મ મોક્ષ સુખને આપે છે. ।।૨૬।।

सिवसुहसंपयमइरा लहइ जिओ देवसंघगुरुभत्तो ।
विसयकसायविरत्तो उवउत्तो सुद्धकिरिआसु ।।२७।।

ભાવાર્થ :- જિનદેવ, સદ્‌ગુરૂ, ચતુર્વિધસંઘનો ભક્ત, વિષયકષાયથી છૂટેલો (રાગ વિનાનો), અને શુધ્ધક્રિયામાં લાગેલા શુધ્ધ મનવાળો મોક્ષ સુખની સંપદાને જલ્દી પામે છે. ।।૨૭।।

जिणगुरुआगमभत्ती, उचिआचरणं पभावणा तित्थे ।
साहादम्मिअवच्छल्लं इअ धम्मो इट्ठफलजणगो ।।२८।।

ભાવાર્થ :- વીતરાગ દેવની, સુગુરૂની, આગમની ભક્તિ, યોગ્યઆચરણા, તીર્થની પ્રભાવના અને સાધર્મિક વાત્સલ્ય આ ધર્મ ઈચ્છિત શ્રેષ્ઠફળને આપનારો છે. ॥૨૮॥

વિગહાવસણવિરત્તો પરોવયારી અ સુદ્ધવવહારી ।
સવ્વત્થ ઉચિઅકારી પવયણમુજ્જોઅએ સડ્ઢો ॥૨૯॥

ભાવાર્થ :- સ્ત્રીકથા, દેશકથા, ભત્તકથા, અને રાયકથા એ ચારે પાપને બંધાવનારી વિકથા અને વ્યસનોથી ઉઠેલા મનવાળો, અને અન્ય ઉપર ઉપકાર કરનારો, વ્યવહારમાં શુધ્ધિને રાખનારો, હર જગાપર ઔચિત્યને જાળવનારો એવો શ્રાવક જિનશાસનને દીપાવનારો છે. ॥૨૯॥

સવ્વે વિ જસ્સ મેઆ ફલંતિ મણવંછિએહિં સુક્ખેહિં ।
સુરતરુવણસમમેઅં સેવહ જિણસાસણં ભવિઆ ! ॥૩૦॥

ભાવાર્થ :- હે ભવ્ય પ્રાણીયો જેના સર્વ પ્રકારો મનચિંતિત સુખે કરીને ફળીભૂત થાય છે. એવા કલ્પવૃક્ષ સમાન જિનેશ્વરના શાસનની આરાધના કરો... આજ્ઞાનું પાલન કરો. ॥૩૦॥

ધણમિવ ધમ્મં ચિંતઇ જીવિઅમિવ જો વયાઇં રક્ખેઇ ।
દેવયમિવ જિણસુગુરુ આરાહઇ તં વરઇ સિદ્ધી ॥૩૧॥

ભાવાર્થ :- જે ધનની જેમ ધર્મને વિચારે છે, જીવનની જેમ વ્રત નિયમોની રક્ષા કરે છે. પ્રત્યક્ષ ઈષ્ટદેવની જેમ, જિનેશ્વર, સદ્‌ગુરૂ ની સેવા ભક્તિ કરે છે, તેઓને મુક્તિરૂપી નારી વરમાલા આરોપે છે. ॥૩૧॥

ઇહ ફલે (લએ) જહ કમ્મે પવત્તએ મોઅગાઇણા બાલો ।
કામત્થદંસણા તહ મૂઢો સિવસુહફલે ર (ધ)મ્મે ॥૩૨॥

ભાવાર્થ :- જેમ નાનો બાળક લાડવા આદિથી લલચાઈ આલોકના (પ્રત્યક્ષ) ફળવાળાં કાર્યો કરે છે. તેમ મિથ્યા ધર્મવાળા (અજ્ઞાનીઓ) જેનું ફળ મોક્ષ સુખ છે તેવા ધર્મને વિષે કામવિષયના સુખને અને અર્થને જોવાથી (મલશે તેમમાની) તેમાં પ્રવર્તન કરે છે. એટલે કે ભોગસુખને માટે ધર્મને સેવે છે.

नाणालवाल दंसणमूलो वयसाह सुतवनिअमदलो ।
भवसुहकुसुमो भवजयसिरिफिलओ जयउ धम्मतरु ।।३३।।

ભાવાર્થ :- જેને જ્ઞાનરૂપી ક્યારો છે, દર્શનરૂપી મૂળ છે, વ્રતોરૂપી ડાળીઓ છે, શ્રેષ્ઠતપ અને નિયમરૂપી પાંદડાઓ છે, સાંસારીક સુખરૂપી પુષ્પો છે, મુક્તિરૂપી લક્ષ્મી ફળ રૂપે છે, એવું ધર્મરૂપી વૃક્ષ સદા જયવંતો હો ।।૩।।

।। इतितपागच्छाधिराजश्रीमुनिसुंन्दरसूरिविरचिते
श्रीउपदेशरत्नाकरेऽपरतटे
प्राकृतगाथाभिर्विविधधर्मकृत्योपदेशनामा पंचमोंऽशः ।।

એ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા
ઉપદેશરત્નાકરના અપર તટમાં પ્રાકૃત ગાથાઓ વડે કરીને
વિવિધ જાતના ધર્મકૃત્યોના ઉપદેશ નામનો
।। પાંચમો અંશ પૂર્ણ ।।

જિનેશ્વર ભગવાનનું શાસન જ શરણ

रोगजरामच्चुमुहागयाण बलिचक्किकेसवाणंपि ।
भुवणेवि नत्थि सरणं एक्कं जिणसासणं मोत्तुं ।।
(भ. भा. गा. २६)

હે ભવ્ય પ્રાણી ! રોગ, ઘડપણ અને મૃત્યુના મોંઢામાં ગયેલા એવા બળદેવ, છ ખંડના માલિક એવા ચક્રવર્તી અને ત્રણ ખંડના માલિક એવા વાસુદેવોને પણ એક જિનેશ્વર ભગવાનના શાસન સિવાય ત્રણે ભુવનની અંદર બીજું કોઈ પણ શરણ નથી. (માટે હે જીવ ! તું અશરણપણું (વિચાર !)



અપર તટ

તમામ દર્શનને સામાન્ય ધર્મ
કાર્યના ઉપદેશ નામનો છઠ્ઠો અંશ

છઠ્ઠો અંશ

यः शास्त्रवेत्ता गुरुदेवभक्तो परोपकारी नयधर्मचारी ।
ज्ञाता गुणानामपवादभीरुः पुमान् स एवेह परे तु नाम्ना ।।१।।

ભાવાર્થ :- જેઓ જિનેશ્વર ભગવાને ઉદ્દેશેલા, શાસ્ત્રરૂપે ગુંથેલા અને પરંપરાએ આચાર્યોએ સાચવેલા, કહેલા અને લખાવેલા આગમ ને જાણે છે, ગુરૂ અને દેવના ભક્ત બનેલા છે, બીજાને સહાય કરીને પરોપકાર કરવાવાળા છે, ન્યાયયુક્ત ધર્મને સેવનારા છે. ગુણોને જાણનારા છે, અપવાદ માર્ગથી ડરનારા છે તે જ આલોકને વિષે સાચો પુરુષ છે. બીજા તો નામ માત્રથી પુરુષ છે.।।૧।।

ध्येयः परात्मा गुरुरर्चनीयः परोपकारः करुणा च सत्यम् ।
शमो दमो न्याययशःसुशास्त्राभ्यासाः सतामेष हिताय धर्मः ।।२।।

ભાવાર્થ :- પરમાત્માનું ચિંતન ધ્યાન કરવું, ગુરૂની પૂજા તથા અન્યના કાર્યોને કરી આપી પરોપકાર કરવો, દયા, સત્ય, ઉપશમભાવ, ઇન્દ્રિયોનું દમન કરવું, નીતિમયજીવન, યશ અને આત્મહિતકર ઊંચા શાસ્ત્રનો અભ્યાસ એવો આ ધર્મ સજ્જનોને હિતને માટે થાય છે. હિતકર બને છે. ।।૨।।

रतिः सदाचारविधावनिन्दा खलेष्वपि प्रीतिरथोत्तमेषु ।
अमत्सरः शास्त्रविदां च गोष्ठी शक्त्योपकारश्च सतां स्वभावः ।।

ભાવાર્થ :- સુંદર ઊંચા આચારને પાળવામાં ઉત્સાહિત, દુષ્ટજીવોના પણ અવર્ણવાદ નહિ બોલનારા ઉત્તમપુરુષો પ્રત્યે પ્રીતિ (સ્નેહ), ઈર્ષ્યા ભાવનો ત્યાગ કરનારા, આગમોના જાણનારની સાથે વાર્તાલાપ અને વળી શક્તિ પ્રમાણે ઉપકારક બનવું... આ સજ્જન પુરુષોનો સ્વભાવ છે. ।।૩।।

दया दमः सत्यमगाढलोभता,
सुशीलता चार्जवमार्दवक्षमाः
प्रदानमस्तेयपरोपकारिते,
हिताय धर्मा इति सर्वसम्मताः ।।४।।

ભાવાર્થ :- પ્રાણીઓપર કરૂણા, દયા, ઈન્દ્રિયોને કાબુમાં રાખવી, સત્યવચન બોલવું, સંતોષ ભાવને ધરવો, સદાચારીતા, કપટ રહિતપણું, નમ્રબનવું, ક્ષમારાખવી, વિશેષ પ્રકારે ભાવપૂર્વકનું દાન આપવું, છૂપી રીતે કોઈની વસ્તુ ન લેવી, પરોપકાર યાને અન્ય પર અનુગ્રહ કરવો આ પ્રમાણેનો સર્વસામાન્ય બધાને માન્ય ધર્મ આત્મકલ્યાણ કરનારો બને છે. ॥૪॥

शास्त्रे रतिः सकलधर्मविचारणा च,
ध्यानं परात्मनि दयोपकृती सुशीलम् ।
निन्दाकुसंगगुणिमत्सरवर्जनं च,
धर्मः सतां निखिलशास्त्रनिरूपितोऽयम् ॥५॥

ભાવાર્થ :- શાસ્ત્રમાં ઉત્સાહ, સમસ્ત ધર્મની વિચારણા, પરમાત્માનું ધ્યાન કરૂણા, ઉપકાર અને સદાચાર, નિંદા, (કુથલી), ખરાબસોબત, ગુણવાનો પ્રત્યે ઈર્ષ્યાનો ત્યાગ આ સકલ શાસ્ત્રોમાં વર્ણવેલો સત્પુરુષોનો ધર્મ છે.॥૫॥

ज्ञानाभयान्नगृहभेषजवस्त्रदान-
पूजाऽर्हतां गुणवतां विनतिः सुशीलम् ।
लोकापवादभयमन्यगुणग्रहो धी-
र्धर्मे यशश्च महतामिति मण्डनानि ॥६॥

ભાવાર્થ :- જ્ઞાન, અભય, ભોજન, ગૃહ, ઔષધ, વસ્ત્રનું દાન, યોગ્ય જનની પૂજાભક્તિ, ગુણીજનોને સારી રીતે નમન, આચારપણું, લોક કંઈક બોલશે (નિંદા) તેનો ભય, અન્યનાગુણોને ગ્રહણ કરવા, ધર્મમાં બુધ્ધિ અને યશ આ મહાન વ્યક્તિઓનો અલંકાર છે. ॥૬॥

पैशुन्यमात्सर्यपरस्वहारहिंसाऽन्यनिन्दाक्षणदाऽशनानि ।
कन्याद्यलीकानि च वर्जनीयाऽन्यतः परं पापपदं न किंचित् ॥७॥

ભાવાર્થ :- ચાડીચુગલી કરવી, બીજાના ગુણોપર દ્વેષ ભાવ રાખવો, બીજાનું ધન લઈ લેવું, હિંસા કરવી, અન્યનો અવર્ણવાદ કરવો, રાત્રિએ જમવું અને કન્યા વિ. આદિના માટે જુઠુ બોલવું આથી અન્ય કોઈપણ પાપનું સ્થાન નથી અર્થાત્ આના જેવું બીજું કોઈ પાપ નથી. ॥૭॥

न्याय्यैव वृत्तिर्गरुदेवपूजा पित्रादिसंतुष्टिरुपक्रिया च ।
दीने दयोत्साहमतिः ससत्त्वा गतामपि द्राक् श्रियमानयन्ति ।।८।।

ભાવાર્થ :- નીતિપૂર્વક વેપાર, દેવગુરૂની પૂજા, પિતાદિને સંતોષ થાય તે રૂપ ક્રિયા, નિર્ધન પર દયા, કાર્ય કરવામાં પરાક્રમ સમેત સત્વશાલી બુધ્ધિ, આ જતી રહેલી એવી પણ લક્ષ્મીને શીઘ્રતયા પાછી લાવે છે. ।।૮।।

प्रियहितरचनं वचनं, वपुरुपकृत् धर्मचिन्तकं चेतः ।
वित्तं त्रिवर्गहेतुः सुकृतमयं श्लाध्यते चायुः ।।९।।

ભાવાર્થ :- પ્રિય અને હિતકારી વચન બોલવું, ઉપકાર કરવાવાળું શરીર, ધર્મ ચિંતવવા વાળું ચિત્ત, ધર્મ, કામ અને મોક્ષ એ ત્રણેનું કારણ ધન અને સત્કાર્યોથી યુક્ત એવું આયુષ્ય (જીવન) આ પ્રસંશાને પાત્ર છે. ।।૯।।

धर्मः स नो यत्र जनापवादः,
सा चातुरी दुश्चरितं न यत्र ।
ग्रन्थः स तत्त्वाधिगमो यतः स्यात्,
तत्त्वं च तद्येन महोदयश्रीः ।।१०।।

ભાવાર્થ :- ધર્મ તે છે જેમાં લોકાપવાદ નથી, (લોકોની નિંદા નથી) ચાતુર્યપણું તે છે કે જ્યાં અનાચાર નથી, તે શાસ્ત્ર છે કે જેના થકી તત્વનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તે જ તત્વ છે જેનાથી મોક્ષ લક્ષ્મી મલે છે. ।।૧૦।।

वृद्धौ मातपितरौ गुरुः प्रिया निर्बलान्यपत्यानि ।
पोष्यानि निर्धनैरपि गृहिभिः श्रेयोऽर्थमिह शक्त्या ।।११।।

ભાવાર્થ :- વૃધ્ધ માતા-પિતા, ગુરૂ, પત્નિ, શક્તિહીન થઈ ગયેલા બાળકો (પુત્ર-પુત્રિઓ) આ બધાઓનું ગૃહસ્થીઓએ નિર્ધન હોવા છતાં પણ આ ભવના કલ્યાણ માટે યથાશક્તિ પોષણ કરવું જોઈએ અર્થાત્ પાળવા જોઈએ. ।।૧૧।।

देवः कलाधर्मगुरु पिताम्बा भयापहर्त्ता शुभवृत्तिदाता ।
भ्रातोपकारी भगीनी च वृद्धाः पूज्या यथार्हगृहिणा शुभाय ।।१२।।

ભાવાર્થ :- જિનેશ્વરદેવ, કળાશીખવનારગુરૂ, ધર્મ આપનાર ગુરુ, માતા, પિતા, ભયને હરનાર, સારી રીતે આજીવિકા દાતા, ભાઈ, ઉપકાર કરનાર

બહેન અને વૃધ્ધ લોકોનું ગૃહસ્થોએ સ્વહિતને માટે યથા યોગ્ય માન, સન્માન, સત્કાર વિગેરે કરવું જોઈએ. ॥૧૨॥

વૃદ્ધૌ ચ માતપિતરૌ ગુરુશ્ચ
મિત્રાણ્યપત્યાનિ સતી ચ ભાર્યા ।
સ્વસા ધવોઽસ્યાશ્ચ સુતાપતિશ્ચ
ભ્રાતા ચ પોષ્યા ગૃહિણઃ સ્વભાજઃ ॥૧૩॥

ભાવાર્થ :- ઘરડા મા-બાપ, ગુરૂ, મિત્રો, પુત્ર-પુત્રીઓ (બાલ-બચ્ચાં) શીલવંતી સ્ત્રી, બહેન, બનેવી, જમાઈ (દામાદ) અને ભાઈઓનું અને પોતાના આશ્રિતોનું ઘરવાસીઓએ પાલન પોષણ કરવું જોઈએ. ॥૧૩॥

भो (नो) बालेष्वपि हीलना किल गुणोच्चारः खलानामपि,
प्रह्वत्वं च रिपुष्वपि प्रणमनं पूज्येषु धर्मे रतिः ।
शास्त्रेषु व्यसनं गिरां मधुरिमा धिक्कारमात्सर्यमुक्
सर्वस्योपकृतिर्भयं कुयशसो हेतुः समग्रश्रियाम् ॥૧૪॥

ભાવાર્થ :- અજ્ઞાની એવા બાલજીવોની નિંદાથી દૂર રહેવું, દુર્જનોના ગુણો ગાવા, શત્રુઓ ઉપર પણ નમ્રતા (કોમળતા) રાખવી, વડીલો ને પૂજવા ને નમસ્કાર કરવા, ધર્મમાં તત્પરતા, શાસ્ત્રો પર અગાઢ પ્રેમ, વાણીમાં મધુરતા, તિરસ્કાર અને ઈર્ષા ભાવ ત્યજીને બધાપર ઉપકારીતા અને અપયશનો ડર આ બધું લક્ષ્મીનું કારણ છે. ॥૧૪॥

लक्ष्मीस्त्यागविवेकपुण्यसफला धर्मो दयाद्यन्वितः,
पुण्यश्रेणिमयं जनुर्जनहिता शास्त्रार्थरम्या मतिः ।
चातुर्यं गतवंचनं सुमधुरा वाग् ज्ञानमात्मार्थकृत्,
प्रौढिर्धर्मजनोपकारसुभगा भाग्यैर्भवेत् केषुचित् ॥૧૫॥

ભાવાર્થ :- ત્યાગ, વિવેક અને પુણ્યે કરીને સફળ લક્ષ્મી, દયા વિ. સહિત ધર્મ, પુણ્યના અનુબંધ યુક્ત જન્મ, લોક હિતકારી શાસ્ત્રાર્થમાં ઉત્તમ બુધ્ધિ, ઠગાઈ વિનાની પ્રવિણતા (હોંશિયારી), સહુને પ્રિય એવી વાણી, આત્મહિત કરે તેવું જ્ઞાન, જીવો પર અનુગ્રહ કરવા થકી સુંદર જાહોજલાલી, સુખ-શાન્તિ ભાગ્યે કરીને કોઈ જીવોમાં હોય છે. ॥૧૫॥

लोभः सुकृते व्यसनं शास्त्रे दोषेक्षणं कुतत्त्वेषु ।
निर्दाक्षिण्यं कुपथोऽत्यागे भवरिपुजयश्रिये कृतिनाम् ।।१६।।
गीतिः

ભાવાર્થ :- પુણ્ય-સારા કામોમાં અસંતોષી પણું, શાસ્ત્રનું વ્યસન, ખરાબ દુષ્ટ તત્વમાં દોષોનું દર્શન, અને કુમાર્ગનો ત્યાગ કરવામાં શેહ શરમ વિનાના, પુણ્યશાલીઓને ભવશત્રુપર જયલક્ષ્મી મેળવવા માટેનું કારણ છે. ।।૧૬।।

।। इति तपाश्रीमुनिसुन्दरविरचिते श्री उपदेशरत्नाकरेऽपरतटे सर्वदर्शनसाधारणधर्मकृत्योपदेशः षष्टः ।।

એ પ્રમાણે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા
ઉપદેશરત્નાકરના અપર તટમાં
'સર્વદર્શનને સામાન્ય ધર્મના ઉપદેશ નામનો'
।। છઠ્ઠો અંશ પૂર્ણ ।।

અશાશ્વતું શું ?

बलरुवरिद्धिजोव्वणपहुत्तणं सुभगया अरोयत्तं ।
इट्ठेहिं य संजोगो असासयं जीवियव्वं च ।।
(भ. भा. गा. २४)

હે ભવ્ય પ્રાણી ! તું બળ, રૂપ, ઋદ્ધિ, યૌવન, પ્રભુપણું, સૌભાગ્યપણું, આરોગ્યપણું, ઈષ્ટ જનોનો સંયોગ અને જીવિત - આ બધું શાશ્વતું છે એમ માનીશ નહિ, કારણ કે એ બધું આશાશ્વતું જ છે. અર્થાત્ એ બધું અસ્થિર છે માટે શાશ્વતપણામાં ઉદ્યમ કર.

અપર તટ

વિવિધનીતિ ઉપદેશ નામનો

સાતમો અંશ

पितेव यः पालयति प्रजा नयैः,
प्रवर्त्तयन् धर्मपथे निजे निजे ।
बुधान् यतीन् दर्शनिनश्च मानयन्,
नृपश्चिरं नन्दति संपदां पदम् ।।१।।

ભાવાર્થ :- જે રાજા પિતાની જેમ પોતાની પ્રજાનું નીતિપૂર્વક રક્ષણ-પોષણ કરે છે. પોત પોતાના ધર્મનું પાલન કરવા દે છે. બુધ્ધજનોને, સંતજનોને, અને (અન્યમતવાળા) દર્શનીઓને સન્માન-ગૌરવ આપે છે તે રાજા દીર્ઘકાલીન સંપત્તિઓનો ભોગવટો કરતો આનંદ પામે છે. ।।૧।।

प्रजासु वृद्धिर्नृप ! राज्यवृद्धये,
प्रजासु धर्मो दुरितापहः प्रभो !
प्रजासु नीतिर्नृप ! धर्मकीर्तिकृत्,
नृपाय तुष्यन्ति सुराः प्रजोत्सवैः ।।२।।

ભાવાર્થ :- હે નરપતિ ! જે રાજા રાજ્યની વૃધ્ધિ માટે પ્રજાની વૃધ્ધિ કરે છે. હે ભૂપતિ ! દુરિત (પાપ)ને હરનારો ધર્મ પ્રજામાં પ્રસારે છે, હે માનવેન્દ્ર ! ધર્મ અને કીર્તિને કરનારી નીતિ-ન્યાય યાને પ્રમાણિકતાને પ્રજામાં વસાવે છે. પ્રજાએ કરેલ આનંદ પ્રમોદના ઉત્સવ, મહોત્સવથી દેવો તેવા રાજા ઉપર ખુશ થાય છે. ।।૨।।

प्रगल्भते यस्य खलो न राज्ये,
सतां महत्त्वं गुरुदेवपूजा ।
धर्मेष्वविघ्नोऽनघशास्त्रपाठः,
सखेति तं रक्षति भूपमिन्द्रः ।।३।।

ભાવાર્થ :- હે સખે ! જેના રાજ્યમાં દુર્જનો મરવા પડેલા છે, સજ્જનોને માન અપાય છે. (મહત્વ વધારાય છે) દેવગુરૂની પૂજા ભક્તિ કરાય છે. ધર્મ

કરવામાં કોઈ પણ જાતનું વિઘ્ન (અંતરાય) કરાતા નથી. પવિત્ર શાસ્ત્ર વંચાય છે. જેથી કરીને તેવા રાજાનું ઈન્દ્ર રક્ષણ કરે છે. ॥૩॥

વિમુચ્ય રાજ્યાદ્યખિલં વિનશ્વરં,
કૃતૈર્મહારમ્ભમયૈઃ સ્વકર્મભિઃ ।
મૃત્યૌ પતન્તં નરકાવટેઽર્જિતો,
નૃપં નયો ધર્મયુતઃ સમુદ્ધરેત્ ॥૪॥

ભાવાર્થ :- વિનાશી એવા રાજ્ય વિ. ને છોડી દઈને મહાઆરંભવાળા પોતે કરેલા કાર્યના કારણે અંતકાળે નરક રૂપી કૂપમાં પડતા એવા તે રાજાને ધર્મ સાથે કરેલો ન્યાય બચાવે છે. ॥૪॥

પ્રજા રક્ષેન્નૃપો યત્નાત્ તા હિ કોશોઽસ્ય જંગમઃ ।
માનયેદ્ ધાર્મિકાન્ સાધૂંસ્તદાશીર્ભિઃ સ નન્દતિ ॥૫॥

ભાવાર્થ :- રાજા યત્નપૂર્વક પ્રજાની રક્ષા કરે છે. કેમકે તે તેનો જંગમ ખજાનો છે. વળી જે રાજા ધર્મી આત્માઓને અને સંત (સજ્જન) પુરુષોનું ગૌરવ કરે છે. અને સન્માન આપે છે. અર્થાત્ આનંદ આપે છે. તેઓના આશીર્વાદથી વૈભવશાળી થાય છે. ॥૫॥

ન્યાયધર્મયશસાં ચયમર્જન્,
સ્વપ્રજાશ્ચ સુખયન્ સદુપાયૈઃ ।
માનયન્ યતિતપસ્વિબુધાદીન્,
પુણ્યકર્મભિરુદેતિ નરેન્દ્રઃ ॥૬॥

ભાવાર્થ :- ન્યાય, નીતિ અને યશના ગણને પ્રાપ્ત કરતો અને પોતાની રૈયતને (પ્રજાને) સુંદર ઉપાયો (કાર્યો) વડે સુખીકરતો, સાધુજનને, તપસ્વીજનોને, પંડીત જનોને, માન આપતો રાજા આવા પુણ્યકાર્યો થકી ઋધ્ધિ-સમૃધ્ધિ વડે આગળ વધતો રહે છે. ॥૬॥

રાજ્ઞા નાષ્ટવિધેયાન્યષ્ટવિધેયાનિ ચાષ્ટહેયાનિ ।
ધાર્યાણિ ચાષ્ટ હૃદયે વિશ્વસિતવ્યં ન ચાષ્ટભ્યઃ ॥૭॥

ભાવાર્થ :- રાજાએ આઠ કર્તવ્યો કરવા નહિ, આઠ કૃત્યો કરવા, આઠ કર્તવ્યોનો ત્યાગ કરવો, આઠ કર્તવ્યોને હૈયામાં સ્થાપન કરવા, અને આઠનો વિશ્વાસ કરવો નહિ. ॥૭॥

खलसङ्गः १ कुकलत्रं २ क्रोधो ३ व्यसनं ४ मदः ५ कुनयलक्ष्मी ६।
असदाग्रह ७ श्च जडिमे ८ त्यष्ट न कार्याणि भूपेन ।।८।।

भावार्थ :- (राजाએ न કરવા યોગ્ય આઠ ચીજ) (૧) લુચ્ચા (દુષ્ટ જન)નો સંસર્ગ, (૨) કુચાલવાળી સ્ત્રી, (૩) ક્રોધાદિ કષાય, (૪) ખોટી આદતો (વ્યસન), (૫) ગર્વ, (૬) અન્યાયથી મેળવેલી લક્ષ્મી, (૭) કદાગ્રહ કરવો, (૮) જડપણું... આ આઠ ચીજો રાજાએ કરવા જેવી નથી. ।।૮।।

कीर्ति : १ सुगुणौचित्यं २ कौशल्यं सत्कलासु ३ सन्मित्रम् ४।
दाक्षिण्यं ५ दीनदयोद्यमो ७ दम ८ श्चाष्ट कार्याणि ।।९।।

भावार्थ :- (રાજાએ કરવા યોગ્ય આઠ ચીજ) (૧) કીર્તિ પ્રાપ્ત થાય તેવા કાર્યો (૨) સારા ગુણધારીઓનું ઔચિત્ય, (૩) ઊંચી સારી કળાઓમાં પ્રવીણતા (૪) આત્મ કલ્યાણકર મિત્ર (૫) દાક્ષણ્યિતા (૬) ગરીબો ઉપર દયા (૭) પુરૂષાર્થ અને (૮) ઈન્દ્રિયોને વશ કરવી... આ આઠ ચીજો રાજાને કરવા જેવી છે. ।।૯।।

निर्लज्जत्व १ मविनयः २ कुशीलता ३ निष्ठुरत्वम ४ पि माया ५।
अनयो ६ ऽप्ययशो ७ ऽसत्यं ८ हेयान्यष्टौ नृपेणैवम् ।।१०।।

भावार्थ :- રાજાએ છોડવા જેવી આઠ ચીજ (૧) લજ્જા રહિતપણું (૨) અવિનય (૩) અનાચાર, (૪) કઠોરતા (નિષ્ઠુરતા) (૫) છેતરવું (ઠગાઈ) (૬) અનીતિ (૭) અપયશ (૮) મુઠાપણું... આ આઠ ચીજ રાજાએ છોડવા જેવી છે. ।।૧૦।।

उपकारः १ प्रतिपन्नं २ सुभाषितं ३ सर्वमर्म ४ वरविद्या ५।
देवो ६ गुरु ७ श्च धर्मो ८, राज्ञा धार्याणि हृद्यष्टौ ।।११।।

भावार्थ :- (રાજાએ ધારવા જેવી આઠ ચીજ) (૧) ઉપકાર (કૃતજ્ઞતા) (૨) બોલેલું વચન પાળવું (૩) સુભાષિત-સુંદર ભાષા (૪) બધા મર્મ - તાત્પર્યાર્થને જાણવો. (૫) ઉત્તમ વિદ્યા (૬) દેવ (૭) ગુરૂ (૮) ધર્મ... આ આઠ ચીજો રાજાએ દિલમાં ધારવી જોઈએ. ।।૧૧।।

कामुक १ भुजग २ जलानल ३-४
युवति ५ द्विज ५ रोग ७ गोत्रिभूपानाम् ८ ।

अष्टानां न क्षणमपि
विश्वसितव्यं नरेन्द्रेण ।।१२।।
षड्भिः कुलकम् ।। इति नृपतिमाश्रित्योपदेशः ।।

ભાવાર્થ :- રાજાએ વિશ્વાસ ન રાખવા જેવી આઠ ચીજ (૧) વિકારી (વ્યભિચારી) (૨) સાપ, (૩) પાણી (૪) અગ્નિ (૫) યૌવના (૬) બ્રાહ્મણ (વિપ્ર) (૭) રોગ અને (૮) એક ગોત્રવાળા રાજાઓનો... આ આઠ ચીજોનો રાજાએ પળવાર પણ વિશ્વાસ (શ્રધ્ધા) કરવા જેવો નથી. એ પ્રમાણે રાજાને આશ્રયીને ઉપદેશ કહ્યો ।।૧૨।।

धर्माभ्युन्नतये सदोपकृतये सत्सु स्फुरत्कीर्त्तये,
दुष्टानां निगृहीतये विरतयेऽवद्यान्नयस्फूर्त्तये ।
भूमीभृज्जनतोभयार्थकृतये सम्यक् च यद् व्यापृतिः
श्लाघ्यः सैव सुधीः स एव वशिताः सर्वाश्च तेन श्रियः ।।१३।।

ભાવાર્થ :- રાજ્યના અધિકારીઓના માટેનો ઉપદેશ (૧) ધર્મના અભ્યુદય માટે (૨) સજ્જન પુરુષોના સદૈવ ઉપકાર માટે (૩) દેદીપ્યમાન કીર્તિ માટે (૪) દુર્જન લોકોને પકડવા માટે (૫) પાપથી છૂટવા માટે (૬) રાજા અને પ્રજાના એમ બન્નેના સુખ માટે (૮) જેની શ્રેષ્ઠ પ્રવૃત્તિ છે એવો અધિકારી પ્રશંસનીય છે અને તે જ સદ્‌બુધ્ધિવાળો છે. તેને જ બધી લક્ષ્મીને કબજે કરી છે ।।૧૩।।

सर्वत्रोपकृतिर्यशोनयरतिश्चैत्यादिधर्मोन्नतिः,
सत्कारः सुजने खलावगणनं श्रीसंघकार्यक्रिया ।
चातुर्यं नृपलोकयोर्हितकृतिः क्षेत्रेषु वापः श्रिया-
मर्चन् देवगुरुन् नृपाधिकृतिमानेतैः सुधीः शुद्धयति ।।१४।।

ભાવાર્થ :- બધે ઉપકાર વૃતિ રાખવી, યશ અને નીતિમાં હર્ષ ધરવો, મંદિર વગેરે ધર્મમાં જાગૃતિ લાવવી (આગળ વધવું), સજ્જનોનો સત્કાર કરવો, દુર્જનોનો સંસર્ગ ન કરવો, શ્રી સંઘના કામો કરતા હોંશિયારી રાખવી, રાજા અને પ્રજાનું હિતસાધવું, સાતમહાક્ષેત્રમાં ધનનો વ્યય કરવો, દેવગુરૂની પૂજા ભક્તિ કરવી. આ સઘળું કરવાથી બુધ્ધિશાળી રાજાનો આવો અધિકારી નિર્મલ થાય છે. માન સન્માન પામે છે. ।।૧૪।।

यस्य वक्ति जनः कीर्तिं परोपकरणे रुचिः ।
नये धीर्दुर्नये द्वेषः स श्लाघ्यो व्यापृतः सुधीः ।।१५।।

ભાવાર્થ :- જેની કીર્તિને લોકો ગાય છે. જેને પરોપકાર કરવો ગમે છે. જેઓ નીતિમાં બુધ્ધિ વાપરે છે. દુર્નીતિનો તિરસ્કાર કરે છે. આવો બુધ્ધિવંત અધિકારી પ્રશંસાને પાત્ર બને છે. ।।૧૫।।

। इत्यधिकारिणः प्रति ।

આ પ્રમાણે અધિકારીઓ વિષે ઉપદેશ કહ્યો.

नयधर्मवियुग् राज्यं व्यापारः प्रौढधर्मरुचिवियुतः ।
निर्धर्माणां प्रभुत्वं स्वपराभाग्यैर्गरा ह्येते ।।१६।।

ભાવાર્થ :- પોતાના અને પરના દુર્ભાગ્યથી નીતિ અને ધર્મ વિનાનું રાજ્ય, ગાઢ ધર્મની ભાવના વિનાનો વ્યાપાર, અધર્મિ આત્માઓનું માલિકપણું આ સ્વ અને પરના માટે ઝેરરૂપ થાય છે. ।।૧૬।।

पिशुनप्रियो नरेन्द्रो नीचो नृपसंगतो धनं कारोः ।
तत्त्वविमुखस्य शास्त्रं विश्वानर्थाय कलिकाले ।।१७।।

ભાવાર્થ :- ચાડી ચુગલી યાને પગચંપી કરનારાને પોતાનો પ્રીય માનનારો રાજા, રાજાના સંગવાળો હલકી જાતિનો માણસ, કલાવાનને તથા તત્વને નહિ જાણવાની ઈચ્છાવાળાને શાસ્ત્ર આ કલયુગમાં વિશ્વને માટે અનર્થનું કારણ બને છે. ।।૧૭।।

राजा नयी विवेकी परोपकारी विशेषविन्मन्त्री ।
साधुः प्रभुर्धनाढ्यो दानी वसुधासुधा ह्येताः ।।१८।।

ભાવાર્થ :- ન્યાયીરાજા, વિનયી, વિવેકી, પરહિતકારી, વિશેષજ્ઞ મંત્રી સત્પુરુષમાલિક, દાનેશ્વરી એવો શ્રીમંત, આવા લોકો આ પૃથ્વીને વિષે સુધા યાને અમૃત જેવા છે. ।।૧૮।।

लोकाम्बुधेः पिबति वाडववद्घनाम्बु,
निन्द्यः स्वकुक्षिभरणाय नृपश्च मन्त्री ।

गर्जन् पयोद इव कोऽपि महान् जनानां,
दुर्नीतितापहननाद्धितशर्मणे च ।।१९।।

ભાવાર્થ :- જે રાજા અને મંત્રી પોતાની પેટની પૂર્તિ માટે સમુદ્રમાં ઉત્પન્ન થતા વડવાનલ (અગ્નિ)ની જેમ લોકપ્રવાહ રૂપી સમુદ્રમાંથી ઘણું પાણી (કરરૂપી) પીએ છે. તે નિંદાને પાત્ર છે. ગર્જના કરતા વાદળની જેમ કોઈ મહાન પુરૂષ અન્યાય રૂપી તાપને દૂર કરવા લોકોને હિતકર અને સુખકર બને છે. ।।૧૯।।

दानैः श्री प्रभुता नयेन नृपतिः षड्दर्शनीमाननै-
र्मन्त्री लोकनृपोपकारसुकृतैर्ज्ञानक्रियाभ्यां गुरुः ।
धर्मस्थानमहाजनैश्च नगरं पुण्यालिभिर्जीवितं,
धर्मः सत्यदयातपोव्रतदमैः संप्राप्यते श्लाघ्यताम् ।।२०।।

ભાવાર્થ :- દાન આપવા થકી લક્ષ્મી, નીતિને જાળવવાની પ્રભુતા, એટલે કે મોટાઈ પણું, છ દર્શનવાળાને માન આપવાથી રાજા, લોક (પ્રજા) અને રાજા ઉપર ઉપકાર, અને પુણ્યકર્મો થકી મંત્રી, જ્ઞાન અને ક્રિયાથકી ગુરૂ, ધર્મનાસ્થાનો અને મહાપુરૂષોથી નગર (શહેર), પુણ્યની શ્રેણી થકી જીવન, તથા સત્ય ભાષણ, ધન, દયા, તપ, વ્રત (નિયમ) ઈન્દ્રિયોને દબાવવા થકી ધર્મ પ્રશંસાને પામે છે. પ્રશંસનીય બને છે. ।।૨૦।।

एककुलेऽप्युपकारी लघुरपि मान्यः प्रदीप इव लोके ।
घात्यः प्रदीपनकवत् सुमहानपि शीघ्रमपकारी ।।२१।।

ભાવાર્થ :- જેમ કુળમાં એક ઉપકારી નાનો હોવા છતાં પણ દીપકની જેમ સહુને ઈચ્છનીય (માન્ય) બને છે. પરંતુ ચારે બાજુ પ્રકાશ ફેલાવનાર અગ્નિની જેમ અપકારી માણસ અતિ મોટો હોવા છતાં પણ શીઘ્રતયા દૂર (ઘાત) કરવા જેવો છે. ।।૨૧।।

अर्जयत्यद्भुतां लक्ष्मीं गुणं प्रति नमद्धनुः ।
विना गुणं नमत्काष्ठं वक्रत्वाद्ययशः पुनः ।।२२।।

ભાવાર્થ :- દોરી તરફ નમેલા ધનુષ્યની જેમ ગુણાનુરાગી જીવો આશ્ચર્યકારી લક્ષ્મીને મેળવે છે. જ્યારે ગુણ (દોરી) વગર નમેલા લાકડાની જેમ ગુણાનુરાગ વિનાના વકપણું વિ. અપયશને પામે છે. ॥૨૨॥

छायाफलजलसहिता जलाशया दुर्लभा यथा लोके ।
सौहृदबोधमहत्त्वान्विितास्तथा मानवा लोके ॥२३॥

ભાવાર્થ :- જેમ જગતમાં છાયા, ફલ, જલવાળા સરોવરો દુર્લભ છે. તેવી રીતે જગતમાં મૈત્રીભાવનાવાળા, શાસ્ત્રીય જ્ઞાન (બોધ) વાળા, મોટા પણાએ કરીને સહિત એવા માનવો મળવા કઠીન-મુશ્કેલ છે. ॥૨૩॥

प्रागेव केचिन्मधुरा घृतादिवत्,
प्रान्ते च चूतादिकवत् परेऽङ्गिन : ।
द्राक्षादिवत् केऽप्युभयत्र केचन,
द्वयेऽपि नैवेन्द्रकवारणादिवत् ॥२४॥

ભાવાર્થ :- પહેલા કેટલાક જીવો ઘી આદિની જેમ મધુર (સારા) હોય છે અને બીજા કેટલાક લોકો આંબાના ફળ (કેરી)ની જેમ પાછળથી મીઠાશવાળા હોય છે. વળી કેટલાક દ્રાક્ષાદિની જેમ પૂર્વ અને પશ્ચાત (પહેલાં અને પછી) એમ બન્ને રીતે મધુર હોય છે. અને કેટલાક બન્ને રીતે પહેલાં અને પછી કીંપાકફલની જેમ કટુ હોય છે. ॥૨૪॥

भुवो भारकराः सन्ति कुत्र कुत्र न केऽद्रयः ।
दध्युः कुलाचला एव युगान्ताब्धिप्लुतां महीम् ॥२५॥

ભાવાર્થ :- પૃથ્વીને ભારરૂપ પર્વતો ક્યાં ક્યાં નથી ? અર્થાત્ બધે જ છે. યુગના અંતે સાગરમાં ગરકાવથતી ધરાને કુલાચલ પહાડોજ ધારણ કરે છે. ॥૨૫॥

न भूच्छिष्टाम्बुपान् कान् के तर्पयन्ति जलाशयाः ।
चातकांस्त्वम्बुदा एवानुच्छिष्टैकाम्बुपायिनः ॥२६॥

ભાવાર્થ :- પૃથ્વીપર પડેલા પાણીપીને બનેલા સરોવરના પાણી બધાને સંતુષ્ટ કરે છે. કોને સંતોષ (તુપ્તિ) આપતાં નથી ? પરંતુ ભૂમિથી એઠાં નહિ થયેલા એવા પાણી પીનારા ચાતક પક્ષીઓને તો મેઘો (વાદળા) જ તૃપ્ત કરે છે. ॥૨૬॥

धर्मस्य विघ्नान्न कलौ सृजन्ति के,
स्वल्पे तदुद्योतकराः पुनर्यदि ।
तमस्विनीं निर्मिमतेऽखिला अपि,
ज्योतिर्गणा वासरमर्क एव तु ॥२७॥

ભાવાર્થ :- આ કલિકાલમાં ધર્મમાં અંતરાયો કોણ નથી કરતું અર્થાત્ વિઘ્નોને ઘણા લોકો કરે છે. વળી અલ્પપ્રકાશક જ્યોતિષચક્ર (ગ્રહ, નક્ષત્ર, તારા વિ.) બધા મળીને રાત્રિને કરે છે. પરંતુ દિવસનેતો એક સૂર્યજ કરે છે. ॥૨૭॥

धर्म्यं पथ्यं श्रयन्ति ज्ञा धर्म्याधर्म्यविमिश्रणे ।
जलं त्यक्त्वा न किं हंसाः पिबन्ति विशदं पयः ? ॥२८॥

ભાવાર્થ :- ભેગા મળેલા ધર્મ અને અધર્મના મિશ્રણમાંથી પંડિત પુરુષો આત્મઆરોગ્યને પ્રદાતા એવા ધર્મરૂપ પથ્યનેજ સ્વીકારે છે. આશ્રય કરે છે. પાણી અને દૂધના મિશ્રણમાંથી હંસો શું પાણી ત્યાગી ને શુધ્ધ દૂધનું પાન કરતાં નથી ? અર્થાત્ કરે છે. ॥૨૮॥

लभन्ते गौरवं सन्तो माध्यस्थ्यात्तत्त्वदर्शिनः ।
लेभे जगत्सु मध्यस्थो मेरुः सर्वाद्रिषूच्चताम् ॥२९॥

ભાવાર્થ :- આ વિશ્વની મધ્યમાં રહેલો મેરૂપર્વત જેમ બધા પર્વતોમાં ઉચ્ચપણા (મોટાઈ) ને પામે છે. મેળવે છે તેમ તત્ત્વને જોનારા મધ્યસ્થ ભાવવાળા એવા સજ્જનો મધ્યસ્થપણા વડે કરીને ગૌરવતાને પામે છે. ॥૨૯॥

विश्वस्याप्युपकारकोऽसि जनको रत्नाकरस्ते भुव-
स्तापं हरसे दधासि भुवने गर्जोन्नती दानिषु ।

चेत् सामान्यनृणां गिरोऽपि गणयस्युच्चावचास्तज्जग-
ज्जीवातोर्बिरुदं भविष्यति किमाधारं हहा मेघ ! हे ।।३०।।

ભાવાર્થ :- હે વાદળ ! આખા જગત ઉપર પણ ઉપકાર કરનારો તું છે. સમુદ્ર તારો પિતા છે. જગતમાં તાપને દૂર કરનાર તું છે, વિશ્વના દાન દેનારાઓમાં તું ઉન્નતિની ગર્જના કરે છે. જો હાહા દુઃખની વાત છે કે સામાન્ય જનની વાણીને જો તું ઊંચી અને નીચી વિચારીશ તો અખિલ જગતના જીવનરૂપ બિરૂદ કોના આધારવાળું બનશે ? ।।૩૦।।

इति किञ्चित् साधारणोपदेशाधिकारः

(આ પ્રમાણે કાંઈક સાધારણ ઉપદેશ કહ્યો)

अवंचनं स्वामिनि दर्शना नतिः,
सत्योपकाराश्रितपालनानि च ।
दानं नयो दीनदयार्त्तरक्षणं,
धर्मः स्मृतः क्षत्रकुलाय भद्रकृत् ।।३१।।

ભાવાર્થ :- શેઠની સાથે ઠગાઈ કરવી નહિ, દર્શનોને નમન કરવું, સત્ય બોલવું, ઉપકાર કરવો, શરણાગતનું પાલન કરવું, દાન આપવું, નીતિ જાળવવી, દુઃખથી પીડિતોની રક્ષા કરવી, આવા પ્રકારનો ધર્મ કુલને માટે કલ્યાણકર કહ્યો છે. ।।૩૧।।

विनयो दीनार्त्तरक्षणं प्रतिपन्नदृढिमाऽर्च्यपूजनम् ।
सत्यं च परोपकारिता धर्मः क्षत्रकुलेषु शस्यते ।।३२।।

ભાવાર્થ :- વિનય, દાન, દુઃખથી પીડાતાની રક્ષા, સ્વીકારેલા વ્રત-નિયમમાં અડગતા, પૂજવાયોગ્ય (વડીલો) નું પૂજન, સત્ય અને પર ઉપકારીપણું, આ ધર્મ ક્ષત્રિયકુલમાં પ્રશંસાને પાત્ર બને છે. ।।૩૨।।

यमनियमरतिर्वेदाद्यभ्यासो ब्रह्म मैत्र्यमुपकारः ।
स्फुटशुद्धधर्मकथनं धर्मः क्षेमाय विप्राणाम् ।।३३।।

ભાવાર્થ :- યમ-નિયમમાં આનંદ, વેદ વિ. ને ભણવું, બ્રહ્મચર્ય, મૈત્રી, ઉપકાર, ખુલ્લીરીતે શુધ્ધ સત્ય ધર્મનું કહેવું આવો ધર્મ બ્રાહ્મણો ને માટે કલ્યાણકર થાય છે. ॥૩૩॥

वेदादिशास्त्रार्थपरिश्रमः क्षमा,
दयादमौ ब्रह्मगुणक्रियादृतिः ।
वृत्तिर्विशुद्धा च परोपकारिता,
धर्मो ह्ययं विप्रकुले जयश्रिये ॥३४॥

ભાવાર્થ :- વેદ વિ. શાસ્ત્રોના અર્થ ધારવામાં પુરુષાર્થ, ક્ષમા, દયા, ઈન્દ્રિયોને વશ કરવી, બ્રહ્મચર્યનો ગુણ, ક્રિયા અનુષ્ઠાનોનો આદર, વિશેષ કરીને શુધ્ધ આજીવિકા અને પરોપકારી પણું, આ બ્રાહ્મણકુળમાં જયરૂપ લક્ષ્મી માટે બને છે. ॥૩૪॥

॥ इति तपागच्छेशश्रीमुनिसुन्दरसूरिविरचिते
श्री उपदेशरत्नाकरे- ऽपरतटे प्रकीर्णकोपदेशः सप्तमोऽंशः ॥

એ પ્રમાણે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા
શ્રી ઉપદેશરત્નાકરના અપરતટમાં
વિવિધ ઉપદેશક નામનો
॥ ૭મો અંશ પૂર્ણ ॥

અપર તટ

શ્રી જિનપૂજા નામનો

આઠમો અંશ

जयसिरिधिइमइकंतीसिद्धीओ जस्स पयपसाएण ।
विलसंति सेवएसुं तं जिणकप्पद्दुमं भयह ।।१।।

ભાવાર્થ :- હે પુણ્યવાનો ! જેના પાદપદ્મની કૃપાથી ભક્તજનોને જયરૂપીલક્ષ્મી ધૃતિ, મતિ, કાન્તિ સર્વપ્રકારની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેવાશ્રી જિનેશ્વર રૂપી કલ્પવૃક્ષને આરાધો. ।।૧।।

वंछिअ सुहाइं विअरइ धम्मो जणउव्व सव्वजंतुणं ।
जणओ तस्स जिणिंदो जयइ जगपिआमहो स तओ ।।२।।

ભાવાર્થ :- વિશ્વના સમસ્ત જીવોને પિતાની જેમ ધર્મ વાંછિત સુખને આપે છે. તે ધર્મને જન્મ (કહેનાર) આપનાર અરિહંત પરમાત્મા છે તેથી તે પરમાત્મા પિતાના પિતા (પિતામહ) છે. તે સદા જગતમાં જયવંત બની રહો. ।।૨।।

पत्तंमि जस्स धम्मो होइ सिवं निच्छियं न य अपत्ते ।
अणुसंगिअं भवसुहं जिणरायं भयह तं भविआ ।।३।।

ભાવાર્થ :- જિનેશ્વર ભગવાન મલ્યે છતે ધર્મ પ્રાપ્ત થાય છે. તે ધર્મ પ્રાપ્ત થતાં નિશ્ચિત મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. અને ભગવાન પ્રાપ્ત નહિ થયેલાને ધર્મ મલતો નથી. તેથી મોક્ષ પણ મલતો નથી. જિનેશ્વરનો સંગ થતાં સંસારના સુખો તો આનુસંગિક મલે છે. તેથી હે ભવ્ય પ્રાણિ ! તમે જિનેશ્વર ભગવંતને સેવો. ।।૩।।

इक्कोवि जंमि भेओ सव्विच्छिअसुहफलाणि विअरेइ ।
सुरतरुवणं व धम्मो जेणुत्तो सोऽरिहा पुज्जो ।।४।।

ભાવાર્થ :- જેનો એકપણ પ્રકાર સુરતરૂવનની જેમ સકલવાંછિત સુખના

ફળોને આપવા સમર્થ છે. તેવા સુચારૂ ધર્મને કહેનારા એવા શ્રી અરિહંત પ્રભુની તમે પૂજા, ભાવના, ભક્તિ કરવા ઉજમાળ બનો. ॥૪॥

सव्वसुहं धम्मफलं धम्मो सुद्धागमा स जिणमूलो ।
इहपरलोइअसिवसुहाभिलासिणा ता जिणो पुज्जो ॥५॥

ભાવાર્થ :- સમસ્ત સુખએ ધર્મનું ફળ છે. જે વિશુધ્ધ આગમમાં કહેલો ધર્મ છે. તે આગમનું (ધર્મનું) મૂળ જિનેશ્વર ભગવંત છે. તેથી ઈહપરત્ર (આલોક અને પરલોક) સંબંધી અને મોક્ષ સુખના ઈચ્છુકે માત્ર જિનને પૂજવા જોઈએ અર્થાત્
સમસ્ત સુખનું કારણ વિશુધ્ધ એવા આગમમાં કહેલો ધર્મ છે. તેવા આગમ મૂળને કહેનારા જિનેશ્વર ભગવાન છે. તેથી બંન્ને લોક સંબંધી અને મોક્ષ સુખની ભાવના વાળાએ જિનને ભજવા યોગ્ય છે. ॥૫॥

सुरअसुरवाणमंतरजोइसखयराइणो जमच्चंति ।
सासयजिणभवणेसुं सेअत्थं तं जिणं भयह ॥६॥

ભાવાર્થ :- સુર, અસુર, વાણવ્યંતર, જ્યોતિષી અને વિદ્યાધરોના રાજા વિગેરે શાશ્વતા જિનમંદિરમાં રહેલા જિનેશ્વરને પૂજે તે જિનેશ્વરને તમે શ્રેયમાટે સેવો. ॥૬॥

सारं नरे तिवग्गो तत्थवि धम्मो तहिंपि जिणभणिओ ।
तत्थवि पणपरमिट्ठी तेसु जिणो तं भयह तेण ॥७॥

ભાવાર્થ :- હે પરમાર્થિક ! મનુષ્યત્વમાં ધર્મ, અર્થ, અને કામ સાર રૂપ છે. તે ત્રિવર્ગમાં પણ ધર્મજસારરૂપ છે. તે ધર્મોમાં પણ વીતરાગ પરમાત્માએ કહેલો ધર્મજ સારરૂપ છે. તેમાં પણ પંચપરમેષ્ઠિ (અરિહંત, સિધ્ધ,આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) શ્રેષ્ઠ સાર રૂપ છે. તેમાં પણ જિનેશ્વરપ્રભુ (અરિહંત) અત્યુત્તમ સાર રૂપ છે. તેથી કરીને તમે જિનેશ્વર પ્રભુને પૂજો. ॥૭॥

कप्पद्दुमंमि तरुणो मणिणो चिंतामणिम्मि जह सव्वे ।
जिणभत्तीए धम्मा तप्फलदाण तहा सव्वे ॥८॥

ભાવાર્થ :- એક કલ્પવૃક્ષમાં બધા વૃક્ષો, એક ચિંતામણિ રત્નમાં બધા

મણિઓ આવી (સમાઈ) જાય છે. તેવી રીતે જિનેશ્વરની પૂજા ભાવના ભક્તિમાં સર્વધર્મો આવી જાય છે. કારણ કે તે બધા ધર્મના ફળને આપતો હોવાથી તેમાં (જિનધર્મમાં) સમાઈ જાય છે. ॥૮॥

कणफलमणिमुत्ताईणुदए जह हुंति सव्वसत्तीओ ।
तह सव्वसुहफलाणं दाणे जिणपूअणे हुंति ॥९॥

ભાવાર્થ :- અન્ન, ફળ, મણિ-મોતી આદિ પ્રાપ્ત થવાથી સર્વ પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય છે. તેવી રીતે સર્વ સુખના ફળને આપવાની શક્તિ જિન ભક્તિમાં છે. ॥૯॥

जह बहुकालं धन्ने पुक्खलसंवट्टमेहजलवुट्ठी ।
तह जिणभत्ती इक्का जीवे सुचिरे सुहे देइ ॥१०॥

ભાવાર્થ :- જેવી રીતે પુષ્કરાવર્તનો વરસાદ ઘણાં સમય સુધી અન્નને આપે છે. તેવી રીતે જિનેશ્વર ભગવાનની એકજ ભક્તિ દીર્ઘકાલ સુધી સુખને આપે છે. ॥૧૦॥

पुप्फामिसथयमाई पूआ अंगग्गभावओ तिविहा ।
तिहुअणपहुणओ विहिआ तिहुअणसामित्तणं कुणइ ॥११॥

ભાવાર્થ :- ત્રણ ભુવનના નાથની પુષ્પ, નૈવેદ્ય અને સ્તવનારૂપે અંગ, અગ્ર અને ભાવ એમ ત્રણરીતે કરેલ પૂજા ત્રણે ભુવનના (અધો-ઉર્ધ્વ અને તિર્છાલોકના) સ્વામિ બનાવે છે.

बिंदूवि उदहिनिहिओ जह कालमणंतमक्खओ होइ ।
एवमणंतगुण जिणे पूआवि अणंतसुहदाणा ॥१२॥

ભાવાર્થ :- જેમ સમુદ્રમાં પાણીનું એક બિંદુ માત્ર પડવાથી તે અક્ષય એટલે કે અંતવગરનું બની જાય છે. અનંતકાળ સુધી રહેનાર બને છે. તેવી રીતે અનંતગુણવાળા જિનેશ્વરની કરેલી પૂજા પણ અક્ષય (અનંત) સુખને પામે છે. ॥૧૨॥

गोसीसपडिमकुसुमं बिंदू गंगाइ अडवि अग्गिकणो ।
इअ अप्पा जिणपूआ सुहदाणे अक्खया होइ ।।१३।।

ભાવાર્થ :- અલ્પ એવું પણ ગોશીર્ષચંદન (સુવાસને), પ્રતિમાપરનું પુષ્પ, ગંગાનદીના પાણીનું બિંદુ (સાગરમાં પડતું) અને વનમાં પડેલો અગ્નિનો કણ જેમ ચારેબાજુ ફેલાય છે. તેમ અલ્પપણ જિનેશ્વરની પૂજા અક્ષયસુખને આપવા સમર્થ બને છે. ।।૧૩।।

पूआ परिणामाइसु जस्स चउत्थाइ सुहफलं होइ ।
पूअह तं जिणचंदं जगसरणं मुक्खसुहकरणं ।।१४।।

ભાવાર્થ :- જેની પૂજા ભાવના કરવામાં ઉપવાસાદિ તપનું શુભફળ મલે છે. એવા જગતને શરણભૂત અને મોક્ષસુખને આપનાર એવા જિનેશ્વર ભગવાનની તમે પૂજા મરો. ।।૧૪।।

પૂજા આદિનું ફળ

तथाचोक्तं पद्मचरित्रे - પદ્મચરિત્રમાં કહ્યું છે તેમ
मणसा होइ चउत्थं छट्ठफलं उट्ठिअस्स संभवइ ।
गमणस्स य आरंभे हवइ फलं अट्ठमोवासो ।।१५।।
(મુદ્રિત પ. પ. ૧૩૯, શ્લો. ૮૯)

ભાવાર્થ :- પૂજા માટે મનથી ભાવના આવતાં એક ઉપવાસનું, ઊભા થતાં બે (છઠ્ઠ-બેલો) ઉપવાસનું, ઊભા થઈ ચાલવાની શરૂઆત કરે એટલે ત્રણ (અઠ્ઠમ-તેલો) ઉપવાસનું ફલ મલે છે. ।।૧૫।।

गमणे दसमं तु भवे तह चेव दुवालसं गए किंचि ।
मज्झे पक्खोवासं मासोवासं तु दिट्ठेणं ।।१६।। (૯૦)

ભાવાર્થ :- થોડો ચાલ્યો ત્યાં ચાર ઉપવાસનું, એથી થોડો અધિક આગળ ચાલતાં પાંચ ઉપવાસનું, મધ્યમાં આવતાં પંદર ઉપવાસનું, જિનમંદિરના દર્શન થતાં મહિનાના ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે. ।।૧૬।।

संपत्तो जिणभवणं लहइ छम्मासिअं फलं पुरिसो ।
संवच्छरिअं तु फलं दारुद्देसे ठिओ लहइ ।।१७।। (९१)

ભાવાર્થ :- જિનમંદિરે આવતાં છ મહિનાના ઉપવાસનું અને જિનમંદિર (ગભારા પાસેના) બારણે આવતાં એક વર્ષના ઉપવાસનું ફળ મળે છે.।।१७।।

पायक्खिणे लहइ वरिससयफलं तओ जिणे दिट्ठे ।
पावइ वरिससहस्सं अणंत पुण्णं जिणथुईए ।।१८।। (९२)

ભાવાર્થ :- પ્રદક્ષિણા (ફરતી) ફરતાં સો વર્ષના ઉપવાસનું, જિનેશ્વરના દર્શન થતાં એક હજાર વર્ષના ઉપવાસનું, અને જિનેશ્વરની સ્તુતિ-સ્તવના કરતાં થકાં અનંત પુણ્યના ફળને પામે છે. ।।१८।।

कुसुम १ सुगंध २ वरक्खय ३-
जल ४ फल ५ नेवेज्ज ६ धुव ७ दीवेहिं ८ ।
अट्ठविहा जिणपूआ
देइ सिवं अट्ठभवमज्झे ।।१९।।

ભાવાર્થ :- (१) પુષ્પપુજા (२) ચંદન, કેશર તથા કપૂરની પૂજા. (૩) અક્ષત (ચોખા) પૂજા, (४) જળપૂજા (५) ફલપૂજા (६) નૈવેદ્યપૂજા (७) ધૂપપૂજા અને (८) દિપકપૂજા આ પ્રમાણે અષ્ટ (આઠ) પ્રકારી પૂજા આઠ કર્મનો નાશ કરી આઠ ભવમાં મુક્તિ પદને આપે છે. ।।१९।।

बंभाहिअसुक्खफलं कट्ठतवेहिंपि जं विणा नेव ।
जेण य सिवंपि लम्भइ भयह जिणं तं च जिणधम्मं ।।२०।।

ભાવાર્થ :- હે મુક્તિવાંછુઓ ! જે જિનધર્મને છોડીને કઠીનતપ કરનારા પણ પાંચમા બ્રહ્મલોકથી આગળના દેવલોકના સુખને પામતા નથી પરંતુ જેની આરાધનાથી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેવાશ્રી જિનેશ્વરને અને તેમને ઉપદેશેલા (જિન) ધર્મને તમે આરાધો-પાળો. ।।२०।।

जस्साणा तिजगम्मि वि सामित्तं देइ पूअण पूआ ।
झाणं सिवसुहमवि तं अच्चेह जिणं जहिड्ढफलं ।।२१।।

ભાવાર્થ :- હે ભાગ્યવંતો ! જેની આજ્ઞાનુંપાલન ત્રણે જગતનું પ્રભુત્વ અર્પે છે. જેની પૂજા પૂજ્ય બનાવે છે. જેનું ધ્યાન મોક્ષ સુખને પ્રાપ્ત કરાવે છે. તેવા વાંછિત ફલને આપનારા જિનેશ્વર ભગવંતને તમે પૂજો. ।।२१।।

कुसुममवि जंमि वविअं होइ हु कप्पद्दुमोऽभिमयदाणा ।
तंमि जिणखित्ति वविउं धणबीअं कुणहऽणंतफलं ।।२२।।

ભાવાર્થ :- જેમાં રોપેલું પુષ્પપણ ઈચ્છિત પૂરનાર કલ્પવૃક્ષ સમાન બની જાય છે. તેવા જિનરૂપી ક્ષેત્રમાં ધનરૂપી બીજને રોપીને અક્ષય ફળને આપનારૂં બનાવો. ।।२२।।

तिजगस्सवि जम्माइसु आणंदो अइसया य भुवणहिआ ।
आसिवदाणे सत्ती जस्स जिणिंदं तमच्चेह ।।२३।।

ભાવાર્થ :- જેના ચ્યવન, જન્માદિ પાંચે કલ્યાણકોમાં ત્રણે જગતના જીવો આનંદ-સુખને પામે છે. જેના અતિશયો ત્રિલોકને કલ્યાણકારી છે. અને જેની શક્તિ મોક્ષપર્યંતના સુખ આપનારી છે. તેવાશ્રી જિનેશ્વર દેવની તમે અર્ચના (પૂજા) કરો. ।।२३।।

आराहय जिणमेअं मुहुत्तमित्तंपि जंमि पडिवन्ने ।
पुग्गलपरिअट्टद्धे होइ सिवं खविउ तेऽणंते ।।२४।।

ભાવાર્થ :- હે મુમુક્ષુ ! જેનો મુહુર્તમાત્ર સ્વીકાર કરવા માત્રથી અનંતપુદ્ગલ પરાવર્તકાળને ખપાવીને અર્ધપુદ્ગલ પરાવર્તકાળમાં મુક્તિ પ્રાપ્ત થાય છે. તેવા આ જિનેશ્વરને સેવો. ।।२४।।

भवजलहितरणनावा सिवसोहारोहणिक्कनिस्सेणी ।
कल्लाणवसीकरणी जिणपूआ हरइ दुरिआइं ।।२५।।

ભાવાર્થ :- સંસારરૂપી સમુદ્રને પાર કરવા માટે પ્રવહણ (વહાણ) તુલ્ય, મોક્ષરૂપી મહેલે પહોંચવા માટે એક અદ્ભૂત સીડી, અને કલ્યાણને વશકરનારી એવી જિનેન્દ્રની પૂજા-ભક્તિ પાપોને હટાવે છે. ।।२५।।

जिणभवणबिंबपूआ पइट्ठजत्ताइगीअनट्टाऽऽणा ।
सासणपभावणाइ वि जिणभत्ती देइ इट्ठफले ।।२६।।

ભાવાર્થ :- જિનચૈત્ય (મંદિર), પ્રતિમાની પૂજા, પ્રતિષ્ઠા, યાત્રા, ગીત, સ્તવન, નાટક, આજ્ઞા અને શાસન પ્રભાવના આદિ જિનભક્તિ મનોવાંછિત ફળને આપે છે. ।।૨૬।।

तिविहं तिकरणसुद्धो तिकालपूअं जिणस्स जो कुणइ ।
भुंजिअ तिवग्गसारं चउत्थवग्गंपि सो लहई ।।२७।।

ભાવાર્થ :- જેઓ મન, વચન, અને કાયાના ત્રણ યોગથી શુધ્ધ થઈને જિનવરની ત્રણપ્રકારે (અંગ-અગ્ર-ભાવ-પૂજા) ત્રિકાલ - (સવાર, મધ્યાહ્ન, સાંજ) પૂજા કરે છે. તેઓ ત્રણપ્રકારના (ધર્મ-અર્થ અને કામ) સારને અનુભવીને (ભોગવટો કરીને) ચોથો વર્ગ એટલે કે મોક્ષને પણ તેઓ મેળવે છે. ।।૨૭।।

घय १ दहि २ खीर ३ सुरहि
जला-भिसेअ ४ गुरुधूय ५ चंदण ६ तुरुक्के ७ ।
चामर ८ छत्त ९ पडागा १०,
लंबूसय ११ दप्पणे १२ दीवं १३ ।।२८।।
गंधव्व १४ तूर १५ नट्टे १६
बलि १७ कुंकुम १८ वत्थ १९ माइबहुभेए ।
जिणपूआए दिंतो
पावइ वंछिअसुहं सययं ।।२९।। युग्मम् ।।
इति श्रीपद्मचरित्रोक्तपूजोपदेशगाथाद्वयं ।

ભાવાર્થ :- (૧) ઘૃત (૨) દહીં (૩) ખીર (૪) સુવાસી જલનો અભિષેક (૫) ઊંચી જાતનો (અગરૂ) ધૂપ, (૬) ચંદન (૭) તુરૂષ્ક (૮) ચામર (૯) છત્ર (૧૦) ધજા (૧૧) લંબુસય (દંડાના આકારનું આભુષણ) (૧૨) દર્પણ (૧૩) દીપ (૧૪) દેવગીત (૧૫) વાજીંત્ર (૧૬) નાટક (૧૭) નૈવેદ્ય (૧૮) કુમકુમ (કંકુ) (૧૯) વસ્ત્ર આદિ ઘણા પ્રકારે જિનપૂજા-ભક્તિ આદિ કરતો આત્મા દિનપ્રતિદિન વાંછિતસુખને પ્રાપ્ત કરે છે. ।।યુગ્મ ૨૮-૨૯।।

એ પ્રમાણે[1] શ્રીપદ્મ ચરિત્રમાં કહેલ પૂજાના ઉપદેશને
જણાવનારી બે ગાથાઓ કહી

૧ - મુદ્રિત પઉમચરિયમાં પૃ. ૧૩૯ માં તેને સમર્થન કરનારી આ પ્રમાણે ગાથાઓ છે.

जलथलयसुरहिनिम्मलकुसुमेसु य जिणं समच्चेइ ।
सो दिव्वविमाणठिओ कीलइ पवरच्छराहि समं ।।७२।।

ભાવાર્થ :- જળમાં ઉત્પન્ન થયેલા અને સ્થલભૂમિમાં ઉત્પન્ન થયેલા એવા સુગન્ધવાળા અને નિર્મલ એવા પુષ્પોથી જે જિનને પૂજે છે તે દેવ વિમાનમાં રહ્યો છતો શ્રેષ્ઠ અપ્સરાઓ સાથે આનંદ કરે છે.

भावकुसुमेसु नियय विमलेसु जिणं समच्चए जो उ ।
सो होइ सुंदरतणू लोए पूयारिहो पुरिसो ।।७३।।

ભાવાર્થ :- હંમેશા નિર્મલ એવા ભાવ પુષ્પો (અહિંસા વગેરે) થી જિન પ્રભુને જે પૂજે છે, તે સુંદર શરીરવાળો અને લોકમાં પૂજાને યોગ્ય એવો પુરુષ થાય છે.

धूयं अगरुतुरुक्कं कुंकुमवरचंदणं जिणवरस्स ।
जो देइ भावियमई सो सुरहिसुरो समुब्भवइ ।।७४।।

ભાવાર્થ :- ભાવિત મતિવાળો જે મનુષ્ય જિનેશ્વર ભગવાનને અગરૂ અને તુરૂષ્કનો ધૂપ, કેસર, શ્રેષ્ઠ ચંદનને દે છે તે સુગન્ધવાળો દેવ થાય છે.

जो जिणभवणे दीवं देइ नरो तिव्वभावसंजुत्तो ।
सो दिणयरसमतेओ देवो उप्पज्जइ विमाणे ।।७५।।

ભાવાર્થ :- અત્યંત ભાવે કરીને યુક્ત એવો જે મનુષ્ય જિનભવન વિષે દીપકને આપે છે, તે મનુષ્ય સૂર્યના સરખો તેજવાળો દેવ થાય છે.

छत्तं चमरपडाया दप्पणलम्बूसया वियाणं च ।
जो देइ जिणाययणे सो परमसिरिं समुव्वहइ ।।७६।।

ભાવાર્થ :- છત્ર, ચામર, ધ્વજા, દર્પણ, કુંદક અને ચંદરવો જે જિનમંદિરને વિષે આપે છે તે પરમ લક્ષ્મી પ્રાપ્ત કરે છે.

गंधेहि जिणवरतणू जो हु समालभइ भावियमईओ ।
सो सुरभिगंधपउरे रमइ विमाणे सुचिरकालं ।।७७।।

ભાવાર્થ :- જે ભાવિત મતિવાળો ગન્ધો વડે જિનવર પ્રભુના શરીરની પૂજા કરે છે, તે સુગન્ધમય એવા વિમાનમાં ઘણો કાળ આનંદ કરે છે.

काऊण जिणवराणं अभिसेयं सुरहिगंधसलिलेणं ।
सो पावइ अभिसेयं उप्पज्जइ जत्थ जत्थ नरो ।।७८।।

ભાવાર્થ :- સુગંધમય પાણી વડે જિનવર પ્રભુનો અભિષેક કરવાથી તે મનુષ્ય જ્યાં જ્યાં ઉત્પન્ન થાય છે. ત્યાં ત્યાં તે અભિષેકને પામે છે.

खीरेण जोऽभिसेयं कुणइ जिणिंदस्स भत्तिराएणं ।
सो खीरविमलधवले रमइ विमाणे सुचिरकालं ।।७९।।

ભાવાર્થ :- જે ભક્તિરાગથી દૂધ વડે જિનેન્દ્ર પ્રભુને અભિષેક કરે છે, તે દૂધના સરખા નિર્મળ અને ઉજ્જવલ એવા વિમાનમાં દીર્ઘકાળ સુધી આનંદ કરે છે.

दहिकुंभेसु जिणं जो ण्हवेइ दहिकोट्टिमे सुरविमाणे ।
उप्पज्जइ लच्छिधरो देवो दिव्वेण रूवेणं ।।८०।।

ભાવાર્થ :- જે દહીંના કલશો વડે જિન પ્રભુને અભિષેક કરે છે તે દહીંના સરખા ભૂમિતલવાળા દેવ વિમાનમાં દિવ્યરૂપે કરી શોભાને ધારણ કરતો એવો તે દેવ થાય છે.

एत्तो घियाभिसेयं जो कुणइ जिणेसरस्स पययमणो ।
सो होइ सुरहिदेहो सुरपवरो वरविमाणम्मि ।।८१।।

ભાવાર્થ :- જયણાથી જે જિનેશ્વરને ઘીનો અભિષેક કરે છે તે શ્રેષ્ઠ એવા વિમાનમાં સુગંધી શરીરવાળો ઉત્તમ દેવ થાય છે.

अभिसेयपभावेणं बहवे सुव्वंतिऽणंतविरियाई ।
लद्धाहिसेयरिद्धी सुरवरसोक्खं अणुहवंति ।।८२।।

ભાવાર્થ :- શાસ્ત્રમાં સંભાળય છે કે અભિષેકના પ્રભાવથી પ્રાપ્ત કરી છે અભિષેકની ઋદ્ધિ જેમને એવા અનંતવીર્ય વગેરે ઘણા ઉત્તમ દેવતાના સુખને અનુભવે છે.

भत्तीए निवेयणंय बलिं च जो जिणहरे पउंजेइ ।
परमविभूई पावइ आरोग्गं चेव सो पुरिसो ।।८३।।

ભાવાર્થ :- જે જિનમંદિર વિષે ભક્તિ અને સન્માનપૂર્વક બલિ - નૈવેદ્યને આપે છે, તે પુરુષ પરમ આબાદી અને આરોગ્યને પામે છે.

गंधव्वतूरनट्टं जो कुणइ महुस्सवं जिणायययणे ।
सो वरविमाणवासे पावइ परमुस्सवं देवो ।।८४।।

ભાવાર્થ :- જે જિનમંદિરમાં ગંધર્વ, વાજીંત્ર અને નાટક પૂર્વક મહોત્સવ કરે છે, તે શ્રેષ્ઠ વિમાનના સ્થાન વિષે દેવ થાય છે અને પરમ ઉત્સવને પામે છે.

जो जिणवराण भवणं कुणइ जहाविहवसारसंजुत्तं ।
सो पावइ परमसुहं सुरगणअहिणंदिओ सुइरं ।।८५।।

ભાવાર્થ :- જે પોતાના વિભવ અને ઉત્સાહે કરી યુક્ત જિનેશ્વરોનું મંદિર કરે છે, તે દેવના સમૂહથી અભિનંદનને પામતો લાંબા સમય સુધી પરમ સુખને પામે છે. ૮૫.

जे अ धम्मपोअदाणे छजीवगोवालणे सिवपहे अ ।
निज्जामग महगोवा सत्थाहा ते जिणे भयह ।।३०।।

ભાવાર્થ :- જેઓ ધર્મરૂપી નાવને આપનારા નિર્યામક (તુલ્ય) છે. છ જીવ નિકાયરૂપી ગાયોના પાલનમાટે મોટા ગોપાલ છે. અને મોક્ષ પદે પહોંચાડનારા સાર્થવાહરૂપ છે. તેવા જિનેશ્વરને તમે આરાધો ।।૩૦।।

पूआइ कुमाराई पभावइ नट्टि नादि दहवयणो ।
गीए सिहो दाणे चंदो जिणभत्ति दिट्ठंता ।।३१।।

ભાવાર્થ :- જિનેશ્વરપ્રભુની ભક્તિકરવામાં કુમારપાલ રાજાદિનું, નાટક કરવામાં પ્રભાવતીનું, વાજીંત્ર વગાડવામાં રાવણનું, સ્તવન (ગીત) ગાવામાં સિંહકુમારનું અને દાનેશ્વરીમાં ચંદ્રનું દૃષ્ટાંત જાણવું ॥૩૧॥

जिणस्स पूअं ण्हवणाइ गीय,-नट्टप्पयाणाइ पभावणाई ।
चक्कित्तइंदत्तजिणत्तहेउं, कुज्जा बुहो वंछिअसंपयत्थं ॥૩૨॥

ભાવાર્થ :- જિનેશ્વરની પૂજા, જલપૂજા, ગીત, નૃત્ય આદિ શાસન ઉદ્યોત વિ. ષટ્‌ખંડના રાજ્ય (ચક્રવર્તી)નું, ઈનદ્રપણાનું તીર્થંકરનામકર્મનું કારણ છે. તેથી બુધ્ધિમાન પુરૂષો ઈચ્છિત સંપદા-લક્ષ્મી માટે પૂજાને કરનારા થાઓ. ॥૩૨॥

जिणहरबिंबपइट्ठा जत्तागमविविहपूअसंघेसु ।
मणवयणतणुदविणाणं वावारा सयलसुक्खफला ॥૩૩॥

ભાવાર્થ :- જિનમંદિર, મૂર્તિ, પ્રતિષ્ઠા, તીર્થયાત્રા કરવી, જાતજાતની પૂજાભણાવવી, શ્રી સંઘમાં મનનો, વચનનો અને કાયાનો અને દ્રવ્યનો ઉપયોગ સમસ્ત સુખોના ફળોને આપનાર છે. ॥૩૩॥

दया दमो सच्चमणीहया य बंभं च सोअं ववहारसुद्धी ।
कसायचाओ अ परोवयारो इअ जस्स धम्मो अरिहा स पुज्जो ॥૩૪॥

ભાવાર્થ :- કરૂણા, ઈન્દ્રિયોને વશકરવી, સત્યભાષણ, અપરિગ્રહપણું, બ્રહ્મચર્ય, શૌચ -(શુધ્ધિ), વ્યવહારમાં શુધ્ધિ, (ન્યાયીપણું), ક્રોધાદિ કષાયનો ત્યાગ, અને પરહિતચિંતા યાને પરોપકારની ભાવના, આ પ્રકારે ધર્મ જેને ઉપદેશેલો છે. એવા શ્રી અરિહંતપ્રભુની ઉપાસના કરો. ॥૩૪॥

इति प्राकृतगाथाभिः पूजोपदेशः ।

ભાવાર્થ :- આ પ્રમાણે પ્રાકૃત ગાથાઓ વડે પૂજાનો ઉપદેશ કહ્યો.

ग्रहाः प्रसन्ना वशवर्त्तिनः सुरा,
न व्यन्तराद्याः प्रभवन्ति च द्विषः ।

नश्यन्ति विघ्ना विलसन्ति संपदो,
हृदि स्थिते यत्र जिनः स पूज्यताम् ।।३५।।

ભાવાર્થ :- જેને હૃદયમાં જિનેશ્વર ભગવાનને સ્થિર કર્યા છે. તેને ગ્રહો ખુશ થાય છે. દેવોવશ થાય છે. વ્યંતરદેવો વિગેરે અને દુશ્મનો વિઘ્નકરવા શક્તિશાળી બની શકતા નથી, અંતરાયો વિનાશ પામે છે અને સંપત્તિ પ્રાપ્ત થાય છે. તેવા જિનને તમે સેવો. ।।૩૫।।

द्विधा भवापायगदोपशान्तये
दिदेश यो धर्मरसायनं परम् ।
स्मृतोऽपि दत्ते ह्यजरामरं पदं
सोऽपूर्वधन्वन्तरिरर्च्यतां जिनः ।।३६।।

ભાવાર્થ :- સંસારના દુઃખરૂપી રોગોની શાંતિ માટે જેમણે શ્રેષ્ઠ (દેશવિરતિ અને સર્વવિરતિ અથવા જ્ઞાન અને ક્રિયા ધર્મરૂપી રસાયણ (ઔષધ) બતાવ્યું છે. તેમજ જે ધન્વંતરી સ્મૃતિપટમાં લાવતાં મોક્ષરૂપ સ્થાનને નિશ્ચિત આપે છે. તે પહેલાં ન જોયા હોય તેવા ધન્વંતરી એવા જિનેશ્વરને તમે પૂજો. ।।૩૬।।

यदागमेनापि भवानसङ्ख्यान्
विदन्ति षड्जीवमयं च विश्वम् ।
मुक्तियदाज्ञावशगैव भव्या,
विधीयतां सर्वविदोऽस्य भक्तिः ।।३७।।

ભાવાર્થ :- હે વિશુધ્ધ બુધ્ધિ ! જેના શાસ્ત્રો થકી અસંખ્યાતા ભવો જણાય છે. અને છજીવયુક્ત વિશ્વને જાણે છે. મુક્તિ જેની આજ્ઞાને વશરહેલી છે. એવાશ્રી સર્વજ્ઞ પ્રભુની ભક્તિને કરો. ।।૩૭।।

प्रातिहार्यरमयाऽतिशयैर्वा, वाग्गुणैः सुविशदागमधर्मैः ।
यो निनाय नयते खलु नेष्यत्याश्रितान् शिवपदं स जिनोऽर्च्यः ।।३८।।

ભાવાર્થ :- અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદુભિ, છત્ર, અતિશયો થકી, વાણીના પાંત્રીશ ગુણો થકી, અતિ અમલિન (નિર્મળ) આગમથકી અને ધર્મથકી જે આશ્રિતોને મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. થશે અને થયું છે. તે શ્રી જિનેશ્વરની તમે પૂજા કરો. ॥૩૮॥

गीतनृत्तबहुतुर्यनिनादैरभ्रगर्जि जिनमर्चति योऽत्र ।
चक्रिशक्रजिनसंपदमाप्तः सोऽर्च्यते त्रिजगतापि तथैव ॥३९॥

ભાવાર્થ :- જે અહીંયા (આલોકને વિષે) ગીત, સ્તવન, નૃત્ય અને ઘણાં વાજિંત્રોના અવાજોએ કરીને ગગન ને ગજાવતા જિનેશ્વરની ઉપાસના કરે છે. તેઓ ચક્રવર્તિ ઈન્દ્ર અને જિનની સંપત્તિને પ્રાપ્ત કરે છે. અને તેવી રીતે તે પણ ત્રણે જગતવડે પૂજનીય બને છે. ॥૩૯॥

प्ररोहन्ति सर्वेष्टसंपत्प्रतत्यो,
यदीयक्रमध्यान पूजादियोगात् ।
नवाब्दादिव क्षीयते चार्त्तितापः
स भद्राणि देयात्प्रभुर्वीतरागः ॥४०॥

ભાવાર્થ :- તાજા નવા વર્ષેલા મેઘની જેમ જેના ચરણારવિંદ ના ધ્યાનથી અને પૂજાદિના સંયોગે બધીજ ઈષ્ટ સંપત્તિરૂપી લત્તા ઉગે છે. અને દુઃખરૂપી તાપ નાશને પામે છે. તે વીતરાગ પરમાત્મા મંગલ (કલ્યાણ) ને અર્પો. ॥૪૦॥

स मंगलालीर्भगवान्निरर्गला,
जिनाधिराजः सततं तनोतु वः ।
धर्मद्रुमः कोऽपि स येन रोपित-
श्चक्रीन्द्रतीर्थेशपदानि यत्फलम् ॥४१॥

ભાવાર્થ :- તે શ્રી જિનરાજ તમોને સતત પુષ્કળ મંગલ માલા ને પહેરાવો જેમને કાંઈક અદ્‌ભૂત ધર્મવૃક્ષ વાવ્યો છે. જેનું ચક્રવર્તી, ઈન્દ્ર અને તીર્થંકરની પદવી રૂપ ફળ છે. ॥૪૧॥

आसत्तिमात्रादपि यो हरेत् प्रभु-
वैरेतिदुर्भिक्षगदाद्युपद्रवान् ।

तदर्हणाया महिमाऽनुमीयतां
कैस्तच्चतुर्वर्गकरो जिनोऽर्च्यताम् ।।४२।।

ભાવાર્થ :- જેના સાનિધ્યમાત્રથી વૈરીના વેર, દુકાળ, રોગ, આદિ ઉપદ્રવો નષ્ટ થાય છે. તેવા શ્રી જિનેશ્વરની પૂજાના પ્રભાવને કોણ માપી શકે ? તે કારણે ચતુર્વર્ગ (ધર્મ-અર્થ-કામ-મોક્ષ)ના દાતા જિનેશ્વરની પૂજા, ભક્તિ, ભાવનાને સાધો. ।।૪૨।।

हास्यादिषट्क चतुरः कषायान्,
पंचाश्रवान् प्रेममदौ च केलिम् ।
तत्याज यस्त्याजयते च दोषा-
नष्टादशार्हञ् शिवदोऽर्च्यतां सः ।।४३।।

ભાવાર્થ :- હાસ્ય વિ. ષટ્ક, ચાર કષાય, પાંચ આશ્રવ, રાગ, મદ અને ક્રિડા (ખેલકુદ) આ અઢાર દોષથી મુક્ત કરાવે છે. તેવા શિવપદના દાતા અરિહંત પરમાત્માની પૂજા કરો. ।।૪૩।।

मनो जिनेन्दोर्गुणचिन्तनेन
वचः पुनीते स्तुतिगीतिभिर्यः ।
तनुं च पूजाविधिनृत्तवाद्यै-
स्त्रिलोकपूज्यं लभते पदं सः ।।४४।।

ભાવાર્થ :- જેઓ મનને જિનેશ્વર ભગવંતના ગુણ ચિંતનમાં લગાવીને વચનને સ્તુતિ અને ગીત (સ્તવન) ગાવામાં લગાવીને અને શરીરને પૂજાવિધિ, નૃત્ય, વાજિંત્ર સાથે લગાવીને પાવન કરે છે. તેઓ ત્રણે લોકને પૂજનીય એવા સ્થાનને પ્રાપ્ત કરે છે. ।।૪૪।।

सौभाग्यमारोग्यसुदीर्घजीविते,
त्रिवर्गसिद्धं शिवमिष्टसंपदः ।
इहापि दत्ते भविनां सदाऽपि या,
जिनेन्द्रभक्तिं सृजतादरादिमाम् ।।४५।।

ભાવાર્થ :- જે પરમાત્માની પૂજા-ભક્તિ, સૌભાગ્યપણું, નિરોગીપણું, અતિલાંબુ આયુષ્ય, ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની સિધ્ધિ, મોક્ષ અને મનોવાંછિત

અહીં (આલોક)ના વિષે પણ નિરંતર ભવ્યાત્માને અર્પે છે. તે પૂજાભક્તિને તમે બહુમાન પૂર્વક કરો. ॥૪૫॥

पुष्पाक्षताभिषफलोदकगन्धदीप-
धूपैः सृजन् जिनपतेर्भविकोऽष्टधाऽर्चाम् ।
विश्वोत्तमाश्चिरमवाप्य भवेऽष्टसिद्धीः,
स्यादष्टकर्ममुगनन्तचतुष्टयात्मा ॥४६॥

ભાવાર્થ :- ભવ્યજીવ પુષ્પ, અક્ષત, નૈવેદ્ય, ફળ, જળ, સુવાસ (ગંધ), દીપ, અને ધૂપ આઠ પ્રકારની જિનપતિની પૂજા કરતો વિશ્વમાં શ્રેષ્ઠ એવી આઠ જાતની સિધ્ધિઓ દીર્ઘકાલિની પ્રાપ્ત કરીને આઠ કર્મોથી મુક્ત થઈને અનંત ચતુષ્ટમય (અનંત દર્શન, અનંતજ્ઞાન, અનંતચારિત્ર, અને અનંતવીર્ય) રૂપ આત્મા બને છે. ॥૪૬॥

ध्यानेन चित्तं वचनं स्तवेनार्हतः करौ द्रव्यमथार्चनेन ।
भालं कृतार्थीकुरुते च नत्या, यः स्यात् कृतार्थोऽत्र परत्र चायम् ॥४७॥

ભાવાર્થ :- જિનેશ્વર ભગવંતના ધ્યાનથી ચિત્તને, સ્તવનથી વચનને, પૂજાથી હાથને અને ધનને, નમનથી ભાલને જે સારભૂત (કૃતાર્થ) કરે છે. તે અહીંયા (આલોકમાં) અને પરલોકમાં ધન્ય બને છે. ॥૪૭॥

वप्रातपत्रामरगीतनृत्तवाद्यादिपूजां जनबोधहेतोः ।
भुंक्ते यदर्हन्नपि तत्कृती तां, श्रेयःप्रदां स्वान्यहिताय कुर्यात् ॥४८॥

ભાવાર્થ :- લોકોને બોધના હેતુ ભૂત અરિહંત પ્રભુ પણ જે ગઢ, છત્ર, દેવગીત, નાચ, વાજિંત્રાદિ પૂજાને પામે છે - ભોગવે છે. તેથી પુણ્યશાળી આત્મા કલ્યાણને કરનારી એવી તે પૂજાને સ્વઅને પરના હિતને માટે કરે. ॥૪૮॥

स्कन्दे भागवते वा विष्णुपुराणे तथैव वेदेषु ।
मीमांसादिष्वपि यो वर्ण्यः स जिनोऽर्च्यतां मुक्त्यै ॥४९॥

ભાવાર્થ :- સ્કંદપુરાણમાં, ભાગવતમાં, વિષ્ણુપુરાણમાં તે રીતે વેદોમાં અને મીમાંસા વિ.માં પણ જેનું વર્ણન કર્યું છે. તે જિનની મુક્તિને માટે તમે પૂજા કરો. ॥૪૯॥

तथाहि-स्कन्दपुराणे-नगरस्थापनाधिकारे बृहत्त्वान्नगर-पुराणेति प्रसिद्धे षड्भिः सहस्रैः श्री ऋषभचरित्रमस्ति । भागवते :- पञ्चमस्कन्धे विष्णोरवतारतया श्रीऋषभवर्णनमस्ति, तत्र प्रौढत्वादेवगृहीतत्वाद्वैष्णवावतारत्वमसत्यं, दशावतारवादिशास्त्रान्तरै र्विसंवादित्वादिभिर्बहुहेतुभिः, ऋषभवर्णनं तु सत्यम् । विष्णुपुराणेऽपि तदनुयायिनैव, वेदेषु - तु जिनप्रमाणांगुला दर्वी-ॐ ऋषभं पवित्रमध्वरमित्यादि, ॐ लोकश्रीप्रतिष्ठितान् चतुर्विंशतितीर्थंकरानित्यादि, यज्ञे मूलमन्त्रः स्वस्तीनः इन्द्रो वृद्धश्रवाः, स्वस्तीनस्तार्क्ष्ये रिष्टनेमीत्यादि तिलकमन्त्रः, इत्यादि बहुस्थानेषु आदिशब्दात् 'अपाणिपादोजवन' इत्यादि, न्यायतर्कग्रन्थे-नैयायिकमहातर्के नोक्षा न भस्म न जेत्यादि मां धातृप्रासादप्रशस्त्यादिष्वति.

स्कन्दपुराणमां - વિશાળ હોવાથી નગરપુરાણ એ તરીકે પ્રસિદ્ધ એવા નગર સ્થાપનાના અધિકારમાં છ હજાર શ્લોક પ્રમાણનું શ્રીઋષભચરિત્ર છે.

ભાગવતમાં પાંચમા સ્કન્ધમાં વિષ્ણુના અવતારપણે શ્રીઋષભદેવનું વર્ણન છે. તેમાં પ્રૌઢપણું જ ગ્રહણ કરેલું હોવાથી વિષ્ણુપણાનું અવતારપણું તે તો અસત્ય છે. દશાવતારવાદી અન્ય શાસ્ત્રો વડે વિસંવાદીપણું આદિ ઘણા કારણોસર, પરંતુ શ્રીઋષભદેવનું વર્ણન તો સાચું છે.

વિષ્ણુપુરાણમાં પણ તેમના અનુયાયીઓએ કહેલું છે. વેદોમાં જિન (૨૪) અંગુલપ્રમાણ દર્વી-કડછી કહેલ છે. (અને ઉપર પ્રમાણે મન્ત્ર આદિના પાઠો છે.)

चैत्यातपत्रासनमूर्ति पद्ग्रहै-
र्निर्दोषवृत्तागमधर्मदेशनैः ।
य एव विश्वैकहितो विभाव्यते,
देवाधिदेवो ह्यधुनाऽपि सेव्यताम् ॥५०॥

ભાવાર્થ :- જે જિનમંદિર, છત્ર, આસન, મૂર્તિ, ચરણમાં રહેલા ગ્રહો, દોષ રહિત જીવન, શાસ્ત્ર અને ધર્મઉપદેશ થકી વિશ્વના પ્રાણીઓ ઉપર અજોડ ઉપકાર કરે છે તેમ હિતકારી જે જે વિચારાય છે. તેવા દેવાધિદેવને હમણાં (આભવમાં) તમે સેવો. ॥૫૦॥

रवीन्दुपद्माकरवार्दचन्दन-
द्रुमादिवद् यः कुरुतेंगिनां जिनः ।
अरोषतोषोऽप्युपकारमात्मना,
विहारजन्मादिभिरर्च्यतामयम् ।।५१।।

भावार्थ :- सूरज, चंद्रमा, सरोवर, वादळ, चंदन, वृक्षादिनी जेम रागद्वेष विनाना तीर्थंकर (वीतराग) होवा छतां पण विहार-जन्मादि (कल्याणक) थकी परहित (परोपकार) ने करे छे. तेथी तेवा जिनेश्वरने तमे सेवो. ।।५१।।

यं वुवूर्षति ततिः सुसंपदां, सर्वदुःखनिकरो जिहासति ।
नैवमुक्तिपदवी दवीयसी, यस्य चार्हति स भक्तिमर्हति ।।५२।।

भावार्थ :- श्रेष्ठ संपत्तिओनी कतार जेनी साथे कायम रहेवा (वरवा) ईच्छी रही छे. जेने दुःखनो समुह त्यागवा ईच्छी रह्यो छे अने वळी मुक्तिपदवी जेने जराय दूर नथी एवो ते (मानव) अरिहंत प्रभुनी भक्तिने लायक छे. ।।५२।।

विराधिता स्याद् भवदुःखहेतुराराधिता निर्वृतिसंपदे च ।
आज्ञा यदीयैव समग्रदात्री स सेव्यतां विश्वपतिर्जिनेन्द्रः ।।५३।।

भावार्थ :- दुनियाना तमाम पदार्थोने आपवानी जेनी शक्ति छे तेओनी आज्ञानी विराधना भवदुःखनुं कारण बने छे. अने जेनी आज्ञानी आराधना मोक्षरूपी लक्ष्मीनुं कारण बने छे. एवा ते त्रणे जगतना नाथने तमे आराधो. ।।५३।।

तृणगोमयकाष्टदीपकानलरत्नोडुरवीन्दुभानिभा ।
जिनभक्तिरिहार्धपुद्गलात् तनुते मुक्तिसुखानि तद्भवे ।।५४।।

भावार्थ :- घासनो अग्नि, छाणानो अग्नि, काष्टनो अग्नि, दीवानो अग्नि, रत्ननी कांति, नक्षत्रनी, सूर्यनी अने चंद्रमानी प्रभा सदृश जिनेश्वरनी भक्ति अर्धपुद्गल परावर्तकाळथी लईने ज्यां सुधी तेज भवमां मुक्तिनां सुखोने फेलावे छे. ।।५४।।

शान्त्यै भवक्लेशमहामयानां,
रसायनं निर्वृतिपुष्टिहेतुम् ।
य एव धर्मात्म(न्नि) दिदेश वैद्यो
जिनोऽर्च्यतां सात्महिते यदीहा ।।५५।।

ભાવાર્થ :- ભવદુઃખરૂપી મહારોગની શાંતિમાટે (કરનાર) અને મોક્ષની પુષ્ટિને કરનાર ધર્મરૂપી ઔષધને બતાવ્યું છે.તે વૈદ્ય સમાન જિનવરને જો આતમ હિત ઈચ્છતા હો તો તમે ભક્તિ કરો. ॥૫૫॥

દોષં દોષગુણૌ ગુણં ચ કુરુતે દોષક્ષયાઢ્યં ગુણં,
ભૈષજ્યં ભિષજાં યથાઽર્ચ્યપુરુષસ્યૈવં ચતુર્ધાઽર્હણા ।
મિથ્યાદૃગ્મરુતો ૧ ઽસ્યર્ચાતિશયિનઃ ૨ સાર્વસ્ય ચેહાવશાન્ ૩,
મુક્ત્યૈ ૪ ચાઘ ૧ તદન્વિતો ૨ જ્ઝિતમતા ૩ ઽઘત્યાગશ્ચર્મા ૪ ઽઽપ્તિઃ ॥૫૬॥

ભાવાર્થ :- જેમ વૈદ્યોનું ઔષધ (૧) માત્ર દોષોને હરે છે. (૨) દોષ અને ગુણ બન્ને કરે છે. (૩) માત્ર ગુણને કરે છે. (૪) દોષને હટાવી ગુણને કરે છે. તે આ પ્રમાણે... (૧) મિથ્યાદ્રષ્ટિની પૂજા પાપ હોવાથી કેવળ દોષ કરે છે. (૨) મિથ્યાદૃષ્ટિ અતિશય (પ્રભાવ) વાળા દેવોની અથવા ચમત્કારીઓની પૂજા પાપકારી હોવાથી ગુણ અને દોષ બન્ને કરે છે. (૩) પોતાને પૌદ્ગલિક ઈચ્છાઓના વશથી સર્વજ્ઞની પૂજા મિથ્યાત્વના ત્યાગવાળી હોવાથી માત્ર ગુણવાળી હોય છે. (૪) મોક્ષના માટે કરાયેલ પૂજા મિથ્યાત્વના ત્યાગ અને પાપના ત્યાગવાળી હોવાથી સુખની પ્રાપ્તિ અને દોષના નાશયુક્ત ગુણવાળી છે. ॥૫૬॥

ગુણસ્થાનસોપાનપંક્તિં દધાના,
શિવૌકાધિરોહાય નિઃશ્રેણિકલ્પા ।
જિનેન્દ્રસ્ય ભક્તિઃ સતાં શીલ્યમાના
ક્રમાદુચ્ચમુચ્ચં પદં સંતનોતિ ॥૫૭॥

ભાવાર્થ :- ગુણસ્થાનકરૂપી પગથીયાંની શ્રેણીવાળી મુક્તિરૂપી મહેલે પહોંચવા માટે સીડી સમાન જિનેન્દ્રપ્રભુની પૂજા ભક્તિ સત્પુરુષોને અનુક્રમે ઉચ્ચઉચ્ચ પદવી આપે છે. ॥૫૭॥

દત્તેઽર્હતોઽર્ચા જગતઃ કિલાર્ચાં
સ્તુતિઃ સ્તુતિં શ્રેયસિ ધામ ધામ ।
બિમ્બં ચ શર્માપ્રતિબિમ્બમેવ
સુખપ્રતિષ્ઠાં ચ સતાં પ્રતિષ્ઠા ॥૫૮॥

ભાવાર્થ :- અરિહંત ભગવાનની પૂજા-ભક્તિ જગતમાં પૂજનીય બનાવે છે. સ્તુતિ કરવાથી જગતની સ્તુતિ પ્રાપ્ત થાય છે. તેમનું મંદિર બનાવવાથી કલ્યાણકર સ્થાન પ્રાપ્ત થાય છે. પ્રતિમા સુખને અર્પે છે અને પ્રતિષ્ઠા સજ્જનોને સુખ સાથે જગતમાં પ્રતિષ્ઠા આપે છે. ॥૫૮॥

श्रेयांसि देयात् स जिनोऽर्चितो वो
नव्यो यतोऽभूदिह धर्ममेघः ।
शस्यं श्रियो योऽभिमताः सुवर्ष-
कोटीरसंख्या अपि संतनोति ॥५९॥

ભાવાર્થ :- જેનીપૂજા થઈ છે. એવા જિનદેવ તમારૂં કલ્યાણ કરનારા થાઓ. જેનાથકી આલોકને વિષે નવિન ધર્મરૂપી મેઘનો પ્રાદુર્ભાવ થયો છે. જે (ધર્મરૂપીમેઘ) અસંખ્ય કોટિવર્ષ લગી ઈચ્છિત એવી શસ્ય પ્રસંશનીય (પક્ષે ધાન્ય) મોક્ષ રૂપ લક્ષ્મીને આપે છે. ॥૫૯॥

जिनभवनं जिनपूजा विविधा धर्मागमाज्ञया धर्मः ।
सौभाग्यारोग्यधनाद्यैश्वर्यशिवानि संतनुते ॥६०॥

ભાવાર્થ :- જિનચૈત્ય, વિવિધ પ્રકારે જિનનીપૂજા, ધર્મશાસ્ત્રની આજ્ઞા મુજબનો ધર્મજે સૌભાગ્ય, આરોગ્ય, ઐશ્વર્ય (વૈભવ) અને મોક્ષને વસ્તરિત કરે છે. ॥૬૦॥

भक्तिर्जिनेन्द्रे जिनभाषिते च जिनेन्द्रसंघे जिनशासने वा ।
कैवल्यलक्ष्मीं तनुते जनानामिहापि सर्वे हितसम्पदश्च ॥६१॥

ભાવાર્થ :- જિનેશ્વરપ્રભુની જિનવાણીની (આજ્ઞાની), ચતુર્વિધ સંઘની અને જિનશાસનની ભક્તિ લોકોને કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીને અને આલોકને વિષે પણ સર્વપ્રકારની સંપત્તિને આપે છે. ॥૬૧॥

भवन्ति नम्रास्तरवोऽपि यस्य,
फलानि सर्वर्त्तुषु चाप्नुवन्ति ।
वैराद्यभावात् पशवोऽपि शर्म
जिनं तमादृत्य सदाऽर्चयध्वम् ॥६२॥

ભાવાર્થ :- જેની પાસે તરુવરો (ઝાડો) પણ નમી જાય છે. તે બધી ઋતુમાં ફળ વિ.ને પામે છે. અને વૈરભાવ નષ્ટ થવાથી પશુઓ પણ શાન્તિ અને સુખને પામે છે. તેવા જિનને સદૈવ બહુમાન પૂર્વક તમે સેવો ॥૬૨॥

कल्याणकैः स्वैः स्वविहारतश्च,
धर्मोपदेशातिशयागमैश्च ।
सुखीकरोति त्रिजगत् सदा यो,
जिनश्चतुर्वर्गसुखाय सोऽर्च्यः ॥૬૩॥

ભાવાર્થ :- જેઓ પોતાના કલ્યાણકો (ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણ) થકી, પોતાના વિચરણ થકી, ધર્મોપદેશ થકી, અતિશયો અને આગમો થકી ત્રણલોકના પ્રાણીયોને સુખી કરે છે. તેવા શ્રી જિનેશ્વર ચાર વર્ગ (ધર્મ-અર્થ, કામ અને મોક્ષ) ના સુખને માટે પૂજનીય છે. ॥૬૩॥

प्रवर्द्धमानोत्तममंगलावलीः,
श्रियः सदानन्दरसोर्मिवर्मिताः ।
सुखानि विश्वाशयविश्रामास्पदं
ददाति नित्यं भविनां जिनोऽर्चितः ॥૬૪॥

ભાવાર્થ :- જેની પૂજા થઈ છે તેવા જિનેશ્વર પ્રભુ વધતી એવી ઉત્તમમંગલની શ્રેણી, હરહંમેશ આનંદના રસની ઉર્મિઓથી ઉભરાતી એવી લક્ષ્મી, તમામ આશય (ઈચ્છિત) પામવા માટેનું વિશ્રામ-સ્થાન (ઘર) અને સુખોને આપે છે. ॥૬૪॥

मालां यो जिननाथस्य, परिधत्ते शुभाशयः ।
सुलभा संपदां माला, तस्य स्यादुत्तरोत्तरम् ॥૬૫॥

ભાવાર્થ :- જે મનુષ્ય શુભઆશય (પરિણામ)થી પ્રભુને માલા ધારણ (અર્પણ) કરે છે. તેને સંપત્તિઓની માલા ઉત્તરોત્તર સુલભ (સ્વાભાવિક), સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

इन्द्रमालां जिनेन्द्रस्य, सुधीः परिदधाति यः ।
नरामरजिनेष्वस्य, स्यादिन्द्रत्वं क्रमात्परम् ॥૬૬॥

ભાવાર્થ :- જે શ્રેષ્ઠ બુધ્ધિશાળી જિનેશ્વરની ઈન્દ્રમાલા (તીર્થમાલા, સંઘમાલા) ને પહેરે છે. તે મનુષ્ય ક્રમે કરીને માનવ, દેવ અને જિનોને વિષે ઈન્દ્રપણું (મુખ્યપણું) પ્રાપ્ત કરે છે. ॥૬૬॥

गीतैर्नृत्तैस्तूर्यनादैर्विचित्रैः, पुष्पैर्गन्धैः, सध्वजाद्यैश्च वस्त्रैः ।
पूजां कुर्वन्नर्हतो भक्तिरागादिष्टं श्रेयः सर्वतोऽप्यश्नुतेंऽगी ।।६७।।

भावार्थ :- જુદાજુદા રાગયુક્ત ગીતો, વિવિધ નૃત્યો, વિવિધ વાદ્યો, પુષ્પગંધ અને ધ્વજા વિગેરથી સહિત વસ્ત્રો થકી અરિહંત ભગવંતની ભક્તિના રાગપૂર્વક પૂજાને કરનાર જીવ (પ્રાણ) સર્વ બાજુએથી ઈષ્ટ-કલ્યાણને પ્રાપ્ત કરે છે. ।।૬૭।।

प्रौढैः स्नात्रमहोत्सवैः स्तुतिगणैर्गीतैश्च वाद्यादिभि-
र्मालोद्घट्टनकैरलंकृतिगणैश्चैत्यध्वजारोपणैः ।
पूजां यो जिननायकस्य कुरुतेऽत्राऽमुत्र चाप्नोत्यसौ,
द्वैधद्वेषिजयश्रिया सुखमयीः सर्वाः पराः सम्पदः ।।६८।।

भावार्थ :- મોટા મહોત્સવો થકી, સ્તુતિઓ થકી, ગીતો થકી, વાજંત્રાદિ વડે કરીને, ઉછામણી બોલીને, માલા પહેરાવા થકી, આભૂષણો થકી અને મંદિરોપર ધ્વજાઓ ચડાવવા વડે જે જિનનાયકની પૂજાને કરે છે. તે આલોક અને પરલોકમાં બે પ્રકારના (દ્રવ્ય-ભાવ) શત્રુઓ પર જયરૂપી લક્ષ્મીએ કરીને સહિત શ્રેષ્ઠ તમામ પ્રકારની સુખયુક્ત સંપદાઓને પામે છે.
(દ્રવ્યશત્રુ.....બાહ્યશત્રુ), (ભાવશત્રુ..... આંતરિકશત્રુ) રાગ અને દ્વેષ. ।।૬૮।।

।। इति तपागच्छेशश्रीमुनिसुन्दरविरिचिते
श्री उपदेशरत्नाकरेऽपरतटे श्रीजिनपूजाधिकरोऽष्टमोंऽशः ।।

આ પ્રમાણે તપાગચ્છાધિરાજ શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા 'શ્રી ઉપદેશરત્નાકરના અપરતટમાં' જિનપૂજા એ નામનો આઠમો અંશ પૂર્ણ.....

रंगत्तरङ्गनिकरः सुकृतोपदेश-
रत्नाकरः सुपरिकल्पितषोडशांऽशः ।
सद्बोधरत्नविभवाभिनवप्रकाशाद्
विश्वत्रयीमुपकरोतु लसज्जयश्रीः ।।१।। ।।श्रीः।।

સોળ અંશો સારી રીતે લખ્યાં છે એવો, અને પ્રકાશમાન, જયરૂપ લક્ષ્મીયુક્ત અને શોભતા એવા તરંગોના સમુહરૂપ સુકૃત્યોના ઉપદેશ વડે રત્નાકર સમુદ્રના સરખો ઉપદેશ રત્નાકર સદ્બોધ રૂપ રત્નના વૈભવરૂપ કોઈક નવા પ્રકારના પ્રકાશથી ત્રણે વિશ્વપર (ઉપર) ઉપકાર કરો...

–: પ્રશસ્તિ :–

આત્મારામ મુનીંદ્ર જૈન જગતે, ચારુ પ્રભાવી થયા,
તત્પટ્ટે કમલાખ્ય સૂરિવરજી, જે બ્રહ્મચારી થયા,
તત્પટ્ટે કવિ લબ્ધિ સૂરિ ગુણના, ગ્રાહી હતા સર્વદા,
તેના વિક્રમ સૂરિ તાર્કિક વળી, વાત્સલ્યધારી સદા ॥૧॥

તેના સૂર્ય સમા પ્રતાપ ધરતા, તોયે પ્રતાપી નહી,
પોતે વિગ્રહ રાખતાં નહિ છતાં, પ્રત્યક્ષ છે વિગ્રહી,
લોકે ભદ્રકરા સદા હિતકરા, જે સ્થૂલભદ્ર વ્રતી;
તેને 'કલ્પ' યશાખ્ય શિષ્ય વિનયે, વંદે થવા સદ્‌ગુણી ॥૨॥

તે પૂજ્ય ગુરુવર્યની શશિ સમી, પામી કૃપા ચાંદની,
કીધો શ્રી ઉપદેશ રત્ન નિધિનો, ભાવાર્થ આનંદથી,
તેને સજ્જન વાંચજો, શુભ મને, ત્રૂટી તમે સંહરી,
થાશે પૂરણ આશ 'કલ્પયશ'ની, તેમાં ન શંકા જરી ॥૩॥

(૧) પ્રતાપ એટલે ઐશ્વર્ય પ્રભાવ તેજ છે. પરંતુ પ્ર+તાપી= પ્રકૃષ્ટ સંતાપ વાળા નથી

(૨) વિગ્રહ એટલે ઝગડો, કંકાસ નથી રાખતાં છતાં વિગ્રહી એટલે શરીરધારી છો.

શાર્દૂલ વિક્રિડીતમ્

વાદિ શ્રી મુનિ સુંદર વ્રતિ ગણે, આચાર્ય રૂપે રહ્યા,
તેઓશ્રી રચિતોપદેશ રૂપ આ, રત્નાકર ગ્રંથનો
આચાર્યેશ કવીશ કલ્પયશ થી, ભાવાર્થ જે છે થયો,
ભાષાગુર્જરમાં ઘણો સરળ તે, ભવ્યો ઉરે ધારજો,

આ રીતે ચેન્નાઈ (મદ્રાસ) શાહુકાર પેટમાં વિ. સં. ૨૦૫૨ના આરાધના ભુવનના ચાતુર્માસ દરમ્યાન આત્મ - કમલ - લબ્ધિ વિક્રમ પટ્ટાલંકાર, અનેક બૃહત્ તીર્થ સ્થાપક દક્ષિણ કેશરી પૂ. આ. ભ. શ્રી. વિ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા. ના મંગલ આશીર્વાદથી કવિરત્ન વિનયી તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિશ્રી **કલ્પયશ વિ. મ.સા.** (હાલ આચાર્ય) ને સિધ્ધસારસ્વત, સહ સ્ત્રાવધાનિ, પ્રકાંડ વિદ્વાન મુનિસુંદરસૂરિ વિરચિત આ ઉપદેશરત્નાકર ગ્રંથનો અને અપર તટનો ગુર્જરભાવાનુવાદનો પ્રારંભ કર્યો અને વિ. સં. ૨૦૫૬ બેંગ્લોર ચિકપેટ આદીશ્વર પ્રભુની શીતલ છાયામાં પૂર્ણ થયો.

કચ્છ ગુજરાતના ભયંકર ધરતી કંપના કારણે મુદ્રણ કાર્ય વિલંબમાં પડતાં પ્રકાશન કરવામાં વિલંબ થયો છે.

॥ શુભં ભવતુ ॥

* એક મિનિટ.....

તાપથી સંતાપ પામેલાને વટવૃક્ષ મળી જાય,
ત્રણ ત્રણ દિવસના ભૂખ્યાને દોબર મળી જાય,
તૃષાથી તડફડતાને શીત જલ મળી જાય,
ભયંકર વનમાં ભૂલા પડેલાને ભોમિયો મળી જાય,
દારિદ્રતાથી દુઃખી જનને રતન મળી જાય,
ખોવાયેલું બાલક માતાને મળી જાય,
અને.... અને...

ઘનઘોર કાજલકેરી અમાસની રાત્રિમાં
દીપકનું એક કિરણ મળી જાય, અને જે
સંતોષ, હાશ, આનંદ અને શાંતિ થાય,
તેથી અધિક આત્મોદ્ધારક જિનશાસન
મલ્યાનો અને આવા મહાનગ્રંથોનો સ્વાધ્યાય
કરવાનો અવસર પ્રાપ્ત થયાનો આંતરમનમાં
આનંદનો સાગર ઉભરે ત્યારે સમજવું કે હું
કાંઇક માનવ જન્મની સાર્થકતા.....

પામ્યો હું.... * * *

પ.પૂ.આ.ભ.શ્રી.વિ.
કલ્પયશ સૂરીશ્વરજી મ.સા.

SIDDHACHAKRA GRAPHICS
PH.: 079-(O)25620579 (R)26641223